હિન્દુ બેરિસ્ટર,

યાને,

સદ્ગુણી સુમન.

સોલ એજંટ.
ચુનીલાલ મગનલાલ બુકસેલર.
શ્રી મનહર પુસ્તકાલય,
લીમડાચોક-સુરત.

કીંમત રૂા. ૧-૦-૦

હિન્દુ બેરીસ્ટર

યાને

સદ્‌ગુણી સુમન.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ઇશ્વરલાલ જેકીશનદાશ

ગલેમંડી-સુરત.

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૧   સને ૧૯૧૫

સુરત, ભાગાતળાવ રોડ ઉપર આવેલા ધી "રાંદેર" પ્રીન્ટીંગ
પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપી.

કિમ્મત રૂપિયો એક.

સોલ એજંટ :

ચુનીલાલ મગનલાલ બુકસેલર.

શ્રી મનહર પુસ્તકાલય.

લીમડીચોક—સુરત.

ઉદ્દેશ.

હાલના વખતમાં વાર્તાઓ અને નોવેલોનાં પુસ્તકો એટલાં બધાં બ્હાર પડવા માંડયાં છે કે હવે તેઓ જનસમાજમાં ટકે શેરની ગણત્રીજમાં ગણવાવાં લાગ્યાં છે અને મુખ્યત્વે કરીને વિદ્વાન વર્ગનો કેટલોક ભાગ તો નોવેલનું નામ સાંભળતાંજ છીટ! છીટ! કરી મુકે છે. કારણ કે તે મહાશયો વધુ ભાગે ઐતિહાસીક નવલ કથાઓ ઉપર વિશેષ અભિરૂચી રાખતા જોવામાં આવે છે.

અમારી ટુંકી વિચાર શક્તિ ઉપરથી અમે તેનું એટલુંજ કારણ શોધી શકીયે છીયે કે, હાલનાં નોવેલ લખનારાઓ એટલાં બધાં વિદ્વાન હોય છે કે તેઓ પોતે શું લખે છે તેનો ભાવાર્થ પણ તેઓ ભાગ્યેજ સમજતાં હશે. અર્થાત આજકાલનાં લેખકો કકાના નામનેજ કુટી મારનારાઓ ઇધર ઉધરથી ભેગું કરી પુસ્તકનાં પાનીયા ભરનારાઓ અગર અન્ય વિદ્વાનનાં હસ્તે લખાયલાં લેખમાંથી શબ્દે શબ્દના ઉતારા કરી પોતાનું મહત્વ બતાવનારાં હોય છે એવા લેખકો જનમંડળનું કેટલું હિત સાચવી શકે છે. તે વીચાર હમો દર્શાવિએ તેનાં કરતાં હમારા વાંચક બંધુઓ વીચારી લે તો કાંઈ નવાઇ જેવું નથી.

વીશેષમાં આજના વખતમાં તેવા કુટ ભંડોળીયા લેખકો ઢગલે બંધ ઉભરાતા હોવાથી સારી નોવેલો અને વિદ્વાન લેખકો પણ બદનામ થાય છે. કારણ કે તેવા લેખકોએ નોવેલોના સબંધમાં એવી ખોટી છાપ પાડી દીધી છે કે નોવેલોનું નામ સાંભળતાંજ હડેધુત કરવામાં આવે છે. પરંતુ નોવેલોમાં કેટલું રહસ્ય શમાયલું છે. અને ઐતિહાસીક વાર્તાઓ કર્તા નોવેલો કેટલે દરજજે ઉત્તમ છે. તેના દાખલા માટે રા. રા. ગોવર્ધનરામ ત્રીપાઠીનાં સરસ્વતીચંદ્ર જેવા લેખની લેખનીજ બસ છે. અસ્તુ.

પ્રસ્તાવના.

આજકાલ વધતાં જતાં સાહિત્યના જમાનામાં હમારા તરફથી આ એક સાહિત્યનું નાનકડું પુષ્પ ઉમેરાય છે. તેને માટે હમો **પરમકૃપાળુ પરમાત્માનો** તેમજ હમારા વાંચક બંધુઓનો ઉપકાર માનીએ છીએ.

ઘણીજ શોચનીય વાત છે કે **સાહિત્યનો** જેટલે દરજ્જે ફેલાવો થવો જોઇએ. **સાહિત્યને** જેટલે દરજ્જે ઉ-તેજન મળવું જોઇએ તેટલે દરજ્જે **સાહિત્યને** ઉ-તેજન આપણાં ગુર્જરગીરા બંધુઓ તરફથી મળતું નથી. અને તેનું મુળ કારણ એટલુંજ છે કે આપણાં લોકો **કેળવણીમાં** ઘણાજ પછાત છે. **કેળવણીનો** લોકો અર્થ જાણતા નથી અને **કેળવણીનું** ખરૂં તાતપર્ય અનુભવતાં અનુભવાવતા નથી.

તેઓને હમારી ખાશ ભલામણ છે કે કેળવણીની પદ્ધતિનું અનુકરણ આ નોવેલ વાંચી અવશ્ય કરવું. ખરેખર આ પદ્ધતી પ્રસંસાનીય છે. એમ હમારૂં માનવું છે.

વિશેષમાં આ બુકમાં શું શું વિષયો આલેખવામાં આવ્યા છે તે માટે અત્રે ન લખતાં વાંચી જોવાજ હમો વાંચક બંધુઓને ભલામણ કરી અત્રે વિરમીશું.

યદી પણ જો ભારતવર્ષનો જય ઇચ્છતાં હો, ભવિષ્યની પ્રજાનું ભલું ઇચ્છતાં હો તો આ નોવેલનું પહેલેથી તે છેડે સુધીનું ધ્યાનપૂર્વક મનન કરો.

પ્રકાશક.

અર્પણ પત્રિકા.

વડિલ બન્ધુ તુલ્ય ભાઈ શ્રી,

શ્રીયુત વૈદ્ય ચુનીલાલ જેકીશનદાશ ચટપટ

અંબાજીરોડ—સુરત.

આપશ્રી સરસ્વતીનાં કૃપા પાત્ર છો. સાહિત્યને ઉત્તેજન આપનાર સાહિત્ય પ્રેમી છો આપ સ્નેહીજન તરફ સપ્રેમ દ્રષ્ટીથી જોઈ સહભાવ રાખો છો. આપ સમદ્રષ્ટીવાન અને વિદ્વાન છો. આપશ્રી દેશ ભાષા ઉપરાંત રાજ્ય ભાષા, હિંદી, ફારસી, અને માતૃ ભાષા સંસ્કૃત ઉપર શારો કાબુ ધરાવો છો, તેમજ આપ આપના ધંધા (વૈદક) ઉપરાંત જ્યોતીષ, રમળ, સંત મહાત્મા તથા ફકીરી ટુચકા ઉપર પણ શારૂં જ્ઞાન ધરાવો છો. તેમજ આપ મારી તરફ ઘણા લાંબા વખતથી નિસ્વાર્થ બન્ધુ પ્રેમ રાખી મારી ઉન્નતી ઇચ્છી રહ્યા છો. અને પ્રયત્ન કરી રહ્યા છો. આપનાં એ સર્વ શુભ સદ્‌ગુણથી આકર્ષાઈ મારા તરફથી પ્રકાશ પામતું આ લઘુ પણ બોધક પુસ્તક આપશ્રીનેજ એક અપુર્વ આનંદ મંગળના શુભ સમયમાં સમર્પણ કરૂં છું જે સ્વીકારી આપ મને આભારી કરશોજી એજ યાચના.

ગલેમંડી, સુરત.
તા. ૧૫—૧૦—૧૫.

લી॰ આપનો અનુયાયી શેવક,

ઇશ્વરલાલ જેકીશનદાશ.

ચાર ચુંટી કાઢેલા ઉત્તમ પુસ્તકો.

વ્યાપાર શિક્ષક—વ્યાપારી પદ્ધતિ વિષે કેટલાક ઉપયોગી લેખો અને દ્રષ્ટાંતો આપવામાં આવ્યા છે; તદુપરાંત યુરોપ અને અમેરિકાના વ્યાપાર પદ્ધતિમાં લક્ષણો બરાબર રીતે સિદ્ધ કરેલ છે. નોકરો દુકાનો, નામું, વ્યાજવટું, સટ્ટો, શેર અને દલાલી; ખેતી અને પાકતાં ધાન્યો સોના રૂપાદી ખનીજ પદાર્થો વીગેરે સખ્યાબંધ વિષયો આપવામાં આવ્યા છે. આ પુસ્તકની ખરી યોગ્યતા વાંચી જવાથીજ થશે. **કીં. રૂા. ૨–૦–૦**

શુરવીર પ્રતાપરૂદ્ર—પ્રતાપરૂદ્રની વીરતા વીરતા અને શુરતાનાં અદ્ભુત અને ભયાનક કાર્યો આપણા કોમળ હૃદયને ભેદી વીરતાની પ્રગતી કરાવે છે. પુસ્તક વાંચવા લીધા તે પુરૂ વાંચ્યા વગર મુકવુ ગમતુ નથી તો હવે વિશેષ શું રહ્યુ. **કીં. રૂા. ૦–૮–૦**

શુરવીર પ્રતાપરૂદ્ર— ભા. ૨ જો. અનુપમવીરતાનો નમુનો **કીં. રૂા. ૦–૮–૦**

અરેબિયન નાઈટ્સ (એક હજારને એક રાતની અદ્ભુત વાર્તાનો ભંડાર બન્ને ભાગ સાથે બાંધેલા) અદભૂત અને રસીલી વાર્તાઓમાં **અરેબિયન નાઈટ્સ** પહેલો દરજ્જો ભોગવે છે. દુનીયાની બધી ભાષાઓમાં તેનું ભાષાંતર થયુ છે. મહાન્ પુરૂષ **ગ્લેડસ્ટન** પણ તેને માટે કહે છે કે " **જો કોઈ સારામાં સારા એકસો પુસ્તકો ચુંટી કહાડવાનું કહે તો તેમાં હું કદીપણ અરેબિયન નાઈટ્સને મુકયા વગર નહીં રહું.** " કહો આથી વધારે સારૂં સર્ટીફીકેટ કયુ જોઈયે ! ઉંચા કાગળ પૃષ્ટ ૫૯૦ સોનેરી પાકું પુઠું છતાં **કીં. રૂા. ૨–૦–૦**

ચાર સાથેની કુલ્લ કીમ્મત રૂપીયા પાંચ છતાં ચારે પુસ્તક સામટા ખરીદનારે ફક્ત રૂપીયા ચારમાં આજેજ મંગાવો.

લખો:—શા. ચુનીલાલ મગનલાલ બુકશેલર.

લીમડાચોક—**સુરત.**

સુરતીલાલ છે. સ્ત્રીઓને પતિભક્તિ શીખવનાર પણ **સુરતીલાલ** છે. મિત્ર ધર્મનું સાર્થક કરતાં શીખવનાર પણ **સુરતીલાલ** છે. પારકે પૈસે પરમાનંદ કરનારને બોધ આપનાર પણ **સુરતીલાલ** છે ફેશનની શીશીયારીમાં બ્હેકેલાને ઠેકાણે લાવનાર પણ **સુરતીલાલ** છે. ધર્મનો મર્મ સમજાવનાર પણ **સુરતીલાલ** છે અને કુદરતની કરામત બતાવનાર પણ **સુરતીલાલ** છે

એ ઉપરાંત સુરતીલાલમાં બીજું શું શું છે તેતો જુઓ. **સુરત સોનાની મુરત—ગયાં આવ્યાં અને ગયા મુંબઇમાં પહેલું પગથીયું.—મુંબઇનો બ્હાર**—પ્રપંચની પથારી—સટ્ટાનો સનેપાત વિનાશકાળે વીપરીત બુધ્ધી, ફુટફાટ, ચંડાળ ચોકડી, વાત વડી. સુધારાની સફાઇ અને ફેશનની ભવાઇ, નાટકની નશીહત અને મુશી-બતનાં મોજા, મોહન મળ્યો અને સુરતીલાલ તર્યો. સુખસાગર કે વેદાંતનો ઉપદેશ વડીલોનો અસ્ત અને પ્રગટલાનો ઉદય તે ઉપરાંત કાવ્યો, ધરામાધન્ય તે મીત્રોને વર્ષો તમ્વે અ તરોત્સાહ પ્રારંભ પ્રભુ પ્રાર્થના, પ્રભુ પદ પામતા ઉત્તમ મિત્રો વી વી. વીષયોથી ભર-પુર ૩૨૫ પૃષ્ટનુ દળદાર પુસ્તક સળંગ છીટ ડબલ સોનેરી નામ પાકુ પુઠુ (૧૬) સુદર ચિત્રો છતાં કીમત માત્ર રૂા. ૧—૦—૦

એક રૂપીયો. પોષ્ટ વી. પી ખર્ચ નિરાળું.

જરૂરજ ખરિદજો વ્હેલો તેજ પહેલો.

જુજ નકલો શિલકમાં છે. હશે ત્યાંજ સુધીજ મોકલવામા આવશે

મળવાનું ઠેકાણું —

શા. ચુનીલાલ મગનલાલ બુકશેલર.

મનહર પુસ્તકાલય—લિમડાચોક—**સુરત.**

ફેશનની ફીશીયારીમાં ફસેલો ફંદી.

હિન્દુ બેરીસ્ટર

યાને

સદ્‌ગુણી સુમન.

પ્રકરણ ૧ લું.

પુત્ર પ્રત્યે માતાપિતાના વિચારો.

"અનેક દેવતાની ઉપાસના કર્યા પછી ઇશ્વરની કૃપાથી એક છોકરો થયો છે. છોકરો ગુજરાતી ભાષા તો સંપુર્ણ રીતે શીખીને હુશીઆર થઈ ગયો છે, બે ત્રણ ઇંગ્રેજી ચોપડી પણ શીખી ગયો છે. હાલ તે અંગ્રેજી ભણવા તરફ સારી રૂચી ધરાવે છે. ઇશ્વરે મને પૈસા તો બહુ આપ્યા છે. આબરૂ પણ સારી છે. મારી પાછળ છોકરાને ખાવા પીવાની કાંઈ આપદા રહેશે નહિ, પરંતુ વખતને બદલાતા શી વાર? ન કરે નારાયણને પૈસો જતો રહ્યો તો પુત્રનું શું થાય? આજે જે પૈસાદાર હોય તો કાલે કંગાલ થઈને

ઘેર ઘેર ભટકતા માલમ પડે છે. પૈસાનો વિશ્વાસ શો? એ કાંઈ અચળ નથી. માટે ભવિષ્યમાં પુત્રં દુખી નહિ થાય અને પોતાનું ગુજરાન સારી રીતે કરી શકે એવો રસ્તો આપણે શીખવી જવું જોઈએ. એટલા માટે મારો વિચાર થાય છે કે, એને અંગ્રેજી આજ કાલ રાજ ભાષા થઈ પડી છે. જમીનદારીના કામમાં ઘડી ઘડી મને અંગ્રેજીનું કામ પડે છે, અને અંગ્રેજી ભાષા મને આવડતી નથી, તેથી બીજાની પાસે જઈ ઘણી ખુશામત કરવી પડે છે. અંગ્રેજી વગર આજે ચાલતું નથી. જ્યાં જુઓ ત્યાં અંગ્રેજી ભાષાજ વપરાતી જોશો. દૈવ કોપથી આપણી લક્ષ્મી નષ્ટ થાય, અને આપણો પુત્ર અંગ્રેજી જાણતો હશે, તો સારી નોકરી મેળવી પોતાનું ગુજરાન કરી શકે એમ છે. અંગ્રેજી શીખીને આજે દેશી લોકો સારા સારા હોદ્દા મેળવી શકે છે, અને અંગ્રેજી કેળવણીના પ્રતાપે જેને મુઠ્ઠીભર ચણા પણ મળતા નહોતા તે આજે લક્ષાધિપતી થઈ ગાડી ઘોડે ફરે છે. આ કારણથી અંગ્રેજી જરૂર ભણાવવું જોઈએ. માટે મુંબાઈની બૉર્ડીંગ હાઉસમાં જો મુકીએ તો ભણી શકે, પણ તેમ કરવા માટે આપણે એકના એક છોકરાને નજર બહાર કરવો પડશે સુશીલા! કેમ ત્હારી શી મરજી છે? છોકરાની અર્ધી માલીક તું પણ છે, માટે કાંઈ રસ્તો તો બતાવ."

"હું એની માતા છું, એને માટે ઘણા ઘણા કષ્ટો સહ્યાં છે, ઘણી મુશ્કેલીથી એને પાળીપોષીને મોટો કર્યો છે, તેથી એને નજર બહાર કરવાની મારી હીંમત થતી નથી. ત્યાં એને કોણ જાણે કહેવાં કહેવાં દુઃખ પડશે, પરંતુ આપ કહો છો કે આજકાલ અંગ્રેજી કેળવણીનું માન બહુ છે. તેથી મારો વિચાર પણ એને અંગ્રેજી શીખવવાનો થાય છે. મારા પીયરમાં એક અંબા કરી બ્રાહ્મણી રહે છે, તેનો છોકરો અંગ્રેજી શીખીને ડેપ્યુટી બની ગયો છે. હું પણ મારા પુત્રને કલેક્ટર બનાવવા ઇચ્છું છું. મુંબાઈ કાંઈ દૂર નથી. આઠ દશ દિવસે મુંબાઈ જઇ આપ (એની ખબર લઈ આવશો તો પછી આપણને એના તરફની બીજી કાંઇ ફીકર રહેશે નહિ. મહિનામાં એકવાર છુટ્ટી લઇને એ મને મળ્યા કરશે તો મારો જીવ પણ નચીંત થશે. આપે મને એક દિવસ કહ્યું હતું કે બૉર્ડીંગ હાઉસમાં ખાવાપીવાની સારી ગોઠવણ રાખવામાં આવે છે, ત્યાં કારભારીઓ છોકરાઓ ઉપર પોતાના પેટના બાળક કરતાં વધુ પ્યાર રાખે છે.)"

ઊપર મુજબ રાતના અગ્યાર વાગે જમતા જમતા ગણદેવીના ધનાઢ્ય જમીનદાર ગુણવંતરાય પોતાની પ્રિયા મણિગૌરી જોડે વાતચિત કરતા હતા. આ વખતે ગણદેવીમાં અંગ્રેજી સ્કુલ નહોતી તેથી પોતાના પુત્રને મુંબાઈની

બૉર્ડીંગ સ્કુલમાં મોકલવાનો **ગુણવંતરાએ** નિશ્ચય કીધો. પતિના જમી રહેવા બાદ **મણિગૌરીયે** ભોજન કરી લીધું. તે દિવસે વાર્ત્તાલયમાં વખત ઘણો વીતી ગયો હતો. તેથી જમ્યા બાદ થોડી વાર ગામ ગપાટા હાંકી સૌ સુઈ ગયાં.

પ્રાતઃકાળમાં પાંચ વાગતે દમ્પતિ જાગ્યાં. નિત્યકર્મ કરીને **ગુણવંતરાયે** પોતાના છોકરાને અંગ્રેજીનું સારૂં શિક્ષણ આપવા માટે મુહૂર્ત પૃછવા પોતાના પુરોહિતને તેડાવ્યો. પુરોહિતનું નામ **પ્રાણશંકર** ભટ્ટ હતું. **ગુણવંતરાય** તરફથી તેડું આવ્યું જાણી ભટ્ટજી તો આનંદમા ડુબી ગયા. ગરમીની મોસમ હોવાથી તેમણે સ્નાન તો ક્યારનું કરી લીધું હતું, માત્ર સંધ્યા કરવાની બાકી હતી દક્ષણાની લાલચે સંધ્યા કરવાની વૃત્તિને પાછી હઠાવી દીધી. ભટ્ટજીએ પોતાના મનમાં વિચાર કીધો કે “ સંધ્યા તો થઈ રહેશે. પણ **ગુણવંતરાય**ને ઘેર જવાને વાર લાગશે તો દક્ષણા જતી રહેશે. તેમને ત્યાંથી નીકળી, **ઓચ્છવલાલ**ને વર્ષફળ સંભળાવી **કૃષ્ણદાસ**ના પ્રશ્નનો ઉત્તર આપી બે વાગે તો ઘેર આવી પહોંચીશ. ત્યાર પછી ભાંગની મજા લઈશ, જો ઐાકાશ હશે તો સંધ્યા કરી લઈશું. નહિ તો સંધ્યાબંધ્યા તેને ઘેર ગઈ. સંધ્યા કરવાથી કોનું ભલું થયું છે ? અરે હાં ? હવે યાદ આવ્યું આજે તો **પ્રેમકોર** શેઠાણીને ત્યાં જમવા જવાનું છે. ”

આવા આવા વિચારોમાં તેણે હાથમાં પંચાંગ લઈને પોતાની સ્રીને કહ્યું " આજે મારાથી પૂજનબુજન થવાનું નથી. તુંજ ભગવાનને સ્નાન કરાવી ચંદન પુષ્પથી પૂજન કરી લેજે અને છોકરાને ખવડાવી તને ભૂખ હોય તો કાલની વાસી રોટલી ખાઈ લેજે. મેં તો કાલે જજમાનને ત્યાં ચાર લાડુ જાસ્તી ખાઈ લીધા છે, તેથી મને ભૂખ નથી અને આજે સાંજે દૂધપાકપૂરી પર હાથ મારવો છે, માટે લાવ પેલું ક્ષુધા-તેજક ચૂર્ણ ! થોડું ચૂર્ણ લઈશ તો ક્ષુધા ઉપડશે.

ભટાણીજીએ પતિની આજ્ઞા પ્રમાણે ચૂર્ણ આણી આપ્યું. ભટ્ટજી ચૂર્ણની એક ફાકી મારી પેટપર હાથ પંપાળી, શુભમુહૂર્તમાં **ગુણવંતરાય**ની હવેલી તરફ રવાના થયા, ત્યાં **ગુણવંતરાયજી** મહારાજની રાહ જોઈ રહ્યા હતા. જોશીજીને આવતાંજ માનઆવકાર આપ્યો. સાધારણ વાતચિત કરીને **ગુણવંતરાયે** એક રૂપિયો અને નાળીએર મહારાજને ભેટ કરી પોતાના પુત્ર **દોલતરાયને** અંગ્રેજી નિશાળે મુકવાનું મુહૂર્ત પૂછ્યું. ભટ્ટજીએ મનમાં સાચું જુઠું ભરડી, પંચાંગના પાનાં અહીંથી તહીં ઉલટાવ્યાં આખરે રવિવારને દિવસે આઠ વાગે મોકલવાનું સાચું (ખોટું શા માટે નહિ ?) મુહૂર્ત તેમને આપ્યું. ભટ્ટજી જ્યોતિષના વિષયમાં કાંઈ ઝાઝા પ્રબળ નહોતા. તેમણે એ વિષયનો કાંઈ ઝાઝો અભ્યાસ કીધો નહોતો યજમાનને ઉંધું'ચ-તું સમજા-

વીને દક્ષણા કઢાવવા સાથે તેમને કામ હતું. જ્યોતિષના વિષયમાં ભટ્ટજીને કાળા અક્ષર મંકોડા સમાન લાગતા હતા. **ગુણવંતરાયે** સ્હેજ સંદેહ લાવીને રવિવારના મુહૂર્તની સફળતાનો અસ્વિકાર કર્યો એટલે ભટ્ટજીએ દોઢ ક લાક સુધી જુદું જુદું વ્યાખ્યાન આપી તેમનો સંદેહ ટાળી નાંખ્યો.

પંડિતજીના કહેવા પ્રમાણે રવિવારને દિવસે પોતાના પુત્રને મુંબઇ મોકલવાનો **ગુણવંતરાય** અને **મણિગૌરીએ** નિશ્ચય કર્યો. માતાએ પોતાના પ્યારા પુત્રને પ્રેમસંભાષણથી શિખામણ દઇ, આંખથી મોતી સમાન આંશુ વહેવડાવી, છાતી સાથે ચાંપ્યો. આજથી પીતા પુત્રનો પરસ્પર વિયોગનો આરંભ થયો. બોર્ડીંગ સ્કુલમા દાખલ કરવાને માટે **ગુણવંતરાય** પોતાના પુત્રને લઈ મુબઈ ગયા. સોમવારને દિવસે નિશાળ ખુલતાંજ **ગુણવંતરાયે** શિરેસ્તા પ્રમાણે હેડમાસ્તરને અરજી આપી. અરજી મન્જુર થઈ. અને છોકરો દાખલ થયો. **ગુણવંતરાયે** પુત્રના ખરચ વાસ્તે માસિક ૩૦) રૂપીઆનો બંદોબસ્ત કીધો. પિતા પોતાના પુત્રને નવા પિતા શિક્ષકને સોંપી પુત્ર વિયોગને લીધે બે ચાર આંશુ ઢાળી, ભવિષ્યની આશા બાંધી ઘેર તરફ વિદાય થયા તેજ દિવસથી ધાર્મીક **ગુણવંતરાયે** પોતાના પુત્રનું આલોકનું અને પરલોકનું પિંડદાનાદિથી સ્વર્ગ દેખાડવાનું હૃદય એ બન્ને ગુમાવ્યાં.

પ્રકરણ ૨ જું.

સંગ તેવો રંગ!

દોલતરાય મુંબઈ જઈ પિતાની આજ્ઞાનુસાર બૉર્ડિંગ હાઉસમાં દાખલ થયો. તેણે ગુજરાતિ સ્કૂલમાં માતૃભાષા અને હિસાબ તો સારી પેઠે શીખી લીધાં હતાં. આ કારણથી અંગ્રેજી શીખવામાં તેને ઝાઝી મુશ્કેલી નડી નહિ. તે બુદ્ધિનો નિત્ર હતો. તેને ભણવાની રૂચિ પણ હતી અને સ્કુલમાં ભણવાની સગવડ પણ સારી હતી. થોડા દિવસમાં તેનું નામ સ્કુલના ઉત્તમ છોકરાઓમાં ગણવા લાગ્યું. માસ્તરો વાતવાતમાં તેની પ્રશંસા કરવા લાગ્યા. પ્રશંસાની વાત તેના માબાપ સુધી પહોંચી. તેમણે આનંદમા મગ્ન થઈ તે દિવસે મીઠાઈ વહેંચી. બંન્નેએ પોતાના પુત્રનું ભવિષ્ય ચળકતું થશે એવા વિચારોના તરંગોમાં ઝોલાં ખાધાં. એકે કહ્યું "મારો પુત્ર જ્યારે ભણીને હોંશિઆર થશે ત્યારે કલેકટર સાહેબની સીફારસ લઈ ડેપ્યુટી બનાવીશું."

બીજાએ કહ્યું "આજકાલ એવી નોકરીમાં કાંઈ મઝા નથી. એને કાયદાનો અભ્યાસ કરાવી જડજ બનાવવો જોઇએ." આ સમયે **ગુણવંતરાય**ની બુઢ્ઢી નોકરડી **ગંગા** પણ ત્યાં ઉભી હતી. તે બોલી "એથી તો કલેકટર બના

વવો એ કામ સારૂં છે. મારો છોકરો હમણા અંગ્રેજી ભણવા લાગ્યો છે. તે કહેતો હતો કે હિંદુસ્તાની લોક વિલાયતમાં ભણીને હવે કલેકટર બનવા લાગ્યા છે. બંગાલામાં ઘણાક બાબુ કલેકટર છે. બાપુ ! અમે ગરીબ લોક છીએ. અમારાં એવાં સદ્દભાગ્ય કયા કે અમારો છોકરો કલેકટર થાય ! આપતો લક્ષ્મિપતિ છો એટલે આપ જો ચાહો તો નાના શેઠને કલેકટર બનાવી શકો એમ છે." બન્ને બા ડોશીની વાત સાંભળી હસવાં લાગ્યાં. તેજ દિવસથી ગામના લોકોએ **દોલતરાયનું** ઉપનામ કલેકટર સાહેબ પાડ્યું. **ગુણવંતરાયે** પુત્રને વિદ્વાન અને કિર્તિવાન બનાવવા માટે મન મૂકીને રૂપીઆ ખર્ચવા માંડ્યા. **દોલતરાયે** ચોપડીઓ ખરીદવાને તથા કપડા બનાવવાને માટે જેટલા પૈસા માંગ્યા એટલા પિતાજીએ આપ્યા. એક વર્ષના અથાગ પરિશ્રમથી **દોલતરાયને** ડબલ પ્રમોશન મળ્યું અને ઉપલાં ધોરણમાં દાખલ થયો.

હવે સખ્ત શિક્ષણને લીધે **દોલતરાયનું** શરીર સુકાવા લાગ્યું, જે **દોલતરાય** ગણદેવીમાં રહી, સવાશેર દુધ પીતો હતો. જેનું શરીર દુધ અને ઘીના ભક્ષથી પહેલવાન સમાન દીસતું હતું તે હવે સુકાઈને પાતળું પડી ગયું. ઈતિહાસના ઈ૦ સ૦ યાદ કરતાં કરતાં ભૂમિતિની રેશા ગણતાં ગણતાં ભૂગોળની નદીઓ અને શહેરો ગોખતાં ગોખતાં, **દોલતરાય**

નું મગજ ખાલી થઇ ગયું. મગજની અસર ઉપર થઈ અને તે નબળો પડી ગયો. ઈષ્ટમિત્રોની સલાહથી તેણે આંખપર ચશ્માં લગાવા માંડયાં. ચશ્મા લગાડવાની સાથે તેની દ્રઢતાએ સુકુમારતાનું રૂપ ધારણ કીધું. જાડાં કપડાં શરીરમાં કાંટાની માફક ખુંચવા લાગ્યાં. શરીર થાકે તો પણ **દોલતરાય** ભણવાથી પાછો હઠે નહિ. પરિક્ષા નજદીક આવી ત્યારે તેણે રાત્રીના બે વાગ્યા સુધી જાગૃત રહી અભ્યાસ કરવા માંડયો. પરિક્ષા સમયે તેને અતિ દ્રઢતાથી સર્વે પ્રશ્નોના જવાબ આપ્યા અને પરિક્ષાની સમાપ્તિ થતાં રજાના દિવસોમા જ્યારે તે ગણદેવી ગયો ત્યારે તેની મા **મણિગૌરી** બહુ દુઃખી થઈ. પોતાના પુત્રનું શરીર જોઈ તેની બોલી " આગ લાગે આ ભણવાને ! મારો પુત્ર તો દિવસે દિવસે સુકાતો જાય છે. તમારાં ઘરમાં શું રૂપિઆનો ટોટો છે કે તમે એને અંગ્રેજી ભણાવો છો? જુઓ તો ખરા ? એનું ગુલાબ જેવુ મુખ કેવું શ્યામ પડી ગયું છે? આ વખત હું એને મારી આંખથી કદી દુર જવા દેનાર નથી.

ગુણવંતરાયનું દિલ પણ દુખાચું. પોતાના પુત્રનું શરીર તે આનંદ સહિત તે જોઈ શકયો નહિ. પણ જ્યારે તેમણે એવી ખબર સાંભળી કે પુત્ર પરિક્ષામાં ઉપલે નંબરે પાસ થયો છે ત્યારે તે દમ્પતિના વિચાર બદલાઇ ગયા. **દૌલતરાય** મુંબઈના વિશ્વવિદ્યાલયની મિડલ પરિક્ષામાં

સાથી પહેલે નંબરે પાસ થયો હતા. આ ખબર સાંભળતાંજ માતપિતાના આનંદનો પાર રહ્યો નહિ. **દોલતરાય** આનંદમાં પ્રફુલ્લિત થઈ ઉછળવા લાગ્યો, તેની આશાએ પરિશ્રમનું દુઃખ ભુલાવી દીધું. હવે તેનો એન્ટ્રન્સમાં ભણવાનો ઉત્સાહ વધ્યો. સ્કુલ ખુલતાંવારજ તે હાઇસ્કુલમાં દાખલ થયો.

બોર્ડીંગહાઉસના મેનેજર મી૦ મથુરાદાસ ઘણા ઇમાનદાર, સાચા અને વિદ્યાર્થીઓના શુભચિંતક હતા વિદ્યાર્થીઓના આચરણ સુધારવા, તેમને દુરાચારથી રોકવા અને સુશિક્ષા આપી પરિક્ષામાં ઉતીર્ણ કરવાપર તેનું બહુ ધ્યાન રહેતું હતું. **ગુણવંતરાય** સાથે તેમને જુની મિત્રતા હતી, તેથી **દોલતરાય**ને તે પોતાના પુત્ર સમજી તેનાપર બહુ ધ્યાન રાખતા હતા. આ કારણથી કેટલાક ખરાબ છોકરાના વસવાટ છતાં **દોલતરાય**નું આચરણ બગડવા પામ્યું નહોતું. પણ જે થવાનું તે તો થવાનુંજ * અકસ્માત **મથુરાદાસ** રોગગ્રસ્ત થયા. બીમારીને લીધે તેમનાથી પોતાની સર્વીસ થઈ શકી નહિ. બુઢ્ઢા **મથુરાદાસે** શિક્ષણ વિભાગના ડાયરેક્ટરની કૃપાથી પેનશન લઈ લીધું તેની જગ્યાએ એક કેફી માણસને મેનેજર તરીકે નીમ્યો. તેનું નામ **બહાદુરસંગ** હતું. પણ તે શરાબ બહુ પીતો હોવાથી છોકરાઓ

---

* What is to happen must happen.

તેને શરાબીલાલા કહેતા હતા. બહાદુરસંગની નોકરી દરમ્યાન બૉર્ડીંગહાઉસના ઢંગ તદન બદલાઇ ગયા. જે છોકરા સદાચારી હતા તે દુરાચારી થયા. રાત્રીને વખતે ગુપ્તરીતે શરાબ ઉડવા લાગ્યો. ભણવાને બદલે છોકરાઓ પાના ને ગંજીફા ખેલવા લાગ્યા. પાના ખેલતાં ખેલતાં જુગારી બન્યા. **ગુણવંતરાય** જાતે અનાવિલ બ્રાહ્મણ હતા. તેના શરીરને યદિભુલથી પણ શરાબ તો શું પણ વિલાયતી દવાનો સ્પર્શ થઈ જતો તો તે સાતવાર પોતાની દેહને ગોમુત્ર અને મૃતિકાથી ધોતા અને પંડિતને બોલાવી શાસ્ત્ર વિધિથી પ્રાયશ્ચિત કરાવી, ચાંદ્રાયણ વૃત કરી બ્રાહ્મણને ગોદાન દેતા હતા. તેજ **ગુણવંતરાય**નો પુત્ર **દોલતરાય** બૉર્ડિંગ હાઉસમાં રહી દારૂ પીવા શીખ્યો. શરાબની સાથેજ તેના શરીરમાં ફેશનના ભૂતે પ્રવેશ કીધો. બીડી અને શીગારેટના ધુંમાડાવતી **દોલતરાય**ની કોટડી બેહકવા લાગી, ભણવાથી મન ઉઠયું. જે **દોલતરાય** એક દિવસ મહા ચતુર, ભણવામાં તીવ્ર અને સમજમાં હોશીયાર હતો તેજ હવે કલાસમાં બદનામ થઈ ગયો. એનું કારણ **દોલતરાય** પોતેજ નહોતો. હાલ થોડા વખત થયાં તેને એક નઠારા છોકરા સાથે સંગતિ લાગી હતી તે છોકરો જાતનો કોળી હતો. તેનું નામ **કાળીઓ** હતું, પરંતુ સ્કુલમાં નામ લખાવતી વખતે તેણે પોતાનું નામ **કાળીદાસ** રાખ્યું

હતું. તેજ દુર્બુદ્ધિ **કાળીદાસ દોલતરાયનો** મિત્ર બન્યો મી૦ **મથુરાદાસ, ગુણવંતરાય** જેવા સજ્જનના પુત્રની મૈત્રિ **કાળીદાસ** જેવા નીચ માણસ સાથે થાય તેમાં બહુજ નારાજ હતા, અને બનતાં સુધી તે બન્નેને દુરને દુર રાખવાનો પ્રયત્ન કરતા હતા. તે સમયે તેમના પ્રયત્નમાં એટલી તો સફળતા થઈ હતી કે બન્ને છોકરા ગુપ્ત રીતે આઠ દશ દિવસમાં એક વાર મળી શકતા હતા. **બહાદુરસંગના** આવ્યા પછી એ ઝઘડો મટી ગયો. **કાળીદાસે દોલતરાયને** કુસંગતમાં નાંખ્યો અને તેજ તેના સત્યાનાશનું કારણ થયો.

એક દિવસ બન્ને મિત્રો એક કોટડીમાં બેઠા બેઠા વાતચીત કરી રહ્યા હતા, એટલામાં તેમણે કોટડીનું બારણું ખખડવાનો અવાજ સાંભળ્યો. અવાજની સાથે તેઓ ચોંક્યા. **કાળીદાસે** તે અવાજ બિલાડીનો ખડખડાટ ગણી **દોલતરાયનો** સંદેહ દુર કર્યો. **દોલતરાયે** શરાબનો પ્યાલો ઉઠાવી કહ્યું " કેમ? યાર ! **કાળીદાસ** આપણી આ ચાલચલગતની કદી મેનેજરને ખબર પડશે તો આપણી શી ગતિ થાય? "

કાળીદાસ ગુસ્સે થઈ બોલ્યો "તું પણ જાણે નાનો છોકરોજ છે. વાતવાતમાં બીહે છે. જ્યારે તમારી અને અમારી દોસ્તી થઈ તો પછી બીજા કોઈની પરવા શી છે?

એવી જરા જરા વાતમાં મેનેજરનો ડર રાખે ત્યારે તો દુનિયાની મઝાથી હાથ ધોઇને બેસવું પડશે. તું માલદાર માણુસ છે. તારે ભણીને શું કરવું છે? ભાઇબંધની સાથે શરાબ પીને મઝા કર. જો તો ખરો, તને થોડા વખતમાંજ દુનિયાની સૌથી ઉત્તમ મોજ માલમ પડશે. એમાં મઝા છે કે નહિ? એક પ્યાલો તે શરાબીલાલનાં નામ પર પણ પીલે. તે તો હમણાં શરાબમાં ચકચૂર થઈને કોઈ રંડીને ઘેર પડયો હશે. જ્યારે તે અહીં આવી ઝાંખીને જોતો પણ નથી જ્યારે આપણે આપણી મઝા શા માટે ચૂકીએ!"

દોલતરાય—હા યાર! એથી સારી મઝા તો બીજાં કશામાં નથી. પરંતુ મારા પિતાજી દર મહિને ફકત રૂા. ૩૦) મોકલે છે. તો તેમાં હવે પુરૂ થતું નથી, માટે મારો વિચાર તો એવો છે કે, સ્કુલના છોકરાઓ સાથે જુગાર રમી તેમની પાસેથી પૈસા પડાવવા જાડાં લૂગડાં તો હવે મારાથી પહેરાઇ શકતા નથી. શરાબ કબાબનો ખરચ તો જોઇએ. ખેર! આગળ જોઈ લઇશું આ ઉલ્લુ ડર્બાન પાસે એક બોટલ શેમ્પીઅન તો મંગાવ, હવે પીવાં પીતાં જીવ ધરાઈ ગયો છે મેં સાંભળ્યું છે કે શેમ્પીઅન સૌથી વધુ કિમતી અને લહેજતદાર છે. પરંતુ રૂપિયાને માટે તેં શું ધાર્યું?

કાળીદાસ—હા યાર ! શેમ્પીઅન સૌથી ઉત્તમ છે એમાં તો શક નહિ. કાલે એની પાસે મંગાવી લઇશું તારા પિતાજી રૂપિઆ નહિ આપશે તો કોઈ બીજો રસ્તો કરીશું. મારા ધ્યાનમાં હમણા બે ઉપાય ઠીક લાગે છે. એક તો જુગાર રમી બોર્ડીંગ હાઉસનાં છોકરાએ પાસેથી પૈસા પેદા કરવા એ કામમાં હું ઘણો ચતુર છું. જો તું પણ શર્મ છોડી એ કામમાં મારો સંગ કરશે તો હું એક દિવસમાં એક મહિનાનો ખર્ચ કાઢી લઇશ, જો આટલાથી પણ આપણો ખરચ પુરો નહિ થાય તો, મેનેજર પાસેથી રવીવારને દિવસે રજા લઈ કનૈયાલાલની દુકાનેથી સો રૂપિયા ઉછીના લઈ આવવા. તે મારા પિતાજીના મિત્ર થાય છે. અને વળી લેણદેણ પણ રાખે છે. તેને કહી દેજે કે આ વખત ચાર મહિનાં થયાં મારા પિતાજીએ ખરચને વાસ્તે રૂપિઆ મોકલ્યા નથી, જો આપ મને સો રૂપીઆ આપશો તો મારી પાંસે રૂપિયા આવતાંની સાથેજ હું આપના રૂપિઆ તુરત આપી દઇશ.

આ વાર્તાલાપ મેનેજર બારણાની ઓથે રહી સાંભળ્યા કરતો હતો. તેણે એક છિદ્રમાંથી તેમનો ઢંગ જોઇ બારણું ખખડાવ્યું બી બીજીવારનો ખડખડાટ સાંભળી પુનઃ બંન્ને જણ ચોંકયા. મેનેજરે ધમકાવીને કહ્યું કે “ જલ્દી બારણું ખોલો, ખોલો છો કે લાત મારીને તોડી નાખું ? ”

આખરે તે બન્ને છોકરાઓએ બારણું ઉઘાડયું. મેનેજરે શરાબની શીશી અને પ્યાલા જોઇને બન્નેને ખુબ ધમકાવ્યા. બીજે દિવસે આ મામલો હેડમાસ્તર આગળ ગયો. તેમણે બન્નેને ખુબ ધમકાવ્યા અને ચાર ચાર સોટી મારવાનો હુકમ આપી મેનેજરને કહ્યું "આજથીજ આ બન્નેને પાસે રેહવા દેસો નહિ. જો ફરીથી આવી ફરિયાદ આવશે તો આપના પર રિપોર્ટ કરવામાં આવશે. ઘણી દિલગીરીની વાત છે કે, જ્યારથી આપ આવ્યા છો, ત્યારથી છોકરાઓ બગડતા જાય છે. મેનેજર હેડમાસ્તરના ઠપકાને લીધે બન્ને છોકરાને ખાનગીમાં ખુબ સમજાવ્યા. બન્નેએ પોતાનો અપરાધ કબુલ કરીને ભવિષ્યમાં ફરીથી તેવો ગુન્હો નહિ કરવાનું પણ લીધું. તેજ દિવસથી તેમનું જાહેર મળવું બંધ થયું. પરંતુ પ્રેમ નહિ ગયો. વિયોગને લીધે પ્રેમમાં વૃધિ થઈ. અહીં તહીંથી ડોકીઆ કરી, ઇશારાવતી વાતચિત કરવા લાગ્યા. અને છુપી રીતે મળવું શરૂ થયું. સ્ત્રિના પિયર જવાથી પતિને જેવી વિયોગ વેદના થાય છે તેવીજ રીતે **કાળીદાસ** દુઃખી થયો. અને પતિના વિદેશ ગમનથી સ્ત્રિને જેવું દુઃખ પેદા થાય છે, તેવું **દોલતરાયના** સંબંધમાં બન્યું.

પ્રકરણ ૩ જું.

—⊙—

કૃત્યોનું ફળ કુદરત આપે છેજ.

દોલતરાયની વય ૧૯ વરસની થઈ ચૂકી હતી, પરન્તુ અદ્યપિ તેનો વિવાહ થયો નહોતો. પુત્રવધુનું મુખ નિહાળવા પૌત્રને ખવરાવવા અને સૌભાગ્યવંતી સ્ત્રી મેળવવાના વિચાર **મણિગૌરી**નાં હૃદયમાં દોડયા કરતા હતા. એક બે વખત તેણે પોતાના પતિને એ વાત કીધી પણ ખરી, પરંતુ તેમણે એ વાતપર ઝાઝું લક્ષ આપ્યું નહિ. તેમની એજ ઇચ્છા હતી કે પુત્ર જ્યાં સુધી એન્ટ્રેન્સ પાસ ન કરે ત્યાં સુધી તેનો વિવાહ કરવો નહિ. કારણ કે લગ્ન કરવાથી છોકરાનું ધ્યાન ભણવાપર લાગશે નહિ. પરિક્ષાને બે મહિના બાકી રહ્યા ત્યારે **મણિગૌરી**એ પોતાના પતિને કહ્યું કે " કે કેમ તમારે પુત્રને કુંવારોજ રાખવો છે કે શું ? એના સાથી બબ્બે છોકરાના બાપ થઈ ગયા અને એ હમણાં કુંવારો ડોલતો ફરે છે. મારી બેન રાધા મારાથી બે વર્ષ નાની છે તેણે પોતાના પૌત્રને ખવરાવી પોતાનો જન્મ સફળ કરી લીધો. અને હું હજી પુત્રવધુનું મુખ જોવા પણ પામી નથી." પતિ બોલ્યા " નહિં નહિં, ગભરાય છે શા માટે ? આજે

વર્ષમાં પુત્રનો વિવાહ કરવાનો વિચાર હું રાખું છું. કાલેજ મારી પાસે સુરતવાળા ખંડુ દેશાઇ આવ્યા હતા. તેને ત્યાં ૧૨ વર્ષની કન્યા છે. ખંડુ દેશાઈ સારી સ્થિતિમાં છે. આજકાલ તેમને રૂના વ્યાપારમાં સારો નફો મળે છે. લગ્ન પણ ઘણી ધામધુમથી કરીશું. તારી આશા પુરી પડશે અને ચાર વર્ષમાં તો તારે ઘેર પૌત્રની પધરામણી થશે. છોકરી શાણી છે અને ગુજરાતી સારી પેઠે જાણે છે. ગુંથણ, સીવણ કામ પણ જાણે છે અને માબાપની તથા વડીલની આજ્ઞા પાળવાને હંમેશાં તત્પર રહે છે. બોલ એથી વધારે તને શું જોઈએ?"

મણિગૌરી—"બસ ! મને પણ એજ જોઈએ છે. ઠીક ! ત્યારે હવે એ પણ સાથે સાથે કહી દો કે વિવાહ ક્યારે થશે ? મને તો રાતદિન એ વિચારમાં ઉંઘ પણ આવતી નથી."

ગુણવંતરાયે મીઠી મીઠી વાતો કરી પોતાની પ્રાણ પ્યારીનું મન શાંત કીધું. ખંડુ દેશાઇની કન્યા સાથે વિવાહ કરવાનું નક્કી કીધુ, મુહુર્ત પણ લેવાયું. હવે **હોલતરાયની** પરિક્ષાનો સમય આવ્યો. આ સમય તે સાહેબ તો **કાળીઆની** સોબત, શરાબના રંગ અને જુગારની લતમાં પડી સારી રીતે અભ્યાસ કરી શકયા નહોતા, પરિક્ષા અગાઉ બે ત્રણ મહિનામાં વિદ્યાર્થીઓ ઉપર ભણ-

વાનો બોજો અધિક પડે છે. એ વાત સર્વને વિદિત હશે-જ. રાતના બબ્બે વાગ્યા સુધી જાગીને તેમને દશ બાર ચોપડીઓ ગોખવી પડે છે. પરંતુ **દોલતરાય** આ વખત કાંઈ કરી શક્યો નહોતો નિયમાનુસાર ફી દાખલ કરતાં તેની આંખો ઉઘડી. પંદરવીશ દીવસમાં પુસ્તકો ઉલટ પાલટ કરી, જેમ બને તેમ થોડું ઘણું યાદ કરીને તેણે સંતોષ માન્યો. પરિક્ષા આપવાને માટે હૉલમાં બેસી સટરમ પટરમ પ્રશ્નોના ઉત્તર આપ્યા, પરિક્ષાથી મુક્ત થઈ તે ગણદેવી ગયો. તેને **કાળીદાસ** સિવાય ઘડી પણ ચ્હેન પડતું નહોતું, તેથી તેણે પણ સાથે લેતો ગયો હતો. તેણે પોતાને વતન જઈને પણ પોતાનું દુર્વ્યસન છોડયું નહિ. હાલ ચાલથી **ગુણવંતરાયને** માલમ પડી ગયું કે આ છોકરાની સંગતને લીધે પુત્ર બગડી જશે. આ કારણથી તેણે **કાળીઆને** ધમકાવીને પોતાના ગામમાંથી કાઢી મૂક્યો **કાળીઆને** પોતાનું કાળું મોં લઈ પોતાને ગામ જવું પડયું. તેજ દિવસથી **દોલતરાયનું** દીલ પોતાના ઘેરથી ઉઠી ગયું. તેને ન તો દિવસે ચેન પડતું કે ન તો રાત્રે નિંદ્રા આવતી. જેમ તેમ રજાના દિવસો પુરા થયા. સરકારી ગેઝેટમાં પરિ-ક્ષાનું પરિણામ પ્રકાશિત થયું. જે **દોલતરાય** મિડલ પરિ-ક્ષામાં મુંબઈનાં વિશ્વ વિદ્યાલય (Bombay University) ના સમસ્ત વિદ્યાર્થીઓમાં સૌથી પહેલ્લે નંબરે પાસ થયો

હતો, તે એન્ટ્રેન્સમાં ત્રીજા દરજ્જામાં પાસ થયો. આ વાત જાણી **ગુણવંતરાય**ના હોશ ઉડી ગયા. તેમણે ત્રણ દિવસ સુધી પેટ ભરીને અન્ન પણ ખાધું નહીં. આ વખત તેમણે **કાળીઆ**ની વાત યાદ આવી. આ વાત યાદ આવતાંની સાથે તેમનું કલેજું બળી ગયું. તેમણે ગુસ્સામાં આવી એકદમ પોતાના પુત્રને બોલાવ્યો અને તેના આવ્યા પછી મોટે અવાજે કહ્યું:—

“ કેમરે નાલાયક ? આ વખત તું ત્રીજા દરજ્જામાં પાસ થયો ? સાચે સાચું બોલ. **કાળીઆ**એ તને કોઈ તરેહના કુસંગમાં નાંખી દીધો છે કે નહિ ? તું અમારા ઘરમાં કુલકલંક પેદા થયો છે. એવા છોકરા કરતાં હું નિર્વંશ રહ્યો હોત તો પણ ઠીક થાત. બોલ ! સાચું બોલ, નહિતર કોરડાના મારવતી તારી ચામડી ઉતારી નાખું છું. ”

દોલતરાય (પિતાના કોપથી થરથર ધ્રુજતો)—હા પિતાજી ! મારાથી ગુન્હો તો થઈ ગયો છે; પરંતુ હવે નહિ કરૂં. આજથીજ **કાળીદાસ** સાથે નહિ રહેવાના કસમ ખાઊં છું.

પુત્રનો ઉત્તર સાંભળી **ગુણવંતરાય**નો ગુસ્સો નરમ પડ્યો નહિ. તેમણે પોતાના પુત્રને મારવા માટે કોરડો ઉઠાવ્યો. **ગુણવંતરાય** સ્વભાવે ઘણા શાંત હતા. તે કદી

બીજા ઉપર વિના કારણ ક્રોધે ભરાતા નહોતા. પરંતુ જ્યારે તેમને ક્રોધ ભરાતો હતો ત્યારે તે કેમે કરી જતો નહોતો. **મણિગૌરી** તેમનો સ્વભાવ સારી પેઠે જાણતાં હતાં. એ કારણથી તેમણે રોતાં રોતાં આવી બચાવ કીધો **દોલતરાય** માર ખાવાથી બચી ગયો, પણ ચાર દિવસ સુધી પીતાએ તેની સાથે વાત ન કરી. પત્નીએ સમજાવી તેમને શાંત કીધા. **દોલતરાયે** પોતાના પિતા સમક્ષ એવું કામ કદી નહિ કરવા પ્રતિજ્ઞા લીધી. હાલ ઘડી તો સર્વ શાંત થયું.

ગુણવંતરાય પોતાની સ્ત્રિના સમજાવવાથી શાંત પડી ગયા હતા, તો પણ તેમના દિલનો ક્રોધાગ્નિ હજી હોલવાયો નહોતો. તે રાતદિન એજ ચિંતામાં હતા કે, પોતાનો પુત્ર **કાળીઆ** જેવા નીચ માણસની સંગત કરે એનું પરિણામ કદી પણ સારૂં આવવાનું નથી અને તેટલાજ માટેજ તેનું લગ્ન કરવું ઉચિત્ નથી. એક પ્રતિષ્ટિત માણસની નિર્દોષ પુત્રીને નાલાયક માણસને ગળે બાંધી તેના આખા સંસારને દુઃખી કરવો એ કોઈ પણ ભલા માણસનું કર્તવ્ય નથી. પણ તેમની જ્ઞાતિમાં " જાન જાવે પણ માંગ ન જાવે " વણી રીતિ રજપુતોની માફક પ્રચલિત હતી. પરવશ થઈ તેમને વિવાહની તૈયારી કરવી પડી. પુત્રીના બાપ અંહુ દેશાઈએ જેઠ વદ ૮ને સોમવારનાં લગ્ન નક્કી કીધાં. નિ

બેલે દિવસે **ગુણવંતરાય** ગણદેવીથી જાન લઈ સુરત ગયા બન્ને પક્ષ તરફથી મન મુકીને ખર્ચ કરવામાં આવ્યો. આસપાસનાં ગામડાંઓમાં બન્ને વેવાઈઓની વાહવાહ થઈ બન્ને ઘરનાં સ્ત્રિ, પુરૂષ, બાળક, યુવાન, વૃદ્ધ સૌ આનંદ સાગરમાં ડુબી ગયાં. બાળિકા **સુમન**નાં મનમાં આસરે જઈ વિવિધ પ્રકારની મોજ મારવાના તરંગો ઉઠવા લાગ્યા. પણ જેમ **ગુણવંતરાય**નાં ઘરમાં આનંદ થતો હતો, તેમ **દોલતરાય**નું કલેજું ફાટતું જતું હતું પરંતુ તેણે પિતા સમક્ષ પણ લીધું હતું તો પણ **કાળીઆ** તરફ તેનું દિલ લાગેલું હતું. તે પ્રાણપ્યારી **સુમન**ની પાસે રહી મોજ મારવા કરતાં **કાળીદાસ**ની સંગતમાં રહી શરાબની લહેજતમાં વધુ આનંદ માનતો હતો. પોતાનું દુઃખ કોઈ સમક્ષ તે રડી શકયો નહિ. લગ્ન થઈ રહ્યા પછી વહુને લઈને જાન ગણદેવી તરફ પાછી ફરી. બેચાર દિવસ પછી **સુમન**નો ભાઈ પોતાની ભગિનીને તેડી ગયો. આ તરફ **દોલતરાયે** પોતાના પિતાને જૂઠાં વચનથી લોભાવી એફ. એ. કલાસનો અભ્યાસ કરવાનું બહાનું કરી કૉલેજમાં દાખલ થયો.

બૉર્ડીંગ હાઉસની વ્યવસ્થાથી કંટાળી આ વખત **ગુણવંતરાયજી**એ પોતાના મિત્રની પડોશમાં એક અલગ મકાન ભાડે લઈને **દોલતરાય**ને રાખ્યો. તે મકાનમાં ભ-

ણુવા માટે આવશ્યક સામાન અને ખાવા પીવાની સામગ્રી સારી રાખી હતી. ભોજન રાંધવા માટે એક બ્રાહ્મણ અને પુત્રની ચાલચલણ તપાસવા માટે પોતાના વીશ વર્ષના જુના નોકર **માતાદયાલને** નિયત કીધો. તે બન્નેને સખ્ત હુકમ આપ્યો કે કદીપણ **કાળીઓ** આવવા પામે નહિ, એવો બંદોબસ્ત રાખજો. પરંતુ **ગુણવંતરાયને કાળીઆ** વગર કયારે ચેહેન પડતું હતું ? લાગ સાંધી તેણે **કાળીઆ** ઉપર ચીઠ્ઠી લખી ચીઠ્ઠી મળતાંજ તે દોડી આવ્યો. બહુ દિન પછી બન્ને મિત્રો મળી આનદ પામ્યા. તેજ દિવસે એક અલગ કોટડી લેવાનો ઠરાવ થયો. તેજ દિવસથી દુરા ચારની દબાઈ ગયેલી આગ પાછી પ્રજલિત થઈ. ભણવા તરફથી મન ઉઠયું, કોલેજમાં જવું કમી થયું. **માતા-દયાલને** પોતાના નાના શેઠના ઢંગ બદલાયાથી સંદેહ પેદા થયો. સંદેહ થતાંજ તેણે **ગુણવંતરાયને** બોલાવ્યા.

ગુણવંતરાયને મુંબઈના આડતીઆ **કનૈયાલાલ** સાથે હિસાબ કરવાનો હતો. **માતાદયાલનો** પત્ર પહોંચતાંજ **ગુણવંતરાય** મુંબઈ ગયા. **દોલતરાયની** ચાલચલંગત તપાસવા માટે તેમણે પોતાના ગુમાસ્તા **ભુખણદાસને** નીમ્યા, તેમણે ડીટેકટીવ બની સર્વ વાતનો પત્તો મેળવ્યો. **દોલતરાયે** આડતીઆ પાસેથી માત્ર ૧૦૦) રૂપિઆ નહિ લીધા હતા પણ તેણે તો રૂ૦ ૧૨૦૦)ની મ્હોકાણ માંડી

હતી, બારસો રૂપિઆની વાત સાંભળી **ગુણવંતરાય** ગભરાઈ ઉઠયા. કાંઈપણ ગરબડ કર્યા સિવાય તેમણે આડતીઆના રૂપિઆ પતાવી દીધા. આ વખત **ગુણવંતરાયે** પોતાના કુપુત છોકરાને કાંઈ કહ્યું નહિ. બે દિવસ વિચાર કરી પોતાના પુત્રનો અભ્યાસ છોડાવી ગામ લઈ જવાનો નિશ્ચય કીધો. પુત્રને પુછયા વગર તે કૉલેજના પ્રીન્સીપાલને મળ્યા અને તેમની સાથે ખાનગી વાત કરી પોતાના પુત્રનું નામ કાઢી નંખાવ્યું જેમ બને તેમ તેમણે **દોલતરાયને** આ વાતની ખબર પડવા દીધી નહિ. ઘેર આવવા અગાઉ અર્ધા કલાકે **દોલતરાયને** કહ્યું:—

"બેટા, ગણદેવીમાં તારૂં બહુજ આવસ્યક કામ છે. જમીનદારીના પ્રબન્ધમાં બહુ ઘોંટાળો થયો છે. એક બે ગામ હાથમાંથી જતાં રહેવાનો અવસર આવી પહોંચ્યો છે. તારી સલાહથી સર્વ કામ સારૂં થશે. આવશ્યક કામ સમજીને મેં તને પુછયા વગર પ્રીન્સીપાલ પાસેથી રજા લઈ લીધી છે. આગગાડીના ટાઈમને હવે કાંઇ વાર નથી. જલદી તૈયાર થઈ જા. તારા વગર મારી વાત બગડી જશે."

દોલતરાય—પિતાજી, આપ જ્યારે સર્વ પ્રબંધ કરી ચુકયા છો, ત્યારે હું લાચાર છું. પરંતુ મારૂં ભણવું ગણવું બગડી જશે. હું આ સમય ફર્સ્ટ ઇયરની પરિક્ષા આપી

શકીશ નહિ. આથી બી. એ. થવામાં એક વરસની વાર લાગશે. આપ જરા વિચાર તો કરો કે.......................

“ મેં સર્વ વિચાર કરી મૂક્યો છે, તારૂં કહેવું બધળું ખરૂં છે, પણ જ્યારે મારી વાતજ બગડી જશે તો પછી તારાં ભણવાથી શો લાભ થવાનો છે! તારે અવશ્ય ચાલવુંજ પડશે ” **ગુણવંતરાયે** કહ્યું.

પરવશ–પરાધીન થઇને **દોલતરાયને** પિતાજી સાથે તૈયાર થવું પડ્યું. તેમણે બધા નોકર, ચાકર અને સર્વ સામાન સાથે સ્ટેશન પર જઈ ટીકીટ ખરીદી, બાદ મુસાફરખાનાની ભીડમાં **ગુણવંતરાયે કાળીઆને** જોયો, તેને જોતાંજ તેમનો મિજાજ ગયો. પણ તે કાંઈ પોતાનું ઘર નહોતું, તેમણે તેને એકાંત લઈ જઇને ધમકી આપી અને પોલીસને સ્વાધીન કરવાનો જુવાબ આપ્યો. એવી રીતે તેમણે તેને પોતાના ઘર તરફ પાછો ફેરવ્યો, અને પોતે પોતાને ઘેર પુત્ર સહિત આવી પહોંચ્યા. જતી વખતે તેમણે **કાળીઆના** હાથમાં વિસ રૂપિઆની નોટ આપી **કાળીઓ** ઘર તરફ રવાના થયો ખરો, પણ તે ઘેર ન ગયો. તે વાંદરા સ્ટેશનપર આવી ઉતરી પડ્યો, આખો દિવસ અહીં તહીં ભટકવામાં કાઢયો, જ્યારે રાત પડી ત્યારે તે એક નિર્જન જગ્યા જોઈ તે રેલ્વેના પાટા ઉપર

સુઈ ગયો. થોડી વખતમાં અમદાવાદ તરફથી ગાડી આવી. અંધારાને લીધે પહેલ વહેલાં ડ્રાઈવરને કાંઈ માલુમ પડયું નહીં. એકાએક ગાડી કાળીઆ સાથે અથડાઈ. ગાડીની ચોટથી કાળીઓ ઘાયલ થયો, પરંતુ મુઓ નહિ. અચેત કાળીઆને ગાર્ડ ગાડીમાં નાંખી મુંબઈ લઈ આવ્યો. પોલીસે યોગ્ય બંદોબસ્ત કરી કાળીઆને હૉસ્પીટલમાં મોકલ્યો. સાત દિવસ પશ્ચાત જ્યારે તેનામાં શક્તિ આવી, ત્યારે તેને ન્યાયધીશ સમક્ષ ઉભો કરવામાં આવ્યો. સરકારી વકીલે તેને ગુન્હામા લાવવા માટે બહુ અછાડ પછાડ કરી પણ તેણે આત્મઘાતનું કારણ બતલાવ્યું નહિ. ન્યાયધીશ સાહેબે તેને નિયમાનુસાર કેદનું શાસન કર્યું. સમાચારપત્રો (વર્તમાનપત્રો) માં તેની બહુ ચર્ચા થઈ. પેપરદ્વારા આ વાત જાણી ગુણવંતરાયને હર્ષ અને દોલતરાયને શોક થયો.

પ્રકરણ ૪ થું.

આનંદ અને નિરાશા.

કાળીઆની સાથે એન્જીન અથડાવાની વાત જે અગાઉ પોલીસના રિપોર્ટમા પ્રકટ થઈ હતી તેમાં હમણાં થોડો તફાવત માલમ પડયો. ઈશ્વરે આ સમય કાળીઆની

પ્રાણરક્ષા કરવાનું યોગ્ય વિચાર્યું હતું. **કાળીઓ** રેલ્વેપર સુતો તે અગાઉ કોઈ માણસે એક હાથનાં અંતરપર એક એક પથ્થરનો ટુકડો મુકયો હતો. એન્જીન તેની સાથે અથડાઇ ઉભું રહી ગયું. પથ્થરની ટક્કર **કાળીઆનાં** મસ્તકમાં લાગી. ભારે ચોટ લાગવાથી **કાળીઓ** બેહોશ થઇ ગયો હતો. આ વાત અંગ્રેજી વર્તમાનપત્રોદ્વારા જ્યારે **દોલતરાયને** વિદીત થઇ, ત્યારે તેને બહુ આનંદ થયો. પિતાના દબાણને લીધે, એ ઘેર રહેતો હતો તો ખરો, પણ તેનું દીલ **કાળીઆ** તરફ હતું. **કાળીઆની** સજા બે ચાર મહિનામાં પુરી થાય એમ નહોતું. કાળના પ્રભાવે ઉત્તરોત્તર **કાળીઆનું** સ્મરણ ભૂલાવ્યું. હવે તેનું મન ઘરનાં કામકાજમાં લાગવા માંડયું. આ વાતથી **ગુણવંતરાયને** અધિક હર્ષ થયો. વિવાહને ત્રીજે વર્ષે **સુમનનું** શ્રીમંત આવ્યું. આ સમય **દોલતરાય** તથા **સુમન** સુખચેનથી રહ્યાં હતાં **સુમનને** પોતાના પતિ તરફનું કાંઇ દુ:ખ અદ્યાપિ પર્યંત ખમવું પડ્યું નહોતું. સાસુએ પુત્રવધુનું સુખ દીઠું. બાળક પ્રસવવાનો સમય નજીક આવ્યો. બન્ને ઘેર વધાઇઓ આવી. **મણિગૌરીના** ઘરમાં સ્વર્ગ સમાન સુખે નિવાસ કીધો.

પરંતુ એ સુખ વધુ કાળ રહેવા પામ્યું નહિ. **કાળીઆની** સજા પુરી થઈ. તે જેલમાંથી નીકળતાંજ ગણદેવી આવ્યો.

તે ગામની પાસે આવેલાં એક ખેતરમાં પેઠો, તો ત્યાં તેને **દોલતરાય** દ્રશ્યમાન થયો. બંન્નેની આંખો મળી **કાળીઆને** દેખતાંજ તેના હાથ પગ કમતાકાત થઈ ગયા. પિતાની સમક્ષ ખાધેલા કસમ હવામાં ઉડી ગયા. **કાળીઆના** પ્રેમે જોર કીધું. તેણે એફ. એ. કલાસમા દાખલ થવાની સલાહ આપી.

“ તમારૂં કહેવું ઠીક છે, પરંતુ હવે પિતાજી માને એમ નથી, અને ખર્ચને વાસ્તે પૈસા પણ આપશે નહિ. પછી વગર પૈસે ભણી કેમ શકાય વારૂ ? ” **દોલતરાયે** કહ્યુ.

“ શું બાપનું કહેવું માની, તમો પોતાની જીંદગી ખરાબ કરવાનો વિચાર રાખ્યો છે ? જો આટલામાંજ પડી રહેશો તો “ ધોબીનો કુતરો ન ઘરનો ને ગાંહનો ” તેવા હાલ તમારા થશે. ખેર ! મેં તો સત્ય સલાહ આપી. મૈત્રિની ફરજ અદા કરી દીધી. હવે જેવી તમારી મરજી આપ માલિક છો, મુખત્યાર છો, જેમ નજરમાં આવે તેમ કરો. ભણીને કમાવા લાયક તો થયા છો, હવે બાપની શી પરવા છે ? નોકરી કરીને પૈસા પેદા કરો અને અભ્યાસ પણ આગળ વધારો ” **કાળીઆએ** જણાવ્યું.

આ વાત **દોલતરાયે** સ્વીકારી. હવે **ગુણવંતરાયના** ડરથી **કાળીઓ** ત્યા આગળ વધારે વાર ઠરી શકયો નહિ

થોડીવાર મજાકઠઠ્ઠાની વાત કરી તે પોતાને ગામ વિદાય થયો. જતીવખત **દોલતરાયે** પચાસ રૂપિઆની નોટ **કાળીઆના** હાથમાં આપી. **કળીઓ** ખુશી થઇને ત્યાંથી ગયો. **દોલતરાયે** ઘેર આવી એફ. એ. કલાસમાં દાખલ થવાની પોતાની મરજી પિતાજી આગળ દર્શાવી. પિતાએ ભણાવવાની, ખરચ આપવાની સાફ નાજ કહી. **દોલતરાયના** મગજમાં **કાળીઆની** સલાહનો ભુત ઘુસી ગયો હતો. તેણે તેજ રાત્રે "ટાઇમ્સ" માં ૨૦) રૂપિઆની નોકરીનું એક જાહેરાત વાંચી મુંબઇ એક અરજી મોકલી. મુંબઈની એક સ્કૂલમાં એક માસ્તરની જગ્યા ખાલી હતી. જાહેરાત પ્રસિદ્ધ થવાની સાથેજ હેડમાસ્તરની ટેબલપર અરજીઓનો ઢગલો થઇ ગયો. મોટી મોટી સિફારસો આવી. હેડમાસ્તરે અરજીની ગણત્રી કીધી તો ૨૦) રૂપિઆની નોકરી માટે ૩ એમ. એ. ૧૫ બી. એ. ૨૭ એફ. એ. અને ૫૬ એન્ટ્રન્સ નીકળ્યા. હેડમાસ્તર એક યુરેઝીઅન હતો. તેણે બધી અરજીઓ ઉપર "જગા ખાલી રહી નથી" એવી રિમાર્ક કરીને ઉમેદવારો પર ઉત્તર મોકલાવી દીધા અને તે જગાપર એક પોતાની સાથે સંબંધ ધરાવનાર સાહેબનો છોકરો કે જે મેટ્રીક ફેલ હતો તેને રાખ્યો. તેને માટે બહુ સીફારસ આવી હતી. આજ કારણથી તેને નોકરી મળી. અરજીનો પ્રત્યુત્તર વાંચતાંજ **દોલતરાયની** આંખોમાં આંસુ આવી ગયાં. તેના

સર્વ વિચારો, સર્વ આશા અને સર્વ તરંગો હવામાં ઉડી ગયા. બીજી જગ્યા અરજી મોકલવાનું માંડી વાળી તે ચૂપ બેઠો. તે તો ચૂપ થઇ ગયો હતો, પણ કાળીઓ તેને છોડે તેમ કયાં હતો? આ ખબર મળતાંજ તેણે દોલતરાય પર એક કાગળ લખ્યો તેની મતલબ નીચે મુજબ હતી.

"પ્યારા મિત્ર!

આપના સિવાય મને રાત દિવસ ચેહેન પડતું નથી. ઈશ્વર તે દિવસ કયારે દેખાડવશે, કે જ્યારે આપણે બૉર્ડીંગહાઉસની માફક સાથે રહી મોજ ઉડાવીએ? અહા! તે પણ કેવો સુખી વખત હતો! સર્વે વાત સ્વપ્નવત થઈ ગઈ, મેં સાંભળ્યું છે કે તે જગા હેડમાસ્ટરે અન્યાય કરીને કોઈ મેટ્રીક ફેલને આપી દીધી છે. મોટા મોટા બી. એ. ને એમ. એ. રખડી ગયા છે. ખેર! હિમ્મત હારશો નહિ. તમને હલકા પગારની નોકરી કરતાં શરમ આવે તો પણ નોકરી વગર તમે એફ. એ. કલાસમાં અભ્યાસ કરી શકશો નહિ. જો તમારે શીખી ભણીને દુનિયામાં નામ કાઢવું હોય તો પ્રીન્સીપાલ ઉપર અરજી મોકલો. પ્રીન્સીપાલ ઘણા સારા આદમી છે. જો તમે અરજીમાં ભણવાનો ઈરાદો જાહેર કરશો તો તરત મંજુર કરશે. હમણાં થોડો વખત થયાં મુંબઈમાં એક રંડી આવી છે. રંડી તો એવી છે કે જાણે

ઇંદુનો એક ભાગ ! ગાયન ગાવામાં તો તાનસેનને પણ કોરે મૂકે એવી છે જો તમારે મઝા લેવી હોય તો ઘરની સ્ત્રિની મોહબત તોડો. લી. તમારો પ્રેમી

"કાળીદાસ."

ચીઠ્ઠી મળતાંજ **દોલતરાય** બૉર્ડીંગહાઉસના પ્રિન્સીપાલ મી. ટી. ઇ. ડેવીડ ઉપર એક અરજી મોકલી. સાહેબે દશબાર દિવસ સુધી અરજીનો કાંઇ ઉત્તર દીધો નહિ. વાર લાગી તેથી તેની આશાલતા કરમાઈ ગઈ. અને કેથે ન નોકરીની શોધ કરવા માટે તેણે પુનઃ "ટાઇમ્સ" ખોળ્યું. તેમાં પણ કોઇ પોતાને લાયક જગ્યાની જાહેર ખબર મળી નહિ. તે દિવસ તેણે આખી રાત વિચારમાં કાઢી બીજે દિવસે પ્રાતઃકાળમાંજ તેને પ્રીન્સીપાલ તરફથી એક પત્ર મળ્યો, પત્ર મળતાંજ તેની આશાલતા પુનઃ લીલી છમ જેવી થઈ. ઘણાજ આનંદ સહિત તેણે એન્વેલપ ખોળ્યું. એન્વેલપની અંદર સાહેબનો જે પત્ર હતો તેમાં નીચે પ્રમાણે લખ્યું હતું:—

"મી. **દોલતરાય**,

તમારી અરજી મળી. તમે આજ કૉલેજમાંથી એન્ટ્રેન્સ પસાર કીધી છે. તેથી બીજાઓ કરતાં તમારો હક વધુ છે. હું હિંદુસ્તાનમાં અંગ્રેજી કેળવણીનો પ્રચાર

કરવાનો હિમાયતી છું. અને આ જગા તમને ખુશીથી આપી શકું છું. પરંતુ તમે એક અમીરના છોકરા છો. તમારા પિતા આખા સુરત જીલ્લામાં આબરૂદાર અક્કલવંત અને શાણા સદગૃહસ્થ ગણાય છે. મારી ખાત્રી છે કે, એવા આદમી, વિના કારણ તમને અભ્યાસથી રોકતા નથી. **ગુણવંતરાય** અગર ચાહતે તો અત્યાર અગાઉ કયારના તમને બી. એ. બનાવી શકતે. તેમની પાસેજ ખર્ચની મદદ માંગો. જો તમારી ચાલચલણ સારી હશે તો જરૂર એઓ તમને એફ. એ. કલાસમાં દાખલ કરાવશે. જે વખતે એઓ તમારૂં નામ કઢાવી તમને ગણદેવી લઇ ગયા હતા, તે વખતે હું તમારી ઘણી વાત સાંભળી ચૂકયો હતો. જો તમારી ચાલચલણ સારી હોય અને તમારા પિતાજી કોઇ રીતે તમારા ખર્ચનો બોજો ઉઠાવવાને અશકત હોય તો તેમની શીફારસથી હું તમને જગા આપી શકું એમ છું,

લી. તમારો શુભેચ્છક

ટી. ઈ. ડેવીડ.

આ પત્ર મળતાંજ **દોલતરાયની** જે દશા થઇ તે લખવું મુશ્કેલ છે. આ પછી તેણે સાત આઠ જગોએ અરજી મોકલી પરંતુ દરેક જગ્યાએથી "જગ્યા ખાલી નથી" "તમને જગ્યા મળી શકે તેમ નથી" એ સિવાય ઉત્તર મળ્યો નહિ.

પ્રકરણ ૫ મું.

ભણ્યો પણ ગણ્યો નહિ !

જ્યારે અરજીઓ આપતાં આપતાં **દોલતરાય** થાકયો, ત્યારે એણે નોકરીનો વિચાર છોડી દીધો. **કાળીઓ** તો મુંબઈની પેલીજ બૉર્ડીંગહાઉસમાં ચપરાશીની નોકરી મેળવી સુખી થઈ ગયો હતો. તેણે પણ પોતાના ઈષ્ટમિત્રને વીસારી મુકયો. ધીમે ધીમે **દોલતરાય કાળીઆ**ની શીખામણ ભુલી ગયો. હવે તેણે ઘેર બેઠાં અંગ્રેજી ભાષાનું જ્ઞાન વધારવા માટે લક્ષ આપ્યું. અંગ્રેજી નૉવેલોથી જીવને ખુશ કરવો અને ફેશનની સેવા કરવી એજ તેનાં નિત્ય કર્મ હતાં. સ્કુલ અને કૉલેજના વિદ્યાર્થીઓ અને **કાળીઆ**ની સોબતથી તેને ફેશનનો શોખ લાગ્યો હતો. ગુજરાતી ગ્રંથો અને વર્તમાનપત્રો તેને ઝેર સમાન લાગતાં હતાં. ગુજરાતી ભાષાજ તેને ગમતી નહોતી ગુજરાતી પેપર હાથમાં ઝાલવું, એ પણ તેના મનને અપ્રતિષ્ઠા હતી. જો કોઈ દિવસ તેના હાથમાં ગુજરાતી પેપર અથવા પુસ્તક આવી જતું તો તેને વાહીયાત–રદ્દી કહીને ફેંકી દેતો હતો. તેની પાસે અંગ્રેજી ફેશનના ૨૫ કોટ. ૨૮ પાટલુન, ૩૭ ટોપીઓ, ૯ અંગ્રેજી ટોપી, ૫૭ વાસ્કુટ (Waist Coats) ૧૫ કૉલર, ૫૯ ખમ્મીસ,

અને ૧૭ સીગારેટની ડબ્બી વિગેરે વિગેરે સામાન આ વખત મૌજુદ હતો. તો પણુ તેટલાથી તેને સંતોષ થતો નહોતો. કોઈ મહિનો એવો નહિ જાય કે, જેમાં **દોલતરાય** સો દોઢસો રૂપિઆનો અંગ્રેજી સામાન ખરીદે નહિ. તેનું દિવાનખાનું અંગ્રેજી ઠાઠપર સજાવ્યું હતું. તેને શૃંગારવામાં લગભગ દશ હજાર રૂપિઆ લાગ્યા હતા. દિવાનખાનામાં ઝાડ, ફાનસ, મેજ, ખુરસી, તસવીર, આઇના અને નાના પ્રકારની સામગ્રી યથાસ્થાન ગોઠવી દીધી હતી. તેની ઘણીજ પ્રબળ ઈચ્છા હતી કે **સુમન** મડમ જેવાં કપડાં પહેરે તો સારૂં. પરંતુ તે બિચારી **દોલતરાય**ની નજરમાં એક ગમારની છોકરી હતી, યદ્દીતે ગુજરાતી ભાષાનું સારૂં જ્ઞાન ધરાવતી હતી અને અવકાશને સમયે રામાયણુ, મહાભારત વિગેરે ધાર્મીક પુસ્તકનું સારૂં અધ્યયન કીધું હતું, પરતું તેથી **દોલતરાય**ને સંતોષ થયો નહિ. તે પોતાની સ્ત્રિને હમેશાં કહ્યા કરતો હતો કેઃ—

'ભાગવત અને પુરાણોમાં ગપ્પાંજ ઠોકી દીધાં છે. જો તું અંગ્રેજી ભણીને રેનાલ્ડસ્‌નાં નૉવેલો વાંચે તો પછી જો કે તને કેવી ગમ્મત પડે છે.'

સુમન પતિની આજ્ઞા માનવાને જ્યાં સુધી બની શકે ત્યાં સુધી આનાકાની કરતી નહોતી. સાધ્વી સ્ત્રિમાં

જેટલા ગુણુ આવશ્યક છે, તે સઘળા **સુમન**માં વિદ્યમાન હતા. પરંતુ **દોલતરાય**ને એટલાંથી આનંદ થતો નહોતો. તે મુંબઈમાં અભ્યાસ કરતો હતો ત્યારે **કાળીદાસ**ની સાથે તેણે મડમનો નાચ જોયો હતો. ગણદેવીમાં યુરોપીઅન સમાજ નહિ હતી, તોપણ તેની પ્રબળ ઇચ્છા હતી કે, **સુમન** નાચવાનું શીખી તેની સાથે એકાંતમાં નાચે. આ વાત **સુમન**ને પસંદ નહોતી. તેણે (પતિએ) પોતાની સ્ત્રિને બહુએ સમઝાવી પણ તે એકની બે થઇ નહિ. **સુમને** એમ પણ કહ્યું કે "રંડીનું કામ મારાથી થઇ શકે એમ નથી." આ વાતથી **દોલતરાય**ને બહુ દુઃખ પેદા થયું તેણે જે સમાજની નકલ કરી હતી, તેના નિયમોથી એ ચાલ વિરૂદ્ધ હતી. પરંતુ પોતાનાથી એ અપમાન સહી શકાયું નહિ. ક્રોધમાં આવી તેણે પોતાની પત્નીના ગોરા ગાલપર બે ત્રણ થપ્પડ લગાવી દીધી. **સુમન** આવા વર્તનથી દુખિત બની બહુ રડી, પણ તેણે નાચવાનું સ્વીકાર્યું નહિ.

દોલતરાય, ચીરૂટ સીગારેટ તો **સુમન** સમક્ષ પી લેતો, પરંતુ દારૂ પીવામાં હજી સુધી તેને સંકોચ થતો હતો. તે મુંબઈમાં રહી શરાબનો ઉપાસક થયો હતો, એ વાંચનારને સારી પેઠે વિદિત છે. તેને મદ્ય વિના કોઈ દિન ચ્હેન પડતું નહોતું. પરંતુ તેને ભય હતો કે **સુમન** સમક્ષ દારૂ પીવાથી તેના પાપનો ઘડો

ફૂટી જશે અને પિતાજીને ખબર થશે તો આફત આવી પડશે. આ કારણુને લીધેજ તે પોતાની પત્નિથી ગુપ્ત રીતે શરાબ પીતો હતો, અને જ્યારે દારૂનો સંદેહ લાવી તેની સ્ત્રિ મોં આગળ પોતાનું નાક લાવતી ત્યારે તે અહીં તહીંની સાચી જુઠી વાત કરી તેનો જીવ બહેલાવી દેતો હતો. પોષ મહિનામાં એક દિવસ તે બિમાર પડયો. શિરમાં અસહ્ય વેદના શરૂ થઈ. હવે શરાબ સિવાય તેને બીજો કોઈ ઈલાજ એવો ન માલૂમ પડયો કે, જેથી તેની વેદના મટી શકે. તેજ મહિનામાં તેણે ફલેમીંગ કમ્પનીને ત્યાંથી વ્હીસ્કી, કલારેટ, પોર્ટવાઇન, શેરીવાઈન અને બ્રાંડી મળી. રૂ૦ ૧૦૦)નો માલ મંગાવ્યો હતો, તેમાંથી પોર્ટવાઈનની બોટલ કાઢી તેમાંથી એક ગ્લાસ તેને પીધો. એકથી દર્દ કમ થવાથી તેણે બીજું ગ્લાસ ચઢાવ્યું. બે પ્યાલા પીતાંજ તેને વ્હીસ્કી પીવાનું સ્મરણ થયું બે ત્રણ પ્યાલા તેમાંથી ચઢાવી માથાંનું દર્દ મટાડયું. મદ્યમાં ચકચૂર થતાંજ તે દિવાનખાનામાં નાચવા લાગ્યો. સંયોગવશ **સુમન** પણ ત્યાં કાંઈ કારણુસર આવી પહોંચી, તેને દેખતાંજ નાચવાનું બંધ કરી, તેને પકડી તેના બન્ને હાથ પોતાના એક હાથથી ડબાવી, બીજા હાથ વતી એક ગ્લાસ તેનાં મોં સાથે લગાડયું. **સુમનનાં શરીરમાં જેટલી શકિત હતી, તે સઘળી આ સમયે ઉપયોગમાં લાવી, તેણે પોતાના બન્ને હાથ છોડાવ્યા અને આઘી બેસીને બોલી:—**

"કેમ આજે તમને શું થયું છે? શું પોતાનો ધર્મ ભ્રષ્ટ કરી મને પણ પાપણી બનાવવાનો વિચાર રાખ્યો છે? મારાથી એ કામ કદી થશે નહિ. રામ! રામ! તમને એ શું સુઝયું છે? તમે બન્ને કુળને ડુબાવ્યાં. જેને પોતાના ધર્મનો પણ ભય નથી, જે લોક લજ્જાથી પણ ડરતા નથી તે આદમી નથી. તમે મારા પ્યારા પ્રાણાધાર છો. તમારાથીજ સંસારમાં મારૂ મુખ ઉજ્વળ છે; પરંતુ આ નર્કમાં લઈ જનાર મદ્ય [શરાબ] પીવામાં હું તમારી સંગત કદી કરીશ નહિ. ખબરદાર! આજ પછી મ્હારાં મકાનમાં શરાબ રાખ્યો તો હું એવાત સાસુજીને કહી દઇશિ. કાલેજ આ સત્યાનાશના સોબતી શરાબને અહીઆંથી કઢાવી કેથે ફેંકાવી દઉં છું. મેં તમને કદી પણ કડુ વચન કહ્યું નથી. પતિની આજ્ઞા પાળવી એજ મારો ધર્મ છે, પણ એથી એમ નહિ સમજવું કે હું તમને મહાપાતક કરવા દઉ? હાય! હાય! મારૂં સુખ માટીમાં મળી જાય છે! હે દૈવ! હે કૃપાનિધાન હે ભગવાન! આજે તું મને સ્વામીનું-પ્રાણેશ્વરનું અપમાન કરવાનો વખત શા માટે આપે છે? શું મારા જેવી અભાગિની બીજી કોઈ હશે? આના કરતાં તો હું મરી જાઉં તો છુટકો થાય."

દોલતરાય—પ્રાણપ્યારી, એટલો બધો કોધ શામાટે કરે છે! ધર્મનું નામ લઇને તને કોઇએ બ્હેકાવી દીધી છે.

સંસારમાં ધર્મ, અધર્મ જેવી કોઈ વસ્તુજ નથી. જો દારૂ એવી ચીજ છે કે, તું યદિ એકજ પ્યાલો મારા હાથથી લે તો તને પછી એનો ચસ્કો પડી જશે. નાલાયક બ્રાહ્મણોએ શરાબ પીવો એ મહાપાતક છે, એમ જણાવી હિંદુઓનું સઘળું સુખ ધુળમાં મેળવી દીધું છે.

દોલતરાયે બહુએ સમજાવી પણ **સુમન**એ દારૂ પીધો નહિ. પતિને દારૂ ચઢેલો જોઈ તેણે દીવાનખાનું છોડવાનો વિચાર કીધો પરંતુ **દોલતરાય** તે દિવસ ભૂત જેવો થઈ ગયો હતો. તેને કશું ભાન રહ્યું નહોતું સ્ત્રીને ધરતીપર નાંખી તેની છાતીપર પોતે ચઢી બેઠો. ચઢીને તેનાં મોંમાં શરાબ રેડતો હતો એટલામાં તેણે જોરથી એક બૂમ પાડી. પાડતાંની સાથેજ **દોલતરાયે** પોતાની પ્રાણપ્યારીને લાત મારવાની શરૂઆત કીધી. પતિની દશ બાર લાત વાગતાંજ **સુમન**નું શરિર જર્જરિતં થઈ ગયું. એવામાં **મણિગૌરી** આવી પહોંચી. તેણે દિવાનખાનામાં આવી રાક્ષસના હાથમાંથી **સુમત**ને છોડાવી. વહુને લઈને **મણિગૌરી** ચાલી ગઈ. સાસુએ ઘણી અછાડ પછાડ કરી લડાઈનું કારણ પોતાની વહુને પૂછયું, પણ **સુમને** પોતાના ભાગ્યદોષ સિવાય બીજું કાંઈ કારણ બતાવ્યું નહિ. આ વખત કહેવાની જરૂર છે કે **સુમન**ને મારતી વખત શરાબની પ્યાલી ઢોળાઈ ગઇ હતી અને **મણિગૌરીએ**

શરાબની બિલકુલ વાત જાણી નહોતી. **મણિગૌરી** દ્વારા આ વાત **ગુણવંતરાય**ને કાને પહોંચી. તેણે પણ પોતાની વહુની ઉલટ પાલટ તપાસ ઘણી કરી, પણ ખરૂં કારણ વિદિત થયું નહિ.

જે સમય **દોલતરાય**ની નિશા ઉતરી તે વખત એક નોકરના કહેવાથી તેને ખબર થઈ કે **સુમન**ની આખી રાત આજે રોદનમાં વ્યતીત થઇ છે. રડતાં રડતાં તેની આંખ લાલ બની ગઈ છે. પરંતુ તે પતિના કોપનું કાંઇ કારણ બતાવતી નથી અને વારંવાર તે પશ્ચાતાપ કરે છે. આ સાંભળી **દોલત** બહુ લજ્જિત થયો તેણે મનમાંજ પોતાની સાધવી સ્ત્રીની પ્રશંસા કરી તેને બોલાવી અને પોતાના અપરાધની ક્ષમા માગતાં કહ્યું:—

"કાલે મારાથી એક બહુ મોટો અપરાધ થયો છે. મેં વિના કારણ તને મારી. હું સારી પેઠે સમજું છું કે ઇશ્વરે સ્ત્રીને સર્વ રીતે પુરૂષ સમાન બનાવી છે. પરંતુ દારૂને વશ થઈને મેં તારૂં અપમાન કીધું. આ વર્તણુંકને લીધે હું ઘણો લજ્જીત થયો છું જો તું ધર્મનો ઢોંગ કરી મદ્ય નહિ પીશે તે મારૂં બધું સુખ ધુળમાં મળી જશે. છતાં પણ હવે હું તને કાંઈ કહીશ નહિ. હું અદ્યપિ પર્યંત એવું જાણતો નહોતો કે

તું આવી ધર્મચુસ્ત છે. ખેર ! તારી શરાબ પીવાની મરજી ન હોય તો પી નહિ, પણ મને પીવાથી રોકીશ નહિ. હું તો દારૂનો કીડો બની ગયો છું શરાબ ભલો હોય કે બુરો પરંતુ મારાથી એ છુટી શકતો નથી. "

સુમન (હાથ જોડીને)—પ્રાણનાથ, સંસારમાં પતિજ સ્ત્રિનો ઇશ્વર છે. હું તમારાં પાપ પુન્યમા ભાગીદાર છું. વિદ્વાન લોકો કહે છે કે સ્ત્રીના પાપ પુન્યમાં પુરૂષનો અને પુરૂષના ધર્માધર્મમાં સ્ત્રિનો ભાગ હોય છે. આપે દારૂ પીને સત્યાનાશની શરૂઆત કીધી છે. આ કુકર્મ આપણી પ્રતિષ્ટાને અને આપણા સુખને આખરે ડુબાવશે આ વાતનોજ મને શોચ છે. જો મારાં કહેવાથી આપ મદ્ય નહિ છોડશો તો પાછળથી જરૂર પસ્તાવું પડશે. ખેર ! આપ મારૂં કહ્યું ન માનતા હો તો દારૂ પીઓ પરંતુ મારી સમક્ષ ન પીઓ આપણા દિવાનખાનામાં દારૂ જોઇનેજ મારૂં કલેજું બળવા લાગે છે.

સુમનની આ શિક્ષાની કાંઇ પણ અસર પતિ ઉપર થઇ નહિ. તેણે સ્ત્રિથી ગુપ્ત રીતે દારૂ પીવા માંડયો. આ બુરી લતની વૃદ્ધિ થતાં પિતાની જમીનદારીનો જે વહીવટ તે કરતો હતો તે પણ થઇ શકયો નહિ પાંચ પાંચ રોજનો હીસાબ ચઢવા લાગ્યો. રોકડની વિધિમાં ઘોંટાળો થવા માંડયો.

માતાદયાળ ભૈયાજીએ આ વાતની ખબર **ગુણવંતરાયને** કરી. વાત સાંભળતાંજ તેમના હોંશકોશ ઉડી ગયા તેમને હિસાબના ઘોંટાળાની જેટલી ફીકર નહિ થઈ તેટલી ફીકર પુત્રના ખરચની રકમ દેખીને થઈ. તેમણે ખાતાવહી તપાસી તો તેમને માલૂમ પડયું કે જ્યારથી તેમને કૉલેજ છોડી ત્યારથી તેના કપડા આદિનો ખર્ચ રૂ૦ ૧૫૯૧૩ નો થયો છે. આવી મોટી રકમ જોતાંજ **ગુણવંતરાય** ગભરાઇ ઉઠયા. તેજ વખતે તેમણે જમીનદારીનો વહીવટ પુત્રના હાથમાથી ખુંચવીને પોતાના હસ્તક લઈ લીધો. પછી પુત્રને ભલું બુરૂ કહી રૂપિઆ ૫૦) નો માસીક ખર્ચ નક્કી કરી આપ્યો.

ગુણવંતરાય પુત્રના ચાલચલણથી એટલું તો નકકી જાણી ચૂકયા હતા કે તે ધર્મ અધર્મમા કાંઈ સમજતો નથી અને તેને ખર્ચ કરવામા કાંઇ સમજતો નથી અને તેને ખર્ચ કરવામાં કાઈ પણ સંકોચ થતો નથી પરંતુ અત્યાર સુધી તેને એવું માલૂમ નહોતું કે તે મદ્ય પીએ છે. આ વાત **સુમનની** સાધુતાને લીધે લાંબા કાળ સુધી ગુપ્ત રહી શકી. તે પોતાના પુત્રને ગમે તેવો બુરો સમજતા હતા તોપણ તેને પાકી ખાત્રી હતી કે છોકરો ભણેલો ગણેલો છે એટલે જેમ જેમ દુનિયાનો અનુભવ થતો જશે તેમ તેમ તે સુધરતો જશે. આજકારણથી તેમણે જમીનદારીનો વહિવટ તેને સોંપ્યો હતો. તે જાણુતા હતા કે મારો

પુત્ર અંગ્રેજી ઉપરાંત હિસાબમાં પણ નિપૂણ છે. મિડલ અને એન્ટ્રન્સમાં તેણે ગણિતના વિષયમાં ઉપલો નંબર મેળવ્યો હતો. તે નિશાળો અને વિશેષ કરીને અંગ્રેજી સ્કૂલોમાં જે છોકરાને હિસાબ શીખવવામાં આવતા હતા તેની વારંવાર પ્રશંસા કરતા હતા અને દેશી રીતના હીસાઓની નીંદા કરતા હતા. એક દિવસ પિતા પુત્ર બાગમાં બેઠા બેઠા વાર્તાલાપ કરી રહ્યા હતા, તે સમય **ગુણવંતરાય**નો એક ખેડુત ઘીનો કુપ્પો લઇને આવ્યો. તેણે શેઠની સામે પાંચ મણ, પંદર શેર સાડાતેર ટાંકનો એક શેર સાડાઅગીઆર ટાંકના ભાવથી હિસાબ પૂછ્યો. **દોલતરાય**ને સ્કુલ અને કોલેજમાં મોઢાના હિસાબ શીખવ્યા નહોતા તે કારણથી તે ખેડુતના પ્રશ્નનો કાંઈ પણ ઉત્તર દઇ શક્યો નહી. આથી શેઠને ઘણો સંતાપ થયો. તેમણે દુઃખી થઇ પુત્રને એજ કહ્યું કે તને ભણાવવામાં મને જે ખર્ચ થયો છે તે સઘળો પાણીમાં ગયો એમ સમજું છું અફસોસ! **તું ભણ્યો પણ ગણ્યો નહિ!**

પ્રકરણ ૬ ઠું.

અંગ્રેજીની બોલ બાલા !!!

પિતાએ બાગમાં હિસાબના વિષયમાં જે ઠપકો આપ્યો હતો તેની અસર **દોલતરાય**પર થઈ. તેના મનમાં

પુનઃ એફ્. એ. કલાસમાં દાખલ થવાના તરંગો ઉઠવા લાગ્યા તરંગો તો ઉઠયા પણ પૈસા વિના પોતાના ઈચ્છિત કાર્યની સિદ્ધિ માટે તે અસમર્થ હતો. એટલામાં એક દિવસ તેના મનપર બીજો ધકકો લાગ્યો. પિતાજીએ પુત્રને પોતાની પાસે બોલાવ્યો અને એક તાર તેના હાથમાં વાંચવાને માટે આપ્યો. વિસ મીનીટ સુધી તે તારને ઉથલાવતો ઉથલાવતો થાકયો. પરંતુ તેની મતલબ સમજી શકયો નહિ. તારનો એક એક શબ્દ વીશવીશ વખત વાંચી તેના અર્થ ડીક્શનરીમા જોયો પરંતુ તેનો બરાબર તરજુમો કરી શકયો નહિ તેણે કાગળ અને પેનસીલ લઈ કાંઈ લખ્યુ. લખતાં લખતાં વળી કાંઈ યાદ આવ્યું. પહેલી ઇબારત તાડી બીજી લખી. તે અનુવાદ પણ તેને પસંદ આવ્યો નહિ આ રીતે તેણે પાંચવાર લખી કાપતાં કાપતાં જે ભાષાન્તર કીધું તે નીચે મુજબઃ—

"બજાર ઉંચો છે, ચક્કીની મુઠ મોટી નથી" આ અનુવાદથી **ગુણવંતરાય** અર્ધી મતલબ તો સમજી ચુકયા. પરંતુ તેમને પુરો સંતોષ થયો નહિ. તેમણે તાર વંચાવવાને **દોલતરાયનેજ કલ્યાણજી** દેશાઈ પાસે મોકલ્યો. **કલ્યાણજી ગુણવંતરાય**ના મિત્ર હતા. તેમણે આજકાલના યુવાનોની માફક સ્કુલ અને કૉલેજમાં પોપટની માફક અભ્યાસ કીધો નહોતો. આજકાલની શિક્ષણ પદ્ધતિ

અનુસાર તેમણે રેખાગણિત, ભૂગોળ અને ઇતિહાસનું અધ્યયન કીધું નહોતું તે જ્યારે વ્યાપારાર્થે કલકત્તે ગયા હતા. ત્યારે તેમણે અંગ્રેજીનો અભ્યાસ કીધો હતો. અભ્યાસ પણ જેવો તેવો નહિ કિંતુ અંગ્રેજી લખવા વાંચવામાં ભલાભલા બી. એ. એમ. એ. ને હઠાવે એવો હતો. તે કહ્યા કરતા હતા કે રેખાગણિત ગમે તેવી ઉત્તમ વસ્તુ હોય પણ જે લોકોને જન્મ સુધી તેનું કામ પડતું નથી તે તેમને શીખવવું એ ગધેડાપર અંબાડી ચઢવવા સરખું છે. પરિક્ષા પસાર કર્યા પછી ભૂગોળ અને ઇતિહાસ માસ્ટરો સિવાય બીજા કોઈને યાદ રહેતાં નથી અને જેઓ સ્કુલમાં કેળવાયા નથી તેઓ અભ્યાસ વગર પણ એવી વાતો જાણી લે છે.--જાણી શકે છે આ કારણથી બાળકો ઉપર આ બોજો નાંખવો વ્યર્થ છે. **દોલતરાયે** પિતાજીની આજ્ઞા અનુસાર તે તાર **કલ્યાણજી**ને આપ્યો તેમણે બે ચાર વાત સંભળાવીને હાલની શિક્ષણ પદ્ધતિની નિંદા કર્યા બાદ તારનું ભાષાન્તર આ પ્રમાણે કીધું:—

" બજાર તેજ છે. મિલોમાં માલ વધારે નથી. "

દોલતરાય ભાષાન્તર વાંચી લજ્જીત થયો તે પસ્તાતો શરમાતો, ઉદાસ થઇને પિતાની પાસે ગયો. પિતા ભાષાન્તર સાંભળીને પ્રસન્ન થઈ ગયા, અને પુત્રને કહ્યું કે, તું બાર

વર્ષ દિલ્લીમાં રહ્યો, પણ તેં કુતુબમિનારો નહિ જોયો, અને અઢાર વર્ષ આગ્રામાં રહ્યો પણ ત્યાંનો પ્રસિદ્ધ તાજમહેલ નહિ જોયો. તું એન્ટ્રેન્સ પાસ છે પણ તારાથી **કલ્યાણજી** હુશીઆર નીકળ્યા. કૉલેજમાં ભણવાનું શું છે ? જન્મ બગાડવાનું તો છે. યદિ દશ વર્ષ સુધી ચોપડીઓ સાથે માથા ફોડ કર્યા છતાં પણ તું તારનો અર્થ સમજી નહિ શકયો તો ભવિષ્યમાં તું શું કરી શકવાનો છે ? આમાં તારોજ દોષ નથી. પંદર પંદર વર્ષ સુધી ભણીભણીને બી. એ. થાય છે તેમને પણ ઑફિસોમાં જઇ કામ શીખવું પડે છે. એક દિવસ કલેકટર સાહેબ પણ મને કહેતા હતા કે “ હિન્દોસ્ઠાનકા પઢાઈ બહોટ બુરા હય. અચ્છે અચ્છે બી. એ. પાસ વાળાકો અંગ્રેજી ટો કયા અચ્છી ટરહ વર્નાકયુલરકા ખટ લિખના ભી નહિ આટા હય ! જો લોગ એમ. એ. મે સંસ્કીટ લેટા હય ઉનકો સંસ્કીટકા એક પોએટ્રીભી અચ્છી ટરહ સમઝનેકા ટમીજ નહિ હોટા હય ! હાય ! મેં બહુ બુરૂં કીધું. તારી અવનતિનું કારણ હું પોતેજ છું. હું જો તને કોલેજમાં નહિ મોકલત અને જેટલો ખર્ચ તને અત્યાર સુધી થઈ ચૂકયો છે તેનો અર્ધો ભાગ પણ ખર્ચીને ઘરમાં તને શીખવવાની વ્યવસ્થા કરત તો તું સંસ્કૃત અને અંગ્રેજીનો સારો વિદ્વાન થઇને કામકાજમાં હુશીઆર થાત. ખેર ! જે થવાનું હતું તે થઈ ચૂકયું. હવે તારા નાના ભાઇ

અને તારા છોકરાને કદી પણ સ્કુલમાં ભણવા મોકલીશ નહિ. મેંજ તને નષ્ટ ભ્રષ્ટ કીધો છે.” આ વાતોનો ઉત્તર **દોલતરાયે** કાંઈ પણ આપ્યો નહિ. પિતાએ જે કાંઈ કહ્યું તે ચુપ ચુપ, નીચી ગર્દન કરીને સાંભળ્યા કર્યું. તેણે જવાબ તો કાંઈ નહિ આપ્યો પણ તેના મનમાં જે વાતનો નિશ્ચય થયો તેનો ઉલ્લેખ આગળ કરવામાં આવશે. અંગ્રેજી જાણુ નાર પુરૂષોના વિચારથી **દોલતરાયની** અંગ્રેજીની યોગ્યતાની પરિક્ષા કરવા તાર જેમનો તેમ અત્રે રૂજુ કરવો અયોગ્ય નહિ ગણાય. તારમાં લખ્યું હતું કેઃ—

“ The market is high, the stock of mills is not large. ” વીશ પચીશ દિવસ સુધી કોઈ નવી ઘટના થઇ નહિ, એટલામાં પ્રયાગના માઘ મેળાનો સમય પાસે આવ્યો **ગુણવંતરાયે** આ મહા પર્વ પર ત્રીવેણી સ્નાનને માટે સહકુટુમ્બ જવાનો વિચાર કીધો ચાલવા અગાઉ બે ત્રણ દિવસ પર **મણિગૌરીએ** પોતાના પુત્રને કહયું કેઃ—

“ બેટા ! એ આ વખત આપણને પ્રયાગ લઇ જવાની ઇચ્છા રાખે છે. આવતા મહિનામાં બહુ મોટું પર્વ આવવાનું છે. ત્યાં મોટા મોટા મહાત્મા લોકો એકઠા થશે. તારા પિતા એ વખતે પ્રયાગમાં એક યજ્ઞ કરવાની ઇચ્છા

-રાખે છે. યજ્ઞના સમયે આપણાં સૌ સગાંઓને બોલાવવામાં આવશે. કાશી, ગયા, પૂના વિગેરે સ્થળેથી મહા પંડિતો આવશે. તું પણ સાથે ચાલીને ભગવતી ભાગીરથીમાં સ્નાન કરશે ને ! ગંગાજીના સ્નાન થકી સૌ મનુષ્યનાં પાપ નષ્ટ થાય છે. તેં જે કંઈ જાણ્યે અજાણ્યે કર્યું હોય તે પણ છૂટી જશે બેટા ! ભકિતપૂર્વક સ્નાન કરવું અને યજ્ઞની વિભૂતિ લઈ માથાપર લગાવવાથી તારૂં કલ્યાણ થશે. ”

દોલતરાય—મા, તું તો તદ્દન બે સમજ છે. ભલા! પાણીમાં નહાવાથી અને આગમાં ઘી બાળવાથી પાપ નષ્ટ થતું હશે ? પાપ પોતેજ શી વસ્તુ છે? મેં એવું કયું કામ કીધું કે મને પાપ આવી વળગ્યું ? મારા શરીર પર તો પાપના નામ પર કેથે મેલ પણ માલમ પડતો નથી. આવી જૂઠી જૂઠી વાતોએજ હિન્દુઓને દુઃખ દરિયામાં ડુબાવી દીધા છે.

માતા—બેટા ! પિતાની આગળ આવી વાત બોલીશ નહિ, તે તને ધમકાવ્યા સિવાય રહેશે નહિ. બેટા ! પાપપુણ્ય છેજ નહિ તો લાખો આદમી કેમ માને છે ? શું બધાજ જુઠી વાત માનતા હશે ? આવી વાત મોંથી બહાર કાઢવી એ પણ પાપ છે. ભગવાન તારાપર પહેલાંથીજ રૂઠયો છે. કોણ જાણે તારો શું હાલ થશે. ભાઇ ! મને તો તારી વાત સાંભળી બહુ ચિંતા થાય છે.

પુત્ર—મા, ભગવાન બગવાન કોઈ છેજ નહિ. લોકોને ડરાવવા માટે અસલી મુરખાઓએ જુઠી વાત અડાવી દીધી છે. યદિ ભગવાન છે તો આપણને માલમ કેમ પડતો નથી? મેં સાયન્સનાં પુસ્તકોમાં વાંચ્યું છે કે, પરમેશ્વર એક એવું પ્રાણી છે કે જેને હાથ, પગ કાંઈ છેજ નહિ અને તે આપણને કાંઈ કરી શકતોજ નથી. બ્રૅડલો નામે એક વિદ્વાન અંગ્રેજ થઈ ગયો છે. તેનું એવું કહેવું છે કે ઇશ્વર છેજ નહિ જો તે હોય તો મને બતલાવ અને નહિ તો એવી જુઠી વાત છોડી દે. હા, અલાહાબાદ જવાની ઇચ્છા તો રાખું છું, પરંતુ ગંગામાં નાહી અને યજ્ઞની રાખ માથાપર નાંખી હું મારી સુંદરતા બગાડવાનો નથી. પિતાજી મૂળમાં તો મને ખર્ચજ ઓછો આપે છે આવી વૃથા વાતોને લીધે મને લલાટ ધોઈ ધોઇને આઠ આનાનો સાબુ બગાડવો પડશે. અલાહાબાદ જવામાં મને બે ફાયદા છે. એકતો મેળાની ધમાચકડીનું અવલોકન કરીશ અને બીજું મિત્રોની મુલાકાત કરીશ. પુત્રનો ઉત્તર સાંભળી માની આંખોમાં આંસુ આવી ગયાં. તે ઘણી વાર સુધી રડી પીટીને શાંત પડી. પણ તેને પતિની આગળ એ વાત કરી નહિ. ત્રીજેજ દિવસે સઘળાં લોક રેલ્વેમાં બેશી પ્રયાગ પહોંચ્યાં.

પ્રકરણ ૭ મું.

પિતાપર પુત્રનો સમન્સ.

પ્રયાગના સ્ટેશને ઉતરી સૌ જણ ત્રીવેણી સંગમપર ગયાં. **ગુણવંતરાયજીએ** કુટુંબ સહિત શાસ્ત્ર વિધિએ સ્નાન કીધું. **ગુણવંતરાય** અને તેના બધા નોકરોએ વેણી કીનારે મુંડન કરાવ્યું પરંતુ **દોલતરાયે** સ્નાન અને મુંડન તો એક બાજુ રાખ્યાં પણ વેણીજીમાં એક આંગળી પણ બોળી નહિ. પિતાએ તેને સમજાવ્યો તો તેણે તેને પણ અગાઉની માફક નાસ્તિક ઉત્તર આપ્યા. શેઠ પોતાના પુત્રની ચાલપર બહુ નાખુશ થયા, બહુ કકલ્યા, પસ્તાવો કીધો અને આખરે એવો નિશ્ચય કીધો કે હવે તો પુત્ર હાથથી ગયો, કારણ કે આજ સુધી ગમે તેવા દુરાચાર તેણે કર્યાં પણ તે પિતાની આજ્ઞાનો ભંગ કરતો નહોતો પણ હવે તો તેણે વૃદ્ધ પીતાને પણ ગણકાર્યા નહિ, **ગુણવંતરાય** ચૂપ થઈ ગયા. તેમણે પોતાના પુત્રને ફરીથી આ વિષય સંબંધી એક શબ્દ પણ કહ્યો નહિ સ્નાનથી પરવારી **ગુણવંતરાય** યજ્ઞ પ્રબંધમાં પડયા તેમણે જે જે પંડિતો અને સગાં-વહાલાંને આમંત્રણ કર્યું હતું તે સૌ આવ્યાં. શાસ્ત્રની વિધિએ સાત દિવસમાં યજ્ઞની સમાપ્તિ થઇ. આ કાર્યમાં

તેમણે મન મુકીને ખર્ચ કીધો. શેઠે પ્રયાગમાં ફકત યજ્ઞજ નહિ કીધો પરંતુ દીન માણસોને માટે યજ્ઞના સ્મણાર્થે એક અનાથાલય બંધાવ્યું. અનાથાલય બંધાવી તેમાં આંધળાં, લુલાં, લંગડાં અને દીન લોકોને ભોજન, વસ્ત્ર આપવા માટે એક ગામ ભેટ કરી તેનું રજીસ્ટર સરકારમાં કરાવ્યું, અને તેની વ્યવસ્થા પ્રયાગના ચાર પ્રતિષ્ઠિત ગ્રહસ્થોને સોંપી. અહીંઆ જે દિવસોમાં **ગુણવંતરાય** યજ્ઞ અને અનાથાલયની વ્યવસ્થા કરવામાં ગુંથાયા હતા, તે વખતે **દોલતરાય** પોતાના ઇષ્ટમિત્રોની મુલાકાત લઈ અલાહાબાદમાં સહેલ કરતો હતો. પ્રયાગના મેળામાંથી અને મોટા મોટા અંગ્રેજ સોદાગરોની દુકાનેથી તેણે હજાર બારસેં રૂપિઆનો સોદો લઈ બાપના નામની હુંડી કરી. શેઠે પ્રતિષ્ઠા બગડવાના ભયથી હુંડીના રૂપિઆ ચુકવી આપ્યા. **દોલતરાય**ના દશ બાર મિત્રોએ તેની અંગ્રેજી ફેશનની પરોણાગત કીધી. બાબુ **અષ્ટસિધ્ધીદાસ** વકીલ તેમની સાથે મુંબઈનાં બોર્ડીંગ હાઉસમાં ભણ્યો હતો. નામ તો તેનું **અષ્ટસિધ્ધીદાસ** હતું પણ લોક તેને **અટસટદાસ** કહ્યા કરતા હતા. જે દિવસે તેને ત્યાંનું નોતરૂં હતું તે દિવસે **દોલતરાય**ના દશ બાર મિત્રો તેને ઘેર એકઠા થયા. જમણમાં છરી કાંટા સિવાય બધો ઠાઠ અંગ્રેજી હતો. તેમને છરીકાંટા વતી ખાવાનું પસંદ હતું પણ તેઓ લાચાર થયા. કેમકે

તેમને છરી કાંટાએ ખાવાની આદત નહોતી. પેગપર પેગ ઉડાવી એક મિત્રે **દોલતરાયને** પુછ્યું:—

" કેમ મી૦ **દોલતરાય**? આપની સ્ટડીનો શું હાલ છે? શું એન્ટ્રન્સમાંજ પડી રહેશો? આગળ ભણવાનો વિચાર છે કે નહિ? જુઓ! આપણે સૌ એકજ કોલેજના વિદ્યાર્થી છઇએ. તેમાંથી બાબુ **અષ્ટસિધ્ધીદાસ** વકીલનો ધંધો કરે છે. **લાલા ખુદગર્જલાલ** બહુ ચીકણા છે. કોણ જાણે એના બાપ કેવા છે? તેણે પોતાના છોકરાનું નામ કેવું વાહિયાત પાડ્યું છે. એ ભલો આદમી પોતાનું નામ પણ બદલતો નથી. તેણે બી. એ. પાસ કરીને કોલેજમાં નોકરી મેળવી છે. મિસ્ટર **લાજપતરાય** બેરીસ્ટરની પરિક્ષા આપવા વિલાયત ગયા છે. અમારામાંથી બે જણ ડેપ્યુટી કલેકટર છે. ત્રણ એમ. એ. નો અભ્યાસ કરે છે અને બે વકીલ છે. જ્યાં સુધી નામની પાછળ એક બે અક્ષર નહિ લગાડી શકાય ત્યાં સુધી ભણવું નકામું છે. જો આપ હવે અભ્યાસ નહિ કરી શકતા હો તો કોઇ સોસાયટીના ફેલો પણ બનો અને પોતાનું વાહિયાત નામ છોડી દો. જેથી આપને નામની પછવાડે ટી. એસ. એફ. એલ. એમ. લખવાનો પ્રસંગતો પ્રાપ્ત થાય. "

ખુદગર્જલાલ—પંડિત **રવીદાસે** મારી મશ્કરી તો કીધી પણ એમણે પોતાનું નામ " દાસ "—ગુલામ જેમ

રાખ્યું છે ? શું એ કોઇના નોકર છે ? એ રવિ કોણ છે ? જે મારા મિત્રને ગુલામ બનાવી શકે છે ?

પિતાપ્રસાદ—હવે એ વાત જવા દો. મોટા મોટા વિદ્વાન થઇને પોતાના અસલી પોઈંટને છોડીને અનનેસસરી ગરબડ કરો છો. આપણા લોકોની નકામી વાતમાં ટાઇમ ઓવર થઈ જશે તો આપણે મી૦ **દોલતરાયનો** મામલો ડીસાઇડ કરવા માટે એકઠા થયા છીએ તે કામ ચૂકી જઇશું.

મુનસી નીવાલેખાં—હા ! હા ! ઠીક છે ! હું **પિતાપ્રસાદની** પ્રોપોઝલમાં એક મત થાઉં છું. બોલો **દોલતરાય** ! આપ પંડિત **રવીદાસના** પ્રશ્નનો શું જવાબ આપો છો. શું ? આપ હવે ભણવું લખવું તદન વિસારે મૂકી બેઠા છે. ?

દોલતરાય—ભાઇ, મારી હાલત બહુ ખરાબ થઈ ગઈ છે. મારા પિતા મારા અભ્યાસ માટે એક પાઇ પણ આપતા નથી. અને દુનિયાની મઝા પણ ઉડાવવા દેતા નથી. મને ઓરત એવી કમબખ્ત મળી છે કે જે શરાબનું નામ સાંભળી બાર ગાઉ દૂર નાસે છે. પીતાજી મારી અંગ્રેજી ફેશન અને કાળીદાસની દોસ્તીથી પહેલાંજ નારાજ થયા હતા. અને ત્યાર પછી એક બે આફત એવી આવી પડી કે જેથી હવે તેમણે મારો સંબંધ બીલકુલ છોડવાનો મનસુબો કીધો છે.

ઈનામીલાલ—હેં ! હેં ! એની આફતો કઈ? આફતોનું નામ સાંભળીનેજ મારૂં તો કલેજું ધબકી ઉઠે છે. સાચે સાચું કહો, શું મામલો છે?

દોલતરાય—" ચાર વાત એવી છે કે હું તેમના ઇશ્વર અને ગંગાસ્નાનને વાહિયાત સમજું છું, બીજું એ કે કાંઈ ભણેલા તો છે નહિ કે, અંગ્રેજીના ફાયદા સમજે. તેમણે મારી પાસે એક વ્યાપારી તાર વંચાવ્યો. જ્યારે હું એ લાઇનમાં પડયો નથી ત્યારે ટેલીગ્રામની મતલબ શી રીતે સમજી શકું? જુઓ આ તારજ અને આપ લોકોજ એનો ફેંસલો કરો "

એકેએક જણે તાર વાંચ્યો. કોઇ પણ એકલો તેની મતલબ સમજી શકયો નહિ. બે ચાર આદમીની એકત્રિત મદદથી તેનો તરજુમો થયો. તેની ચર્ચા બંધ પડતાંજ **દોલતરાયે** કહયુંઃ—

" બીજી વાત એવી છે કે, તેમની સામે એક ગમારે મને ત્રિરાશીનો હિસાબ પૂછયો. તે વખત મારી પાસે કમબખ્ત પેનશીલ અને કાગળ પણ નહિ હતાં, મેં બહુ વખત માથાફોડ કીધી, પણ હું તેનો જવાબ દઈ શકયો નહિ. બસ, આટલીજ વાતો નારાજીની છે. આપજ હવે મારો ઇન્સાફ કરો. બતાવો તો ખરા કે મારો એમાં શું કસુર છે?"

બળા મળીને—નહિ, નહિ, કાંઈ નથી. અફસોસ! સદ અફસોસ! સખ્ત જુલમ થાય છે. આપણા લોકોની ફરજ છે કે, એવા સેતાન બાપના પંજામાંથી બિચારા **દોલતરાયને** છોડાવીએ, આપણે એને બચાવીશું અને તે બુઢ્ઢાને તેનો સ્વાદ ચખાડીશું. ધર્મ ધર્મ કરીને એની ફ્રીડમ (સ્વતંત્રા) છોડાવવાવાળો તે કોણ છે? પરંતુ ભાઇ! સ્રિનું અમારાથી કશું થઈ શકશે નહિ, જ્યાં સુધી સ્રિઓને અંગ્રેજી તાલીમ નહિ આપી શકાય ત્યાં સુધી અમારી કંઈ યુક્તિ ચાલનાર નથી. ખેર! એ વાતને હવે જવાદો. હવે એ અમને કહો કે તમારા પીતા કને જે જમીનદારી છે તે વંશપરંપરાની છે કે તેમની પોતાની કમાઈની છે?"

દોલતરાય—તમારી કૃપાને માટે તમારો આભાર માનું છું. જમીનદારીનો અર્ધો હિસ્સો તો માફીનો છે જેમ મારા પ્રપિતામહે પ્રતાપ કર્યો હતો અને અર્ધો મારા પિતાએ મેળવ્યો હતો.

વકીલ અષ્ટસિદ્ધીદાસ—ઠીક છે! ઠીક છે! હવે એ વાત ઠેકાણે પડી. ગમે તેવા જજને અરજી કરી હવે તમે ઈનામી જમીનનો અર્ધો હિસ્સો મેળવી શકો તેમ છો" આ વાતને એક કાળા ખ્રિસ્તી કે જેનું નામ મી. **વુડકટર** હતું તેણે અનુમોદન આપ્યું. બધા લોકની સંમતિથી

વકીલ મી૦ **અષ્ટસિદ્ધીદાસે** મીત્ર **દોલતરાયનો** મુકર્દમો મફત લડવાની પ્રતિજ્ઞા લીધી અને એક અરજીની નકલ ઘડી કાઢી. આ અરજી સઘળાએ પસંદ કીધી, આ કામથી સઘળાને અને મુખ્યત્વે કરીને **દોલતરાયને** મુકર્દમો જીતી લેવા જેટલો આનંદ થયો. સઘળાએ મળી **દોલતરાય** પાસે દાવાનો કરાર કરાવ્યો. પ્રતિજ્ઞા થઇ ચુકયા પશ્ચાત શરાબ બાજી ઉડવા માંડી. પ્યાલાપર પ્યાલા ચઢાવી સઘળા જણ ગાંડા થઇને નાચવા લાગ્યા. પોત પોતાનામાં મુકકાબાજી પણ શરૂ થઇ. લડવામાં કોઇને **દોલતરાયનું** ભાન રહ્યું નહિ. તે દારૂથી મસ્ત થઇ પીસાબ કરવા ગયો એવામાં કીચડમાં ગબડી પડયો. તેનું આખું શરીર કાદવમા ખરડાઈ ગયું તેના પડવાથી બધાના રંગમાં ભંગ પડયો. **બાબુ અષ્ટસિદ્ધીદાસ** વચમાંજ કાંઈ આવશ્યક કામને લીધે બહાર ચાલ્યા ગયા હતા. તેથી તેમણે દારૂ ઓછો પીધો હતો. જે સમય મતવાલા બની સઘળા નાચી રહયા હતા તે વખત તે એક બાજુ ઉભા ઉભા તમાશો જોયા કરતા હતા. તેમણે સ્થિતિ જોઈ, તેની તરફ એકદમ દોડી તેને ઉપાડી લીધો. રૂમાલ વતી મોં લુછી સાબુથી ધોયું અને પોતાની પેટીમાંથી બીજાં કપડાં કાઢી **દોલતરાયને** પહેરાવ્યાં આ ઘટના બન્યા પછી થોડીવારમાં સભા બરખાસ્ત થઈ. સૌ જણ પડતા આખડતા પોતાને ઘેર પહોંચ્યા.

બીજે દિવસે બાબૂ **અષ્ટસિદ્ધદાસ** મી. **જુડકટરની** સમ્મતિ લઇ ગણદેવી જવાને માટે ટ્રેનમાં ઉપડ્યા તેમણે **નવસારીની** ગાયકવાડી કોર્ટમાં **દોલતરાય** તરફથી ફરિયાદ નોંધાવી. વાંચકોએ જાણવાની જરૂર છે કે, ગણદેવી નવસારી પ્રાંતમાં આવેલું છે તેથી ત્યાંની બધળી ફરિયાદો નવસારીજ થઈ શકે. ફરિયાદની સાથેજ સરકારી સ્ટામ્પ લેવાની જરૂર પડી. આ કામને માટે એક પૈસાદાર સખ્સને ઢુંઢવો પડ્યો. એક મારવાડી મળ્યો તેણે સેંકડે બે રૂપીઆના વ્યાજ ભાવે બે હજાર રૂપીઆ ધીર્યા. **દોલતરાયની** પાસે જ્યારે ખરચી ખુટી ત્યારે તેણે પોતાના પિતા કનેથી રૂપિઆ મંગાવવાની ઇચ્છા કરી. રૂપિઆની માંગણીની ચીઠ્ઠી અને સરકારી સમન્સ એક દિવસેજ **ગુણવંતરાયને** પહોંચ્યા સમન્સ જોતાંજ શેઠ રોવા લાગ્યા. તેમણે પોતાની સ્ત્રીને કહ્યું:—

દોલતરાયની મા ! પુત્રે સર્વે નાશ કીધું ! આટલી મોટી જમીનદારીનો પ્રબંધ કરવા છતાં પણ મારી પીસ્તાલીસ વર્ષની ઉમ્મર સુધીમાં મને કોઈ દીવસ કોર્ટમાં જવાનો વારો આવ્યો નથી. આજ સુધી મેં કોઈનાપર ફરિયાદ કીધી નથી, તેમજ બીજાને મારા પર અરજી કરવાનો પ્રસંગ આવવા દીધો નથી, આ કપુત છોકરે મારી પ્રતિજ્ઞા ભંગ કરી, આજકાલ અદાલતોમાં રૂપિઆનો ન્યાય થાય છે. જો એ જીતી જશે તો આપણી જમીનદારી નષ્ટ થઇ જશે

અને તે વધારે દુરાચારીમાં પડશે. હાય! હાય! છોકરો હાથથી ગયો. હું ન્યાયાલયમાં એ કુલ કલંક, કુલાંગારના દુરાચાર પ્રકટ કરી મારી જાંગ ઉઘાડવા ચહાતો નથી. શું કરૂં? જ્યારથી મેં સમન્સ જોયો છે, ત્યારથી મને ચેન પડતું નથી."

મણિગૌરી—હાય! હાય! હવે શું થશે? એ કપુત્ર શું આપનાપર ફરિયાદી કરી છે? હે રામ! એવો પુત્ર આપવા કરતાં મને વાંઝણી કેમ ન રાખી? શું મારો **નવનીતરાય** પણ એવો નીકળશે? હું તો જાતે સ્ત્રિ છું. હું આપને શું મદદ આપી શકું? મનમાં તો એ કપુત્રપર બહુજ ગુસ્સો આવે છે, પણ એ પેટનો કાદવ છે. તેને માટે મેં ઘણા સંકટ ખમ્યાં છે. એને ગાળ દેવામાં મારી જીભ ખંચાય છે. ભગવાન એને અત્યાર પછી પણ સુબુદ્ધિ આપે.

સમન્સની વાત સાંભળી **મણિગૌરીને** પણ બહુ દુઃખ પેદા થયું, પરંતુ લજ્જાવશ થઈ તે કોઈને પોતાનું દુઃખ સંભળાવી શકી નહિ. "ચોરની મા કોઠીમાં માથું ઘાલી રૂએ" એ કહેવત યાદ કરી **મણિગૌરી** ચૂપ રહ્યા. એ દિવસ સુધી **ગુણવંતરાયજી**ના ઘરમાં ચૂલો સળગ્યો નહિ, જેવો કોઈ વ્હાલા માણસનો શોક પળાય છે, તેવી રીતે સૌએ શોક પાળ્યો ગામના ચાર ભલા આદમીએ આવી શેઠને સમજાવ્યા. ધીમે ધીમે તેમનો શોક નરમ પડ્યો આખરે શેઠે સમન્સપર સહી કીધી.

પ્રકરણ ૮ મુ.

ખરી કેળવણી તે આજ!

પ્યારા પાઠક? **દોલતરાયના** દુરાચાર વાંચતાં વાંચતાં કંટાળી ગયા હશો. મારી લેખિની પણ તેનું દુશ્ચરિત્ર વર્ણવતાં લજ્જીત થઈ અને **ગુણરંતરાયના** બીજા પુત્ર **નવનીતરાયનું** વર્ણન કરી શકી નહિ. ભગવાનશેષજી હજાર જીવ્હા વતી એકદમ હજાર વાત કહી શકતા હતા. લંકાધીશ રાવણ દશમુખવતી એકદમ દશ જણ સાથે જુદી જુદી વાતો કરી શકતો હતો. મર્યાદા પુરૂષોત્તમ ભગવાન રામચંદ્ર એક ધનુષ્યવતી એકદમ સહસ્ત્રવિધિ બાણોનો મારો ચલાવી શકતા હતા. પણ મારામાં **દોલતરાય** અને **નવનીતરાયનું** વર્ણન સાથે સાથેજ કરવાની શક્તિ નથી. **નવનીતરા દોલતરાયયનો** નાનો ભાઈ હતો. દુરાચારી **દોલતરાયનો** સજ્જન બંધુ **નવનીતરાય** ઘણો ભલો આદમી હતો. **નવનીતરાયને દોલતરાયના** ભાઈ તરીકે ઓળખાવવામાંજ અમે પાપ સમજીએ છીએ પણ તે બન્ને એકજ માતાના ઉદરથી ઉત્પન્ન થયા હતા તેથી અમે લાચાર છીએ. આ ઉપન્યાસના પ્રારંભમાં **દોલતરાયને ગુણવંતરાયનો** એકનો એક પુત્ર લખ્યો છે, તે સમય શેઠને બીજો

પુત્ર થયો નહોતો, પણ ઈશ્વરની લીલા વિચિત્ર છે. મોટા પુત્રના પ્રસવ પછી બરાબર બાર વર્ષે **મણિગૌરી**ના ગર્ભથી **નવનીતરાય** પેદા થયો. **ગુણવંતરાય**નું હૃદય **દોલતરાય**ને દેખી બળી જતું હતું. તેની કુચાલોથી તેમને કેવળ ઘૃણાજ પેદા થઈ નહિ કિંતુ તેમણે કલ્પ કરી લીધો હતો કે છોકરાઓને કદી પણ સ્કુલ અને કૉલેજમાં ભણાવીશ નહિ. સ્કૂલનાં નામ તરફજ તેમને ધિક્કાર હતો. બસ એજ કારણથી તેમણે પોતાનું પણ પાળ્યું.

જે વખત નાનો બાબુ પાંચ વરસનો થયો ત્યારે શાસ્ત્ર વિધિથી તેને અક્ષરારંભ કરાવી એક પંડીતને સ્વાધીન કીધો. પંડિતનું નામ **વેણીલાલ** હતું. તે ગુજરાતીના એક સુલેખક હતા તેમણે ગુજરાતી ભાષામાં અનેક ઉત્તમ પુસ્તકો લખ્યાં હતા. તે સંસ્કૃતના મોટા વિદ્વાન, સદાચારી અને ધર્મનિષ્ઠ હતા, અને અંગ્રેજીના પણ સારા જ્ઞાતા હતા. તેમને દ્વારિકાંથી બોલાવી **ગુણવંતરાયે** ૫૦) રૂપિઆનો પગાર કરી આપ્યો અને ભોજનાદિનો ખર્ચ પણ પોતાને માથેજ લીધો. પંડિતજીએ બાબુ **નવનીતરાય**ને ગુજરાતી અક્ષરો શીખવી પોતાની બનાવેલી પહેલી ચોપડીનો પ્રારંભ કીધો. પહેલી ચોપડીના વિષય માટે અત્રે વધુ વિવેચન કરવાની જરૂર નથી. પરંતુ બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી ચોપડી એવી રીતે બનાવી હતી કે જેમાં

સદાચાર, શિક્ષા, મહાભારત, રામાયણ, ઇતિહાસ અને પુરાણોમાંથી સંગ્રહ કરીને પંડીતજીએ નાની મોટી મનરંજન કરનારી વાર્તા, યુરોપીઅન લોકોની ઊન્નતિનાં કારણ, તેમનો ઉદ્યમ, તેમનું સાહસ, ધૈર્ય, બળ, પરાક્રમ, બુદ્ધિ અને નાના પ્રકારના આવિષ્કારની વાર્તા માતાપિતા અને ગુરૂજનનું આજ્ઞા પાલન, સત્ય અને મિત ભાષણ, સદ્વ્યવ્હાર, વ્યાપારની વાર્તા, ઇત્યાદી એવી શૃંખલાથી બાંધ્યાં હતાં કે ક્રમપૂર્વક ભણનારને અનુક્રમે થોડું થોડું બધી વાર્તાનું સચોટ જ્ઞાન થાય **નવનીતરાય** જેમજેમ તેમના હાથ નીચે ભણતા ગયો તેમ તેમ તેને પ્રાચીન ભારત વાસીઓની કિર્તિ અને યુરોપીઅન લોકોના સુકાર્યોની રૂચી વધતી ગઇ. પંડિતજીએ તેની રૂચી જોઇ પુસ્તક ભણાવવાની સાથેજ તેને ભારતવર્ષના ઇતિહાસો, પુરાણો અને યુરોપના ઈતિહાસો, જીવન ચરિત્રો અને યાત્રાઓમાંથી ચુંટી કહાડેલા કિસ્સા સંભળાવવા માટે દૈનિક બે કલાક નિર્માણ કીધા પાંચ વર્ષની ઉમ્મરે **નવનીતરાયે** ગુજરાતી ભણવાનું શરૂ કીધું હતું. બરાબર સાત વર્ષની ઉમ્મરે એટલે અક્ષરારંભ પશ્ચાત બે વર્ષે મહારાજ **વેણીલાલે** **નવનીતરાયની** **ગુણવંતરાયની** સમક્ષ પંડિત **મહાવીરપ્રશાદ** પાસે પરિક્ષા કરાવી. પરિક્ષામાં છોકરો પાસ થયો. કેવળ ઉપર વર્ણવેલી બાબતોમાંજ પાસ થયો એટલુંજ નહિ પરંતુ ગુજરાતી વ્યા-

કરણુ, વાકય રચના, પત્ર વ્યવહાર, વ્યાપારીઓના વ્યવહારમાં નીત્ય આવનારા મોઢાના હિસાબ, ખેતરની માપણી, જમીનનાં લેખાં અને કસરતમાં પણુ પાસ થયો. પરિક્ષાને વખતે શેઠે પંડિતજીને પૂછયું:—

"મહારાજ! એતો થયું, પણુ આપે એને રેખાગણિત, ભૂગોળ અને બીજગણિત કેમ ના શીખવ્યું? આ વિષયો પણુ આજકાલ આવશ્યક ગણાય છેને?"

પંડિતજી—"શેઠ સાહેબ! હું સારી પેઠે જાણું છું કે ભૂગોળ અને બીજગણિત શીખવવાની આવશ્યકતા છે. આવતા વર્ષમાં એને એ બન્ને વિષયમાં પ્રવીણુ કરી દઇશ. પાઠશાળાઓમાં જે ભૂગોળ ભણાવવામાં આવે છે. તેથી છોકરાઓને કાંઇ લાભ થતો નથી. એ કારણુથી મેં એક ભૂગોળ એવી તૈયારી કીધી છે કે, જેમાં સંસારના વ્યાપારની વાતો લખી છે. એથી જાણી શકાય છે કે, ભારત વા વિલાયતમાં કઇ વસ્તુ કયાં કયાં બને છે? કયાં પદા થાય છે? અને કયાં તેની ખરીદી થાયછે? **નવનીતરાય** જ્યારે તે શીખી લેશે ત્યારે આપને વ્યાપારમાં પુરે પુરી સહાયતા આપી શકશે. તેના હાથમાં આખી દુન્યા રમકડાંની પેઠે આવી જશે અને એ તરત બતાવી દેશે કે, અમુક નગર વા અમુક દેશમાંથી અમુક ચીજ મંગાવીને

અમુક જગા મોકલવાથી આપણને લાભ થશે. હીસાબી વાતો ને માટે બીજ ગણિત પણ ઘણી આવશ્યકતા ધરાવે છે. પરંતુ રેખાગણિત ભણવાથી હમણાં કાંઈ ફાયદો નથી. એ બોજો હાલ તો તદન નકામા છે. યદિ યન્ત્રવિદ્યા તરફ જો એની રૂચિ હશે તો રેખાગણીત જરૂર ભણાવીશ." પંડિત મહાવીરપ્રસાદ અને **ગુણવંતરાય** બન્ને આ વાત થી પ્રસન્ન થયા અને ભાઈની સુશિક્ષાનો ઢંગ જોઈ **દોલતરાયને** લજીત થવું પડયું. શેઠે પંડિતજીને રૂા. ૨૦૦) પરિતોષિક આપી તેન તનખ્વાહમાં રૂા. ૧૦) નો માસિક વધારો કીધો. ભણવા લખવાનાં કામોમાં પંડિતજીએ છોકરાની શક્તિ ઉપરાંત બોજો નાંખ્યો નહોતો તેથી તેને રજા આપવાની આવશ્યકતા રહી નહોતી. પરંતુ તેને પંદર દિવસની છુટ્ટી આપી, ચાર પાંચ દિવસતો બાળકે રમતમાં ગુમાવ્યા અને છઠ્ઠેજ દિવસે પંડિતજીની પાસે આવી નીત્ય ની રીતીએ નમીને પ્રણામ કર્યાં બાદ કહ્યુંઃ—

"ગુરૂજી મહારાજ ! હવે તો હું રમતથી કંટાળી ગયો છું. ભણ્યા વગર દિવસ ઘણી મુશ્કેલીથી જાય છે. રમવાનો વખત આપ ભણતી વખત પણ આપોજ છો, તેથી તેટલા વખતમાં રમી લેવું મારે માટે ઘણું સારૂં છે. હવે તો હું અભ્યાસજ કરીશ."

બાળકની રૂચી જોઈ પંડિતજી પ્રસન્ન થયા અને બીજેજ દીવસે પોતાની રચેલી ભૂગોળ, પાટી, ગણિત, બીજગણિત, બાલ સંસ્કૃત બોધિની અને અંગ્રેજી ભણાવવાનો આરંભ કીધો. અંગ્રેજીમાં તેમણે સ્કૂલની ટેક્સ્ટ બુક નહિ ચલાવતાં પોતાનીજ રચેલી ચોપડી ચલાવી. વ્યાકરણ અને ગુજરાતીનું અંગ્રેજી તથા અંગ્રેજીનું ગુજરાતી ભાષાન્તર કરવાની વીધી બતાવી. આ યોજનાથી તેને અંગ્રેજી અને સંસ્કૃત બોલવાનો મ્હાવરો પડી ગયો અને પંડિતજી સાથે એજ બે ભાષામાં વાતચીત કરવા લાગ્યો. જ્યારે તેનો એટલો અભ્યાસ થયો ત્યારે પંડિતજીએ સંસ્કૃતમાં લઘુ કૌમુદી વ્યાકરણ અને હિસાબ તથા અંગ્રેજીમાં પત્રવ્યવહાર અને અંગ્રેજીમાં તથા ગુજરાતીમાં લેખ લખવાની સમજુતી આપી. આ વખતની પરિક્ષા ત્રણ વર્ષ પશ્ચાત લેવાઈ. પરીક્ષાનું કામ પંડિત **મધુસૂદનદાસ** અને **કલ્યાણજી** દેશાઈના હસ્તમાં સોંપવામાં આવ્યું. પંડિત **વેણીલાલની** સમક્ષ તેના શીખેલા વિષયોમાં જે જે વાતો પૂછી તેના તેણે તરતજ જવાબ દીધા. બન્નેએ કહ્યું કે છોકરો જેટલું ભણ્યો છે એથી ચારગણું ગણ્યો છે. શેઠજી! એ આપનો પુત્ર નથી, એ તો એક રત્ન છે. પંડિત **મધુસૂદનદાસે** માઘ કાવ્યના કેટલાક શ્લોક તેને બતાવી તેનો અર્થ પૂછ્યો. **નવનીતરાય** અદ્યાપિ પર્યંત કાવ્ય શીખ્યો નહોતો

પરંતુ ગુરૂજી તેને રોજની વાતચીતમાં થોડી થોડી કાવ્યની શિક્ષા આપ્યા કરતા હતા. આ કારણથી તેણે જેમ તેમ કરી શ્લોકનો અર્થ કરી આપ્યો. શેઠજીએ આ વખત પંડિતજીના પગારમાં વળી રૂા. દશનો વધારો કરી આપ્યો. અને ઇનામ રૂા. ૩૦૦)નું આપ્યું.

ચારે જણની સમ્મતિથી આવતાં વર્ષમાં મનુસ્મૃતિ, માઘ, કાવ્ય, અંગ્રેજી સાહિત્ય આદિનું શિક્ષણ અને જમીનદારીનાં ખાતાનું કામ શીખવવાનું નક્કી થયું. હવે પંડિત પાસે બે કલાક કમ બેસી તે શેઠ **વીજભુખણદાસ** ને ત્યાં નામું શીખવા લાગ્યો. જે જે ગ્રંથો તેના આવતાં વર્ષોમાં નિર્માણ થયાં હતાં, તેમને નિયમિત અવધિમાં તેણે સમાપ્ત કરી, ગુરૂજીને પારિતોષિક અપાવ્યું. આ પ્રમાણે ૭ વર્ષમાં અર્થાત અગીયાર વર્ષની ઉમ્મરમાં તેનું શિક્ષણ સમાપ્ત થયું. હવે તેના શિક્ષણમાં માત્ર એકજ વાત અધુરી રહી અર્થાત રેખાગણિત રહી ગયું. પંડિતજીને આ કાર્ય માટે અંગ્રેજી ગ્રંથોની મદદ લેવી પડી. તેમણે એક વર્ષમાં એ વિષયની બારે ચોપડીઓ ભણાવી અને તે સાથેજ યંત્ર બનાવવાની વિધિ સમજાવી. એ સિવાય શેઠના જમીનદારી વિગેરેનાં કામમાંથી તેને જેટલો અવકાશ મળ્યો, તેમાં તેણે ધર્મ શાસ્ત્રોની અઢારે સ્મૃતિઓપર વિચાર, ભાગવત, મહાભારત, રામાયણ અને અન્ય પુરાણોના વિ-

ગયો લઈ અંગ્રેજી અને ગુજરાતી લેખો લખ્યાં અને વ્યાખ્યાનો આપવા શરૂ કર્યાં. અહીંઆજે અધ્યયનની સમાપ્તિ થઈ નહિ. પણ જમીનદારીના કામમાં વધુ પ્રવર્ત હોવા છતાં તેણે રોજના ચાર કલાક અવકાશ મેળવી ક્રમશઃ છ દર્શનો અને વેદના મંત્રો તથા બ્રાહ્મણ ભાગનું અધ્યયન ગુરૂજી સમક્ષ પ્રચલિત રાખ્યું. અને જેટલો સમય મળ્યો તેમાં અંગ્રેજીનાં નિતિ વિષયક કાવ્યો, નાટક ઉપન્યાસ, કળા, કૌસલ્ય, સાયન્શ, અંગ્રજી, ગુજરાતી, હિન્દી અને ભારતની બીજી ભાષાઓના સમાચાર પત્રો અને પુસ્તકોનું અવલોકન કરવા માંડયું. એનું પરિણામ એજ આવ્યું કે તેને બધી વાતનું વ્યવહારીક જ્ઞાન સારૂં થયું. પંડિત **વેણીલાલે** એને યંત્ર વિજ્ઞાનો સિદ્ધાંત સમજાવી તો દીધો પરંતુ કેવળ સમજવાથી જે તે યંત્ર બનાવવા શકિતવાન થઈ શકયો નહિ. આ કારણથી **ગુણવંતરાયે** એ કામને માટે એક યુરોપીયનને રૂપીઆ પાંચસો ના માસિક પગાર પર નોકર રાખ્યો. મી. **ફ્રેડરિકે** તેને બે વર્ષમાં હુશિઆર બનાવી હમેશાંને માટે છુટ્ટી લીધી.

અહીં સુધી તેના અધ્યયનનું વર્ણન થયું હવે હું તેની વર્તણુંક, માતાપિતાની ભક્તિ અને ઇશ્વરોપાસનાનું કાંઇક વર્ણન કરવા ચાહું છું. યથા સમય **નવનીતરાય** નો ઉપવીત સંસ્કાર તો થઇ ગયો હતો. ને પ્રાતઃકાળમાં

ચાર વાગે ઉઠી ઇશ્વર સ્તવન પછી શૌચ સ્નાનાદિથી નિવૃત્ત થઇ શેઠની હવેલી અંદરની પુષ્પવાટિકામાંથી પુષ્પ લઈ ભગવાનની પુજા માટે તૈયારી કરતો હતો. બ્રાહ્મણોની સંધ્યા વિધિથી ત્રણે કાળ સંધ્યા કરતો અને કોઈપણ પદાર્થ ભગવાનના નૈવેદ્ય સિવાય ખાતો નહિ ઘરની પવિત્રતાપર તે લક્ષ આપતો, રસોઇમાં કદી અનાચાર થવા દેતો નહી નિત્ય એકલાક કૃષ્ણચંદ્રની ઉપાસનામાં વ્યતિત કરતો અને પોતાના દૈનિક પાઠ પૂજનથી નિવૃત થઇ, બરાબર આઠ વાગે માતાપિતાની પાસે જઇ તેમને ચરણે પડતો. માતા પિતાની આજ્ઞા પાલન અને મધુર ભાષણથી સદા તેમને પ્રસન્ન રાખતો. અને રાત્રીએ સુતી વખત તેમની મના છતાં પણ બે કલાક સુધી પગ ચંપી કરતો. તેમના સુતા પછી પોતે સુતો જૂઠું બોલવાની અને કોઇની સામે નીમકહરામી કરવાની તેને ઘણી ભારી ચીડ હતી. જે પ્રમાણે તેને દુરાચાર પસંદ નહિ હતો તેજ પ્રમાણે કોઈનો દુરાચાર દેખી તેનું અંતઃકરણ બળી જતું હતું. માત પિતા તો તેને અત્યંત વ્હાલો અને સપુત ગણુતાંજ હતાં, કિંતુ ગામના લોકોની પણ ધીમે ધીમે તેનાપર મહેરબાની થઇ. ગામના લોકો તેને ઉત્તમ મનુષ્ય ગણુવા લાગ્યાં, તે એટલે સુધી કે કેટલાંક ભોળાં મનુષ્ય તો તેને દેવ ગણુવા લાગ્યાં. મોટા પુત્રની નિંદા સુણુતાં માત પિતાને જેટલું દુઃખ થતું હતું તેથી

વધારે સુખ નાના પુત્રની પ્રશંસા સાંભળીને તેમને પ્રાપ્ત થતું હતું.

સોળ વર્ષની ઉમ્મરમાં **નવનીતરાય**નાં લગ્ન કતારગામના પ્રખ્યાત દેશાઈ **મણીરાય**ની સુશીલ પુત્રી **ગંગા** જોડે થયાં. **ગંગા**ની ઉમ્મર આ સમયે અગીયાર વર્ષની હતી. વેવાઇને જોઇ **ગુણવંતરાય** પણ વધારે ખર્ચ કરવાના હતા. પણ **નવનીતરાયે** એવો નકામો ખર્ચ કરવા સામે વાંધો લીધો. વિવાહમાં રંડી, આતશબાજી વિગેરે તદ્દન બંધ કરાવી, તેના રૂપિઆ ગરિબોની રક્ષા અને ગૌ, બ્રાહ્મણની સેવામાં વાપર્યા.

પ્રકરણ ૯ મુ.

કોર્ટનો ફેંસલો.

સમન્સ અનુસાર નવસારીના ન્યાયાલયમાં ઉપસ્થિત થવાનો સમય જ્યારે નજીક આવ્યો ત્યારે **ગુણવંતરાય** નવસારી જવા તૈયાર થયા. જવા પુર્વે શેઠે **દોલતરાય**ની માતા, **નવનીતરાય**, મુનીમ **ધનવંતરામ** અને **લૈયા માતાદયાલ**ને બોલાવી તેમની પાસે કામકાજની સલાહ લીધી:—

શેઠ—પુત્રની નાલાયકી જોઇને ક્રોધ તો મને એવો આવે છે કે, ન્યાયાલયમાં તેનાં બધાં દુરાચરણો પ્રગટ કરૂં જેથી તેને એક પાઈ પણ મળે નહિ. પણ શું કરૂં ? એવું કરવાથી મારા કુળને કલંક લાગે છે. અને નહિ કરૂં તો થોડા દિવસમાં તે પોતાના હિસ્સાનું સત્યાનાશ વાળી નાંખશે એના પાપથી બિચારી **સુમન** અને તેના છોકરાને દુઃખ પડશે. અને તેમનો બોજો **નવનીતરાય** ઉપર આવી પડશે.

મણિગૌરી—નહિ નહિ ! જે કાંઇ બદનામી અને કષ્ટ પડશે તે અમે ખમી લઇશું પણ એ નાલાયકને અવશ્ય એક વાર સજા મળવી જોઇએ. જ્યારે દુઃખી થઇને આવશે ત્યારે હું મારૂં ઘરેણું વેચી તેને મદદ કરીશ. ધકકા ખાધા વગર એ ઠેકાણે આવવાનો નથી. એક વાર એ કપુતને અવશ્ય સજા કરાવો. પરંતુ જો જો પૈસાની તંગી શિવાય તેના શરીરને કાંઈ પીડા ન થાય એવું કરજો. પુત્ર ગમે એવો કપુત હોય તો પણ માનો પ્યાર તેના પરથી ઘટતો નથી.

ધનવંતરામ—હા શેઠજી સાહેબ જમીનદારી તો તેને હાથ કદી જવી જોઈએ નહિ. નહિ તો તે ચાર છ મહિનામાં એને વેચી સાટીને પરવારી જશે.

માતાદયાલ—મારી પણ એજ સંમતિ છે.

નવનીતરાય—મારી મરજી એવી નથી. મારી સમજ પ્રમાણે ભાભીને પુછી લેવું જોઇએ. આ વાતમાં તેના વિચાર સૌથી વધારે માન્ય છે. કારણ કે એ તેની અર્ધાંગના છે.

ગુણવંતરાય—તો ઠીક ! તુંજ જઇ વહુને પુછ. તારા સિવાય અમને વકીલ કોણ મળશે ?

પિતાની આજ્ઞા થતાંજ **નવનીતરાય** ભોજાઇની પાસે ગયો. તે બીજા ભાગમાં પોતાના પુત્રને લઇને બેઠી બેઠી આ લોકોની સઘળી વાતો ધ્યાન દઇને સાંભળતી હતી. દીયરના આવવાથી લજ્જાને લીધે તેણે પુત્રને દુધ પીવરાવવાનું બંધ કરી તેને પારણામાં સુવરાવ્યો. ભાભીને પ્રણામ કરી **નવનીતરાયે** પુછ્યું:—

" કેમ ભાભી સાહેબ આપની શું મરજી છે ? સઘળા લોકોની વાત ચીત તો આપ સાંભળી ચૂકયાં છો. અને ભાઇના સમંન્સની વાત પણ આપને ખબર છે. આપણા ઘરની પ્રતિષ્ટા અને ભાઇના ઢંગ જોઇને જે વાત આપ કહેશો તે હું પીતાજીને જઇને કહીશ.

સુમન—એમ તો તમે મારા નાના ભાઇ સમાન છો પરંતુ તમારો અમારો સંબંધ એવી તરેહનો છે કે જેથી જો મારા મોઢાથી કાંઇ સંકોચની વાત નીકળી જાય તોપણ મને ક્ષમા કરવાની કૃપા કરવી. દીયરજી એમનો ઢંગ

દિવસે દિવસે બગડતો જાય છે. જો એમના દુરાચાર ન્યાયાલયમાં પ્રગટ થશે તો એમને પોતાનો હિસ્સો મળશે નહિ અને કોણ જાણે–એટલું બોલીને રડવા લાગી. રડતાં રડતાંજ તે પુનઃ બોલી. “ એમનું કાંઈ ઠેકાણું નથી. કોણ જાણે એ શું કરી નાંખે. આટલું આટલું ભણ્યા છતાં પણ ઘરની પ્રતિષ્ટાનું ભાન રાખતા નથી. તેને હિસ્સો નહિ આપી દુરાચારથી રોકવા એ કઠિન કાર્ય છે. દુષ્ટોની સંગત અને શરાબે સઘળી ખરાબી કીધી છે–એમની બુદ્ધિ નષ્ટ ભ્રષ્ટ થઈ ગઈ છે. જ્યાં સુધી એ સઘળું ધન ગુમાવી કંગાળ નહિ થશે ત્યાં સુધી એમની અકકલ ઠેકાણે આવશે નહિ. પૈસો ટકો જવા બાદ જ્યારે એમને પેટની ફીકર પડશે ત્યારે એ સુધાર્યા વિના સુધરી જશે. આ વખત એને સુધારવાનું યંત્ર કોઈના હાથમાં નથી. આ કારણથી એમને પોતાનો હિસ્સો અપાવી દેવો. એજ સૌથી ઉત્તમ રસ્તો છે એવું મારા ધ્યાનમાં આવે છે. યદિ એમના દુરાચાર કોર્ટમાં પ્રકાશિત થશે તો હું કોઇને મ્હોં બતાવી શકવાની નથી. મેં પુર્વ જન્મમાં પાપ કીધાં છે જેનું ફળ મારા સિવાય બીજું કોણ ભોગવશે ? જમીનદારી તો જ્યારે ત્યારે વેચવીજ પડશે તો પછી નાહક અદાલતમાં શ્વસુરજીનાં મોંથી પોતાના પુત્રની કુચાલ પ્રકાશિત કરાવી શા માટે બન્ને કુળમાં કલંક લગાડવા દો છો ? મારો બોજો હું તમારા પર પડવા દઈશ

નહિ. મારી પાસે જે ઘરેણાં છે તેને વેચી હું મારૂં પોતાનું પેટ ભરી લઇશ. પુત્ર તો જેવો મારો છે તેવોજ તમારો પણ છે. બાપ અને કાકામાં કાંઇ તફાવત થોડોજ છે?" આટલું બોલી **સુમન** પુનઃ રડવા લાગી.

નવનીતરાય (ભાભીને આશ્વાસન આપી)—ભાભી સાહેબ! જણસ વેચવાનું નામ લઈ મારા જીવને કેમ દુખવો છો? હું તમારો નોકર છું. તમે જેમ કેહશો તેમ કરવાને તૈયાર છું. હમણાં તો પિતાજી વિદ્યમાન છે અને કદાચિત એમનાં સો વર્ષ પુરા થઈ જાય તો ઘર તમારૂં છે. તમે ખુશીથી રેહો. ભાઈ સાહેબના સંબંધમાં તમે જે મત આપ્યો તે ઠીક છે. જમીનદારી બીગડે ચાહે ન બીગડે પરંતુ એને હિસ્સો આપી દેવો. એજ સારો છે.

નવનીતરાય ભોજાઈની વાતનો ઉત્તર આપી પીતાજી પાસે આવ્યો **સુમન**ના મતને સર્વેએ પસંદ કીધો **ગુણવંતરાય** પોતાને ગામથી ચાલી નવસારી પહોંચ્યા ત્યાં જઈ તેમણે **દોલતરાય**ને પોતાના મિત્ર **પરભુદાસ**ની દુકાનપર બોલાવ્યો તેના ઇષ્ટ મિત્રોએ તો જવાની મના કરી હતી પરંતુ દુરાચારી હોવા છતાં પણ પિતાજીનું તેડું આવ્યું જાણી **દોલતરાય**નું હૃદય હર્ષથી ઉછળવા લાગ્યું. તે બીતો બીતો અને શરમાતો શરમાતો

પિતાજી કને આવ્યો. પિતાજીએ પુત્રને દેખતાંજ દોડીને પોતાને ગળે વળગાવ્યો. પંદર મિનીટ સુધી શેઠની આંખો માંથી આંસુ વહ્યાં. જ્યારે હૃદયનો ઉદ્વેગ રોવાથી ખાલી થઈ ગયો ત્યારે **પરભુદાસે** કહ્યુંઃ—

" મિત્ર **ગુણવંતરાયજી**, હવે આપનો કુંવર યુવાન થઈ ગયો છે. એ શીખેલો ભણેલો આદમી છે. યદી એને આપની પાસે રહેવાની ઈચ્છા ન હોય તો આપ એને કાંઇ ખર્ચને વાસ્તે આપી અલગ કરી દો. જેથી એ પોતાની સ્ત્રિ અને પુત્રને લઈ જુદો રહે અને પોતાનું કામ પોતે સંભાળી જે કાંઈ એને ભણવું હોય તે ભણે. "

ગુણવંતરાય—ભાઈ સાહેબ, હું એનાથી જુદો રહેવા કયારે ના પાડું છું. ? યદિ એ ફરિયાદી નહિ કરતાં મારી પાસે અમસ્તોજ માગત તો હું આપવાને માટે તૈયાર હતો. જે એનું છે તે આપવાને મને શું હરકત છે? ભાઈ, હવે મને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઈ છે. હું એવું ઈચ્છતો હવો કે બન્ને પુત્ર સાથે રહી અમારી સેવા કરે. પણ જ્યારે એને અમારી સેવા કરવામાં કાંટા ખુંચે છે ત્યારે એની ઈચ્છા ! હા ! એની ચાલચલણ સારી નથી, તેથી મને ડર છે કે એ સઘળું વેચી મારશે. ખેર ! એની મરજી લેવાની છે તો ભલે ! પરંતુ હું વહુને એની સાથે

રાખી શકતો નથી. તેની ઉમ્મર નાની છે અને એની ચાલ સારી નથી. તેથી જો કોઈ અમારો શત્રુ કાંઈ જુઠું કલંક લગાડે તો હું સંસારમાં મોં દેખાડી શકું નહિ.

દોલતરાય (પિતાને)—કોઇને મારી સાથે રાખવામાં આપની ઈજ્જત બગડે એવો સંભવ હોય તો નહિ રાખો. મને પાસે રાખવાની આવસ્યકતા પણ નથી, પરંતુ જે કાંઇ મારા હિસ્સાનું છે તે સઘળું મને અર્પણ કરો. જો તે મારી પાસે રહી મારી આજ્ઞા પ્રમાણે ચાલશે તો ખાવા પીવાનું આપીશ.

ગુણવંતરાય (પુત્રને)—યદિ તને હિસ્સો લેવાનીજ મરજી છે, તો વહુ અને પુત્રના ખરચને વાસ્તે તેમાંથી અર્ધો ભાગ અલગ કરી આપ. બાકીના અર્ધા ભાગથી તારૂં કામ સારી રીતે ચાલી શકશે.

દોલતરાય (જોશમાં આવી)—જ્યારે આપ એને મારી પાસે રાખવા ચાહતા નથી તો હું તેને માટે ખાવાનો ખર્ચ શા માટે પૂરો પાડું? તેને મારી પાસે રહેવું હોય તો હું તેની પાસે ઘંટી ફેરવાવી ખાવાને આપીશ અને નહિ રહેશે તો કોડી પણ નહિ આપીશ. અદાલત જે કાંઇ કરશે તેજ મને મંજુર છે. અહીંઆં સીધી આંગળી વતી ઘી નીકળવાનું નથી. હું અહીંઆં આવીને પસ્તાઉં છું:

યદિ મેં મિત્રોનું કહેવું માન્યું હોત તો આજે આપનાં ખાસડાં ખાવાં ન પડત.

ગુણવંતરાય—ખાસડાં તો ત્યારે ખાવાં પડશે કે જ્યારે પોતાની પાસેનું સર્વ ગુમાવી અનાજ વિના ભૂખે મરશે. જુઓ, આ નાલાયક મને અદાલતની ધમકી આપે છે. જો હું અદાલતમાં તારી કુચાલોનો ઘડો ફોડી નાંખીશ તો જન્મભરમાં જમીનદારી મળી શકશે નહિ અને કોઇ સારો આદમી તારી પાસે પણ બેસશે નહિ. નાલાયક કેથેનો! મારી પાસે આવવામાં પસ્તાય છે તો જા તારા મિત્રોની પાસે તેમણેજ તને પાળીપોષીને મ્હોટો કીધો કેમ? જુઓ **પરભુદાસ**! જરા સરખો છોકરો આજે મારી સામે થાય છે. હાય! હાય! એવો છોકરો થવા કરતાં એની મા વાંઝણી રહી હોત તોજ સારૂં થાત. એના નાનાભાઈમાં અને એનામાં કેટલો અંતર છે! એતો અમારા ઘરમાં કોઈ રાક્ષસ પેદા થયો છે. રાક્ષસ!

દોલતરાય—બસ ગાળો ન દો. અદાલતમાં મારી કુચાલ પ્રગટ કરી દેશો તો તેમાં વાત કોની બગડશે?

પરભુદાસ (બંનેને ઠંડા પાડી)—શેઠજી, જ્યારે પુત્ર આપના હાથથી ગયો છે તો પછી કહેવા મૂકવાથી શું ફાયદો છે? એતો આપ પહેલાંથીજ કહી ચૂકયા છો કે

અદાલતમાં એની કુચાલ પ્રકટ કરી હું મારી જાંગ ખોલી હું જાતેજ લાજી મરૂં છું તો એનો અર્ધો હિસ્સો આપી દો. એની સ્ત્રિ અને પુત્રનું રક્ષણ કરનાર **નવનીતરાય** છે. ભગવાને બે પુત્ર અર્પણ કરી આપને બે આંખો આપી હતી એક જો ફુટી જશે તો બીજી એવી છે કે બન્નેનું કામ સારશે આપનો નાનો પુત્ર જરૂર આપની સુકિર્તિ પ્રસરાવશે. ભગવાન તને ખુશી રાખે "

પરભુદાસના કહેવાથી બંનેની તકરાર પતી. **ગુણવંતરાય**ને તેમના પિતા **હર્ષદરાય** મરતી વખતે રૂ૦ ૨૫૦૦૦)ની જમીનદારી આપી ગયા હતા. તેમણે પોતાની બુદ્ધિથી પચ્ચીસ હજારથી વધારી ૫૦૦૦૦)ની વાર્ષિક પેદાશ થાય એટલી મિલ્કત કરી હતી. તેમણે પોતાના મૃત્યુ પહેલાં પોતાની કમાઇના ભાગ પાડવાની વાત સ્વિકારી નહિ. પૈત્રિક સમ્પત્તિનો અર્ધો ભાગ અર્થાત ૧૨૫૦૦) રૂપીઆનાં ચાર ગામ **દોલતરાય**ને આપવામાં આવ્યાં. **ગુણવંતરાયે દોલતરાય**ની મરજી પ્રમાણે રાજીનામું લખાવ્યું. બીજે દિવસે શેઠના વકીલે નવસારીની કચેરીમાં આવી ગુણવંતરાયનું રાજીનામું દાખલ કીધું ન્યાયાધીશ મુનશી **સાદિકહુસેન** શેઠને બરાબર ઓળખતા હતા. **દોલતરાય**ના દુરાચરણોની વાત પણ ઉડતી ઉડતી તેમને કાને પહોંચી હતી. શેઠની સાધુતા જોઈ તેમણે તેમને **ધન્યવાદ**

આપ્યો. અને **દોલતરાય**ના સંબંધમાં ખેદ પ્રકાશિત કરીને માત્ર એટલુંજ કહ્યું કે:—"અફસોસ ઇજ્જતથી ડરીને **ગુણવંતરાયજી**એ વાર્ષિક સાડાબાર હજારની ઉપજવાળી જમીનદારી ધુળમાં નાંખી દીધી છે આ છોકરો ચાર દિવસમાં વેચી સાટીને પરવારી જશે. અફસોસ કે શેઠજી એને જમીનદારી આપી ચૂકયા છે, બાકી હું એને સીધોજ કરી નાંખત. ખેર! જે કાંઈ એના તગદીરમાં હશે તે બનશે. હું રાજીનામું મંજુર કરી આ મુકરદમાનો ફેસલો કરૂં છું."

ફેંસલો થવા બાદ સાડાબાર હજારની વાર્ષિક આમદાની ખોઇ જ્યારે શેઠજી પોતાને ઘેર પહોંચ્યા ત્યારે તેમના ઘરમાં રડાપીટ શરૂ થઈ ગઈ. **મણિગૌરી**એ ત્રણ ચાર દિવસ સુધી અન્ન જળ લીધું નહિ. **સુમન** ઝેરનો ઘુંટડો ગળી ચુપચાપ બેસી રહી. **નવનીતરાયે** સર્વને સમજાવી સંતુષ્ટ કીધાં.

પ્રકરણ ૧૦ મું.

દેશનું કલ્યાણ કેમ થાય!

મણિગૌરી—દિકરા, તારા ભાઈએ મોટો અનર્થ કીધો છે. દુષ્ટોનાં બહેકાવ્યાથી એ સાડાબાર હજારની વાર્ષિક આમદાની અમારા હાથમાંથી ખુંચવી લઇ ગયો. એ-

કદમ સાડાબાર હઝાર ! હાય ! હવે અમારો ખર્ચ કેમ ચાલશે ? હું ઇચ્છતી હુતી કે વૃદ્ધાવસ્થામાં દાનપુણ્ય કરી મનને સંતુષ્ટ કરીશ અને મૃત્યું વખતે તમે બન્ને જણ સાથે મળી મને બાળી મૂકશો. મનની વાત મનમાંજ રહી. પુત્ર ખરાબ નીકળ્યો ને જુદો નીકળ્યો તેથી વહુ અને પુત્રનો ખરચ પણ તારે માથે પડયો. ભાઈ, તને કહેવામાં તો મને સંકોચ થાય છે, પરંતુ તું ખોટું ન લગાડે તો તને એક વાત કહું મારૂં સંર્વ ઘરેણું વેચી, તેના જે રૂપિઆ આવે તેના વ્યાજમાંથી તારી ભાભીને માટે અલગ પ્રબંધ કરી દે.

નવનીતરાય—મા, ભાઈ ઘરમાંથી નીકળી સાડા બાર હજારની આજીવિકા લઈ ગયા. તેમાં તો મારૂં કાંઇ ચાલતું નથી. પણ હું પાંચ સાત વર્ષમાં આ મિલ્કતમાંથીજ ઘણી આમદાની વધારી લઈશ. મેં બહુ સારી વ્યવસ્થા કરવાનો વિચાર રાખ્યો છે. ભગવાને પણ હમણાં આપણને જે જોઇએ તે આપ્યું છે. જે કાંઈ મારૂં છે તે સઘળું ભાભીનું પણ છે. જેવી તું મારી મા છે તેવી હું ભાભીને પણ માજ સમજું છું. મારી સમજમાં તો પિતાજીએ એને પોતાના પતિ પાસે નહિ રાખવામાં ડહાપણ વાપર્યું છે. ત્યાં એનો એક દિવશ પણ નીર્વાહ થાત નહી.

સુમન (લજ્જાથી શીર નમાવીને)—હા ! નિર્વાહ તો નહિ થાત અને હું એવા ઘરમાં જઈ દુરાચારીઓ

સાથે રહેવામાં અપ્રતિષ્ઠા સમજું છું. પરંતુ એક વાર તેમની પાસે દશ દિન સુધી રહીને તેનો વ્યવહાર જોઇ લેત તો સારૂં થાત! નહિ તો આ ઘર તો મારૂં છેજ. મારી પાસે જે જવાહીર છે, તે વેચીને પણ હું મારો ગુજારો કરી શકું એમ છે. તમારી ઉપર વૃથા બે પેટનો બોજો નાંખવાથી મારા જીવને ઘણો સંતાપ થશે.

નવનીતરાય (ભાભીને હાથ જોડીને)—નહિ! નહિ! ખર્ચની કાંઇ ચીંતા કરશો નહિ. ઘર તમારૂં છે અને તમે અહીંઆં રહો છો તેમાં મારૂં શું જાય છે. હા! પિતાજી તમને ભાઇને ત્યાં રાખવાની ના કહી આવ્યા છે, તેથી હવે તમારે તેને ત્યાં જવું ઠીક નહિ. કદાચ આપની ઇચ્છા હોય તો હું પિતાજીને સમજાવી મોકલી શકુ એમ છે.

સુમન—હું તે કારાગ્રહમાં જઇશ નહિ, મને તો આ બંને (સાસુ તરફ હાથ કરી) ના ચરણોમાં પડી રહેવા દો. એમના પગ ચાંપીને પેટ ભરી લઇશ.

આ ઘટના બન્યા પછી **નવનીતરાયે** માત પિતાની સેવામાં અધિક ધ્યાન આપી તેમનો શોક ભૂલાવી દીધો. તેમની જમીનદારીમાં હવે સાત ગામ બચ્યાં હતાં. તેણે સાહુકારોને બોલાવી વ્યાજનો દર પૂછયો. કોઇએ સેંકડે ત્રણ અને કોઇએ ચાર ટકા બતાવ્યા. **નવનીતરાયે** તેમને કહ્યું

કે યદિ તમે સેંકડે બે ટકાના વ્યાજે ખેડુતોને રૂપિયા ધીરો તો હું એવી વ્યવસ્થા કરી શકું છું કે, જેથી તમારે રૂપિઆ વસુલ કરવાને માટે કદી પણ ફરિયાદ કરવી પડશે નહિ. બરાબર વખતો વખત તમને રૂપિઆ મળ્યા કરશે. સાહુકારોએ આ વાતને ખુશીથી સ્વીકારી. તે લોકોના જવા બાદ **નવનીતરાયે** સાતે ગામના ચાર ચાર મુખીઓને બોલાવીને કહ્યું:—

સાહુકારોને વધુ વ્યાજ આપવાથી તમને બહુ ગેરલાભ થાય છે અને સરકારી મહેસુલ ભરવામાં તથા ઘરના ખરચોમાં તમારી જમીન દીન પ્રતિદીન વેચાતી જાય છે. એને માટે મેં એક રસ્તો શોધી કાઢયો છે. તમે જો વખતસર સાહુકારના રૂપિઆ ભરશો તો તમને સેંકડે ૨) ટકાના વ્યાજે રૂપિઆ મળશે. પરંતુ ભાઈ! તેમાં મારી જમીનગીરી થશે. જો તમે રૂપીઆ નહી આપશો તો મારે આપવા પડશે. એથી વીવાહ મરણાદીનો ખરચ સમજીને કરવો. અને હપ્તાસર રૂપીઆ ભરવાની કાળજી રાખવી. જુઓ! એ તમારા ફાયદાની વાત છે. એ તમને કબૂલ છે?

સર્વે ખેડુતો—હા સાહેબ! મંજુર છે. આપે જે હુકમ કીધો તે અમને કબુલ મંજુર છે. જ્યારે અમારે ઘેર સારો માઠો ખરચ આવશે ત્યારે તમને પુછીને કરીશું.

નવનીતરાય—હા! તમે જો મનેપૂછશો તો હું સારી સલાહજ આપીશ. એક વાત તમારે બીજી પણ યાદ રાખવી પડશે. આજકાલ દુકાળપર દુકાળ પડે છે, તકસર વરસાદ વરસતો નથી. નહેરના પાણીથી જમીન સુધારવાની જરૂર છે. માટે ખેતરમાં કુવા વધારવા જોઇએ. જો તમે સઘળાં તમારા ખેતરોમાં કુવા વધારવાની ઈચ્છા રાખતા હો તો હું તમને અર્ધા ટકા લેખે રૂપિઆ ધીરીશ અને દશ વર્ષ સુધી જમીનનો દર વધારીશ પણ નહી. કેમ કબુલ છે?

સર્વે ખેડુતો—હા સાહેબ! અમારે કબૂલ છે. આપ તો અમારા પિતા સમાન છો, અને આપ અમારા ભલાને માટે કહેો છો એવી અમારી ખાત્રી છે. ત્યારે શું અમે એવા બેવકુફ છીએ કે આપનું કહેવું માનીએ નહિ! આઠ દિવસ પછી આવી અમે કયા કયા ગામમાં કેટલા કેટલા કૂવા ખોદાવવાથી ફાયદો થશે તેનો હિસાબ આપને આપીશું. સાથે સાથે ખરચાનો અડસટ્ટો પણ લાવીશું.

નવનીતરાય—આટલું તો થયું પણ હજી એક વાત રહી ગઈ છે, હું જોઉં છું કે તમારી જમીનમાં પહેલાં જેટલી ઉપજ થતી નથી. પહેલાં જ્યાં એક વિઘામાં ૨૦ મણ અનાજ થતું હતું ત્યાં આજે ૮ મણ પણ બહુ મુ-

ચ્ફેલીથી પેદા થાય છે. એ કારણથી મેં ગણદેવીમાં ૨૦૦) વીંઘા જમીન નવી રીતે તૈયાર કરાવી છે. તેમાં ખાતર જુદી તરેહનું નાંખવામાં આવે છે. બીજ પણ નવાં અને તેની ખેડ પણ નવી રીતે કરવામાં આવે છે. તેથી તેમાં બમણી નીપજ થાય છે. તમે આજેજ તેને જોઇ જાઓ, અને તમને જરૂર હોય તો એ જમીનના ઉપરીને પોતપોતાને ગામ લઈ જઇને જે પ્રમાણે તે બતાવે તે પ્રમાણે તમે ખેતી કરો. એમ કરવાથી તમને બહુ ફાયદો થશે. તે આદમી ઘણો હોંશીઆર છે. તે બહુ વર્ષો સુધી સ્કૂલમાં ખેતીનું કામ શીખીને આવ્યો છે. તમે જે પ્રમાણે ખેતી કરો છો તે રીત પણ એ જાણે છે અને અંગ્રેજી રૂઢી પણ એને વીદીત છે.

ખેડુતો—હા સાહબ! જરૂર એ પ્રમાણે કરીશું. આ વખત ખેતી કરવાની તક છે, તેથી લોકો આ વર્ષથીજ નવી રીત શીખવા માંડશે. એથી અમને જરૂર ફાયદો થશે કારણકે મુંબાઈ જઈને વેસ્માનો એક ખેડુત એ રીત જોઈ આવ્યો છે, તે કહેતો હતો કે અંગ્રેજી રીતીએ ખેતી કરવાથી સારો ફાયદો થાય છે.

આ રીતની વાતચીત થયા પશ્ચાત સર્વે ખેડુતો **નવનીતરાયને** રામરામ કરી, તેની પ્રશંસા પોતપોતાનામાં

કરતા કરતા પોતપોતાને ઘેર ગયા. માર્ગમાં **નવનીનરાયની** નવી ઢબની ખેતી જોઈ ખુશી થયા. ત્યાંના મેનેજર બાબૂ **ભોળાનાથ ચટરજી**ને બોલાવી તેમની પાસે નવી રીતે ખાતર પૂરવાનું શીખ્યા. આ પ્રમાણે કરવાથી ખેડુતોને બહુ લાભ થયો. આઠ દીવસમાં તેમણે એક લીસ્ટ બનાવી **નવનીતરાયની** સમક્ષ હાજર કીધું. **નવનીતરાય** તેમની પાસે ખાતું લખાવી લઈ કુવા બનાવવા માટે રૂપીઆ ઉધાર આપ્યા. અને પોતાની જમીનમાં કુવા બનાવવાનાં સાહસને માટે તેમને આશીર્વાદ આપ્યા. જેમને ખરચ ખુંટણની વાતમાં **નવનીતરાયની** સલાહ લેવાની આવશ્યકતા પડતી, તે બેધડક તેની પાસે આવી, સારી સલાહ લઈ જતા અને તેના કહ્યા પ્રમાણે સમજીને ખરચ કરતા, **નવનીતરાયના** વીશ્વાસપર સાહુકાર લોકોએ પણ ખેડુતો ઉપર બહુ દબાણ કીધું નહી. સાહુકારો પાછળથી જોઈતા રૂપીઆ તેમને ખુશીથી ધીરતા અને ખેડુતોના ઘરમાં શોકને બદલે આનંદે વાસો કીધો. જમીનદારને સાડાબાર હજારની જે ખોટ હતી, તે આઠ વર્ષમાં પુરાઇ ગઈ અને આખા ગુજરાતમાં **નવનીતરાયનું** સુનામ પ્રખ્યાત થઈ ગયું. ગવર્મેંટે **નવનીતરાયની** પ્રશંસા કરીને ગુજરાતના સમસ્ત ખેડુતોને તેની નકલ કરવાનો અનુરોધ કર્યો અને સરકારે **ગુણવંતરાયને** ખેતાબ બક્ષ્યો. **નવનીતરાય** કેવળ જમી-

નનો સારો પ્રબંધ કરીનેજ અટકયો નહીં. તેનાં સાત ગામોમાંથી ત્રણમાં લગભગ ૨૦૦ વણકરો હતા. વીલાયતી કપડાંની આગળ તેમનાં બનાવેલાં જાડાં કપડાંની કીમ્મત ઓછી થઇ ગઈ હતી. પાંચ દશ સીવાય સઘળાઓ મજુરી કરી જેમ તેમ પેટ ભરતા હતા. સખત તાપમાં સખત મજુરી કરવા છતાં પણ તેમને પેટ ભરીને ખાવાનું મળતું નહોતું અને દુકાળના વખતમાં એ લોક સરકારનાં દુકાળ નીવારણનાં બાંધકામો ઉપર વધારે ટુટતા હતા. તેમનાં મરણની સંખ્યા પણ અધીક હતી. **નવનીતરાયે** તેમનું રક્ષણ કરવા માટે યંત્ર વીદ્યાના ઉસ્તાદ મી. ફ્રેડરિક અને પંડીત **વેણીલાલ**ની સલાહ લઈ નવી રીતનાં ફ્લાઈશટલ ઓજારોવતી કપડાં બનાવવાનું એક નાનું કારખાનું પોતાના ગામમાં પોતાનીજ પુંજીથી કાઢયું. ૨૦૦ ઘરમાંથી આ કામ કરવા લાયક ૫૦ મનુષ્ય નીકળ્યાં. તેમાંથી જે થોડું ઘણું કામ શીખેલાં હતાં તેમને પહેલાં કુશળ બનાવ્યા. તેમની પાસે બીજાં માણસોએ કામ શીખી લીધું, અને કપડાં બનાવવા લાગ્યા. પહેલાં કપડાં સારાં બન્યાં નહી પણ બે એક વર્ષમાં તો એવાં સારાં કપડાં બનવા લાગ્યાં કે તેને જોઈ, એ વિદ્યાના પંડીત યુરોપીઅન લોક પણ જાણી શકયા નહી કે એ કપડાં વીલાયતી છે કે દેશી? વળી **નવનીતરાય**નું કારખાનું ખુલ્યા અગાઉ ભારત વર્ષના

વર્ત્તમાન પત્રોમાં આ ઉદ્યોગની ચર્ચા થઈ ચૂકી હતી અને મોટા વીદ્વાનો લાંબા લાંબા વ્યાખ્યાન અને લાંબાં ચોડા લેખો વતી આ વાતના લાભ પણ બતાવવા લાગ્યા હતા. પરંતુ પ્રથમ સાહસ **નવનીતરાયે** કર્યું. ઈશ્વર આ સુકાર્યમાં તેનો સહાયક થયો. જે વણકરો એક દિવસ દાણા દાણા માટે તલપટાં હતા, જેનાં ઘરમાં એક દીન ઝેર ખાવાનો પૈસો પણ મળતો નહોતો, તેમનાં ઘર રૂપીઆ પૈસાથી ભરાવા લાગ્યાં. આ કારખાનામાં રૂા. ૨૫૦૦૦) ની પુંજી રોકી **નવનીતરાયે** આઠ હજારનો વાર્ષિક નફો પેદા કીધો દેશ વિદેશમાં તેનો જયજયકાર થયો. જે **ગુણવંતરાય** ગુજરાતના એક સાધારણ જમીનદાર ગણાતા હતા, તે પોતાના સુપુત્રને લીધે આખા ભારત વર્ષમાં ઓળખાયા. પ્રજા તેમનું નામ ભારે ઉત્સાહથી લેતી હતી. સરકારે તેમનું અને તેમના સુપુત્રનું બહુ સન્માન કીધું. **નવનીતરાયે** પણ ગવર્મેંટ તરફથી એક ભપકાદાર ખેતાબ મેળવ્યો **નવનીતરાયનું** અનુકરણ કરી બીજા જમીનદારો, શેઠ સાહુકારો અને રાજા રજવાડાઓ કારખાનાં ખોલવા લાગ્યા. ગણદેવી જે અગાઉ ગામડાંની ગણતીમાં ગણાતું હતું, તે હવે પ્રખ્યાત થઈ ગયું. **નવનીતરાયે** પોતાનાં ગામમાં એક અનાથાલય બંધાવી તેમાં અનાથ અને દીનહીન માણસોને અન્ન વસ્ત્ર આપવાનો બંદોબસ્ત કીધો. પોતાનેજ

ખરચે એક પાઠશાળા ખોલી તેમાં છોકરાંઓને સંસ્કૃત, હીન્દી, અંગ્રેજી, ગુજરાતી અને ઉર્દુ ભણાવવાની વ્યવસ્થા કીધી. પાઠશાળાની વ્યવસ્થા પંડિત **વેણીલાલ**ને સોંપવામાં આવી. તેમણે પરિક્ષા કરાવી સરકારી સર્ટિફીકેટ દેવડાવવાનો વિચાર છોડી છોકરાનું શિક્ષણ એવી રીતે આરંભ્યું કે જેવી રીતે **નવનીતરાય**ને અગાઉ ભણાવ્યો હતો. ગવર્મેંટ પણ બહુ દિવસો થયાં સરકારી સ્કૂલોની શિક્ષણ પદ્ધતીના દોષોને જાણી ચૂકી હતી. એ કારણથી શિક્ષણનું સંશોધન કરવા માટે જે કમિટી નિયત કરી હતી, તેણે **નવનીતરાય** પાસે પરામર્સ લઈ સરકારી પાઠશાળાઓના પ્રબન્ધનો વિચાર કીધો.

આ રીતે **નવનીતરાય**ના સુવિચાર, સદુદ્યોગ અને સદ્વ્યવ્હારથી **ગુણવંતરાય**ની ઉન્નતિ થઈ. **નવનીતરાયે** પોતાનાં ગામના લોકોની ચિકિત્સા માટે એક આયુર્વેદ ઔષધાલય સ્થાપિત કરી તેમાં એક મરાઠા ડૉકટર મી० **ગણેશ નારાયણ** બેડેકરને નીમ્યાં. મી. **ગણેશ નારાયણ** બેડેકર આયુર્વેદ અને **અંગ્રેજી** બંને ઔષધોપચારમાં નિપુણ હતા. તેમણે બન્ને રીતે ઈલાજ કરી હિંદુઓને પવિત્ર ઔષધિ આપવાનો પ્રબન્ધ કીધો.

પ્રકરણ ૧૧ મું.

આજકાલની સુધરેલી સ્ત્રીઓનો એક નમુનો!

ગત પ્રકરણમાં જે વાતનો ઉલ્લેખ થઈ ચૂકયો છે. તે ઉપરાંત **નવનીતરાયે** બે કામ બીજાં પણ કીધાં હતાં. ખેતીના કામ માટે બળદ ઘણા ઉપયોગી છે. એ વાત સર્વ વિદિત છે, અને બળદ ગાયને ઉદરેથી પેદા થાય છે, માટે ગાયનું રક્ષણ કરવું એ પ્રત્યેક જણની ફરજ છે, એમ **નવનીતરાય** સારી પેઠે સમજતા હતા. તેથી તેમણે ગણદેવીમાં એક પશુશાળા સ્થાપી અને ઉત્તમ ગાયોથી દ્રઢ બળદો પેદા થાય તેવી વ્યવસ્થા કરી. પ્રત્યેક ગામમાં ગાયો માટે ગૌચરણની ભૂમી જુદી રખાવી. અને ગાયોની સારી પેઠે માવજત કરાવી. તેથી તેમને ત્યાં જે જે બળદો પેદા થયા તે માત્ર તેમના પોતાનાજ ઉપયોગમાં આવ્યા, એટલુંજ નહિ પણ દુર દેશાવરમાં તેમના બળદ પંકાયા. ગામે ગામથી લોકો તેમના બળદ ખરીદવા માટે આવવા લાગ્યા. ભાવ પણ સારો ઉપજવા લાગ્યો. તેમની ગાયોનું દુધ પણ બહુજ વખણાવવા લાગ્યું. અને તે દુધની જે મીઠાઈ નવસારી તથા સુરતમાં બનતી હતી, તે દોઢા ભાવે વેચાવા લાગી.

તેમણે બીજું કામ એ કીધું કે પોતાની જમીનદારીમાં બ્રાહ્મણોની જીવિકા જેટલી હતી, તેનો કર બિલકુલ માફ કીધો અને તેમને શાસ્ત્રાદિ ભણવામાં પ્રવૃત કીધા, અને કર્મકાંડના તેમને સારા અભ્યાસી બનાવી મંદિરોમાં ઠાકુર સેવાનો પ્રબંધ તેમનાથીજ સુધરાવ્યો.

યદ્યપિ **નવનીતરાયે** માતા પિતા, ભાભી, પ્રજા, ગવર્મેંટ તથા સમસ્ત દેશ હિતૈષીને પ્રસન્ન કીધાં હતા. અને ઠેક ઠેકાણે તેમનો યશ ગવાતો હતો. પરંતુ તેમની ઉપર તેની ગ્રહિણી **ગંગા** ક્રોધે ભરાઇ હતી. તે કતારગામ જેવા કસ્બામાંના એક દેશાઇની છોકરી હોવાથી છ ધોરણ ગુજરાતી અને ચોથા ધોરણ સુધી અંગ્રેજી ભણી હતી. તેણે પિયરમાં રહી ભણવા સિવાય ઘરનું કાંઇ પણ કામકાજ કીધું નહોતું, તેથી **નવનીતરાયને** ઘેર જઇ અસલી રીત. પ્રમાણે કામકાજ કરવાની પદ્ધતિ તેને કાંટા પેરે ખુંચવા લાગી. કામકાજના બોજાને લીધે જ્યારે તેને નોવેલો વાંચવાનો અવકાશ ન મળ્યો. ત્યારે તે પતિથી નારાજ થઇ પોતાને પીયેર ચાલી ગઈ. તેના પિતાજી અસલી વિચારના હતા. પોતાની પુત્રીનું આ કામ તેને રૂચ્યું નહિ. તેમણે બીજેજ દિવસે પોતાના નાના છોકરા **મણિલાલ** સાથે તેને પોતાને સાસરે મોકલી દીધી. આથી તેને વધારે ગુસ્સો ચઢયો.

જ્યારથી તે પિયેરથી આવી, ત્યારથી તેણે ઘરનાં કોઈ કામમાં હાથ લગાડયો નહિ. **મણિગૌરીએ** વિચાર્યું કે, એ કમાઉપુતની પત્નિ છે. તેથી ગર્વ કરતી હશે. કદાચ એને કાંઈ કહીશું તો **નવનીતરાય** નારાજ થશે આજ કારણથી તેણે નાની વહુને કાંઈ કહ્યું નહિ. આથી વહુ સમજી કે, સાસુ મારાથી દબાઈ ગઈ છે. તેથી તેણે વધારે વધારે મિજાજ કરવા માંડયો. ઘડી ઘડીમાં જેઠાણી [**સુમન**] ને ધમકાવવા લાગી. જે **નવનીતરાયે** દેશ પ્રદેશમા સારૂં નામ કાઢયું હતું, તેના ઘરમાં **ગંગાની** સાથે સાથે કલેહે પણ પ્રવેશ કીધો. એવો કોઇ દિનજ ન હોતો કે જયારે **સુમન** અને **મણિગૌરીને** કલાક બે કલાક રડવું નહિ પડે! પરંતુ પુત્રના ડરથી માતા અને દીઅરના સંકોચથી ભાભી તેના અત્યાચાર ખમીને એક શબ્દ પણ મોંથી કાઢતાં નહોતાં, અને જેમ જેમ તે સહન કરતાં હતાં, તેમ તેમ નાની વહુનો રોપ વધતો જતો હતો. **ગંગાની** લાકડી કેવળ સાસુ અને જેઠાણી પરજ ચાલતી નહોતી, પરંતુ નોકર ચાકર સુદ્ધાં તેનાથી દુઃખિત થઈ ધીમે ધીમે ચાકરી છોડી ચાલ્યાં જતાં હતાં. પતિનો વધુ સમય જમીનદારીના કામકાજમાં જતો હતો, તેથી તે પોતાની પત્નિના અત્યાચાર જાણી શકયો નહિ. પરંતુ જરાજરામાં તે સ્ત્રીનો દરજ્જો પતિ સમાન ગણી, **નવનીતરાય** સાથે

ગેરવર્તણુંક ચલાવતી હતી અને તેના પગ ચાંપવા તથા અન્ય સેવામાં ઘૃણા કરતી હતી. તેથી તેણે જાણી લીધું હતું કે તે ગંગા નહિ પણ કુબજા સ્રિ છે. તે જ્યારે પોતાના દિવાનખાનામાં આવતો ત્યારે તેને પ્રેમભરિ નૉવેલો અને સ્રી સ્વાતંત્ર્યનાં પુસ્તકો વાંચતાં જોતો હતો, અને યદ્યપિ તે પતિ સાથે પ્રેમ કરવાનો પ્રયત્ન કરતી હતી. પરંતુ તે એવો પ્રેમ નહોતો કે જેવો પ્રેમ હિંદુ રમણીઓમાં આવશ્યક છે. સાધ્વી હિંદુ સ્રિ પતિને પરમેશ્વર, પતિને સર્વસ્વ અને પોતાને પતિની દાસી સમજે છે. પરંતુ ગંગા નવી સભ્યતા અનુસાર પતિને પુતળું બનાવી નચાવવા ઇચ્છતી હતી. તે વખતો વખત પતિના ધન, ઐશ્વર્યની પ્રશંસા કરી તેની પાસે ઘરેણાં, પુસ્તકો અને દિવાનખાનાંને અંગ્રેજી ઢબે સજાવવા માટે દ્રવ્ય માગતી હતી. અને જ્યારે તેની પાસેથી યથેચ્છ રૂપિઆ નહિ મળતા ત્યારે કહ્યા કરતી કે, તમે આટલું ભણવા છતાં પણ સભ્યસ્રિ સાથે કેવી રીતે વર્તવું તે જાણ્યું નહિ !

એક દિવસ કાર્યવશ, અચાનક, સમયપર ઘરમાં જઇને **નવનીતરાયે** જોયું તો પોતાની સ્રી ગંગા પોતાની સાસુ અને જેઠાણીપર પોતાની આજ્ઞા ભંગના અપરાધ માટે ગાળોનો વરસાદ વરસાવતી હતી અને બન્ને એક ખુણામાં,

બેઠી બેઠી રોઇને પોતાના હૃદયનો ભાર હલકો કરતી હતી. **નવનીતરાય** આ મામલો જોઇને ચકિત થયો. અચાનક **નવનીતરાય**ને આવતો જોઇ **મણિગૌરી** અને **સુમન** પોતાની આંખ લુછી ત્યાંથી ખસી ગઈ. પરંતુ **ગંગાએ** ગાળો દેવાનું કાર્ય બંધ પાડયું નહિ. **નવનીતરાય** ક્રોધથી" હેં ! હેં ! આજે આ શું છે ? કોનાપર આ વજ્ર પ્રહાર છે ? " કહીને સીધો માતા પાસે પહોંચ્યો. તે દિવસે તેણે માતા અને ભાભીને વધારે નમીને પ્રણામ કીધા, અને કહ્યું કે " મા, આજ તમે બન્ને રડો છો શા માટે ? મારી હયાતી છતાં તમને એવું શું કષ્ટ આવી પડયું છે ? જે તમારી તરફ ડોળા કાઢીને જુવે તેના ડોળા કાઢવાની હું શકિત ધરાવું છું. "

માતા—ભાઇ, સંસારમાં તારી વહુ સિવાય મને ગાળ દેવાની શકિત કોનામાં છે ? એનો કાંઈ દોષ નથી. દોષ તો મારા પ્રારબ્ધનો છે. એક છોકરો નાલાયક નીવડયો અને બીજાની સ્ત્રી નાલાયક નીવડી. હું તો હવે તારી સ્ત્રીનાં જુતાં ખાતાં ખાતાં કંટાળી ગઈ. હવે મારાથી આ સંકટ ખમી શકાતું નથી. આ મારૂં ઘરેણું લે, એને વેચી સાટી એવો બંદોબસ્ત કર કે તારા પિતા, હું અને મારી વડી વહુ, કાશીએ જઈ વાસ કરીએ. હવે મારી વૃધ્ધાવસ્થા આવી. આ વયે મારી પ્રતિષ્ઠા ખરાબ નહિ કર.

ભાભી—દીઅરજી હું તો તમને ક્યારની કહી ચૂકી છું કે મારી પાસે જે કંઈ છે. તે વેચો અને મારા ખાવા પીવાનો ખરચ અલગ કરી દો. તમે મારી વાત તે વખત નહિ સાંભળી આજે મારી પ્રતિષ્ઠા ઘટાડી. મારૂં નશીબજ સારૂં હોત તો આજે ગાળ સાંભળવાનો અવસરજ કેમ આવત ?

આટલું કહેતાં કહેતાં **સુમન**નું હૃદય ફરીથી ભરાઈ આવ્યું. પુનઃ તેની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. વહુને રડતી જોઈ સાસુથી પણ રહેવાયું નહિ. તેણીએ પણ રડી રડીને પોતાનું હૃદય ખાલી કીધું. આ બન્નેના રૂદનથી **નવનીતરાય**ના હૃદય વજ્ર ઘાત કીધો. તે ધબ દઈને ધરતીપર પડી રોવા લાગ્યો. ત્રણ માણસના ગગન ભેદન રોદનથી ગભરાઈ **દોલતરાય**નો પુત્ર અચાનક રડવા લાગ્યો. **ગુણવંતરાયજી** દુરની એક કોટડીમાં બેઠા બેઠા જપ કરી રહ્યા હતા. આ ગરબડનો અવાજ તેના કાનમાં જતાં તે સમજ્યા કે ધાડ પડી છે. બસ ! ખડકીમાંથી સિપાઈઓને જોરથી હાંક મારી, તેમણે રૂદનશાળામાં પ્રવેશ કીધો. બારણાંની પાસે આવી જ્યારે તેમણે કોઈ બહારના આદમીને જોયો નહિ. ત્યારે તેમણે ધાર્યું કે, છોકરો છત પરથી નીચે પડીને અચેત થઈ ગયો છે. તુરતજ વૈદને બોલા-

વાની આજ્ઞા આપી તે અંદર ગયા. તેમણે અંદર જઇને શું જોયું કે સઘળાએ રોવું બંધ કર્યું. અંદર જવા પછી પણ પંદર મિનિટ સુધી **ગુણવંતરાય** નિશ્ચય કરી નહિ શક્યા કે, આ ધાંધળ શાની છે. શ્વસુરને આવતાં જોઈ **સુમન** ત્યાંથી ખસી ગઈ. **નવનીતરાયે** પોતાનાં હૃદયના વેગને રોકી કહ્યું. "પિતાજી, આ દુઃખનું કારણ તમારો અભાગી પુત્ર **નવનીતરાયજ** છે. મારે લીધેજ આજે પરમપૂજનીય માતા અને ભોજાઇને કષ્ટ થયું છે, આપની જો ઈચ્છા હોય તો મનેજ સજા કરો. હાય! હાય! હું કેવો અભાગી છું. મારે માટે આજે મારી જન્મદાત્રી માતા રડે છે. હા! મારાથી ભાભીનું કષ્ટ પણ ખમી શકાતું નથી. મને બચાવો! એમનાં દુઃખથી, એમના અનાદરથી મારૂં હૃદય ફાટી જાય છે. હે ભગવાન! આવાં લગ્નથી તો હું કુંવારોજ રહ્યો હોત તો ઠીક હતું.

પુત્રનાં આવા દુઃખદ વાક્યથી પિતાજીએ સમજી લીધું કે **દોલતરાયની** માતા અને વહુને નાની વહુ તરફથી કાંઈ કષ્ટ પડયું છે આ કારણથી તેમણે ત્રણે જણને ઉત્તમ ઉપદેશ આપી સંતુષ્ટ કીધાં અને પુત્રને એવી ઘટના ભવિષ્યમાં નહિ થવા દેવાની આજ્ઞા આપી, તે પોતાના ભજનાલયમાં ચાલ્યા ગયા. શેઠના જવા પછી **નવનીતરાયે** પોતાની ભાભીને બોલાવી માતા અને ભાભી પાસે સ્ત્રિને બદલે પોતે માફી માગી અને તે

બન્નેને મધુર શબ્દોથી પ્રબોધી તે ગુપચુપ પોતાની સ્ત્રી પાસે ગયો. ત્યાં જઈને તેણે શું જોયું કે, ગંગાએ ગાળો દેવાની તો બંધ કીધી હતી, પણ હજી તેના હોઠ તો ફડફડતાજ હતા. નવનીતરાય તેની વિદ્યા અને સભ્યતા, સ્વતંત્રતાના ગર્વને તો પહેલેથીજ પિછાણતો હતો, તેથી તેણે ક્રોધને પોતાના મનમાં છૂપાવી પૂછયું:—

" કેમ પ્યારી ! આજે આટલો બધો કોપ કોનાપર છે ? શું કોઇએ તારો અનાદર કીધો છે ? "

ગંગા—પહેલો અનાદર તો આ રાંડ જેઠાણીએ કીધો છે. તેણે આજે મારી દાળમાં મરચાં વધારે નાંખી દીધાં અને બીજો અપરાધ તમારી માતાનો છે. એ શંખણી પોતાની વડી વહુનો પક્ષ કરી મારી સાથે લડવા આવી. એ સર્વથી મોટો અપરાધ તમારો પોતાનો છે. શું તમે નથી જાણતા કે હું શીખેલી ભણેલી છું ? તો પછી કાંદા જેવી લાલ લાલ આંખ કરી " હેં ! હેં ! " કહ્યું શા માટે ? બસ ! આજે મારો બહુજ અનાદર થયો છે. તમને કાંઇ કહું તો આ ગમાર હિન્દુસમાજમાં મારી નિંદા થાય છે, પણ પેલી રાંડ જેઠાણીનું હું શું ખાઉં છું કે તે મને હમ્મેશાં મોટા મોટા ડોળા દેખાડે ? રાંડ ધણીને છોડી અમારા ઘરમાં ટુકડા ખાવા પડી છે. તેને જઈને કહો કે,

તારૂં જો ભલું ઈચ્છતી હોય તો મારી આગળ આવી ક્ષમા માગે, નહિતો કોઈ દહાડો હું તેનો ચોટલો પકડી બહાર કાઢી મૂકીશ.

નવનીતરાય—સભ્ય બની સભ્યતાની સીમાનું ઊલ્લંઘન ન કર. હું સ્ત્રિનો આદર કેમ કરવો તે સારી પેઠે જાણું છું. અને હિન્દુઓમાં અનાદિ કાળથી સ્ત્રિને અર્ધાંગના ગણી તેની સાથે વર્તવા ઈચ્છું છું. પરંતુ તું માથેજ ચઢી જાય છે. તું જાણુતી નથી કે હું કાંઇ યૂરોપીઅન નથી કે સ્ત્રિનો ગુલામ બનીને ફરૂં. હું હિન્દુ છું પાંચજ મિનિટમાં તને ગાળ દેવાની મઝા ચખાડી, સભ્ય અને સ્વતંત્ર બનવાનો ચસ્કો ભુલાવી દઇશ. તેં મારી માતા અને ભાભી પર અત્યાચાર કર્યોછે અને વાતવાતમાં સભ્યતા અને સ્વતંત્રતાની દુહાઈ દઇ મારી સેવામાં આનાકાની કરે છે. તેની સજા હું તને હમણાંજ કરૂં છું. તે સજા એ છે કે, જ્યાં સુધી તું તે બન્નેની ક્ષમા નહિ માગશે ત્યાં સુધી હું તારી પાસે આવનાર નથી. જો તને તેમને ખાતા પીતાં જોઇ દુઃખ પેદા થાય છે તો દીવાનખાનાની બહાર નીકળતાં પહેલાં આંખોપર પાટો બાંધવાની આદત પાડ. તેમને કાંઈ પણ કહેવાનો તારો અધિકાર નથી. તારી પાસે ફક્ત એક નોકરડી કામકાજને માટે રહેશે. તારે જે વસ્તુની જરૂર પડે, તે તેની પાસે તું મંગાવી લેજે. આજ દિવાન-ખાનામાં ચુલાપર ચાર રોટલી સેકીને ખાઈ લે. અને આખો દિવસ આ પુસ્તકો સાથે માથું ફોડી બેસી રહે. હવે આ

જગ્યા ભલી અને તું ભલી. તું ગૃહસ્થને ત્યાં રહેવા યોગ્ય નથી. તને તો જંગલમાં રાખવી જોઈએ.

આટલું બોલી **નવનીતરાય** ત્યાંથી ચાલ્યો ગયો. નોકરડી બહાર ઉભી ઉભી આ સઘળું સાંભળતી હતી., તેણે જઈને માતાને આ વાતની ખબર આપી. સાસુ વહુ આ વાત સાંભળી હર્ષ અને શોક બન્ને પેદા થયાં. દોઢ મહિનાના એકાંત વાસથી ગંગાનો મિજાજ ઠેકાણે આવ્યો પછી તેણે એક દિવસ સાસુ અને જેઠાણી પાસે આવી તેમની ક્ષમા માગી અને ભાભીના કહેવાથી **નવનીતરાય** સ્ત્રીપાસે આવવા જવા લાગ્યા. યદ્યપિ આ વખતની શિક્ષાથી ગંગાનો સ્વભાવ થોડો ઘણો સુધર્યો હતો, પણ તેની જે આદત પડી હતી તે ગઈ નહિ. ઇશ્વર કૃપાથી તેને પણ એક પુત્રની પ્રાપ્તિ થઇ. પરંતુ **નવનીતરાય**ને સ્ત્રીની તરફથી સુખ થયું નહિ. ગંગાને તેણે શામ, દામ, દંડ, ભેદથી બહુએ સમજાવી પણ જે **નવનીતરાય**ની બુદ્ધિથી દુનીયા ચકિત થતી હતી, તે બુદ્ધિ ગંગાપર ઝાઝો પ્રભાવ નાંખી શકી નહિ. તે દિવસની શિક્ષાનો એટલોજ પ્રભાવ પડયો કે, તે દિવસથી ફરી કોઈ લડાઇ થવા પામી નહિ. અને તેણી **નવનીતરાય**ના કામોમાં હસ્તક્ષેપ કરી શકી નહિ. બીજી જે ઘટના બની તેનો આ પુસ્તકમાં લખી પાઠકોનો સમય નષ્ટ કરવો ઉચ્ચીત નથી.

પ્રકરણ ૧૨ મુ.

દુરાચારી મિત્રોથી થતી અસર.

દોલતરાયે પોતાની જમીનદારીનાં ચારે ગામોની વ્યવસ્થા કરવા માટે પોતાના પ્રિયમિત્ર **કાળીદાસ** (કાળીઆ) ને નીયત કીધો. **કાળીઆની** ચાલચલણ અને **દોલતરાયની** તેનાપરની પ્રીતીને વાંચકો ગત પ્રકરણોથી જાણી ચૂકયા છે. આ કારણથી અહીઆં તે વીશે વધુ લખવાની આવસ્યકતા નથી. **કાળીઆની** મૅનેજમેંટથી જમીનદારીની શી દશા થઈ હશે, તે વાંચકો પોતેજ વિચારી લેશે. હું વધારે લખી કાળક્ષેપ કરતો નથી. પણ માત્ર થોડુંજ લખું છું, કે તેણે દ્રવ્યથી પોતાનું ઘર ભરી દીધું, આસામીઓ ઉપર નાના પ્રકારના અત્યાચાર ગુજારી જેમ બને તેમ તેમની પાસેથી લાંચ કઢાવી. હવે તે લોકો **કાળીઆની** ફરિયાદ લઈ **દોલતરાય** પાસે પોહોંચ્યા, તો તેણે પોતાના મિત્રનો પૂરો વિશ્વાસ રાખી ઉલટા તેમને ધમકાવ્યા. જે ગામોનું મહેસુલ **ગુણવંતરાય** ઉપર નિયત તીથીપર પહોંચી જતુ હતું, તે ગામોનું મહેસુલ હવે ખેડુતોપર ફરિયાદી કરવા છતાં પણ નીકળી શકયું નહિ. જે ગામોમાં અગાઉ ભલા માણ-

સોનું રહેઠાણ હતું, ત્યાં હવે ચોર, લુચ્ચા, હરામખોર, ઉઠાવગીર અને જુગારીઓ આવી આવીને વસવા લાગ્યા અને બેજ વર્ષમાં **દોલતરાયનાં** ગામ ઉજ્જડ થઇ ગયાં. જે લોક **કાળીઆને** લાંચ આપીને અને **દોલતરાયને** નજરાણું કરી બચવા પામ્યા હતા. તેમને ચોર અને ધાડ પાડુઓએ સતાવ્યા અને એ પ્રમાણે ચારે ગામનો ઘડો લાડવો થઇ ગયો.

આ તરફ **દોલતરાયે** કૉલેજ ખુલતાંજ ઍફ. એ. કલાસમાં દાખલ થવા માટે પ્રીન્સીપાલને અરજ કરી. યદ્યપિ **ડેવિડ** સાહેબ તેના રંગ ઢંગ થોડો ઘણો જાણતા હતા અને ચાહત તો તેનાં પ્રાર્થના પત્રોનો અસ્વિકાર કરી શકત. પરંતુ તેઓ સમજયા કે છોકરો આગળ ભણવાથી કદાચ સુધરી જશે. આ કારણથી તેમણે અરજી મન્જુંર કરી. **દોલતરાય** કલાસમાં જઈ ભણવા લાગ્યો. એક વર્ષ સુધી તેણે કોઈ પ્રકારનો દુરાચાર નહિ કરી ભણવા પર પૂરતું લક્ષ ચોંટાડયું. ફર્સ્ટ ઈઅર પરિક્ષામાં તેણે ૭૮ લો નંબર મેળવ્યો. પરિક્ષા થયા બાદ જયારે કૉલેજની રજા આવી ત્યારે તેણે પોતાના મિત્રોને મળી તેમને અરજ કરી કે **સુમનને** બોલાવવા માટે તમે મારા પિતાજી ઉપર પત્ર લખો. **ગુણવંતરાય દોલતરાયના** બે ચાર મિત્રોને સારી પેઠે ઓળખતા હતા. જયારે તેનો પત્ર

શેઠને મળ્યો ત્યારે તે ચકિત થયા. યદ્યપિ સાસુ, શ્વસુર, અને દીઅરની મરજી **સુમનને** મોકલવાની નહોતી પરંતુ તે પોતાની દેરાણીના અત્યાચારથી કંટાળી ગઈ હતી, તેથી પોતાની ધણી ના મરજી છતાં તેનું મન ઘેરથી ઉઠી ગયું. તેણે કોઈ કોઈ વખત જીવને શાંત પાડવા માટે પોતાને પીયર જવાની ઈચ્છા કરી પરંતુ માતા પિતાના બોલાવ્યા વગર તેણે પીઅર જવું ઉચિત ધાર્યું નહિ. આવા સમય-પર પતિનો પત્ર આવ્યો જાણી, તેણે થોડા દિવસ મુંબાઈ જવાનો વિચાર કીધો. પિતાની આજ્ઞાથી જ્યારે **નવનીતરાયે** ભાભી પાસે જઈને પૂછ્યું ત્યારે તે બોલીઃ—

"ત્યાં જવાની મારી ઈચ્છા તો નહોતી પરંતુ કોણ જાણે શા કારણથી મારો જીવ અહીંઆંથી ઉઠી ગયો છે. યદિ ઘરના માલિકોની આજ્ઞા હોય તો હું મહિના બે મહિના મુંબઈ રહી તેમની ચાલચલણ જોઈ લઉં. આજ કાલ હું સાંભળું છું કે, તેમણે પોતાની વર્તણુંક બદલી નાંખી છે. તે ભણવાપર લક્ષ આપી એક પરિક્ષામાં પાસ પણ થયા છે. જો મારા સહવાસથી તે સુધરી જાય તો એથી વધારે સુખ અમારે માટે બીજું કયું છે? દીઅરજી! તમે એકવાર મને મોકલવા માટે આજ્ઞા માગો. જો મારા પર કોઈ પણ પ્રકારનો જુલમ થશે, તો હું અહીંઆ તરત ચાલી આવીશ. આ તો મારૂં ઘરજ છે. એમ તો હું કોઈ

દુરાચારમાં પડવાની નથીજ. પરંતુ આપણા ઘરમાં બુઢ્ઢી **કાશી** ઘણો વખત થયાં નોકરી કરે છે, માતાજીનો એના-પર વિશ્વાસ પણ ઘણો છે માટે એને મારી સાથે મોકલજો.

નવનીતરાય—મારી ઇચ્છા તો તમને મોકલવાની નહોતી, અને મને ભાઇના સુધરવાની આશા પણ નથી. પણ જ્યારે તમારી જવાનીજ મરજી છે તો મહિના બે મહિના ત્યાં રહીને રંગ ઢંગ જોઈ આવો. જુઓ ભાભીજી! હું તમને નારાજ કરી જવા દેવા ઇચ્છતો નથી. તમે મારી માતા સમાન છો. ત્યાં તમને જરા પણ કષ્ટ પડે, તો પત્ર લખી અહીંઆં આવવાનો બંદોબસ્ત કરજો. આ ઘર તમારૂંજ છે. તમે અગર આના (પોતાની સ્ત્રિ તરફ આંગળી કરી) સ્વભાવથી ડરતાં હો તો ન ડરો. મેં એની સારી વ્યવસ્થા કરી છે. એ તમને કદી પણ એક શબ્દ કહી શકવાની નથી.

સુમન—નહિ, નહિ, એનો મને કાંઈ ડર નથી. તમે એને બહુજ સુધારી દીધી છે, હવે એ બિચારી મને એક શબ્દ પણ કહેતી નથી. હું પ્રસન્ન થઈને જાઉં છું.

નવનીતરાયે માતા પિતાની પાસે જઈ ભાભીનો વીચાર કહી સંભળાવ્યો. બહુ વાર સુધી આનાકાની કરી. દંપતિ વડી વહુને મુંબઇ મોકલવામાં ખુશી થયાં. **સુમન**

સૌ લોકોને તેમજ સાસુ સસરાને માનપૂર્વક પ્રણામ કરી **કાશીને** પોતાની સાથે લઈ મુંબઈ ગઈ. પતિને મળી તેને ફર્સ્ટ ઈયર પરિક્ષા પાસ કરવા માટે અભિવંદન આપ્યું. પંદર દિવસ સુધી કાંઈ નવી વાત બની નહિ. એકજ પખવાડીઆમાં તેણે પતિનો થોડો ઘણો સુધરેલો ઢંગ જોઈ પ્રશંસા કરી. પ્રશંસા સાંભળી પતિએ ભવિષ્યમાં એવીજ વર્તણુંક ચલાવવાની આશા આપી. એજ આશાને ભરોસે **સુમન** હવામાં કિલ્લા બાંધવા લાગી. પરંતુ તેના એ કિલ્લા એક દિવસમાં કોણ જાણે કયાં જતા રહ્યા. કૉલેજ-ની રજાને દિવસે **દોલતરાય** પોતાના ઇષ્ટ મિત્રોની સાથે ચોપાટીપર હવા ખાવા ગયો. વાયુ સેવન કરી પાછા ફરતી વખત મિત્ર **કાળીદાસે** એક રંડીનું ઘર દેખાડી કહ્યું:—

યાર **દોલતરાયય**! આજ તે **મહબૂબનું** ઘર છે. બસ રંડી શું? જાણે ઈંદ્રની પરી! એના રૂપે તો કલકત્તા-ની ભલી ભલી રામજણીઓને પણ મ્હાત કીધી છે. નાચવા ગાવામાં બહુ ઉસ્તાદ છે. આ શહેરના મોટા મોટા આદ-મીઓ એના પગમાં રોળાય છે. પરંતુ એ એવી નખરાબાજ છે કે, તેમના તરફ દેખતી પણ નથી. એ કહે છે કે, મારો ધંધો નાચવા, ગાવાનો છે. આ કારણથી મારી ઈજ્જત પ્રમાણે આદર કરી જે માણસ બોલાવે તેને ત્યાં

જવાને તૈયાર છું. પણ દોસ્તી તો તેની સાથે નહિ કરીશ. જે લાયક આદમી હશે તેની સાથેજ દોસ્તી તો કરીશ.”

ઇકરામુદઉલ્લા—વલ્લાહ! રંડી શું છે? ચંદ્રનો ટુકડો છે. એની પ્રશંસા આખા શહેરમાં થાય છે. દૂર દૂરનાં માણસો એને નિહાળવા માટે આવે છે. દોસ્ત **દોલતરાય**! ચાલો જરા એને મળી ગાયન સાંભળી લઇએ. તબલા પણ આ વખત ઠોકાઈ રહ્યાં છે. કેવો મીઠો અવાજ આવી રહ્યો છે! બસ! એના ગળાંએ તો યાર! બુલબુલને પણ શરમાવ્યું છે!

આટલું કહી **કાળીઓ** અને **ઈકિરામુદઉલ્લા** બન્ને **દોલતરાય**નો હાથ પકડી રંડીને ઘેર લઈ ગયા. **દોલતરાય**નો થોડો ઘણો હેવાલ રંડીએ પહેલાં સાંભળ્યો હતો. તેને આવતો જોઈ તે મનમાંજ કહેવા લાગી “સોનાની ચલ્લી પિંજરામાં આવી ગઈ. હવે જો એ મારા હાથમાંથી નીકળી જાય તો હું નાયકણી શા કામની!” **મહબુબજાને** ત્રણેનો આદર કરી તેમને ખુરશીઓ આપી. તે લોકોની આગતા સ્વાગતા કરવામાં થોડીવાર સુધી ગાયન બંધ રહ્યું. **મહબુબ** તેમના સત્કારને માટે અહીં તહીં દોડી ધુપ કરવા લાગી ત્યારે એફ. એ. કલાસનાં વિદ્યાર્થી **ઈકિરામુદઉલ્લાએ** કહ્યું “**મહબુબજાન**! અફસોસ! અમે લોકોએ આવી તમારા

રંગમાં ભંગ કર્યો. યદિ પહેલાંથી જાણુતા હોત તો બહાર ઉભા ઉભા સાંભળા કરત. ભલા ! જે ગાયન સાંભળવા માટે પપૈયાની માફક તરસ્યા બની અહીંઆં આવ્યા છીએ, તેને બંધ કરી આપ અમારા ગળાં સુકવી નાંખો છો.”

દોલતરાય—હું આપની તારિફ ઘણાં દિવસ થયાં સાંભળતો હતો. બસ ! આજનું ગાયન મને આકર્ષણ કરી અત્રે ખેંચી લાવ્યું. આપની ખુબસુરતીની હું જેટલી તારિફ કરૂં તેટલી થોડી છે. મેં જેટલી તારીફ સાંભળી હતી, તેના કરતાં પણ આપ તો વધુ ખુબસુરત દીસો છો. જવાને વાર થાય છે. જરા સંભળાવો તો પછી હું રૂખસત લઉં. બસ! અમારે માટે ખાતિરદારી કરવાનું છોડી દઈ ગાયન શરૂ કરો.

રંડીએ શેઠની આજ્ઞા સાંભળતાંજ નમીને સલામ કરવા બાદ ગાયનનો આરંભ કીધો. તે ગાતી થોડું પણ બતાવતી વધારે. **દોલતરાય** ઉપર ગાતાં ગાતાં બેએક નયન બાણ પણ માર્યાં, પારધીનાં બાણથી જેમ હરણ ઘાયલ થાય છે, તેમ **દોલતરાય** રંડીના નયન બાણથી ઘાયલ થયો. તે એટલો બધો પ્રેમમાં લીન થયો કે, જ્યાં દેખે ત્યાં તેનેજ રંડી માલમ પડતી હતી. **મહબુબના** પ્રેમમાં ગાંડો બની એકાએક **દોલતરાય** પોકારી ઉઠયો:–

“ પ્યારી **મહબુબ** દિલારામ **મહબુબ** તારી આંખોમાંથી જાદુ વરસી રહયું છે. બસ ! મને પણ તારો

ગુલામ બનાવી લે. મને હવે ભણવાને માટે કાંઈ દરકાર નથી. હું ભણીશ નહિ! ભણીશ નહિ!! ભણીશ નહિ!!!"

મહબુબજાન—પ્યારા શેઠજી! બસ! હું જેની શોધમાં હતી, તે મને આજે મળી ચૂકયો. જેની તલાશમાં મોટા મોટા શેઠ સાહુકારોને ઠોકર મારી હતી, તેજ મને આજે મળ્યો છે. બસ પ્યારા! મને ગળે લગાવ. બીજું મારે કાંઈ જોઈતું નથી.

ઈકરામુદઉલા—પાગલ ન બનો. પહેલાજ દીવસે, બ્હાવરા ન બનો. મી૦ **દોલતરાય**! અગર આપને **મહબુબ** ખરેખર પ્યારી છે તો કાલે પાછા આવજો. ઘેર ચાલવાનુ પણ જોર છે કે નહિ? એક વાગી ગયો છે!

દોલતરાય—હેં! એક વાગી ગયો છે? પ્યારી જાન! મને જવા દે! હું કાલે અવસ્ય આવીશ. તને છોડવામાં મારૂં કલેજું ફાટી જાય છે. પરંતુ શું કરૂં! ઘેર જવા વિના છુટકો નથી.

આનો ઉત્તર **મહબુબે** કાંઈ પણ આપ્યો નહિ, પરંતુ આંખમાંથી આંસુ ધારા વહેવરાવી:—

"નામ જાનેકા ન લે યાર! મેં મરજાઉંગી."

એ ગઝલ ગાવા લાગી. આ ગાવામાં તેણે બરાબર દોઢ કલાક ગાળ્યો. રાત્રિના અઢી વાગે **દોલતરાયે** એનું

કહીને છુટ્ટી લીધી કે " હું જાઉં છું તો ખરો પણ મારો જીવ ત્હારી પાસે મુકી જાઉં છું." એ રાત્રે **સુમને** પતિને વાર લગાડવાનું કાંઈ કારણ પૂછ્યું નહિ. **મહબુબની** સાથે પ્રેમ થવાથી **દોલતરાયના** ઢંગ પાછા બદલાઇ ગયા. ભણુવા તરફથી લક્ષ ખસેડી, તેણે આખી રાત પ્યારી **મહબુબને** ત્યાં ગાળવા માંડી. **કાળીઆની** સલાહથી તેણે પ્યારી **મહબુબને** બસો રૂપિઆ માસિક ખર્ચના આપવા માંડયા. બસ ! હવે તો રાત્રિનું ભોજન પણ પોતાને ઘેરથી બંધ કર્યું. **સુમનને** નિશ્ચય થઈ ગયો કે પતિ પુનઃ કોઈ દુરાચારમાં પડયો છે. તેણે તેનો પત્તો લગાડવા **કાશીને** ડીટેકટીવ તરીકે નીમી. **કાશી** જો કે વૃદ્ધ થઈ ગઈ હતી તો પણ તેણે યુવાન પુરૂષના જેવો વેશ લઇ સઘળી વાતનો પત્તો મેળવ્યો. પત્તો મળતાજ **સુમને** સાસુપર પત્ર મોકલી ગણદેવીથી એક નોકરને બોલાવ્યો અને પોતે ગણદેવી જવાની તૈયારી કરી. આ ઢંગ જોઈ **દોલતરાયે** પૂછયું:—

" કેમ પ્યારી ! આજે આ ચુપચાપ તૈયારી કેવી ? મારાથી એવો કયો અપરાધ થયો છે, કે જેથી કહ્યા મૂકયા વગર તું રૂઠીને ગણદેવી જાય છે ? શું તને મારાથી પણ તે જગ્યા વધુ પસંદ છે ? "

સુમન—બસ ! હવે મને પ્યારી ન કહો. પ્યારી તો તમારી **મહબુબ** છે. ભલા ! તેને ગળે લગાડવા જેવો સ્વાદ મારામાં ક્યાં છે ? હું તો એક ગમારની પુત્રી છું અને ગમાર ઘરમાંજ લગ્ન પણ થયાં છે. તમને **મહબુબ** સાથે જોઇ મને શું સુખ પેદા થાય ? એ વાત સત્ય છે કે, તમારી હયાતીથીજ મારૂં મોં દુન્યામાં ઉજળું છે. પરંતુ હવે મને નિશ્ચય થયો કે તમારી પાસે મારો ગુજારો થવાનો નથી. તમે આખી રાત તે રાંડને ઘેર રહો અને હું રડતાં રડતાં મારો સમય વ્યતીત કરૂં. કોઈ દિવસ ઘરમાં મને એકલી જોઇ કોઈ શત્રુ જૂઠું તોહમ્મત લગાડે તો હું ઘેર જવા લાયક પણ નહિ રહું. હવે મને જવાદો. હું કદી અહીંઆં રહીશ નહિ. ગણદેવી રહેવામાંજ મારી પ્રતિષ્ઠા છે. આજે એક વાત એવી બની છે કે, જે હું આપને કહેવા ચાહતી નથી. કેમકે જો કહીશ તો આપ મનેજ દોષિત કરશો. આપના પ્યારા **કાળીદાસે** મારાપર અત્યાચાર કીધો છે. હે ભગવાન ! એવા દુષ્ટ મિત્રોના હાથમાંથી મારા પતિને બચાવો ! હાય ! હાય ! હું અહીં શું જખ મારવા આવી ? નહિ આવત તો રાક્ષસ **કાળીદાસનો** અત્યાચાર નહિ ખમવો પડત.

દોલતરાયે સુમનની વાતનો કંઈ પણ ઉત્તર આપ્યો નહિ. તે રડતી રડતી મુંબઈથી નીકળી, ટ્રેનમાં સવાર થઈ

ગણુદેવી પહોંચી. સાસુ, શ્વસુર અને દીઅરને સાધ્વી **સુમન**ના સંકટનો હેવાલ અને **દોલતરાય**ના દુરાચરણુની વાત **કાશીને** મોઢેથી સાંભળી બહુ સંતાપ થયો. તેમણે **સુમનને** પહેલાંની માફક ઘણાજ આદરથી પોતાને ઘેર રાખી. આ તરફ **દોલતરાયે** પોતાની સ્ત્રિના ચાલ્યા જવાની વાત પોતાના મિત્રોને કહી, ત્યારે તેમણે તેને બહુ ધિકાર્યો. આ વખત **દોલતરાય મહબુબ**ના પ્રેમને લીધે પરિક્ષા માટે તૈયાર તો થયોજ નહોતો. સ્ત્રિના જવાથી **મહબુબને** પોતાની પાસેજ રાખવાનો બંદોબસ્ત તેણે કર્યો. એફ. એ. ની પરિક્ષામાં તે બેઠો તો ખરો પણ ફેલ થયો.

પ્રકરણ ૧૩ મુ.

જીસ મુલ આયે! ઈસ મુલ ગયે!! નફેમેં રહે જુતીયાં!!!

દોલતરાય (મનમાં)—સ્ત્રિ રૂઠીને ચાલી ગઈ, એ વાત સારી થઈ નહિ. આ **મહબુબને** ખાતર મેં મારી પરણીઅત સ્રીને ગુમાવી. પરંતુ એમાં મારો અપરાધ શો છે? હું શરાબ પીઉં છું! પણુ મારી સ્ત્રિતો તેને અડકતી પણ નથી. મેં ગણુદેવીમાં

તો તેને એકવાર સમજાવી ફળ મેળવ્યું. અહીંઆં બોલાવી હું ઇચ્છતો હતો કે એને અંગ્રેજી ભણાવું. ભણવાથી જ્યારે એનો વહેમ દૂર થઈ જશે તો તે પોતેજ શરાબ પીવા માંડશે. હું તેને કહેવા પામ્યો નહોતો, એટલામાંજ **મહબુબ**ના પ્રેમે મને આંધળો કરી નાંખ્યો. તેને જતી વખતે યદિ કોઈ રીતે રોકી લેત તો અવશ્ય તે મારૂં કહ્યું માનત. હવે બોલાવવાથી તે આવશે નહિ. ઠીક! એકવાર પુનઃ પિતાજીપર પત્ર લખું. પરંતુ અહીંઆં રહેવાથી **મહબુબ** છૂટવાની નથી. ખેર! ગણુદેવી જઇને તેનેજ મળું.

બીજી ઘણી વાતો તેણે મનમાં ગોઠવી હતી, પરંતુ "ગણુદેવી જઇને તેને મળું" એ વાક્ય અનાયાસે તેનાં મોમાંથી નીકળી ગયું. એક બાજુએ **કાળીઓ** ઉભો ઉભો સાંભળ્યા કરતો હતો તેણે અંદર આવીને પૂછયું:—

"કેમ યાર! આજે કોને મળવાનો વિચાર છે? એક વખત જેને તજી દીધું, તે ગણુદેવીના ખાડામાંજ પાછા પડવાનો વિચાર છે કે શું? જેના પ્રેમે તમને ગણુદેવી જવા માટે ગાંડો ઘેલો બનાવ્યો છે, તેની ચાલચલગતની તમને જરા ખબર પણ છે? એને તમારા પડોશી **અલ-નાફેહુશેન** સાથે આંખો લડાવતાં—સત્ય કહેતાં શરમ પણ શું છે?—તમારા આ દીન સેવકે જોઇ છે. ત્યારે એ ભેદ

ખુલી જવાના ભયથી એ ગણદેવી ગઈ છે. તમે સીધા આદમી છો. સ્ત્રિ ચરિત્ર તમે જાણતા નથી. ”

દોલતરાય—જો આ વળી સત્ય હોય તો હું ગણદેવી જઈને એ કુલટા સ્ત્રિનું ગળું કાપી નાંખીશ.

કાળીદાસ-અરે! અરે! આ અંગ્રેજનું રાજ છે. જેલમાં ઉમ્મરભર સડતાં સડતાં પાર નથી આવવાનો. એવું કામ ન કરશો. જરા સમજીને કામ કરજો. એ તમારી **મહબુબ** સાથેની દોસ્તી તોડાવવા માટે ભલું બૂરૂં કહેતી હતી પણ એ જાતેજ પાધરી નથી. **મહબુબ** એનાથી શુ ખરાબ છે? આખર તો તમે આદમીજ છો. શું તમારી સ્ત્રિએ તમને વેચાતા લીધા છે ?

યદ્યપિ **સુમને કાળીદાસ**ના કામમાં કાંઇ પણ વિઘ્ન નાંખ્યું નહોતું અને તે જમીનદારીનાં કામમાં કાંઈ બોલવા માગતીજ નહોતી, પરંતુ **દોલતરાયને મહબુબ**નાં ફંદામાં થી છોડવવાના પ્રયત્ન અને તેનો ગણદેવી જવાનો વિચાર, આ સઘળાથી **કાળીદાસે** જાણી લીધું કે યદિ **દોલતરાય** સીધો ગણદેવી ચાલ્યો જશે. તો ભાઈ, બાપ, મા અને સ્ત્રિનાં સમજાવ્યાથી એ મારા હાથમાંથી નીકળી જશે. **સુમન** તે દિવસની વાત કહીને મારો ઘડો ફોડી દેશે અને જ્યારે **નવનીતરાય** મારી પાસે ગામોનો હિસાબ લેવા

માંડશે ત્યારે મારાં સઘળાં કુકર્મો ખુલ્લાં થઇ જશે. આ કારણથી તેણે પ્રપંચ રચીને **સુમન**નાં સંબંધમાં એક તોહુમ્મત ઉભું કીધું અને જૂઠું બોલી **દોલતરાય**ના કાન ભંભેર્યા.

દોલતરાય—હવે મારી ખાત્રી થઇ છે કે એ રાંડ વ્યભિચારિણી છે. યા ! મને ગણદેવી જઈ તેનું કામ તમામ કરી દેવા દે. પછી જે થશે તે હું ભોગવી લઈશ. આવું અપમાન મારાથી ખમી શકાતું નથી. જો રાંડ મારા પર વેશ્યાને ત્યાં જવાનો દોષ લગાડી પોતે સતી થાય છે. હું આજેજ જઇને તેનું સતીત્વ પ્રકાશિત કરૂં છું.

કાળીદાસ—ગણદેવી જાઓ અને સાથે એક નોકરને પણ લઈ જાઓ. પરંતુ એવું કામ ના કરી બેસશો. ત્યાં જઈ તેની ચર્ચા જુઓ, તેને આ કુકર્મની વાત સંભળાવી, યદી એ વાત સત્ય હોય તો અત્રે પાછા આવો. ફરીથી તેનું મોં કદી જોશો નહિ, એવી સ્ત્રી કરતાં રાંડેલા હોઈએ તેજ ઠીક.

કાળીદાસની સલાહથી **દોલયરાય** એક નોકરને લઇ રાત્રીના સમય ગણદેવી પહોંચ્યો. પિતા, માતા અને ભાઈ તથા પુત્ર સાથે તો મેળ હતોજ નહિ. અને આ વખત તે સ્રિને મળવા માટે પણ ગયો નહોતો. રાત્રિના અગીઆર વાગે જ્યારે સઘળાં લોક સુઇ ગયાં હતાં, ત્યારે

અચાનક એણે પોતાના ઘરમાં પ્રવેશ કરી **સુમન**નાં બારણાં ખખડાવ્યાં, **સુમન** આ વખતે **ભર્તૃહરીકૃત વૈરાગ્ય-શતક** વાંચતી હતી. અચાનક કવખતે બારણાનો ખડખડાટ સાંભળી તે ચોંકી ઉઠી. તેણે ગભરાઇને પૂછયું "રાતના અગિઆર વાગે મુજ અભાગિનીને દ્વારે કોણ આવ્યું છે? મારે ત્યાં આવનાર તો મુંબઈમાં મોજ કરે છે."

દોલતરાય—"બારણું જલદી ખોલ. એ તો હું **દોલતરાય** છું. જોઉં તો ખરો કે તું ખરેખર અભાગિની છે કે ઢોંગ કરે છે?"

સુમન (પતિના બોલ સાંભળી બારણું ઉઘાડી)—હેં આપ આ સમય કયાંથી? શું પેલી રાંડે આપનો ત્યાગ કીધો? આજે તો મારૂં નશીબ ઉઘડયું હોય એમ લાગે છે. યદિ અત્યાર પછી પણ આપ સુધરો તો મને જીવત-દાન આપ્યા સમાન પુણ્ય લાગે, નહિ તો હું સુકાઈ સુકાઈને મરી જઈશ.

દોલતરાય [અંદર જઈ અહીં તહીં જોતો જોતો]—આ સૌ તારા ઢોંગ છે. હું આજ સુધી એવું જાણતો નહોતે કે સ્ત્રિ ચરિત્ર આવું થાય છે. એક તરફ તું પવિત્ર બની મને શીખામણ આપે છે અને બીજી તરફ તું કુલટા—કુલટા કહેતાં મારી જીભ તુટી પડે

છે—બની પેલા **અલતાફહુસેન** સાથે આંખો લડાવે છે. અરે રાંડ! તેનીજ આંખે તને—કહી દે સત્ય! નહિતો (છરી દેખાડી) આજ છરી વતી તારૂં નાક કાપી નાખીશ. બસ! એજ કારણથી હું આજ છુપી રીતે આ મકાનમાં આવ્યો છું.

સુમન—હે ભગવાન! મુજ દુઃખીપર વળી બીજી શી આફત આવી છે? અરે! હું આ છોકરાના કસમ ખાઇને કહું છું કે, હું કોઈ **અલતાફહુશેન**ને ઓળખતી પણ નથી. જો તમે ભગવાનને માનતા હો તો તેને યાદ કરી મારા અપરાધની સાબિતી બતાવો નહિતો તમારા હાથનીજ છરી વતી હું મારો ભોગ આપીશ.

દોલતરાય—હું તારો જાન લેવા તો આવ્યો છું. જલદી સાચે સાચું બોલી દે. નહિતો હમણાંજ તારો પ્રાણ હરૂં છું. જો તું સાબેતી માગતી હોય તો હું સાક્ષી પણ લાવ્યો છું **રામા! રામા!**

પંદર મિનિટ સુધી રામાનો કાંઇ પણ ઉત્તર મળ્યો નહિ. **દોલતરાયે** બારણાં ખોલીને જોયું તો તેનો કાંઈ પત્તો લાગ્યો નહિ. **રામો દોલતરાય** સાથે આવ્યો તો ખરો પણ મકાનપર ચઢવાની તેની હિમ્મત ચાલી નહિ. **દોલતરાયે** તેની બહુ તલાશ કીધી પણ કેથે તેનો પત્તો

લાગ્યો નહિ. આખરે તે કંટાળી બોલ્યો " તે કોણ જાણે ક્યાં ચાલ્યો ગયો. ખેર ! હમણાં તો હું જાઉં છું પરંતુ ફરીથી કોઈ વાર અચાનક આવી તને પકડીશ. તું અહીંઆં પણ અવશ્ય કોઇની સાથે પ્રેમ રાખતી હશે. તેથીજ તને મારી પાસે રહેવું નહિ રૂચતું હશે.

સુમન—મારા બુરા ભલા કર્મો નીરખનાર પરમેશ્વર છે. જો હું કાંઈ પાપ કરીશ તો તે જરૂર શિક્ષા કરશે. હે પરમેશ્વર ! તું શા માટે આ અભાગિનીપર આવો કોપ કરે છે? (પતીને)—અરે બળતાંપર ઘી શા માટે હોમો છો ? હું તો દુઃખને લીધે પહેલેથીજ સૂકાતી ચાલી છું. બસ ! જો તમને મારાથી સુખ થતું હોય તો હમણાંજ મને મારી નાંખો. જેથી હું પણ આ દુઃખમાંથી છુટી થાઉં.

દોલતરાય—આ વાત સાંભળી શરમાતાં શરમાતાં ચાલવા માંડયું. તેને એ વાતની લજજા આવી કે, નોકરના કેથે ચાલી જવાથી હું સ્ત્રિના અપરાધની સાબિતી આપી શકયો નહિ. જો નોકર હોત તો કાળીઆની સાથે મને જે વાર્તાલાપ થયો હતો. તેની શાક્ષી એ પૂરત. હવે કાળીદાસને લાવું તોજ દોષ સાબિત થાય. દોલતરાયનો સંદેહ પોતાની સ્ત્રીના કસમથી પણ દુર થયો નહિ. ગણુ-દેવી પહોંચવાને બીજે દિવસે નોકરે કહયું કે મારા પેટમાં

એવું દરદ પેદા થયું કે આપને છોડી મારે જંગલમાં નાસવું પડયું જ્યારે હું જંગલમાંથી આવી મકાનપર તપાસ કરવા લાગ્યો તો આપ મળી શકયા નહિ. નોકરની વાત સત્ય સમજી તેણે તેને નોકરીથી બરતરફ કીધો નહિ. એકવાર તેને પુનઃ સાથે લઈ પોતાની સ્ત્રી પાસે જવાનો વિચાર પણ કીધો, પણ કોણ જાણે શું વિચારથી તેણે તેમ કીધું નહિ.

પતિના જવા પછી **સુમને** રૂદનમાં રાત્રિ વ્યતીત કીધી. સ્ત્રીની પાસે રોવાનુંજ સૌથી મોટું શસ્ત્ર હોય છે. તેણે કેટલીવાર ફાંસી ખાઈને મરી જવાનો વિચાર કીધો. ઘેરથી નીકળી કૂવામાં પડવાની તૈયારી કીધી. રાતે ને રાતે નીકળી શરીરે રાખ ચોળી યોગિની થવાનો વિચાર કીધો. પણ એટલા રસ્તામાંથી કોઈને પણ તેની બુદ્ધિએ સ્વીકાર્યો નહિ. તે પોતાના મનમાંજ બોલી:—

મને મારા પોતાના પ્રાણનો તો લોભજ નથી. આવાં જીવનથી તો મરણજ સારૂં છે. પરંતુ આ નાનો છોકરો “મા, મા” કરીને મરી જશે. આ દુઃખના વખતમાં એજ મારૂં જીવન છે. (કાંઈક વિચાર કરી) અરે સારૂં સ-મરણ થયું! યદિ હું સમજ્યા મૂકયા વગર કાંઈ કરી નાંખત તો મહા અનર્થ થઈ જાત. સંસાર એજ શાક લા-

વત કે એ દુરાચારી સ્ત્રી હતી તેથીજ એણે આત્મઘાત કીધો. નહિ ! નહિ ! અવશ્ય જીવીશ. આજ યદિ એ પ્રમાણ આપ્યા વગર ચાલ્યા ગયા તો શું થયું ? હજી એમનો સંદેહ નહિ ગયો હશે. કોઇ દહાડો પ્રસંગ મળશે તો એને બતાવી દઇશ કે, હું સતી છું, કુલટા નથી. એમણે મને કુલટા કહીને બન્ને કુળપર કલંક લગાડયું છે. જ્યાં સુધી એ કલંક દુર નહિ થશે ત્યાં સુધી હું મરીશ નહિ આ વિચારથી તેને જીવવાની આશા આવી, પરંતુ દુઃખ મટયું નહિ. સાસુ અને દીઅરના અનેકવાર પુછવા છતાં તેણે પોતાના મનનો ભેદ ખોલ્યો નહિ. પરંતુ આ સંતાપને લીધે તે કોઈ પણ જાતની બિમારી વગર દિનપ્રતિદીન સૂકાવા લાગી. પતિના દુરાચારનો તેને બહુ શોક હતો, પરંતુ પોતાના સૌભાગ્ય ચિન્હને લીધે તે તેની પરવા રાખતી નહોતી. પતિના વચનબાણોએ તેના હૃદયના ટુકડે ટુકડા કરી નાંખ્યા. તે રાત દિવસના ચોવીશ કલાકમાં ઓછામાં ઓછી અડતાલીસ વાર પતિના તહોમતને યાદ કરી નિશાસા નાંખ્યા કરતી હતી.

આ તરફ **દોલતરાયે** પોતાના મનનો ભેદ **કાળીઆને** તેના અનેકવાર પૂછવા છતાં બતાવ્યો નહિ. તે એફ. એ. માં નાપાસ તો થઈ ચૂકયો હતો. હવે તેના ઇષ્ટમિત્રોએ બૅરીસ્ટરની પરિક્ષા પસાર કરવા માટે વિલાયત જવાની

સલાહ આપી. **કાળીદાસ** આ સમ્મતિમાં સંયુક્ત તો થયો પણ તેણે સાફ કહી દીધું કે મારી પાસે રૂપિઆ નથી. તમારે વિલાયત જવું હોય તો પોતાના ગામ ગીરો મૂકી જાઓ. લંગોટીઆ મિત્ર **કાળીદાસ** પાસે હિસાબ લેવાની તો તેનામાં શક્તિજ હતી નહિ. તેણે તરત એ વાત માની લીધી, ચારે ગામ શેઠ **ફતેચંદ ભગવાનચંદને** ત્યાં ગીરો મુકવામાં આવ્યાં. આ રીતે રૂા. ૨૭૦૦૦) મેળવી **દોલતરાયે** વિલાયત જવાનો પાકો મનસુબો કીધો. જો કે બૅરીસ્ટરની પરિક્ષા પસાર કરવા માટે રૂા. ૧૦૦૦૦ થી વધારેની આવશ્યકતા નહોતી, પરંતુ મી. **દોલતરાય** જેવા અમીર આદમીનું પોષણ દશ હજાર રૂપરડીમાં શી રીતે થઈ શકે? વળી **કાળીદાસ** પણ ખાઇ પીને બેડો પાર કરવા ચાહતો હતો. જો કે **દોલતરાયે** તેને કદી હિસાબ પૂછયો નહોતો પરંતુ હું આ ઉપન્યાસના વાંચકોને બતાવી દઉં છું કે સાડાબાર હજારની આમદાનીવાળા ચાર ગામો-માંથી કાળીઆના અત્યાચારને લીધે ૯૭૫૭ રૂપિઆથી કદી વધુ વસુલ થઈ શકયા નહિ. આમાંથી મહબુબનો પગાર, તેની ફરમાસો, શેઠ સાહેબની ફેશન, શરાબ અને અન્ય કામોમાં પાંચ હજારનો વાર્ષિક વ્યય થતો હતો. બાકીના ૪૬૫૭ રૂપિઆ કાળીઆના બાપ દાદાનાજ સમજી લેવા. તે સિવાય તેણે મહબુબજાન પાસેથી ચોથાઇ, કમી-

શન, શેઠ ફતેચંદની પાસેથી લીધેલી દલાલી અને ગામોમાં ખેડુતો અત્યાચાર કરવા થકી પચાસ સાંઠ હજાર રૂપિઆ એકઠા કરી લીધા હતા, તે તો અલગ. પરંતુ બુઢિયાને પીઠ ફેરી ઔર ચરખેકી હો ગઈ ઢેરી. શેઠનાં વિલાયત જવા પછી દોઢ મહિનામાં કાળીઆના ગામમાં ધાડ પડી. કાળીઆની મીલકત, ધન વિગેરેની દુર દુર સુધી ખબર થઈ ગઇ હતી. ધાડ પાડુઓ તેના ઘરમાં ઘુસી સર્વ સામાન, રૂપિઆ વિગેરે લઇ ગયા. કાળીઓ ફરીથી રંક થઈ ગયો. દોલતરાયને ઠગ્યા સિવાય તે કાંઈ ભણ્યોતો હતોજ નહિ. અને એવા કુકર્મીને કોઈ પાસે પણ બેસવા દેતું હતું નહિ, તેથી તેણે મુસલમાન ફકીર બની "મૌલા તેરા ભલા કરે" ના અવાજથી જેમ તેમ પેટ ભરવા માંડયું.

પ્રકરણ ૧૪ મું.

વિલાયતનો પ્રવાસ અને મેડમની મ્હોબ્બત !

દોલતરાયનો વિલાયત જવાનો મનસુબો તો પાકોજ થયો હતો. ખરચને વાસ્તે ચારે ગામ ગીરો મુકી ૨૭૦૦૦) રૂપિઆ મેળવી લીધા. બે મહિનાથી જવાની તૈયારી થવા

લાગી. અત્યાર સૂધી તો મી. **દોલતરાય** કદી કદી ધોતીઉં પહેરીને પણ બહાર નીકળતા હતા પણ હવે તો વિલાયત જવાના વિચારથીજ તેમને ધોતીઆ પ્રત્યે છીટ ઉત્પન્ન થઈ. ધોતીઉં ફેંકી પાટલુન પહેર્યું. પાટલુનની સાથે દેશી ટોપી શોભતી નથી, તેથી તેણે અંગ્રેજોની છજ્જાંવાળી ટોપી ખરીદી. જ્યારે પાટલુન, કોટ અને હેટ પહેરી લીધાં, તો પછી ચીરૂટ વા સિગાર પીવામાં લજ્જા શી છે? બસ! નિયત કરેલા દિવસે રેલ્વે ટાઈમથી દશ મિનિટ પહેલાં યુરોપીઅન પોશાકમાં સજ્જ થઈ, ચીરૂટમાંથી ધૂમાડો કાઢતો કાઢતો **દોલતરાય** ઘેરથી નીકળ્યો. નીકળતાંની સાથેજ તેને દશ બાર ભિખારીઓએ ઘેર્યો. ભીખારીઓમાં લઠ કઠ ભારતના બદનામ ભિખારીઓ નહોતા, ખરેખર તેઓ નિરાધાર થઈ પડેલા હતા. ગજવામાં હાથ નાખી, તે જેવો કાંઈ આપવા જાય છે, એટલામાં **કાળીઓ** આવ્યો અને એકદમ પોકારી ઉઠયો. "હેં! હેં! એ શું કરો છો? એજ નાલાયક દેશનો નાશ કરી રહ્યાં છે. એમને આપવાથી ભારત વર્ષમાં દિનપ્રતિદિન ભીખારીઓની સંખ્યા વધતી જાય છે. નાલાયક મજુરી તો કરતા નથી, પણ નાહક મુસાફરોને સતાવે છે. ચાલો નહિ તો હોટલમાં જવાનું મોડું થશે."

દોલતરાય—મોડું થશે તો ફિકર નથી, કાલે જઈશું, પણ આ બિચારાં અનાથ માણસો છે તેને તો કાંઈ આપવું જોઇએ. એ મજુરી કરી શકતા નથી. બિચારાં આફતનાં માર્યાં આવી સ્થિતિમાં આવી પડયાં છે. એમને આપવાથી પરમેશ્વર પ્રસન્ન થાય છે.

બસ! બસ! આટલું આટલું ભણ્યા છતાં પણ તમારા મનમાંથી વ્હેમ દૂર થયો નથી. હજી તમને પરમેશ્વરમાં આસ્થા છે ખરી! હજી તમારા દીલમાંથી પરમેશ્વર નીકળ્યો નથી. ઇશ્વર છેજ કયાં કે તે પ્રસન્ન થાય! અને જે આફતમાં આવી પડયાં છે, તેને આપણે મદદ પણ શું કરી શકીએ! આખો મૂલકજ આ વખત ભિખારી છે. તમે કોને કોને આપશો!" **કાળીઆએ** દમામથી કહ્યું.

દોલતરાયનું કાળીઆની આગળ કશું ચાલ્યું નહિ. તે બિચારાં ગરિબ ભીખારીઓને હડેધુત કરી ત્યાંથી આગળ ચાલ્યો. ભીખારીઓ રડતાં રડતાં પોતાને પંથે પડયાં. તે દિવસે તેનાથી આગબોટપર પહોંચી શકાયું નહિ. બીજા આઠ દિવસ સુધી બીજી કોઇ સ્ટીમર વિલાયત જવાની નથી તેથી ત્યાંજ થોભવું પડયું. આ સમયમાં મુંબઈની ખુબ મઝા કરી લીધી. કોઇ દિવસ સફેદ ગલીમાં ગયા વગર તો રહ્યાજ નહિ.

કૅલેડોનીઆ નામની સ્ટીમરમાં પહેલા વર્ગની સીટનું ભાડું ચૂકવતી વખત **દોલતરાયે** પોતાનું દેશી નામ બદલ્યું અને તેને બદલે **ચાર્લી** લખાવ્યું. વહાણ રવાના થતી વખતે તે પોતાના મિત્રોની સાથે બંદરપર ગયો. મી. ચાર્લી **કાળીઆને** ખર્ચના રૂા. ૫૦૦) આપી રવાના થયો. આઠ દિવસમાં સઘળી મોજ મજાહના રૂપિઆ સાડાચાર હજાર થયા. આ પ્રમાણે જ્યારે તે મુંબઇથી ઉપડયો ત્યારે તેની પાસે રૂા. ૨૨૦૦૦) બચવા જોઇતા હતા, પણ ફર્સ્ટ કલાસ ટીકીટના રૂા. ૧૦૦૦ બીજા કાઢી નાંખતાં માત્ર ૨૧૦૦૦) રૂપિઆ તેની પાસે બચ્યા.

એડન સુધી કોઇ નવી ઘટના બની નહિ. ત્યાંથી એક યુરોપીઅન ઑફીસર પોતાની મડમ અને બે છોકરાં સહિત મી૦ ચાર્લીના કમ્પાર્ટમેન્ટમાં બેઠો. તેમની સાથે ૧૯ વરસની એક યુરોપીઅન યુવતિ હતી. તે બાળકોને ખવરાવવા માટે નોકરડી રહી હતી. તેની ભુરી ભુરી આંખ, ગોળ બરફ જેવો ચ્હેરો, લાલ લાલ વાળ અને ઠિંગણું કદ સાથે જવાનીનો તોર જોઇ મી૦ ચાર્લીને મુંબઇની **મહબુબજાન** યાદ આવી. યાદ આવતાંજ તેનું હૃદય છટકયું. અને અંતઃકરણમાં આનંદને બદલે શોકે નિવાસ કીધો. ખાંવું, પીવું ત્યાગ કીધું. કેટલીક વખત તેણે ઇચ્છા કરી કે કોઇ બહાનું કાઢી એની સાથે વાત કરૂં. પરંતુ સાહે

બના ડરથી સભ્યતા વિરૂદ્ધ વિના પ્રસંગે વાત કરી શકયો નહિ. સાયંકાળને વખતે સ્ત્રી અને બાળકને લઇ જ્યારે સાહેબ બહાર નીકળ્યો ત્યારે પેલી નોકરડી મીસ **ડાર્લીને** પોતાની ઓરડીમાં એકલી બેઠેલી જોઈ મી૦ **ચાર્લીએ** સાહસ કીધું. તે સ્ત્રી પણ મી૦ **ચાર્લીનું** રૂપ અને તેનો ઠાઠ જોઈ વારંવાર તેના તરફ જોવા લાગી હતી. અને તેની પણ ઇચ્છા હતી કે આ માણસ સાથે કાંઈ વાતચીત કરવી જોઇએ. થોડીવાર સુધી બન્ને જણ એક બીજા તરફ ટીકી ટીકીને જોવા લાગ્યાં. પછી મી૦ **ચાર્લીએ** પોતાની પેટી-માંથી દીલ્લીમાં બનેલો ચાંદીનો એક બ્રુચ કાઢી કટાક્ષથી તેના તરફ જોઇ કહ્યું "**લેડી!** આ બ્રુચ હું ભેટ કરૂં છું તે સ્વિકારશો? જો આપ અપ્રસન્ન નહિ થાઓ તો હું એ આપને અર્પણ કરૂં છું?

મીસ ડાર્લી—નહિ નહિ! જેન્ટલમેન! એમાં અપ્રસન્ન થવાની કઇ વાત છે? જ્યારે કૃપા પૂર્વક આપો છો તો મારે લેવુંજ જોઇએ. પરંતુ મને જણાવો તો ખરા કે આપ કોણ છો? કયાં રહો છો? અને કયાં જાઓ છો? આપની પૂરી માહિતી મેળાવ્યા વિના આપની ભેટ લેવાનો મારો ચાલ નથી.

મી. ચાર્લી—લેડી, હું ભારતભૂમિના એક જમીન-દારનો પુત્ર છું. વિલાયતમાં બૅરીસ્ટર થવા જાઉં છું.

મીસ ડાર્લી—ત્યાં જઈને કયાં રહેશો ? જો આપે અત્યાર અગાઉ રહેઠાણનો બંદોબસ્ત ન કીધો હોય તો આપ ગાર્ડન્સ હૉટલમાં રહેજો. તે હૉટલનો મેનેજર મારો મામો છે. તેને હું એક પત્ર લખીશ. આપ ત્યાં રહેશો તો આપને સારો આરામ મળશે.

મી. ચાર્લી—આ કૃપા માટે હું આપનો આભાર માનું છું. હું લંડનમાં તદન અજાણ્યો છું. આપની મદદથી મને સૌ વાતનું સુખ મળશે. આપ પણ જણાવો તો ખરાં કે પોતે કોણ છો અને આ સાહેબની સાથે કયાંથી થયાં છો ?

મીસ ડાર્લી (હસીને)—હું મારો હેવાલ શું કહું ? હું એક વખત એક અમીરની છોકરી હતી પણ આજે આ સાહેબની લોંડી છું. એમનીજ સાથે લંડન જાઉં છું. હું વાત સાંભળ્યા કરતી હતી કે ભારતવાસીઓ જંગલી હોય છે, પણ આપને જોઈ મારા વિચાર બદલાઈ ગયા છે. આપ તો મને ઘણાજ ભલા આદમી માલૂમ પડો છો. આપની ભલાઈ દેખી ભેટ ગૃહણ કરૂં છું. આ ભેટ મને સદા યાદ રહેશે.

ચાર્લી—નહિ લેડી ! ભારતનાં સઘળાં આદમી જંગલી નથી. તેમણે યુરોપીઅન પાસેથી પાશ્ચિમાત્ય સભ્યતા અને વિદ્યા શીખી લીધી છે. ધીમે ધીમે તેમના વહેમ નષ્ટ થતા જાય છે. હવે ઘણા દેશીઓ યુરોપીઅનો સાથે ખાવા પીવા

લાગ્યા છે અને ઘણાઓએ યુરોપીઅનો સાથે વિવાહ સંબંધ પણ જોડી દીધો છે.

મીસ—આ વાત સાંભળી મને ઘણો આનંદ થયો. ત્યારે તો હું પણ કોઈ ભારતી અમીર સાથે.........આટલું બોલતાંની સાથેજ તેના શેઠે તેને બોલાવી. **મીસ** તેની તરફ ચાલી ગઈ. **ચાર્લી**એ નિશ્ચય કીધો કે આ છોકરી કુંવારી છે અને કોઈ ભારતવાસી અમીર સાથે લગ્ન કરવાની ઈચ્છા રાખે છે. આ વાત જાણવાથી તેને ઘણો આનંદ પ્રાપ્ત થયો. તે મનમાંજ તે કુમારિકા સાથે લગ્ન કરવાની મોજ, તેની સાથે ભોગ વિલાસના હવાઈ કિલ્લા બાંધવા લાગ્યો. ત્રણ ચાર દિવસ સુધી તે બન્નેને એકાંત સંભાષણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો નહિ. એક દિવસ અકસ્માત ઘણા જોરથી તોફાન થઇ મેહ વરસવા લાગ્યો. **મીસ ડાર્લી**ને સમુદ્રની હવાથી જ્વર આવવા લાગ્યો. સાહેબ એડનથી રવાના થતી વખત દવાનો બોકસ ભુલી ગયો હતો. વર્ષાદની સાથે સરદી પણ વધુ હતી. સાહેબ અને મડમને પણ થોડી થોડી જ્વરની અસર હતી. પોતાની ઓરડીમાંથી બહાર જઇ બીજાં માણસો પાસે **ડાર્લી**ને માટે દવા માગવામાં સાહેબને સંકોચ થયો. અદ્યાપિ તે મનમાં તો ભારતવાસીઓની ઘૃણા કરતા હતા, પરંતુ આ વખત લાચાર થઇને તેમને બાબુને કહેવું પડ્યું. મી૦ **ચાર્લી**

તો અવસરને માટે રાહ જોઈજ રહ્યો હતો. તેણે તરતજ પોતાની પેટીમાંથી દવાનો બોકસ કાઢયો. કેવળ દવાની શીશીજ નહિ પણ એક ગ્લાસમાં મિક્ષચર બનાવી **મીસ ડાર્લી**ને પાવાની તેણે આજ્ઞા માગી. સાહેબે હર્ષપૂર્વક આ માગણી સ્વીકારી. **મીસ**ને આ દવાથી આરામ થયો. બસ!

આ વખતથી **મીસ ડાર્લી** અને **ચાર્લી** વચ્ચે વાર્તાલાપના વ્યવહારનો માર્ગ મોકળો થઈ ગયો. મીસે બાબુને ધન્યવાદ આપ્યો. બાબુએ મીસની ખુબ ધ્યાન પ્રર્વક સુશ્રુષા કરી. બસ! તેજ દિવસથી એ બન્ને વચ્ચે પ્રેમનું બીજ રોપાયું. પ્રેમની સાથેજ બન્નેના હૃદયમાં પ્રણયનો નિવાસ થયો. સાહેબની રજા લઈ બન્ને એકાંતમાં સંભાષણ કરવા લાગ્યા. ધીમે ધીમે બન્નેને પરસ્પર ઝાઝો પરિચય થઈ ગયો. લંડન પહોંચ્યા અગાઉ એ દિવસે મી૦ **ચાર્લી**એ મીસ ડાર્લીને કહ્યું:—

" તે દિવસે આપણે વાત અધુરી રાખી હતી. ખરેખર આપ કોઈ ભારતવાસી અમીરની સાથે લગ્ન કરવા ઈચ્છા રાખો છો? યદી આપનો વિચાર પાકો હોય તો હુંજ આપનો દાસ બનવા ચાહું છું. મારા આ સહાસથી ગુસ્સે થશો મા. "

મીસ—નહિ, પ્યારા મિત્ર ! હું આપનાં કહેવાથી રૂષ્ટ થતી નથી. મેં જ્યારથી આપણું મુખ જોયું છે ત્યારથી મારી પણ એજ ઇચ્છા હતી કે તમારી સાથે લગ્ન કરૂં પરંતુ એ વાતને સ્વીકાર કર્યા પૂર્વે હું આપને એક વાત પૂછવા ચાહું છું. શું અદ્યપિ પર્યંત આપ કુંવારાજ છો. ! મેં સાંભળ્યું છે કે ભારતવર્ષમાં તો બાળકનું જન્મતાંનેવાર લગ્ન થઈ જાય છે. ?

મી. ચાર્લી—હા ! એમ થાય છે ખરૂં. પરંતુ હવે શીખેલાં ભણેલા લોકોએ એ ચાલ ત્યજી દીધો છે. હવે અમારા લોકોમાં યુવાન થયા પછી ઇચ્છિત વિવાહ કરવાની રીત પ્રચલિત થઈ ચૂકી છે. મેં પણ હજી સુધી લગ્ન કીધું નથી. મારો વિચાર છે કે, બૅરીસ્ટર થયા પછી લગ્ન કરૂં બસ ! હવે મારૂં કહેવું એજ છે કે મારી પ્રાર્થના સ્વીકારી મને પ્યારી કહેવાની આજ્ઞા આપો, તો આભારી થાઉં !

મીસ ડાર્લી—વારૂ ! પ્યારા ! હું તમારી પ્રાર્થના સ્વીકારૂં છું. ”

આટલી વાતચીત થઈ રહ્યા બાદ બન્ને જણ વચ્ચે વિવાહનો ઠરાવ નકકી થયો. બન્ને એ પોતપોતાની વીંટી બદલી અને તેજ વખતથી પરસ્પર પ્યારા, પ્યારીનું સંબોધન આરંભ્યું. ઑફીસર અને તેની મડમને આ વાત જાણી

કંઇક **આશ્ચર્ય** અને કાંઈ ખેદ તો થયો, પરંતુ સભ્યતાના વિચારથી તેમણે કાંઈ કહ્યું નહિ. બૅરિસ્ટરની પરિક્ષા પાસ કરવા બાદ બન્નેએ વિવાહ કરવાનો નીશ્ચય કીધો. બરાબર સત્તર દીવસે મુસાફરી પુરી કરી "કૅલેડોનીઆ" વહાણ લંડન પહોંચ્યું. સ્ટીમ લાંચમાં બેસી બન્ને કિનારે પહોંચ્યાં. બંદરની નજીકના હૉટલમાં વિશ્રામ કરી બન્નેએ એકજ ટેબલપર ભોજન કીધું. પરસ્પર પ્યાલા મેળવી એક બીજાની સલામતી લીધી. **મીસ ડાર્લી**એ ગાર્ડન્સ હૉટલના મેનેજર મી. **ક્રેકસ** ઉપર મી. **ચાર્લી**ની પૂરમાશનો પત્ર લખ્યો. પત્રમાં તેણે જણાવ્યું હતું કે, એ મારો ભવિષ્યનો પતિ છે. કૅલેડોનીઆ સ્ટીમરમાં મારી બીમારી વખતે એમણે મારી બહુ સારી આગતાસ્વાગતા કરી હતી. એ બીજા ભારતવાસીઓની માફક તદ્દન ગમાર નથી. એ શિક્ષિત યુવાન યુરોપીઅન રીતીઓનો વખાણનાર અને માહિતગાર છે. એમને ખાતર કોઈ પણ જાતની ખામી રાખશો નહિ. **ચાર્લી** પોતાનો સામાન લઈ ગાર્ડન્સ હોટલમાં પહોંચ્યો. મી. **ક્રેકસે** પોતાની બેનની પુત્રીની ચીઠ્ઠી મળવાથી મી. **ચાર્લી**નો ઘણો સારો સત્કાર કીધો. તેણે ત્યાં એક સુંદર દિવાનખાનું પોતાના ઉતારા માટે ભાડે લીધું. વહાણનાં ભાડાં સિવાય **મીસ ડાર્લી**ની સેવામાં લગભગ એક હજાર રૂપિઆ તેને ખર્ચ થયો હતો. તેમાં વીંટીના એક હજાર

તો ગણ્યાજ નથી. પરંતુ અહીંઆં એ લખવું આવશ્યક છે કે, **મીસ ડાર્લીએ** બાબુને જે વીંટી ભેટ કરી હતી, તે માત્ર છ રૂપીઆ પાંચ આના નવ પઈની હતી.

એ ત્રણ દિવસ વિશ્રામ લેવા પછી મેનેજરની સિફારસ અને મુંબઈના એક પ્રતિષ્ઠિત ગૃહસ્થની ચીઠ્ઠીને લીધે કૉલેજના પ્રીન્સીપાલને મળી બૅરીસ્ટરનો અભ્યાસ કરવા મી. **ચાર્લી** દાખલ થયો. બૅરીસ્ટરની પરિક્ષા પસાર કરવા માટે પહેલાં વિલાયતમાં ભણવાની આવશ્યકતા નહોતી. માત્ર ત્યાંના મોટા મોટા માણસોને ખાણું આપવાથીજ કામ ચાલતું હતું પણ જે સમયે મી૦ **ચાર્લી** દાખલ થયો તે વખતે એ નિયમ બદલાઇ ગયો હતો. ગમે તેમ હોય પણ ત્યાંનું શિક્ષણ કાંઈ કઠિન નથી. એક અઠવાડિઆમાં દશ બાર કલાક ભણવું પડે છે. એ કારણથી વિલાસી **ચાર્લીને** કાંઇ બોજો માલૂમ પડયો નહિ, અને તેણે આનંદની સાથે પોતાનો કોર્સ સમાપ્ત કીધો.

પ્રકરણ ૧૫ મુ.

વિલાયતનો વા વાયો !

મી૦ દોલતરાય- ઉર્ફે ચાર્લીએ વિલાયતમાં નિવાસ કરતી વખતે સારી રીતે ધ્યાન તો આપ્યું નહિ, પરંતુ શિક્ષણ કઠિન નહોતું. તેને લખવા ભણવા સિવાય બીજું કાંઈ કામ હતું નહિ. કૉલેજના પ્રોફેસરો અને માસ્તરો સિવાય લંડન જેવા વિશાળ શહેરમાં તેને કોઇ સાથે પરિચય નહોતો. સાધારણ મનુષ્યને પણ જ્યારે મોટાં શેહરોમાં નિવાસ કરતી વખત જ્યાં સુધી પિછાણ ન હોય અને કોઇની સાથે વાતચીતમાં કલાક બે કલાક નહિ વીતે ત્યાં સુધી રહેવું બોજા સમાન લાગે છે. તો દોલતરાય જેવા વિલાસી પુરૂષને કેમ કરીને સ્હેન પડે ? તેણે પોતાની કોલેજના એક સહપાઠી દ્વારા પ્રયત્ન કરી કોસ્મોપોલિટન કલબમાં પોતાનું નામ લખાવ્યું. કલબમાં જવા આવવાથી મોટા મોટા લોક જોડે પરિચય થયો. કલબના મેમ્બરો સાથે લંડનના મોટા મોટા નાચમાં જઈ જઇને તે મડમોની સાથે નાચવા શીખ્યો. એ કલબને લીધે થોડા કાળમાં તે ત્યાંના સમાજમાં એવો તો ભળી ગયો કે જાણે

તેમનો જન્મ લંડનમાંજ થયો હોયની ! યદ્યપિ તો તેણે પોતાના મિત્રોની સંમતિથી વહાણમાં દાખલ થતી વખતે પોતાનું નામ બદલી **ચાર્લી** લખાવ્યું હતું પણ હવેજ સાચું પૂછો તો તે ખરો અંગ્રેજ બન્યો. નાચમાં વારંવાર જવાથી ત્યાંની અનેક સુંદરીઓ સાથે ઓળખાણ થઈ. ઘણીઓની સાથે મિત્રતા થઈ. અને એક વિધવા યુવતિ સાથે તો મિત્રતાએ પ્રણયનું રૂપ પકડયું. મી૦ **ચાર્લીએ** **સુમનનો** વિવાહ અને મીસ **ડાર્લી** સાથેનો કરાર મીસીસ **ડાર્લીંગ્ટનથી** છુપાવી તેની સાથે વિવાહ કરવાનો નિશ્ચય કીધો. પરંતુ અત્યાર સુધી પોતાના મનનો ભેદ મીસ **ડાર્લી** આગળ તેણે પ્રકાશિત કીધો નહિ. યુરોપની સ્ત્રીઓ જે ધણીને પોતાનો સ્વામિ બનાવવાની ઈચ્છા કરે છે. તેમની પાસે ઇચ્છિત વસ્તુ માટે દ્રવ્યની યાચના કરી તેમનાં ગજવા ખાલી કરી મુકે છે. એજ કારણથી ત્યાંના કેટલાક પુરૂષો પરણવાને બદલે કુંવારા રહેવાનુંજ પસંદ કરે છે. અને પોતાની કામના તૃપ્ત કરવા માટે વ્યભિચારના પંજામાં ફસાય છે. સમાજનો ત્યાંના સ્ત્રી પુરૂષ પર સારો અંકોશ છે, તો પણ સ્વાતંત્ર્યને લીધે તેમને સાધન પણ સારાં મળી આવે છે. જ્યાં એક સ્ત્રીને મેળવવા માટે ભારે ખર્ચ કરવો પડે છે. ત્યાં બે સ્ત્રી મેળવવા માટે **દોલતરાયને**

કેટલો ખરચ કરવો પડયો હશે, તેનો વિચાર પાઠક પોતેજ કરી લેશે તો બસ છે.

યદ્યપિ મીસ ડાર્લીએ ચાર્લી પાસેથી બહુજ આભુષણ ઘરેણાં આદિ મેળવ્યાં હતાં, અને મીસીસ ચાર્લી બનાવવા તેની પરિક્ષાની પણ બહુ આતુરતાથી રાહુ દેખતી હતી, પરંતુ તેણે પોતાના શેઠની નોકરી અદ્યાપિ પર્યંત છોડી નહોતી. તેનો એવો નિયમ હતો કે પોતાના મામાના હૉટલમાં આવી ચાર્લીને બુધવાર, શનીવારે મળ્યા કરતી હતી. આ દરમ્યાન જ્યારે તે ઑફીસરની રજા સમાપ્ત થઈ ગઈ અને તેણે એડન તરફ ફરવાની તૈયારી કીધી ત્યારે મીસ ડાર્લીએ પોતાના ભાવિપતિની સંમતિ લઇ નોકરીનું રાજીનામું આપી દીધું, અને તેજ હૉટલમાં ચાર્લીની ઓરડી પાસેજ એક ઓરડી રાખી તેમાં રહી તે એક દિવસ રાતના સાડાદશ વાગે મીસ ડાર્લી સાથે પોતાની ઓરડીમાં બેસી મજાક ઠઠ્ઠાની વાત કરી રહ્યો હતો તે સમય એક નોકરડીએ આવી તેના હાથમાં એક કાર્ડ મૂક્યો કાર્ડ મળતાંજ તેના હોંશ ઉડી ગયા તેનો ગભરાટ જોઈ મીસ ડાર્લીએ કાર્ડ લઈ વાંચ્યો. વાંચતાંની સાથેજ તેણે લાલ લાલ આંખ કરી તેની તરફ જોયું. મીસ ડાર્લી હવે મોટા સકંજામાં આવી પડયો. પરંતુ મીસીસ ડાર્લીંગને અંદર બોલાવ્યા સિવાય બીજો ઉપાય નહોતો તેણે ગભરાતાં મન-

રાતાં નોકરડીને કહ્યું "તેને અંદર મોકલો" **ચાર્લીને** વિચારમાંજ પંદર મિનિટ થઇ ગઈ હતી. મીસીસ **ડાર્લીં-ગને** આટલી બધી વાર સુધી પોતાના ભવિષ્યના પતિને આંગણે ઉભા રહેવામાં અપમાન માન્યું અને તે જોરથી બોલી "કેમ મી૦ **ચાર્લી** આજે મારૂં અપમાન? આ યુવતિ કોણ છે? **ચાર્લી** (ગભરાઈને)—હા પ્યારી! હું કોઈ આવશ્યક વિષયમાં એની સાથે વાત કરતો હતો તેથી તમને બોલાવવામાં વાર લાગી. ક્ષમા કરો. આપ તો મારા બતાવેલા સમય પર આવ્યાં છો, પરંતુ આ આજ અચાનક આવી. કૅલેડોનીઆ સ્ટીમરમાં એ મારી સહવાસિની હતી. ત્યારથી એની અને મારી મિત્રતા થઈ છે. એ ઘણી ભલી સ્ત્રી છે અને મારા પર ઘણી કૃપા રાખે છે.

ડાર્લી—હૈં! મિત્રતા થઇ છે? ખરી વાતને શા માટે છુપાવો છો? દાળમાં કાંઈ કાળું માલમ પડે છે. સાચે સાચું કહીદો આ અજાણી સ્ત્રી કોણ છે?

ચાર્લી—હેં! આ અજાણી? એ તો એક પ્રતિષ્ઠિત ગ્રહસ્થની વિધવા છે. યુવતિ એની સાથે મારા વિવાહ—વિવાહ —એટલું કહેતાં કહેતાં જીભ બંધ થઈ ગઈ. ત્યાર પછી તેના મ્હોંમાંથી એક શબ્દ પણ નીકળ્યો નહિ. ત્યારે મીસ **ડાર્લી**એ વિધવા યુવતિને કહ્યું:—

શું આપ સભ્ય થઇને મારૂં સુખ ધૂળમાં નાખવા ચાહો છો ? જે મનુષ્યને હું પતિ બનાવવાનો નિશ્ચય કરી ચૂકી છું. જેની સાથે મારે બે વર્ષ થયાં ઠરાવ થઇ ચૂકયો છે તેને મારે હાથથી ખુંચવી પોતે સૂખ લૂટવા ચાહો છો ? ભલા આપે એની સાથે ઠરાવ કર્યા અગાઉ આ હોટલના મેનેજરને પ્રછયું હતું ? મેનેઝર મારા મામા થાય છે."

વિધવા—મેં મી૦ **ચાર્લીને** જેન્ટલમેન સમજીને એની વાતનો વિશ્વાસ કીધો. બસ ! એજ મારી મોટી ભૂલ થઇ. જો હું મેનેજરને પ્રછી જોત તો આજે મારૂં અપમાન થાત નહિ.

બન્ને મળી—કેમ **ચાર્લી** આપ બહુ સારા આદમી છો. અમને બેઉને ફસાવી સભ્ય સમાજમાં મોં દેખાડવા યોગ્યતા પણ રાખી નહિ. જો અમે ફરિયાદ કરીએ તો તમારી શું ઈજત રહે ? વાસ્તવમાં તમે હિંદુસ્થાનના ગમાર છો. તમે સભ્ય રીતભાતમાં શું સમજો ?

ચાર્લી (લજ્જીત થઈ)—હા. મારાથી આપ બન્નેનો અપરાધ થયો. હવે હું ક્ષમા માગું છું હવે મારી પ્રાર્થના એજ છે કે ફરિયાદી કરી આપણી ત્રણે જણાની ફજેતી કરશો નહિ. આપ જેમ કહેશો તેમ કરવાને હું તૈયાર છું. આટલું બોલી **દોલતરાય** બંનેના પગે પડયો. બંનેએ

વિચાર કરી એવો નિશ્ચય કીધો કે મી. **ચાર્લી** આઠ હજાર રૂપિઆ વિધવા **ડાર્લીંગને** આપે તો તે પોતાનો દાવો છોડી દે અને ત્યાર પછી મીસ **ડાર્લી** તેની સાથે વિવાહ કરે. **ચાર્લીએ** આ ઈન્સાફ સ્વીકારી તેજ સમય પેલી વિધવાને આઠ હજાર રૂપિઆની નોટ કાઢી આપી. વિધવા રાજી થતી થતી નોટ લઇને ચાલી ગઈ. તેના જવા પછી **ડાર્લીએ** કહ્યું "ઠીક! તેનાથી મેં આપનો છુટકારો કીધો પરંતુ એ તો કહો કે કંઇ હિંદુસ્થાનની જમીનદારીમાં તો ગલત નથી. એવું નહિ થાય કે હું તમારી જાળમાં ફસી મારૂં સર્વસ્વ નાશ કરી બેસું. આપે મારી બિમારીમાં જે સેવા કરી હતી તેથી હું આપના ઉપર અત્યાર સુધી મરી ફીટતી હતી, પરંતુ આપની આવી ચાલથી મને સંદેહ આવ્યો છે. હમણા પણ આપને ચાહું છું. આપની સુંદરતા અને મધુરી વાતોપર હમણાં પણ હું મોહિત છું. યદિ જમીનદારીની વાત જૂઠી હોય તો હું અહીંઆંથી ચાલી જઇશ અને આપની પાસે પેલી વિધવાની માફક કાંઈ પણ માગીશ નહિ."

ચાર્લી—નહિ નહિ પ્યારી! કાંઈ પણ ફિકર કર નહિ. ત્યાં જઇને આપણે એવું એવું સુખ ભોગવીશું કે જે ઈંગ્લાંડમાં અમીરો પણ ભોગવી શકતા નથી. જમીનદારી શું છે? એક નાનું સરખું રાજ છે. બસ! મારાથી આજ અપરાધ થયો છે. તેને માટે ક્ષમા માગું છું. પ્યારી! મને

ક્ષમા કરો. હવે મારાથી આપનો કોપ ખમી શકાતો નથી. અબળાના કોપમાં વજ્ર કરતાં પણ વધુ શક્તિ રહે છે. હવે પ્યારી મને ગળે લગાડી મારૂં હૃદય ઠંડુ પાડો. બસ ! હું બળી જળીને ખાખ થઈ જાઉં છું. મને બચાવો.”

ડાર્લી—ફરીથી એકવાર આપનાં વચનનો ભરોસો કરી આપની વાત સ્વીકારૂં છું. ઠીક! થોડો દારૂ લાવો. આજ મારા હાથથી પીવરાવી તમારૂં કલેજું ઠંડુ કરી દઉં છું. જોજો પ્યારીના હાથથી પીધેલો દારૂ કેવો સ્વાદ લાગે છે આટલી ઘટના બન્યા પશ્ચાપ બન્નેએ મદ્ય પીને રંગ ભોગમાં રાત્રી વ્યતિત કીધી. યદ્યપિ તેમનો વિચાર બેરીસ્ટરની પરિક્ષા ગયા બાદ વિવાહ કરવાનો હતો. તો પણ મીસ **ડાર્લી**એ ઉપલી ઘટનાથી ચેતી શીઘ્ર વિવાહ કરવાની સલાહ આપી. બીજે દિવસે સઘળી વ્યવસ્થા કરી તેમણે વિવાહ કીધો. તેજ દિવસથી બન્નેનો એક કોટડીમાં નિવાસ થયો. કોલેજનું અધ્યયન સમાપ્ત થવાથી **દોલતરાયે** પરિક્ષા આપી. પરિક્ષામાં તે ઉત્તીર્ણ થયો. પરિક્ષામાં ઉત્તીર્ણ થવા છતાં પણ ત્યાંના અમીરો અને કૉલેજના સહાધ્યાયીઓને મુલાકાત આપ્યા વિના પાછા ફરવું તેણે ઉચિત ધાર્યું નહિ. **ચાર્લી** પાસે જો કે રૂપિઆની તંગી હતી. તો પણ તે કાર્યને માટે આટલે દૂર આવ્યો હતો. તે કાર્યની સિદ્ધિ થઈ તેથી ત્યાંના મોટાં માણસોને ખાણું આપ્યા

વિના તેનો જીવ શાંત પડયો નહિ. તેણે ખાણું આપ્યું તેની સઘળી વ્યવસ્થા **ડાર્લી**એ કરી અને લંડનમાં વાહ વાહ પુકરાવી. આ ખાણામાં તેનું રૂા. ૩૭૫૯ નું પાણી થઈ ગયું ખાણું સમાપ્ત થયા બાદ જ્યારે બૅરિસ્ટરની સનંદ મળી ત્યારે તેણે ભારત વર્ષ આવવાની મરજી કરી. મડમ સાહેબે પ્રસન્નતાથી આ વાતને અનુમોદન આપ્યું ઠરાવ નક્કી થયા પછી દિવસ નીયત કરવામાં આવ્યો પણ **ચાર્લી**એ પોતાની પેટી તપાસી તો તેમાંથી ભાડાનો ચોથો ભાગ પણ નીકળ્યો નહી. તેણે સ્ત્રીથી એ વાત ગૃપ્ત રાખી **કાળીદાસ** ઉપર રૂપિઆ માટે તાર કીધો. ત્રણ દિવસ સુધી રૂપિઆની રાહ જોતાં જોતાં તેની આંખ થાકી ગઈ પરંતુ ઉત્તર પણ નહિ આવ્યો. જે લોક તેના સાચા મિત્ર બની તેનો પરસેવો પડે તો પોતાનું રક્ત નાંખવાનું પણ કરતા હતા અને તેના પૈસાથી મોજ કરતા હતા તે બધાને અલગ અલગ તાર કીધા પરંતુ કોઇએ તેની દીનતા પર લક્ષ આપ્યું નહી. આખરે તેની પાસે **કાળીઆ**નો તાર આવ્યો. તેમાં લખ્યું હતું કે “ અહીંઆ બીમારી ચાલી રહી છે. અમે સૌ મિત્રો બિમારીમાં સપડાયા છીએ. કોઈના જીવનની આશા નથી. હવે **નવનીતરાય** પર તાર મોકલી રૂપિઆ મંગાવો. તે ભલા આદમી છે ! આ ભીડની વખતે જરૂર મદદ કરશે. ” તાર મળતા **ચાર્લી** બહુ ગભરાયો.

તેણે કેટલીક વાર ભાઈના નામ પર તાર લખી લખીને ફાડી નાંખ્યા. જે ઘરથી રૂઠીને તે જમીનદારીનો હિસ્સો લઈ ચૂકયો છે. તેજ ઘરમાંથી બેરીસ્ટરની પરીક્ષા પસાર કરવા પછી સહાયતા લેવાની લજ્જા આવી. પરંતુ આ સમય ભાઈની મદદ વગર કામ બગડી જાય એવો સંભવ હતો તેથી તારમાં બહુજ નમ્રતા અને પોતાની દુર્દશા બતાવી રૂા. ૫૦૦૦) માગ્યા આ વાતની ઘરમાં ખબર થતાંજ સૌ ઉદાસ તો થયાં તો પણ પરીક્ષા પાસ કરવાની વાતે તેમનાં મનમાં આશા ઉત્પન્ન કીધી. તાર મળતાંજ **નવનીતરાયે** રૂપિઆ મોકલ્યા. રૂપિઆ મળતાંજ **ચાર્લીએ** પહેલા વર્ગની બે સીટને માટે “ અકબર ” નામની સ્ટીમરના મેનેજરને ભાડું આપી લંડનથી ભારતવર્ષ તરફ પ્રયાણ કીધું. સત્તર દિવસમાં મુંબઇ પહોંચી તેણે મડમ સહીત અમદાવાદ તરફ જવાનો વિચાર કીધો. અમદાવાદ જઇ એક બંગલો ભાડે લઈ, હાઇકોર્ટથી આજ્ઞા લઇને તેણે બેરીસ્ટરનો ધંધો શરૂ કીધો.

પ્રકરણ ૧૬ મું.

મર્ણ નિશ્ચય.

દોલતરાયે જ્યારથી વિલાયત પ્રણાય કીધું ત્યારથી તેને ગુજરાતી બોલવાની બિલકુલ આવશ્યકતા નહોતી. લંડનમાં જે ભારતવાસી રહે છે તેમને મળવા મૂકવામાં તેને લજ્જા આવતી હતી કારણ કે તે મી० **ચાર્લી** બની ગયો હતો. ત્રણ વર્ષ સુધી વિલાયતમાં રહેવાથી તે ગુજરાતી ભુલી ગયો હતો. વિલાયતમાં હિંદુસ્તાની ભાષા બોલનારા અંગ્રેજોનો ટોટો નથી. તેઓ જ્યારે એને મળતા ત્યારે એને ભારતવાસી સમજી એની સાથે હિન્દી ભાષામાં વાત કરતા હતા. પરંતુ તેનું એ કામ **દોલતરાયને** અસહ્ય થઈ પડતું હતું. લાચાચારીથી તેમની વાતોનો ઉત્તર તો એને હિંદીમાંજ આપવો પડતો હતો પરંતુ તે સમય પણ એ એવીજ હિન્દી બોલતો હતો કે જેવી ભારત વર્ષના યુરોપીઅનો બોલે છે. અમદાવાદમાં આવીને પોતાની સખત નામરજી છતાં તેને ગુજરાતી ભાષા ત્યાંના રહીશો અને વિશેષ કરીને પોતાનાં કુલો સાથે બોલવી પડતી હતી. આ કારણથી તેનાં હૃદયમાં બહુ મોટી વેદના થતી હતી પરંતુ શું કરે ? ગુજરાતી વીના જીવન ચાલવું કઠિન હતું.

બિચારા **દોલતરાયે** લાચાર થઈ ગુજરાતી બોલવાની શરૂઆત કીધી. કોર્ટમાં જવા અને અહીં તહીં ફરવા માટે તેણે ગાડી ઘોડા રાખ્યા. બૅરીસ્ટરને છાજતો સઘળો ઠાઠ રાખી, કુળો સાથે વાતચીત કરવા માટે બે માણસો રાખ્યા કુલો ઢુંઢી લાવવા માટે બે ત્રણ દલાલો સાથે ગોઠવણ કીધી. ત્યાંની સભા કમિટીઓમાં સામેલ થઈને લોકોનો પ્યાર ખેંચ્યો, દેશોપકાર પર લાંબા લાંબા વ્યાખ્યાન આપી લોકોને પ્રસન્ન કીધાં. પરંતુ બે ત્રણ વર્ષ સુધી તેની વકીલાત બરાબર ચાલી નહિ. અમદાવાદના બે ત્રણ પ્રસિદ્ધ બૅરીસ્ટરો અને ત્યાંના જુના વકીલો આગળ **દોલતરાયનું** ટટ્ટુ ચાલ્યું નહિ. આ દરમ્યાનમાં દલાલોની ચાલાકીથી જે કુલ **દોલતરાયના** પંજામાં સપડાયા તેમને પણ પ્રજાપક્ષીના હુશીઆર વકીલ, બેરીસ્ટરોથી હારવું પડયું. બસ! **દોલતરાયની** દુકાનની મીઠાઇ ફીક્કી થઈ ગઈ. અમદાવાદના લોકો તેની ચાલ અને નિષ્ફળતાપર હસવા લાગ્યા મહિના પર મહિના વીતવા લાગ્યા પણ એને મુકર્દમા મલ્યા નહિ. જે લોકો પાસેથી પૈસા ઉધાર લઇ એણે બૅરીસ્ટરનો ઠાઠ બનાવ્યો હતો તેમનાં તરફથી માગણીઓ થવા લાગી અને પ્રસંગોપાત તકાદા પણ કરવા માંડયા. ભાઈનું રૂણ, લોકોનું રૂણ અને તેણે દોઢ વર્ષમાં જેમ તેમ કરીને મેળવ્યું હતું તે પૂરૂ થતાં તેની આશા નષ્ટ થઈ.

ગઈ. તેણે ગાડી ઘોડાનું લીલાઉં કરી નોકરોને રજા આપી બંગલો છોડી શહેરના એક નાના મકાનમાં રહેવા લાગ્યો. પતિનું કષ્ટ જોઈ મડમને અતી કષ્ટ થયું. તેની પાસે જે કાંઈ હતું તે આપી તેણે તેને સહાયતા કરી. પરંતુ કષ્ટ ભોગવ્યા છતાં વ્રથા વ્યય નહિ છોડનાર **દોલતરાયનું** તેટલામા દ્રવ્યથી પુરૂં થયું નહીં. તેણે પેહેલાંની માફક આ વખત પણ નોકરીની તલાસ કરી. પરંતુ દુરાચારી **દોલતરાયને** ઈશ્વર સખ્ત શિક્ષા આપવાને ચાહતો હતો તેથી તે સર્વ જગાએથી "જગા ખાલી નથી" એ સિવાય ઉત્તર મળ્યો નહિ. **દોલતરાયપર** કેવળ રૂપીઆનીજ તંગાશ નહિ પડી પણ એના સંબંધમાં પેલી અંગ્રેજી લોકોક્તિ "દુર્દશા એકલી આવતી નથી" બરાબર ચરિતાર્થ થઈ.

મડમ સાહેબ દોઢ વર્ષ આ દેશમાં રહેવા છતાં પણ એવું જાણતી નહોતી કે તે પતિનાં લગ્ન થઈ ચૂકયાં હતાં તેને એ પણ ખબર નહોતી કે તે દુરાચારીને માટે બદનામ છે અને વેશ્યા ગામી છે. રૂપીઆની તંગી પડવાને લીધે જ્યારે જમીનદારીની વાત છેડતી ત્યારે તે કહી દેતો કે "જમીનદારી તો છે પરંતુ મારા પીતા વિદ્યમાન છે તેથી મને તે હમણાં મળી શકતી નથી. જ્યારે તે આ સંસારમાંથી ચાલ્યા જશે ત્યારે એક લાખ રૂપીઆની વાર્ષિક આવક ધરાવનારી જમીનનો માલિક મારા સિવાય કોઈ

નથી. હવે તો તદન વૃદ્ધ થઈ ગયા છે. તે જૂના વિચારના આદમી છે તેથી તારી સાથેના વિવાહથી મારી પર અપ્રસન્ન થયા છે. તેજ કારણથી હું તેમની પાસે જતો આવતો નથી.”

આ ઉત્તર સાંભળી મડમનો સંદેહ નિવૃત થઇ ગયો અને તેથીજ તે ફરીથી જમીનદારીના સંબંધમાં કાંઈ પણ પૂછતી નહોતી. અમદાવાદની યુરોપીઅન લેડીઓ એને મળતી તો હતી પણ એક હિંદુસ્તાની સાથે વિવાહ કરવાના સબબસર તેમને એના તરફથી ઘૃણા હતી.

યુરોપીઅન રમણીઓની ઘૃણાથી **ડાર્લીને** બહુ કષ્ટ થતું હતું. તે એટલું બધું કષ્ટ હતું કે તેની આગળ રૂપીઆની તંગાસ કુછ બિશાદમાં નહોતી. એક દીવસ **ડાર્લીએ** એક પત્ર લખી બેરિસ્ટર **સ્ટાર્લિંગની** મડમ સાથે મળવાની ઈચ્છા પ્રગટ કરી. બેરિસ્ટરની સ્ત્રિએ પોતાને બંગલે બોલાવી. એના જતાંની સાથે સાધારણ વાતચીત પશ્ચાત એણે પૂછયું:—

“ કેમ **મીસીસ સ્ટાર્લિંગ**! આપ લોક મારા તરફ આટલી બધી લૂખી વર્તણુક કેમ ચલાવો છો? શું મેં એક ભારતવાસી સાથે વિવાહ કરી યુરોપીઅન સમાજનો અનાદર કીધો છે?”

મીસીસ સ્ટાર્લિંગ—નહિ નહિ ! ભારતવાસીઓ સાથે વિવાહ કરવાથી અમારો કાંઈ અનાદર થતો નથી. એમ સ્વયં ચાહીએ છીએ કે દેશીઓ સાથે જેટલો પ્રેમ વધે તેમ સારૂં એમાં આપણા દેશનો લાભ છે. પરંતુ અમારી લુખાઇનું એક પ્રબળ કારણ છે. તેને બતાવી હું તમારૂં હૈયું દુઃખીત કરવા ચાહુતી નથી. મને પૂછશો મા.

ડાલી—નહિ નહિ ! એવું શું કારણ છે તે જરૂર કહો કૃપા પૂર્વક કહીને મારો ભ્રમ દૂર કરો. સંકોચ ના કરો. મારો જીવ આપના કહેવાથી ગભરાવા લાગ્યો છે.

મીસીસ સ્ટાર્લિંગ—પૂછવામાં આપ આટલો બધો આગ્રહ કરો છો તો લાચારીથી મારે કહેવું પડશે. પરંતુ એ વાતમાં યદી આપના પતીની નીંદા હોય તો મને ક્ષમા કરજો મેં સાંભળ્યું છે--અને વીશ્વાસનીય માણસોને મોંઢે સાંભળ્યું છે કે આપના પતીની વીવાહીત સ્ત્રી અદ્યાપી પર્યંત ગણદેવીમાં વિદ્યમાન છે. એમણે વીલાયત જવા અગાઉ મુંબઈમાં એક રંડીની સાથે મીત્રતા કીધી હતી, તેનું નામ મહબુબ છે.

ડાલી—શું ? આ વાત સત્ય છે ? આપ એની શું સાબીતી ધરાવો છો ?

મીસીસ સ્ટાર્લિંગ—બસ, પ્રમાણ મને નહી પૂછો.

યદિ આપને ભ્રમ હોય તો સ્વયં આપના પતિને પૂછી લો અથવા ગુપ્ત રીતે એ વાતનો પત્તો મેળવો.

આ રીતની વાતચીત થયા પછી જ્યારે **ડાર્લી** પોતાને ઘેર ગઈ તો તેણે પોતાના પતિને **મહબુબજાન** સાથે હસતો જોયો. તેને મીસીસ **સ્ટાર્લિંગ**નું કહેવું સત્ય ભાસ્યું. યદિ તે દિસે **મહબુબ દોલતરાય**ને પ્રેમ કરવા નહોતી આવી અને તેણે તેણે બોલાવી પણ નહોતી પણ તે જાણતી હતી કે **દોલતરાય** હવે બૅરિસ્ટર થયો છે એનો ભાઈ એક ખુનના મુકરદમામાં ફસ્યો હતો તે આજ કામમાં મુફ્ત વકીલ ઢુંઢવા માટે તેની કને આવી હતી. **મહબુબના** આગલા પ્યારને યાદ કરી **દોલતરાયે** આ વાત સ્વીકારી પણ ખરી. પરંતુ પોતાના દિવાનખાનામાં એક રંડીનું આવવું અને પતિનું તેની સાથે હસવું એ **ડાર્લીને** અસહ્ય થઈ પડયું. તેણે **મહબુબ**ના જવા પછી પતિને પૂછયું:—

“ કેમ પ્યારા! હવે શું ? પોતાની યુરોપીઅન લેડીને છોડી પોતાની પુરાણી મિત્રતા યાદ કરી એક રંડી સાથે પ્યાર કરો છો કે શું ? મેં સાંભળ્યું છે કે આપે વિલાયત ગમન પૂર્વે જે સ્ત્રિ સાથે લગ્ન કીધું છે તે આપના ગામમાં પડી પડી તમારે માટે રોદન કરે છે. હાય! હાય! તમે મારૂં સર્વસ્વ નાશ કીધું. મને બહુ મોટા ખાડામાં નાખી.”

દોલતરાય (ડરતો ડરતો)—નહિ, નહિ! એ સર્વ જૂઠ છે. તમને કોઈ શત્રુએ બ્હેકાવી દીધાં છે.

ડાર્લી—(ક્રોધથી—આપ નાકબુલ કરો છો પણ આપનો લથડતો અવાજ કહી આપે છે કે સઘળી વાત સત્ય છે. મને એક એવાં આદમી એ વાત કરી છે કે જેની સાથે આપને દોસ્તી પણ નથી. આપની ખાત્રી કરવા માટે હું તેનું નામ પણ બતાવું છું. મને **સ્ટાર્લીંગ** સાહેબની મડમ તરફથી ખબર મળી છે અને એજ કારણથી અત્રેની યુરોપીઅન લેડીઓ મને મળવા મુકવામાં ઘૃણા કરે છે. એક વાર હું આપનો અપરાધ ક્ષમા કરી ચુકી છું, પરંતુ આ વખત મારાથી ખમી શકાશે નહિ.''

દોલતરાય—(આંખ નીચી કરીને)—હાય! હાય! આજે મારા પાપનો ઘડો ફુટી ગયો. હવે હું કોઇને પણ મોં દેખાડવા યોગ્ય રહ્યો નહિ. આજ પાપને લીધે મને બૅરીસ્ટરના ધંધામાં એક ફુટી બદામ પણ મળતી નથી. પ્યારી! મારો અપરાધ થયો એકવાર હજી પણ ક્ષમા કરો.

ડાર્લી—નહિ નહિ, હવે ક્ષમા થઈ શકશે નહિ. હમણાં હું અદાલતમાં જઇ પરિત્યાગની પ્રાર્થના કરૂં છું. જેમ કર્યા સિવાય મારી રહી સહી પ્રતિષ્ઠા બે બદામની

થઈ જશે બસ! હવે તમને મને પ્યારી કહેવાનો અધીકાર નથી.

આટલું બોલી **ડાર્લીએ** અદાલતનો રસ્તો પકડયો. **દોલતરાય** તેના પગે પડયો પણ આ યત્ન વ્યર્થ ગયો. તેણે ન્યાયાલયમાં જઈ પોતાનો દાવો દાખલ કીધો. દાવાને પ્રમાણિત કરવાની વધુ આવસ્યકતા પડી નહિ કારણ કે તેની વીવાહીત સ્ત્રી **સુમન** ગણદેવીમાં વીદ્યમાન છે એવું કહેવાને એકસો આઠ સાક્ષી વીના કોટી ઉભા થઈ ગયા અદાલતે ડીક્રી કરી **ડાર્લીનો દોલતરાય** સાથેનો વીવાહનો પ્રબંધ તોડી નાંખ્યો. **ડાર્લીનો** સંબંધ તુટયા પછી **દોલતરાયની** રહી સહી પ્રતીષ્ઠા નષ્ટ થઇ ગઈ બૅરીસ્ટરનો ધંધો ચલાવી ચાર પૈસા પેદા કરવાની હજી તેને થોડી ઘણી આશા હતી, પણ હવે તેની સઘળી આશા નિરાશામાં ફેરવાઈ ગઈ. તે નોકરીથી પણ નીરાશ તો થઇ ચૂકયો હતો અને ભાઈના તરફથી કાંઈ પણ મેળવવાની તેને આશા નહોતી. ઉધાર રૂપીઆથી પેટ ભરવાનો અસંભવ હતો એટલે આખરે તેણે આપઘાત કરવાનો નીશ્ચય કીધો. આ કામને માટે તેણે અફીણ ખરીદયું અફીણ હાથમાં લેતાં તેને એક વીચાર સૂઝયો "સંસારમાં આ વખત મારૂં કોઇ સગું નથી. હું સર્વને અકારો થઈ પડયો છું. માબાપ અને ભાઈની સાથે પણ મેં લડાઇ કરી છે. સ્ત્રી કુલટા છે. તેની આશા

કરવી વ્યર્થ છે. આ કારણુથી મરવા સિવાય બીજો કોઇ ઉપાય નથી. દુનિયામાં સૌથી ઉત્તમ સંબંધ સ્ત્રીનો હોય છે. તે પણ જ્યારે બીજાના પંજામાં ફસાઈ છે ત્યારે હવે જીવીને શું કરીશ? અહીંઆં મારી પાસે કાંઈ ખાવાનું પણ નથી. મરીશ! મરીશ!! અવસ્ય મરીશ!!! પરંતુ આ વાતની ખબર સ્ત્રીને આપવી તો જોઇએજ. તેને મારા છેલ્લા રામરામ પણ કહેવા જોઇએ. પરંતુ, હા! હવે તેને રામરામ કરવામાં મને લાભ પણ શું છે? જ્યારે તે પરપુરૂષ ગામીજ છે તો મારા મરણથી તેને શો શોક થવાનો હતો? દુઃખિત હો ચાહે નહો પરંતુ મરવા અગાડી તેને અવશ્ય ખબર આપવી જોઇએ. કેવળ ખબરજ આપવી નહિ પરંતુ તેના ઉત્તરની એક બે દિવસ રાહુ જોવી. જોઉં તો ખરો તે આ વાત જાણીને શું કરે છે? ખેર! મરતાં મરતાં તેની યાચના પણ કરી લઉં. બસ! આ વિચારજ ઠીક છે." આટલો વિચાર કર્યા બાદ તેણે અફીણુ પડીકામાં બંધ કરી **સુમન**પર પત્ર લખ્યો:—

"તું કુલટા નહોત તો આ પત્રમાં હું પ્યારી સંબોધન લખત, પરંતુ તું પ્યારી શબ્દની અધિકારિણી નથી. મને તારા વ્યભિચારનું કાંઈ દર્દ નથી. યદિ સાચું દર્દ હોત તો હું તને તેજ દિવસે મારી નાંખત, પરંતુ તું પોતાના પાપનું ફળ ભોગવવા માટે જીવતી રહે. તુંજ

મારી સાથે પાપ પુણ્યની બહુ વાતો કહ્યા કરતી હતી, ખેર ! તે વાતો સાથે હવે મને કાંઈ કામ નથી. મારે જીવવુંજ નથી તો તને વ્યભિચારિણી કહી તારો જીવ શા માટે દુખવું ? તું સતી—પરમસતી છે, પણ હું તો હવે મરીશ. આ પત્રનો ઉત્તર મળતાંજ મરી જઈશ. પછી સંસારમાં મારૂં નામ નિશાન રહેનાર નથી. બાપ સાથે લડીને મેં જે જમીનદારીનો હિસ્સો મેળવ્યો હતો તે નષ્ટ થઇ ગયો. બૅરિસ્ટરના ધંધાથી એક કોડીનો લાભ પણ થયો નહિ. નોકરી મેળવવાનું કોઈ પણ ઠેકાણું નથી પ્યારી **ડાર્લી** મને છોડીને નાશી ગઈ. હવે ભૂખે મરવાનો સમય નજીક આવ્યો. ભૂખને લીધે કષ્ટ ભોગવી પ્રાણ આપવા કરતા એકાએક મરી જવું બહેતર છે. તેજ કારણથી હું મરીશ માત્ર તારા પત્રની રાહ જોઉં છું. તારી ચિઠ્ઠી આવ્યા પછી મને નિશ્ચય થઈ જશે કે તારો હજી પણ મારાપર કેટલો સ્નેહ છે.

અમદાવાદ તા. ૧૮ મી ઑગસ્ટ.

દોલતરાય.

પ્રકરણ ૧૭ મું.

દુર્ભાગી દોલતરાય અને સતીનું સતીત્વ.

પોસ્ટમેનના હાથમાંથી પત્ર લઈ **કાશીએ** **સુમનના** હાથમાં આપ્યો. સીરનામાપર પતીના અક્ષર જોઈ **સુમનને** આશ્ચર્ય પેદા થયું જે પતિ એક દિવસ કુલતા કહીને ચાલ્યો ગયો હતો, જેણે એક મડમ સાથે વિવાહ કર્યો હતો તેની ચીઠ્ઠી અને તે પણ **સુમનના** નામની ! પત્ર આવવાનું પ્રયોજન શું ? અવશ્ય એમાં કાંઈ ગંભીર ભેદ છે, આ વિચાર આવતાંજ તેના હાથ પગ ઢીલા થઈ ગયા. તેણે ઉલટાવી ઉલટાવીને ત્રણ વાર પત્ર વાંચ્યો, ત્રીજીવાર વાંચતાંજ તેની ખાત્રી થઈ ગઈ કે અવશ્ય પતિપર ભારી સંકટ પડયું છે. સંકટનુ સ્મર્ણ થતાંજ તે ધબ દઈને ધરતી પર ટુટી પડી. **કાશીએ** આંખ ઉપર પાણી છાંટીને તેને સચેત કીધી. સચેત થતાંજ તેણે મનમાં કહ્યું "પતિએ વ્યભિચારીણી કહી છે તો તેમાં શું થઈ ગયું ? અવસર આવતાં હું તેનો નિશ્ચય કરાવી દઈશ કે હું સતી છું, આ કારણોને લીધેજ મેં પ્રાણની રક્ષા કરી છે, આજે સર્વ નાશ થઇ જાય છે. જેને લીધે હું કુલટા કહેવડાવીને પણ સંસારમાં ચાર ચૂડી પહેરી ઉજવળ મુખ લઈને ફરૂં છું તેજ આજે આત્મઘાત કરે છે. તે મારા

અસતીત્વથી નહિ પણ પૈસાની તંગીને લીધે મરે છે. હાય ! હાય ! સંસારમાં પૈસા પણ કેવી બલા છે ? એને માટેજ ચોરી, ખૂન, લૂટ અને બેઈમાન થાય છે, તેણેજ મારા પ્રાણનાથને દબાવ્યા છે. પતિના મરણ પછી પૈસો શું કામ આવશે ? તેના મરણની સાથેજ જો હું ન મરૂં તો સતી શાની ? બસ ! મારી પાસે જેટલું જવાહીર છે તેને હમણાંજ તેમનાપર મોકલી આપું છું. ઈશ્વર આ યુક્તીથી તેમની પ્રાણ રક્ષા કરે. હે પ્રાણેશ્વર ! આપને એ શું સુઝયું છે ? શું શિક્ષીત મનુષ્યો પણ આપઘાત કરવાને પ્રવૃત થાય છે ? આટલો વિચાર કરી તેણે પેટીમાંથી ઘરેણું સઘળું ઘરેણું કાઢી તેનું પાર્સલ બનાવ્યું. પાર્સલ પર ઠેકાણું લખીને મ્હોર કર્યા પછી તે કાશીને આપ્યું. આ કામથી નિવૃત્ત થઇને પતિપર નીચે પ્રમાણે પત્ર લખ્યો:—

" પ્રાણનાથ ?

આપ ગમેતો મને કુલટા કહો, પરંતુ હું સતી છું અને તેને પ્રમાણિત કરવા માટેજ મેં પ્રાણ રક્ષા કીધી છે. આપના પત્રથી આપની ભયંકર સ્થિતિ જાણીને મેં પ્રાણ ત્યાગ નહિ કીધો એ મારો અપરાધ નથી. રૂપિઆ અને ઘરેણું તો શું પણ આપને માટે મારૂં માથું દેવામાં પણ હું શોભા સમજું છું. મારી પાસે જે કાંઈ હતું તે આની

સાથે મોકલી આપું છું. જયારે હુંજ આપની છું તો મારૂં સર્વસ્વ આપનુંજ છે. આપની પાસે આ ધન વિદ્યમાન છતાં પણ આપ એક ભયંકર કૃત્ય કરવાનો વિચાર રાખો છો એ જાણી મને આશ્ચર્ય થાય છે. આશ્ચર્ય એ માટે કે આપ શિક્ષીત છો. વિલાયત જઇને બૅરિસ્ટર થઈ આવ્યા છો. આપનો એમાં કાંઈ દોષ નથી. પૈસાની તંગીમાં મનુ-ષ્ય બહુ બહુ અઘોર કૃત્ય કરી બેસે છે. ખેર ! એવી વાતો સાથે કાંઈ આપણને પ્રયોજન નથી. આપના મૃત્યુથી મારૂં સર્વસ્વ નાશ થઈ જશે. આપને સૌથી પ્યારી (મને આપ પ્યારી કહેતા નથી તેથી) અને તેથી પણ પ્યારી વસ્તુના સોગંદ દઇને કહું છું કે આપ એવા ભયંકર વિચાર તજી દેજો. આપના આત્મઘાતનો ઇશારો પણ મને ઘેલી કરી નાંખે છે. આ ઘરેણાંની કીંમત ઓછામાં ઓછી ૧૨૦૦૦) રૂપિઆ છે. એને વેચી આપનું સઘળું દેવું ચૂકવી દેજો અને જે કાંઇ બચે તે વતી કાંઈ વ્યાપાર કરી પોતાનો જીવન નિર્વાહ ચલાવજો આપણને વ્યાપારમાં કાંઈ શરમ નથી. પરમ દહાડે સાંજ સુધી આપનો કાંઈ પત્ર નહિ આવશે તો હું સમજીશ કે આપે મારી પ્રાર્થના સ્વીકારી નથી. બસ ! તેજ મારી જીવન યાત્રાનો અંતિમ કાળ સમજવો. આપના પત્રની રાહ જોવા માટે મેં પ્રાણ રક્ષા કરી છે અને તેજ કારણથી ઉપર મેં લખ્યું છે કે તેમાં

મારો અપરાધ નથી. પ્રાણેશ્વર ! આપના પ્રાણની રક્ષા કરી પ્રાણદાન દેશો.

ગણદેવી ભાદ્રપદ કૃષ્ણપક્ષ ૧૦.

વિયોગી સુમન.

સુમને પત્ર લખ્યો તો ખરો પણ એટલાંથીજ તેને સંતોષ થયો નહિ. પત્ર અને પાર્સલ પોષ્ટ ઑફીસમાં મોકલ્યા પછી તેનાં હૃદયમાં વિષમ વિષાદ ઉત્પન્ન થયો. તેણે સમજી લીધું કે પતિ મને અત્યાર સુધી કુલટા તો સમજેજ છે. કદાચિત કુલટાના તરફથી મળેલી ભેટને માટે તેને લજ્જા ઉત્પન્ન થાય અને તેજ લજ્જા મારૂં સર્વ નાશ કરી નાંખે તેના કરતાં હું પોતેજ અમદાવાદ જઈ તેમને સમજાવું તો કેવું? આ વાત ઘરમાં પ્રકાશિત કરવાથી સર્વ જણને મહા કષ્ટ તો થશે. પરંતુ પતિની બદનામી થાય તે કારણસર જન્મ ભરમાં આજે જૂઠું બોલવું પડસે. જે જૂઠથી પતિની પ્રાણ રક્ષા થઈ શકે તે જૂઠ મને સીધા સ્વર્ગમાં લઈ જનાર છે. ઠીક ! કોઈ ઉપાય શોધી લઉં. આ પછી તેણે વીશ પચ્ચીસ મીનીટ સુધી વીચાર કરી બીજી નોકરડી પાસે હીઅરને બોલાવ્યા.

સુમન—મેં તમને આજે એવી વાત કહેવા માટે બોલાવ્યા છે કે જેની સાથે મારા જીવનનો સંબંધ છે.

તેના ઉપર મારાં જીવન, મરણનો આધાર રહે છે. ગઈ રાતે મને બહુ ખરાબ સ્વપ્ન આવ્યું છે અને ત્યારથી મારૂં કલેજું પ્રજલે છે. મને સુતા, બેસતાં, ખાતાં. પીતાં કશું ચેન પડતું નથી. મેં સ્વપ્નમાં જોયું કે અમદાવાદમાં કોઈ દુષ્ટે રાત્રિએ સુતી વખત એમનું ગળું તલવારથી........ આટલું કહેતાંજ **સુમનનું** હૃદય ભરાઇ આવ્યું. તેની આંખમાંથી આંસુની ધારા વ્હેવા લાગી અને પછી કાંઈ કહીને તે પોતાનું વાકય સમાપ્ત કરવા ઇચ્છતી હતી પરંતુ ગળું રૂંધાઈ જવાથી તે એ શબ્દ પણ કહી શકી નહી.

નવનીતરાય—બસ ! ભાભીજી ! હું તમારા કહેવાની મતલબ સમજી ગયો. ધન્ય છે તમને ! તમારા જેવી સાધ્વી પતિવૃતા સ્ત્રીના સૌભાગ્યથી તમારી કૃપાથીજ અમને અન્ન મળે છે. તમે વાસ્તવમાં આદર્શ હિન્દુ નારી છો હમણાં મિનીટમાં હું સઘળી વ્યવસ્થા કરી રાખું છું તમે અમદાવાદ જાઓ યદિ તમારી આજ્ઞા હોય તો હું પણ અમદાવાદ આવવાને તૈયાર. છું ભાઇના સમાચાર પુછી શીઘ્રજ પાછા ફરવું. કેમકે તમે ત્યાં અધિક સમય સુધી રહેશો તો તમને અગાઉ જેવું કષ્ટ થશે. હું સાંભળ્યા કરૂં છું કે તેમની દશા બહુ બુરી છે, પરંતુ મેં તમારો જીવ દુખાય એ કારણને લીધેજ હમણાં સુધી વાત કરી નહોતી. જો બની શકે તો તેને અત્રે લઈ આવજો.

સુમન (રોતાં રોતાં)—નહિ નહિ! હું ત્યાં એક દિવસ પણ થોભીશ નહિ જો બની શકશે તો તેમને સમજાવી કાલે સાંજ સુધીમાં પાછી ફરીશ. હું જાણું છું કે મારી સમજાવટથી તે સમજવાના નથી અને અહીં આવવાના પણ નથી, પરંતુ જ્યારથી મેં સ્વપ્ન જોયું છે ત્યારથી મારો વીચાર તેમને મળવાને માટે ઉત્સાહિત બન્યો છે.

કાશીને સાથે લઈ **સુમન** અમદાવાદ પહોંચી. આ સમય રાત્રિના સાડા દશ વાગ્યા હતા. **દોલતરાય** ઘરમાં બેઠો બેઠો પાર્સલમાંના ઘરેણાંને ફેરવી ફેરવીને જોઈ રહ્યો હતો તેની પાસેજ **સુમનની** ચીઠ્ઠી પડી હતી પાસેજ ઘાસ્તેલની ડબ્બી ઝાંખું અજવાળું ફેલાવતી હતી. તેના એક હાથમાં ઉઘાડી છરી હતી. સુમન આ ભયંકર દેખાવ જોઈ ઓરડીની બહાર પાષાણવત થઈ ગઇ. તેણે બહાર ઉભા ઉભાં ઓરડીમાંની દરેકે દરેક ચીજ આંખ ફાડી ફાડીને જોઇ જોતાં જોતાં પતીના હાથમાં નાની છરી જોઈ તેને એકાએક ચીસ મારવાની ઇચ્છા થઈ પણ તેણે જેમતેમ કરી પોતાનાં મનના વેગને રોકયો. પતિએ એકવાર ફરીથી **સુમનનો** પત્ર વાંચીને કહ્યું:—" તે ગમે તેવી સતી બને, પરંતુ જ્યારે હું નિશ્ચય કરી ચૂકયો છું. જાતે **કાળીદાસને** મોઢે એના વ્યભિચારની વાત સાંભળી ચૂકયો છું ત્યારે એમાં સંદેહજ શું છે? જ્યારે કાંઈ પણ શક રહેતો નથી

ત્યારે અંતિમ સમયે એવી કુલટાની ભેટનો સ્વિકાર કરવો એના જેવું અધમ કાર્ય બીજું કયું હશે? હુમણાંજ મરૂં છું બસ! આજ મારો અંતિમ દિવસ છે. હે નિષ્કલંક ઓરડી! હે દિવાલો! જ્યારે પોલીસ આવે ત્યારે એટલું કહી દેજો કે આ ઘરેણું એક કુલટા સ્ત્રિનું છે. તેની પાસેજ એ ઘરેણું મોકલી દેજો હું આભાર પૂર્વક એનો અસ્વિકાર કરૂં છું. ચાલ જીવ! હવે વાર ન લગાડ. એકજ વખત આ કાતિલ છરી કલેજામાં પ્રવેશ કરશે તો પ્રાણપક્ષી તરતજ ઉડી જશે. અરે! અરે! આ સંસાર મને ખાવાને ધાય છે. આ સામે દેખાતા બંગલા મને ઉજ્જડ વેરાન જેવા લાગે છે. આખું જગત સ્મશાન જેવું ભાસે છે. અરે જીવ! શું હજી તું જીવવાની આશા રાખે છે? કોને માટે? તહારૂં કોઈ પણ સગું આ સંસારમાં છે? આટલું બોલી થોભ્યો. વળી કાંઇ યાદ આવવાથી હાથમાં છરી લઇ નીચે પ્રમાણે ગાવા લાગ્યો—

"કાતિલ છરી! ફર ગરદને બસ પ્રાણ લેવું આ ઘડી,
આ જીગરમાં ઘુસી અગર મુજ પ્રાણ લે તું આ ઘડી.
હા! હા! નિરાશાએ કર્યો વ્યાકુળ મને આ જગ વિષે;
તો યમ હવે હણવા મને નિજ બાણ લે તું આ ઘડી.
મુજને હતી આશા અરે! મળશે બધું જે માગશું;

તો આશના વેપારમાં કૈં હાણુ લાગે આ ઘડી.
કાતિલ છરી ફેર ગરદને.............................."

એવું કહી જ્યાં છરી મારવા જાય છે એટલે **સુમને** દોડી-ને તેના બન્ને હાથ પકડી લીધા.

સુમન—હેં! હેં!! પ્રાણનાથ! આ શું અનર્થ થાય છે? આ અભાગિણીનાં જીવન સર્વસ્વ! આવું ભયંકર કૃત્ય નહિ કરો. હું વ્યભિચારિણી નથી. મારી પ્રાર્થના સ્વીકારી આ લઘુ ભેટ ગ્રહણ કરો અને એ વેચી એકવાર વ્યાપાર કરી પૈસા કમાઓ. જ્યારે આપની પાસે દ્રવ્ય એકઠું થઈ જાય તો મારા સતીત્વનીપરિક્ષા કરી લેજો. હું તો હમણાંજ પરીક્ષા માટે તૈયાર છું પરંતુ આપ હમણાં ઘણી ભયંકર સ્થીતિમાં છો. આપ હમણાં કાંઈ સાબીત કરી શકવાના નથી. હું આપની ચર્ણરજ છું. આ દાસીની ભેટ સ્વીકારો જો એ સ્વીકાર કરવી ન હોય તો આ છરી લઈ મારો પ્રાણ હરો.

દોલતરાય—અરે! જ્યારેં હું મારાં સંકટની સદાને માટે સમાઢિત કરવા ચાહતો હતો ત્યારે તું ક્યાંથી આવી મરી? ચાલો સારૂં થયું કોણ જાણે પોલીસ તારી પાસે તારૂં ઘરેણું પહોંચાડત કે નહી. લે આ લઈ જા, અને તું અહીંઆથી દૂર થા. મને મરવા દે. હું અવશ્ય મરીશ.

મારો હાથ છોડી દે. હવે આ સમય હું તને મારી શકતો નથી. જા ! જા !

સુમન—હવે હું અહીંઆથી જઈશ નહિ.

દોલતરાય—નહિ જશે તો બોલ, શું માગે છે ?

સુમન—માત્ર એજ માગું છું કે આપ પ્રાણ રક્ષા કરી આ ઘરેણું વેચી કાંઇ વ્યાપાર કરો અને જ્યારે આપની દશા કાંઈક સુધરે તો મારાં સતીત્વની પરિક્ષા કરી મારો ઉદ્ધાર કરો.

દોલતરાય—હાય ! હાય ! આણે મારૂં કામ બગાડી નાંખ્યું. ઠીક ! તું બહુ આગ્રહ કરે છે તો હું તારી વાત માનું છું. તારૂં ઘરેણું લઈ લઉં છું. એના વતી કાંઇ ધંધા કરીશ અને સમય આવશે ત્યારે તારાં પતિવૃત્યની પરીક્ષા કરી તને દેખડાવી દઈશ કે તું વ્યભીચારિણી છે.

સુમન—ભગવાનની કૃપાથી આપે મારી યાચના સ્વિકારી મને પ્રાણદાન દીધું છે. ત્યારે તો એક વાત બીજી પણ માનો. મારી સાથે ગણદેવી ચાલી ત્યાં એક જુદા મકાનમાં રહો. ત્યાં કાંઇ વેપાર રોજગાર કરી દિન ગુજારો કરજો. ત્યાં રહેવાથી આપ મારાં ચરિત્રને પણ સારી રીતે નિહાળી શકશો.

દોલતરાય—તે નહિ બનશે. હું જીવતાં તો ગણદેવી આવીશજ નહિ. તારે ત્યાં રહેવું હોય તો રહે. જ્યાં સુધી તારાં સતીત્તની સંપૂર્ણ પરીક્ષા હું કરૂં નહિ ત્યાં સુધી મારી સાથે તને કદી પણ રાખવાનો નથી. જા! બસ! તું ગણદેવી જા હવે નિશ્ચય માનજે કે હું મરીશ નહિ. કાલેજ તારૂં ઘરેણું વેચી કાંઇ કામ આરંભ કરીશ. હવે મરવાની ભ્રાન્તિ ટળી ગઈ છે.

યદ્યપિ **દોલતરાયની** મરજી **સુમનને** રાખવાની નહોતી અને તે પણ ત્યા રહેવા ચાહતી નહોતી પરંતુ પતિનો મિજાજ ઠંડો કરવા માટે તે બે ત્રણ દીવસ સુધી થોભી ગઈ. તેણે અનેક તરેહના ઉપદેશ આપી પતિનો જીવ ઠંડો પાડયો. પાતઃકાળમાંજ **દોલતરાયે** બજારમાં જઇ રૂા. ૧૧૫૦૦ માં ઘરેણું વેચ્યું. રૂપીઆ પોતાની પાસે આવતાંજ તેના વિચાર બદલાઈ ગયા. જ્યારે **સુમને** પતિની ચાલચણથી નિશ્ચય થઈ ગયો કે હવે એ મરનાર નથી ત્યારે તે પતિની આજ્ઞા લઇ ઘર તરફ ફરી, ઘેર આવતાંજ તેણે સઘળા સમાચાર પોતાના દીઅરને સંક્ષેપમાં કહી સંભળાવ્યા. **નવનીતરાયે** માતાપિતાને વાત કરી. ત્રણે જણને **દોલતરાયની** દશાપર પરમખેદ થયો અને માતા પિતાએ વડી વહુને બોલાવી તેની પ્રસંશા કરી, એવી સાધ્વી પુત્રવધુ મળવાથી પોતાની જાતને ભાગ્યશાળી સમજ્યાં

સુમને બીજી વાતો લગભગ પુરેપુરી કહી હતી પરંતુ પોતાને માથે જે કુલટાનું કલંક પતિએ મેલ્યું હતું તેનો જરા પણ ઇસારો સુદ્ધાં કર્યો નહિ. તે કહેવું તેને ઉચિત પણ લાગ્યું નહિ. તે જ્યાં સુધી સત્ય સિદ્ધ થાય નહિ ત્યાં સુધી એ વાતને હારની માફક હૃદયમાં પહેરી રાખવાનો તેણે નિશ્ચય કીધો. અમદાવાદથી આવતી વખતે તે પોતાની ભરોસાદાર નોકરડી **કાશીને** ત્યાં મૂકી આવી હતી. તે સૌ સમાચાર અમદાવાદથી મોકલતી હતી. જ્યારે પંદર દિવસમાં તેને નિશ્ચય થઈ ગયો કે પતિએ આત્મઘાતનો વિચાર હવે પછી છોડી દીધો છે. ત્યારે તેણે **કાશીને** બોલાવી લીધી.

પ્રકરણ ૧૮ મું.

જાપાનની મુસાફરી.

દોલતરાયની પાસે રૂપિઆ આવતાંજ તેના જૂના મિત્રોએ આવી પુનઃ એને ઘેરવાનો વિચાર કીધો, પરંતુ વિલાયતથી તાર મોકલ્યા છતાં જ્યારે તેમણે તેને કશી પણ મદદ કરી નહોતી ત્યારથી તેમનાપર તે ક્રોધે ભરાયો હતો. આટલા દિવસ સુધી ધક્કાં ખાતાં ખાતાં તેને અનુભવ થઈ ગયો હતો કે એ લોક કેવળ સુખના સાથી છે. વિપત્તિને વખતે કોઇએ આવીને મોં પણ બતાવ્યું નહિ અને પૈસો આવતાંની સાથે તેમણે માખીઓની પેઠે ગણગણાટ કરવા માંડયો. આં કારણથી તેણે પાકી પરિક્ષા કરી આ વખત આદર કીધો નહિ અને **દોલતરાયની** તરફથી લુખ્ખો આવકાર પામીને તેમણે તેનો કેડો છોડી દીધો. **દોલતરાયે** સાડા અગીઆર હજાર રૂપિઆમાંથી સાડા ચાર હજાર પોતાનાં દેવામાં આપ્યા. રૂણ ચુકવ્યા પછી સાત હજાર રૂપિઆ બચ્યા. આ રૂપિઆ વતી વ્યાપાર કરવાનો નિશ્ચય કીધો. નિશ્ચય તો કીધો પણ કોઈ વેપાર તેના ધ્યાનમાં આવ્યો નહિ. જો તે ચાહત તો બજારમાં દુકાન ખોલી પોતાનો વેપાર ધમધોકાર ચલાવી શકત. પણ તેને બૅરીસ્ટરપણાનો

ગર્વ હતો. તે બૅરીસ્ટર અને એક વખતનો મી૦ **ચાર્લી** ત્રાજવાં ઉઠાવી તોલવામાં અને ગજ પકડી કપડું ફાડવામાં શરમાયો. આડતના કામમાં તેને બહુજ સરમ લાગી અને સટ્ટા કરવાનો તેનો જીવ નહિ ચાલ્યો. આ કારણથી તેણે જાપાન જવાનો વિચાર કીધો. તે વખતમાં ભારતવર્ષનાં વર્તમાનપત્રોમાં દેશી હુંન્નરની વૃદ્ધિપર લાંબાલાંબા લેખ પ્રસિદ્ધ થતાં હતા. વ્યાખ્યાન દાતા ગગનભેદી સ્વરથી દેશી કારીગરીની ઉન્નતિપર કલાકો સુધી ગળું ફાડીફાડી બૂમ પાડતા હતા. જાપાનની ગવર્મેંટે ભારતના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની સારી વ્યવસ્થા કરી હતી. આ વાતો વાંચી વાંચીને **દોલતરાય**નો વિચાર જાપાન જવાનો ઉશ્કેરાયો. સાત હજાર રૂપિયામાંથી ત્રણ હજાર બેંકમાં જમા કરી બાકીના રૂપિઆમાંથી તેણે જાપાન તરફ પ્રયાણ કીધું. રવાના થવા અગાઉ કલેકટરની પાસે સર્ટિફિકેટ મેળવવામાં તેને ઘણી તકલીફ પડી આખરે સાહેબે તેને સર્ટિફિકેટ આપી દીધું. મુબઈથી સ્ટીમરમાં બેસી તે દશ દીવસમાં જાપાનની રાજધાની ટોકીઓમાં પહોંચ્યો.

આ અગાઉ ત્યાં મુંબઈ ઈલાકાના આઠ દશ વિદ્યાર્થિઓ બીજા પણ ભણતા હતા. તે લોકોએ **દોલતરાય**ને સહાયતા આપી જાપાનની ભાષા ભણાવી. ભાષા શીખીને તે એક કૉલેજમાં દાખલ થયો. ત્યાં તેણે દીવાસળી બનાવવાનો

હુન્નર શીખવાનો પ્રારંભ કીધો. યદ્યપિ યુરોપીઅન લોકો ભારતવાસીઓને કળા શીખવવામાં બહુ તાલ બાજી કરે છે. પરંતુ જાપાનીઓએ તેને બહુ આદરથી ભણાવ્યો. બે વર્ષ ત્યાં રહીને **દોલતરાય** દીવાસળી બનાવવાના પ્રત્યેક અંશમાં પરિપૂર્ણ થયો. કોલેજના શિલ્પ પ્રદર્શનમાં તેણે પોતાના હાથની દીવાસળી બનાવી સારૂં ઇનામ મેળવ્યું. શિક્ષણ સમાપ્ત કરીને જ્યારે તે ભારતમાં પાછો ફરવા લાગ્યો તો કોલેજના પ્રીન્સીપાલે તેને કહ્યું:—

" આપ દીવાસળીના હુન્નરમાં કુશળ થઈને ભારતવર્ષમાં જાઓ છો. આ વાત અમારે માટે ઘણીજ આનંદદાયક છે. ત્યાં જઇને પોતાના દેશીભાઈઓને કહેજો કે જાપાન આજના કળાકૌશલ્ય શીખવવાને તૈયાર છે. જે હિન્દી મહાશય અત્રે આવશે તેમને સારી રીતે શીખવવામાં આવશે આ વાતમાં યુરોપીઅનોની માફક કોઈ પણ રીતની આનાકાની કરવામાં આવશે નહિ. અમારા લોકોની ભારતવર્ષપર સારી ભક્તિ છે. ભારતવર્ષ પુણ્ય ભૂમિ છે. ત્યાં જન્મ લેનારને અમે દેવ માનીએ છીએ. ભારતવર્ષજ દુનીયાના ધર્મ, સભ્યતા અને વિદ્યાનો પિતા છે. તેનાજ પ્રકાશથી આજે યુરોપ, એશિયા અને અમેરિકા પ્રકાશીત છે, આપ શિક્ષિત ભારત પુત્ર છો. આપ આવશ્ય સમસ્ત ભાષાઓની માતા સંસ્કૃતના વિદ્વાન હશો. આપ હિન્દુ ધર્મનાં તત્વોને

સારી પેઠે પિછાણુતા હશો. સ્વદેશ જવા અગાઉ એક વર્ષ અહીંઆ રહીને અહીંઆના સાહિત્ય અને ધર્મની ખોજ કરો. અમે સંસારિક વિષયમાં આટલી ઉન્નતી કરવા છતાં પણ પરમાર્થિક કામોમાં તમારા કરતાં પછાત છીએ. કેવળ અમેજ પછાત નથી પણ આખી દુનિયા પછાત છે. ભારતવર્ષ ધર્મના વિષયમાં દુનિયાનો ગુરૂ છે. અમે આપને ગુરૂ બનાવી આપનાં તરફથી ધર્મનો તત્વ જાણવા ઈચ્છીએ છીએ. અમારી આ પ્રાર્થના સ્વીકારો તો મોટી કૃપા થશે.”

દોલતરાય (માથું નમાવી)—શું આપ ભારતવર્ષને એટલો પુજ્ય માનો છો ? આપ લોકોની ભારતપર એટલી બધી શ્રદ્ધા છે ? ભારત આવો શ્રદ્ધેય છે અને હિન્દુઓને ધર્મ એવો ઉત્કૃષ્ટ છે. એ વાત તો મેં આજેજ આપનાં મુખેથીજ સાંભળી છે. અમારે ત્યાંના પંડિતો એવું કહયા કરે છે પણ આજ સુધી હું એવું સમજતો આવ્યો છું કે ભારતમાં કાંઈ નથી, હિંદુનો ધર્મ કાંઈજ નથી. અને ભારતવાસીઓ અર્ધ જંગલી છે. આ વખતમાં જે સુખ, ધર્મ અને વિદ્યા છે તે યુરોપમાંજ છે. અને તેની દેખાદેખી જાપાને ઉન્નતિ કરી તેના કાન કાપી લીધા છે. યદિ આવી વાતો ભારતમાં સાંભળત, ત્યાંના પંડિતોની વાત પર લક્ષ આપત, તો અવશ્ય કાંઈ પ્રાચીન બાબતો જાણી શકત. પરંતુ મેં નવી રીતિ અનુસાર અંગ્રેજી ભણવું, ‘અંગ્રેજી

ખાનપાન અને અંગ્રેજી નકલ સિવાય કાંઈ કીધું નહીં. હું આપના દેશમાં વિદ્યાગુરૂ થવામાં અસમર્થ છું. આજ સુધી મારા દેશમાં કોઈ અંગ્રેજીનો જ્ઞાતા ભારતનો મહિમા સંભળાવનાર મને નહિ મળ્યો. અને મેં પુરાણા વિચારોના પંડિતોનો વિશ્વાસ પણ કીધો નહિ. હું આપની સમક્ષ લજ્જીત થાઉં છું.

પ્રિન્સીપાલ—" આપનો ઉત્તર સાંભળી મને અત્યંત ખેદ થયો. અમે હજારો ગાઉપર રહીને ભારતવર્ષપર જેટલી શ્રદ્ધા રાખીએ છીએ તેનો શતાંશ પણ તમારામાં નથી. આજ દશા ભારતના બીજા વિદ્યાર્થીઓ કે જે અહીંઆં આવીને ભણે છે. તેમની છે. આ ઉપરથી વિદિત થાય છે કે તમારા દેશની પાઠશાળાઓમાં અંગ્રેજી સિવાય સંસ્કૃત અને ધર્મની કાંઈ શિક્ષા આપવામાં આવતી નથી. યદિ તેવું શિક્ષણ અપાતું હોત તો હું આપના તરફથી આવો ઉત્તર મેળવી શકત નહીં. અફસોસ ! શિક્ષણની આવી વિપરીતપાએ જે ધર્મ મંદિરોને જોવા માટે અમે સદા ઉત્સુક રહીએ છીએ, તે ધર્મ મંદિરની અવનિતિ કરી હશે. આપ ભારતવર્ષમાં જઇને લોકોને સમજાવજો. ત્યાં એક શિષ્ટ "જાતિનુ રાજ્ય છે. દેશમાં સર્વે રીતની શાન્તિ છે. બ્રિટીશ જાતિ તમારા ધર્મમાં કોઈ રીતનો અટકાવ નાખી પરતંત્રતા બનાવતી નથી. આટલી

તેની કૃપા છે. સમયના ફરવાથી આજકાલ ભારતવર્ષમાં અનેક ધર્મો થઈ ગયા છે. એજ કારણથી અંગ્રેજ લોકો તમને પાઠશાળાઓમાં ધર્મશિક્ષણ આપી શકતા નથી. તમે આ વાતની જુદી વ્યવસ્થા કરી ભારત વર્ષના લોકોની પ્રાચીન કાળની રાજભક્તિ દ્રઢ કરજો. બ્રિટીશ ગવર્મેંટ આ કામમાં તમારી જરૂર સહાયક થશે. ઠીક ! જાઓ ! પ્રસન્નતાથી જાઓ. સલામ.

દોલતરાય પ્રીન્સીપાલ આગળ લજ્જીત થઇ તેના શુદ્ધ હૃદયની અને ભારત ધર્મપરની તેની શ્રધ્ધાની પ્રશંસા કરતો કરતો ત્યાંથી વિદાય થયો. જ્યાંસુધી તે સ્ટીમરમાં સવાર થયો નહોતો ત્યાંસુધી તેના હૃદયમાં દેશ ભક્તિ, ધર્મભક્તિના તરંગો ઉઠી રહ્યા હતા. પરંતુ સમુદ્રના તરંગો જોતાંજ તેના હૃદયનાં તરંગો મંદ પડી ગયા. તે જાપાનથી નીકળી ક્ષેમકુશળ મુંબઈ આવ્યો. ત્યાંથી રેલ્વે માર્ગે અમદાવાદ આવ્યો. ત્યાં આવીને પોતાની અસલી કોટડીમાંજ તેણે મૂકામ નાંખ્યો. પડાવ નાંખી તેણે દીવાસળીનું કારખાનું કાઢવાની ચિંતા કીધી. આ વિચારમાં તેણે બે મહિના વિતાડી કપડવંજમાં કારખાનું કાઢવાનો નક્કી મનસુબો કીધો. ત્યાં દશબાર દિવસ રહીને જળ, વાયુ, લાકડાં અને બળતણની સગવડ તપાસી. સર્વ વાતની અનુકુળતા જોઇ ફૅકટરીના ખર્ચનો વિચાર કીધો. આ કામને

માટે તેણે જે જુસ્ટ બનાવ્યું તે પ્રમાણે એક લાખ રૂપિઆની પુંજીની જરૂર હતી. કારખાનું કાઢવાનો નિશ્ચય તો થયો પરંતુ તેની પાસે ત્રણ હજારથી એક કોડી પણ વધારે હતી નહિ. સંપુર્ણ પુજી એકઠી થયા વિના કામ આરંભ થવાનો સંભવ નહોતો. બસ ! આજ કારણથી તેને રૂપિઆ એકઠા કરવાની ચિંતા પેઠી.

પ્રકરણ ૧૯ મું.

વખતની વિચિત્રતા.

દોલતરાયે કારખાનાનું લીસ્ટ તો તૈયાર કીધું પણ તેની પાસે રૂપિઆ એક લાખ ક્યાંથી આવે ! તેણે દશ બાર ભારતવાસીઓને મળી પોતાનો ઉદ્દેશ તેમની આગળ જણાવ્યો. બધા લોકોએ તેના સાહસની પ્રસંસા કરી એક કંપની ઉભી કરવાની સલાહ આપી. સરકારી નિયમાનુસાર પાંચ આદમી કંપનીના ડાયરેકટર થયા. પચાસ રૂપિઆના બે હજાર શેર કાઢી સમાચાર પત્રોમાં વિજ્ઞાપન છપાવવામાં આવ્યાં. પરંતુ બે હજારમાંથી બસેં શેર પણ વેચાયા નહિ. લાચાર થઇને શેર હોલ્ડરોને તેમના શેર પાછા ફેરવવા પડ્યા. પેપરોમાં જાહેર ખબર આપવાને, નિયમ પત્રો

છપાવવાને તથા કારખાનાનાં સંબંધમાં આવશ્યક વાતોની ખોજ કરવામાં જે ખર્ચ થઇ ગયો તેનો મોટો ભાગ પોતાને માથે પડયો.

આ પ્રયત્નમાં નિષ્ફળ થવાથી **દોલતરાયની** આસા-લતા કરમાવા લાગી. તેની કરમાયેલી લતાને જળ સિંચન કરનાર જ્યારે કોઈ મળ્યું નહિ ત્યારે એકવાર તે ઉદાસ થઇને શોચ કરવા લાગ્યો.

દેશના દુર્ભાગ્યની અવધિ થઈ છે. મારૂં અભાગ્ય પણ આમાં આડું આવે છે. ભણી ભણીને આટલો પરિશ્રમ અને આટલા રૂપિઆના ખર્ચ પશ્ચાત યદિ હું કૃત કાર્ય નહિ થાઉં તો મારે માટે એ ઘણી શરમની વાત છે. એકવાર અવશ્ય પ્રયત્ન કરીશ. જોઉં તો ખરો કે તેનું શું પરિણામ આવે છે, આ પ્રમાણે શોચ કરી તેણે કેટલીએક રાજનૈતિક સભાઓના મંત્રીઓ ઉપર પત્ર લખ્યા. તે પત્રોમાં શું લખ્યું હતું તેના વર્ણનની અત્રે આવશ્યકતા નથી, પરંતુ એક મંત્રી મહાશયે જે ઉત્તર આપ્યો તેથીજ પત્રનો આશય વિદિત થશે. તેણે લખ્યું હતું કેઃ—

"મહાશય !

આપે ભારતવર્ષમાં દીવાસળીનું કારખાનું કાઢવાનો જે વિચાર રાખ્યો છે તેને અમારી સભા અનુમોદન આપે છે.

આપ વાસ્તવમાં દેશહિતૈષી છો અને આપનું કાર્ય વસ્તુતઃ ભારત વર્ષનું હિત કરનાર છે. આ કામથી માત્ર ગરીબ લોકોની રોજી જાગશે, એટલુંજ નહી પરંતુ ભારતવર્ષથી વિદેશ જનાર હજારો રૂપીઆ એથી જરૂર બચશે. આપ યદિ એકવાર શેર વેચવામાં સફળ નહિ થયા હો તો બીજી વાર પ્રયત્ન કરો. આપને અવશ્ય સફળતા મળશે. આપ અમારી સભાની આ કાર્યમાં મદદ માગો છો. વાસ્તવમાં દેશહિત સાધન એજ અમારો ઉદ્દેશ છે, પરંતુ અમે આપનાં વ્યાખ્યાનોથી લોકોને ઉત્તેજન કરવા સિવાય શેર વેચવાનો બોજો અમારે માથે લઇ શકતા નથી. એ માટે અમે આપની ક્ષમા ઇચ્છીએ છીએ.

રાજકોટ ૨૨ મી નવેમ્બર	આપના હિતૈષી એ. બી. સી. ડી. મહા મંત્રી રાજનૈતિક સભા.

આ પ્રમાણે સઘળી સભાઓ તરફથી ઉત્તર મળતાંજ **દોલતરાયનું** હૃદય ભરાઈ આવ્યું. તેણે પોતાના મનમાં કહ્યું કે “જે સભાઓ દેશહિતનો ઝુંડો ગૃહણ કરી ગળાં ફાડી ફાડી કાનના કીડા તોડી પાડે છે. જે વાતવાતમાં સરકારનો દોષ કાઢી દેશીઓને સ્વરાજ્ય અપાવવાને માટે મથન કરે છે, જેમને બાર વર્ષમાં વીસ લાખ રૂપીઆ ખર્ચ કરી

દેશહિત સાધનને માટે આંસુઓની નદી વહેવરાવી છે, તેજ સભાઓ જ્યારે આ કામમાં સહાયક થતી નથી તો પછી બીજું કોણ થશે! ખરેખર સભાઓ-વાળા પરોપદેસ કુશળ છે. વ્યાખ્યાન આપવામાં અને વર્તમાન પત્રોમાં આંદોલન કરવામાંજ તેમનાં દેશહિત સાધન સમાયલા છે, હું એ લોકો પાસે એક પાઈ પણ ભીક્ષા માગતો નથી. હું તો માત્ર એટલુંજ કહું છું કે, તમારા મેમ્બરો પાસે માત્ર એક શેર ખરીદ કરાવો. તેથી તેમને નફો થશે, દેશનું ભલુ થશે પરંતુ એ લોક સાચું દેશહીત નહિ કરતાં સરકારના દોષ બતાવી બતાવી તેને ખીજવવામાંજ પોતાનું પુરૂષાર્થ સમજે છે. અફસોસ! એવા દેશહિતપર! અસ્તુ! જે કાંઇ થયું તે થયું. પરંતુ જરા રાજા મહારાજાઓની કૃપા દ્રષ્ટી તો જોઈ લઉં. આ વાતનો સંકલ્પ કરી તેણે દેશી રાજાઓપર પત્ર લખ્યા. કયા રાજા તરફથી કેવા ઉત્તર મળ્યા તેનું પુરૂં વિવરણ કરવાની અત્રે આવશ્યકતા નથી. કેવળ ખુલાસારૂપે ઉત્તરનો સારાંશ અ-હીંઆં લખવો ઉચીત છે. તે કેટલાક રાજાની દાઢી તળે હાથ ઘાલતાં ઘાલતાં થાકી ગયો પણ તેમણે તેની વાતપર ધ્યાન આપ્યું નહિ. કાંઇક રાજાઓએ તો એવો ઉત્તર આપી દીધો કે અમને શિકાર અને ખેલ કરવા શીવાય એવી વાહીયાત વાત ઉપર લક્ષ આપવાનો સમય નથી.

કેટલાકે કહ્યું કે જ્યારે વિલાયતથી સર્વો-તમ દીવાસળી આવે છે તો પછી અહીંઆં કારખાનું કાઢવું શું કામનુ? કેટલાક રાજાઓએ કહ્યું કે આપનું કહેવું ઠીક છે પરંતુ અમારા રાજ્યને માથે દેવું બહુ છે, તે કારણથી અમે આ કામમાં રૂપીઆ રોકી શકતા નથી. કેવળ એકજ રાજા એવો મળ્યો કે જેણે **દોલતરાયને** આશ્રય આપવા હામ ભીડી. પરંતુ તે આશ્રય કારખાનું ખોલવા માટે નહી. તેમણે સાફ કહી દીધું કે કારખાનું ખોલવું યા નહી ખોલવું એ અ-મારી મુનસફી ઉપર છે અમે તો ફકત સો રૂપીઆની નોકરી તમોને આપીશું. આ પગારમાં તમારે આફીસમાં લખવા મુકવાનું કામ કરવું પડશે. આ ઉ-તર સાંભળી **દોલતરાય** ઉદાસ થઈ ગયો. તેણે તેજ દીવસથી દેશી રાજ્યોની મદદની આશા છોડી ઘર તરફનો રસ્તો લીધો.

આજ સુધી તો **દોલતરાય** પત્નિના રૂપીઆ વડે ઉછળી રહ્યો હતો. ઉપલી ખટપટમાં તેના બધા રૂપીઆ ખર્ચાઈ ગયા. જ્યારે તેની પાસે ખરચાતાં ખરચાતાં માત્ર સાડા સાત રૂપીઆ રહ્યા ત્યારે તેને પેટ ભરવાની ચિંતા થઈ. આ ચિંતા થતાંજ તેણે દીવાસળી બનાવવાનો વિચાર ત્યજી દીધો. વિચાર તો છોડયો પણ હવે શું કરવું જોઈએ? બૅરીસ્ટરના ધંધાથી એક કોડી નહિ મળી. જાપાન જવું વ્યર્થ ગયું. નોકરીને માટે અરજીઓ આપતાં આપતાં થાકી

ગયો. હવે ઉપાય પણ કયો છે? કે જેથી બે વાર નહિ પણ એક વાર પણ અન્ન મળે? વિચાર વિચારમાંજ સાડા સાત રૂપીઆ પણ ખર્ચ થઇ ગયા. પાસે ઝેર ખાવાની એક પઈ પણ રહી નહિ. અન્નનાં ફાંકા પડવા લાગ્યા. અને ઘરવાળાએ ભાડાને માટે તકાદો કરી તેને ખૂબ તંગ કીધો. સ્ત્રિ અને ભાઇની પાસે તો એક એકવાર મદદ લઈ ચૂકયો હતો. પિતા પાસેથી તો પોતાનો ભાગ લઇને વાતચીતનો વ્યવહાર પણ બંધ કરી બેઠો હતો. આ કારણથી તે લોકો પાસે પાઈ માગવાનું સાહસ કરી શકયો નહિ. ગમે તેવો ગરિબ થઇ ગયો હતો. પણ તે હતો તો એક જમીનદારનો છોકરો. તેમજ તે ભણેલો હતો. ભીખ માગવાનું અને મહેનત મજુરી કરવાનું કામ તો તેનાથી થઈ શકે નહિ. આ આ વાતોનો વિચાર કરી તે એક દિવસ બહુ રડયો. પરંતુ રૂદનથી ક્ષુધા થોડીજ મટી શકે છે? તેને એક ઉપાય સૂઝયો. તેણે તરતજ ઘરમાંથી ચટાઈ ખડયો અને કલમ લઇને ન્યાયાલયનો રસ્તો લીધો. વકીલ અને અદાલતના કામ કરનારાઓને મળી તેણે અદાલતના દ્વાર પર ચટાઇ બીછાવી તે લોકોએ એનાપર દયા કરી અરજીઓ લખવાની સગવડ કરી આપી. અરજીઓ અને પત્રોના શીરનામાં કરવાથી તેને બે અઢી આના રોજ પડવા લાગ્યો. બસ! આ પુંજી વતી ચણા ખાઈ પાણી પીઈ લેવું અથવા બાજરીનો રોટલો

શેકી ખાવે, એજ તેનો ખોરાક હતો. સમય પણ કેવો વિચિત્ર છે! જે **દોલતરાય** એક દિવસ સર્વો-તમ ભોજન મળવા છતાં પણ નાક ચઢાવતો હતો. તેને આજે પુરેપુરૂં અન્ન પણ મળતું નથી. જે બૅરીસ્ટરનાં ધંધાથી યા દીવાસળીના કારખાનામાંથી માલદાર થવા ચાહતો હતો, તેને મુઠી ભર ચણાથી ક્ષુધા તૃપ્ત કરવાનો વખત આવ્યો.

પ્રકરણ ૨૦ મું.

પાપનો પસ્તાવો.

દોલતરાયે અગાઉ કેટલીકવાર પૈસાની તંગી ભોગવી ચૂકયો હતો પરંતુ આ વારની સૌથી વધારે હતી. **દોલતરાય** એક દિવસમાં ચાર ચારવાર કપડાં બદલતો હતો, જેની પેટીમાં ઓછામાં ઓછાં દોઢસો જોડ કપડાં રહેતાં હતાં, જેને ત્યાંથી કપડાં ધોનાર ધોબી છ રૂપિઆ માસિક પગાર મેળવતો હતો. તેજ **દોલતરાય** આજે ફાટયાં તુટયાં કપડાંથી પણ પોતાનું શરિર ઢાંકી શકતો નહોતો. તેને પેટ ભરીને ચણા મળવા પણ મુશ્કેલ હતા, એવું કોઈ અઠવાડીઉં જતું નહોતું કે જેમાં તેને બે ત્રણ લાંઘણ નહી

કરવી પડી હોય! તેનું ભણવું ગણવું ધૂળમાં મળી ગયું. હૃદયની વેદના દૂર કરવા માટે કંઈવાર શરાબ પીવાનું મન થતું પણ ચણાને માટે પણ પુરતા પૈસા મળતા નહોતા તો દારૂની તો વાતજ શી! **દોલતરાય** ભૂખ અને ચિંતાને લીધે દિનપ્રતિદિન સૂકાવા લાગ્યો. તેણે આ દુઃખમાંથી છૂટવા માટે કેટલીક વાર આત્મઘાત કરવાનો વિચાર કીધો, પરંતુ કોણ જાણે ક્યાંથી **સુમન**નાં સ્મર્ણે આવી તેનો વિચાર હઠાવી દીધો. સ્ત્રિનું સ્મર્ણ—તેની દયા યાદ આવતાંજ તેણે મરવાનો વિચાર છોડી દીધો. પરંતુ દારિદ્રતાએ ભૂખે મારવાનું છોડ્યું નહી. એકવાર અદાલતની રજાના કારણે ત્રણ દિવસ સુધી તેને પૈસા મળ્યા નહોતા બે દિવસનું લાંઘણ તેને થઈ ચૂક્યું હતું. એવા સમયમાં એક ફકીર તેની પાસે આવ્યો. તેનું મોં માથાંના અને દાઢીના વાળથી અર્ધું ઢંકાઈ ગયું હતું શરીર પર મેળનો થર બાઝી રહ્યો હતો. હાથમાં એક માટીના વાસણ સિવાય બીજું કાંઈ નહોતું હાથભરની લંગોટી સિવાય કપડાંનું નામ નહોતું. તેણે **દોલતરાય**ને બારણે આવી “મૌલા તેરા ભલા કરે” નો અવાજ કાઢ્યો. અવાજ સાંભળી તેણે તે ઓળખ્યો અને ઓળખતાંને વાર તે બહાર આવ્યો. આવીને જુએ છે તો તેણે **કાળીઆ**ને ફકીરના વેષમાં દીઠો.

દોલતરાય—કેમ ભાઈ **કાળીદાસ**! તમારી હાલત આવી કેમ થઈ ગઈ! આજે હું બે દિવસનો ભુખ્યો છું પરંતુ તમને જોઈ મારૂં દુઃખ બમણું વધી ગયું છે.

કાળીઓ (રડીને)—ભાઈ **દોલતરાય,** મારા દુઃખની વાત ન પૂછો. મેં એવું સંકટ ભોગવ્યું છે. કે જેને યાદ કરતાંજ મારૂં કલેજું ટુકડે ટુકડા થઈ જાય છે. પરંતુ એમાં બીજા કોઈનો દોષ નથી. દોષ મારોજ છે. મેં તમારાપર બહુ અત્યાચાર કીધો છે તમારૂં સત્યાનાશ વાળનાર હુંજ છું મને તો મારા પાપની સજા મળી-જ છે—મળ્યાજ કરે છે. મને મારા દુઃખની ચિંતા નથી. પરંતુ તમારી સાથે, તમારી સ્ત્રીની સાથે જે બેઈમાની મેં કરી છે. તે દિન રાત સંતાપ કરે છે. તેજ પાપ મને ઉઠતાં બેસતાં સાંભરી આવે છે અને મને ચિંતા પણ તેનીજ છે. આજે મારૂં પાપ તમને સંભળાવી મારૂં હૃદય હલકું કરવા આવ્યો છું.

દોલતરાય—હેં ! હેં ! તમે મારા પર—મારી સ્ત્રી પર એવો કયો અત્યાચાર કીધો છે. કે જે તમારા હૃદયને પ્રજ્વલિત કરે છે. સીઘ્ર કહો મને બેચેની વધે છે.

કાળીદાસ—કહેવાને ઈચ્છું છું તો ખરો, પણ મોંમાંથી નીકળતું નથી. બચપણમાં તમે અને મેં સાથે

મળીને જે જે પાપ કીધાં તે તો તમે જાણોજ છો. પરંતુ તેથી પણ વધારે પાપ મેં કીધાં છે. તે પાપને માટે ઈશ્વર કોણ જાણે કેવી શીક્ષા આપશે. તમારી સઘળી જમીનદારી લુટી પોતાનું ઘર ભરનાર હુંજ છું. મેંજ તમને દુર્વ્યસનોમાં નાંખી તમારા પિતાથી જુદા કરાવ્યા. મેંજ **મહબુબની** સંગત કરાવી. મેંજ તમારી સ્ત્રીને માથે ખોટું આળ મુકયું અને મુંબઇથી મેંજ તેને રવાના કરી.

દોલતરાય—જમીનદારી, **મહબુબની** દોસ્તીની ઈત્યાદી વાત તો જવા દે. તે યાદ કરાવવાથી હવે કાંઈ લાભ નથી. કારણ કે જે કાંઇ ભલાઈ બુરાઈ થઈ ગઇ તેને યાદ કરી હવે મનને વૃથા બાળવું એ ઠીક નથી. પરંતુ શું તમે જૂઠ મુકજ કહી દીધું હતું કે **સુમન** વ્યભિચારિણી છે? ભલા એ તો ઠીક પરંતુ તમોએ એને મુંબઈથી શી રીતે નસાડી? તે મને **મહબુબ**ના ફંદમાં ફસેલો જોઈ પોતાની મરજીથી ગઈ હતી. હા! હા! જતી વખત તેણે મને કહયું હતું કે **કાળીઆએ** મારા પર અંત્યાચાર કીધો છે. પરંતુ હું તેના કહેવાની મતલબ સમજયો નહિ. હું સમજયો કે **કાળીઆની** સાથે મારે દોસ્તી છે તેથી એને ઈર્ષા ઉત્પન્ન થઈ હશે. ઠીક. જરા સાચે સાચું તો બતાવો.

કાળીદાસ—પુરી વાત આ રીતે છે કે જે વખતે તમે **મહબૂબની** દોસ્તીમાં ચકચૂર હતા, તે વખતે એક વાર હું અચાનક તમારે ઘેર ગયો. બિચારી **સુમનને** માલૂમ નહોતું કે રાક્ષસ **કાળીદાસ** અહીંઆ આવેલો છે. એકાએક તેનું ચંદ્રમાં સરખું મુખ જોઈ મારો જીવ ઠેકાણે રહ્યો નહિ. હું જે કામને માટે ગયો હતો તે ભૂલી જઈને મેં તેની મશ્કરી કરી. મને મશ્કરી કરતો જોઈ તે મારા મનનું પાપ સમજી ગઈ ને ઓરડીમાં ચાલી ગઈ. જ્યારે તેણે અંદરની સાંકળ ચઢાવી ત્યારે મેં બારણાની પાસે જઈને કહ્યું કે **દોલતરાય** તો રાત દહાડો રંડીઓની પાસે જઈને મોજ કરે છે અને તમારી યુવાવસ્થા એમજ પસાર થાય છે. તેનો મારા પ્રત્યે કેવો પ્રેમ છે તે તમે પણ સારી રીતે જાણો છો. યદિ હું તેને પુછીને તમારી સાથે પ્રેમ કરૂં તો પણ તેનામાં એટલું સામર્થ્ય નથી કે તે મને મના કરે. બસ ! પ્યારી ! બારણું ખોલીને મારે ગળે વળગો. નહિતો હું તમારે માથે જૂઠું આળ મૂકી તમારી ખરાબી કરી નાખીશ. યદ્યપિ તે મારી આ વાત ઓરડીમાં ઉભીઉભી સાંભળી રહી હતી એવું મેં તેના પગના ખડખડાટથી જાણી લીધું તો પણ તેણે કાંઈ ઉત્તર આપ્યો નહિ. સ્ત્રિની પાસે સૌથી મોટું બળ રડવાનું હોય છે. બસ ! તે મારી વાત સાંભળતાંજ રોવા લાગી. તેને રોતી સાંભળી મેં ત્યાં થોભ-

વાનું ઉચિત ધાર્યું નહિ. આ કારણથી હું ત્યાંથી ચાલ્યો ગયો અને બે ત્રણ દીવસ પછી તે પણ ગણદેવી ચાલી ગઈ. જ્યારે મેં તમને ગણદેવી જવાની તૈયારી કરતાં જોયા ત્યારે મને ભય પેઠો કે એ સ્રિ તમને એ વાત કરી મને કાઢીતો ન મૂકાવે! તમારા ઐશઆરામમાં પડી રહેવાથી મેં જે રૂપિઆ ખાધા હતા તેનો ઘડો તો ફોડી ન દે! આજ કારણથી મેં તમારી આગળ જૂઠું બોલી **સુમન** ઉપર જુઠું તહોમત મૂક્યું હતું, અને આજ કારણથી **સુમનનું** સર્વ નાશ થયું. હે ઇશ્વિર હું મહા પાપી છું. મને હજી પણ સખ્ત શિક્ષા આપ.

દોલતરાયે—ખેર! બીજાં કામો જે તમે કીધાં તેનું તો મને વધુ દુઃખ નથી. પરંતુ આ બહુ મોટો અનર્થ થયો. ઠીક, જાઓ! હું બીજું કાંઈ પૃછવા ચાહતો નથી.

આ સાંભળી **કાળીઓ** ત્યાંથી ચાલ્યો ગયો **દોલતરાયને** સ્રીના સતીત્વની પરિક્ષા કરવામાં હવે એક પણ વાતની ખાત્રી કરવાની જરૂર રહી નહીં. તેને પાકો નિશ્ચય થઈ ગયો કે **સુમન** ખરેખર સાધ્વી, પતિવૃતા સ્રી છે. **કાળઆના** બોલપર વિશ્વાસ રાખી નિર્દોષ **સુમન** ઉપર તેણે જે જુલમ કીધા હતા હતા તેને માટે તેને ઘણો પશ્ચાતાપ થયો. તે સતી છે અને તેથીજ કુલતા નામ

સાંભળી તેનું હૃદય બળી ઉઠે છે. એ વાત હવે તેને સાંભરી તેણે એક વખત તેની ક્ષમા માગવાનો સંકલ્પ કીધો. આજ તેને ચાર દિવસ થયાં ખાવાનું મળ્યું નહોતું. પિતા અને ભ્રાતૃ પાસે અન્ન વસ્ત્ર માંગવામાં તેને સંકોચ તો બહુ થતો હતો કારણ કે જ્યારથી ઉમ્મરમાં આવ્યો ત્યારથી તે સદા તેમને દુઃખ દેતોજ આવ્યો હતો. પરંતુ હવે પિતાને શરણે ગયા સિવાય તેનો છુટકારો નહોતો. પુત્ર ચાહે તેવો કપૂત હોય પરંતુ માતાપિતા તેનો તિરસ્કાર કરતાં નથી એ વાતની તેને પુરી ખાત્રી હતી. આ કારણથી તેણે પોતાની દુર્દશા અમદાવાદમાં છોડી જીંદગીના બાકીના દિવસો ગણદેવીમાં શાંતિથી ગુજારવાનો સંકલ્પ કીધો અને અમદાવાદથી પગ રસ્તે નીકળ્યો. રસ્તામાં ભિક્ષા માગીને તે પોતાનું પેટ ભરતો હતો. એમ કરતાં કરતાં થોડા દિવસમાં તે ગણદેવી આવ્યો. તે પાધરોજ પોતાની સ્રિના ઓરડામાં ગયો. **સુમન** પોતાના પતિને અચાનક દેખી અત્યંત આશ્ચર્ય પામી. પછી તેને પતિને સત્કાર આપ્યો..

દોલતરાય—હું તારા જેવી સાધ્વી, પતિવ્રતાથી સત્કાર પામવા યોગ્ય નથી. મેં મોટાં મોટાં પાપ કીધાં છે. તું પતિવ્રતા હોવા છતાં મેં તને કૂલટા કહીને બોલાવી છે. તું કૂલટા નહી પણ પરમપવિત્ર છે. તારાપર અત્યાચાર કરવાના કારણુસરજ ઈશ્વરે મને આવી શિક્ષા કરી છે, અને કોણ

જાણે હજુ પણ કેટલુંક ભોગવવું પડશે. પ્યારી! હવે હું મહાપાતકી છું મને અડકીશ નહી. હું નાલાયક—દુષ્ટ **કાળીઆની** સલાહથી તારાપર અત્યાચાર કરતો હતો. અરે! તેના શબ્દપર ભરોસો રાખી તને વ્યભીચારિણી કહી. જે વખતે તેં કહ્યું કે મારાપર **કાળીઆએ** જૂલમ કીધો છે તે વખતે તારાં કહેવાની મતલબ હું સમજ્યો નહોતો. તે વખત સુધી મેં **કાળીઆને** બહુજ ઈમાનદાર ઘણોજ સાચો મિત્ર ગણ્યો હતો, પરંતુ **કાળીઆના** પાપેજ તેને મારી પાસે લાવી સઘળી વાત પ્રકાશિત કરાવી. વાસ્તવમાં તેણે તને પ્રેમની વાત કહી તારૂં અપમાન કીધું છે. હવે તેના ટુકડા ટુકડા કરી નાંખું ત્યારેજ મને સંતોષ થાય એમ છે. પરંતુ અંગ્રેજી રાજ્યને લીધે હું ડરૂં છું. મેં હિન્દુ ધર્મને તુચ્છ ગણી ઘણાં કુકર્મો કર્યાં જ્યાં સુધી જાપાની પ્રીન્સીપાલે મને શિક્ષા નહિ આપી હતી ત્યાં સુધી હું નહોતો જાણતો કે હિન્દુ ધર્મમાં કાંઈ મહત્વ છે. ખેર! જે જે પાપો મેં કીધાં છે તેને માટે યમ રાજાને ત્યાં મને શિક્ષા થશેજ. હું કુંભાપાક ભોગવવાને યોગ્ય છું. મેં જેવાં કર્મો કર્યાં છે તેવાંજ ફળ મને મળશે. સા-ધ્વી! મારા અપરાધ ક્ષમા કર, ક્ષમા કર. તારા મુખમાંથી " ક્ષમા શબ્દ નિકળ્યા વિના મારૂં અંતઃકરણ બળી જાય

છે. હું તને પગે લાગું છું. મારા અપરાધ માફ કર. અને તારા પાપિ પતિનો ઉદ્ધાર કર.

સુમન (પતિને ઉઠાડી)—હે ! હે ! આ દાસી સાથે આવી નમ્રતા ! હું આપના ચર્ણરજની અધિકારિણી છું. મારી પાસે ક્ષમા માગી મને પાપમાં ન નાંખો. આપના મુખથી, સાધ્વી અને પતિવૃતા વિશેષણ સાંભળી આજે મારૂં જીવન સફળ થયું છે. મારૂં સતીત્વ સાબીત કરવા માટેજ હું આજ સુધી જીવતી રહી હતી. આજ આપનાં ચરણસ્પર્શથી હું કૃતાર્થ થઇ. હવે મર્ણ જેવું બીજું સુખ મને કોઇ નથી. હવે માત્ર આપની આજ્ઞા ચાહું છું આજ્ઞા મળ્યા પછી મને વિષ પ્રયોગ વા શસ્ત્રાઘાતની આવશ્યકતા નથી. યદિ હું સાચી સતી હોઉં તો આપની સમક્ષ અ-નાયાસ મારા પ્રાણ નીકળી જશે. પ્યારા ! મારાં સતીત્વની અંતિમ પરિક્ષા હમણાં કરી લો. હવે મને મરવા દો.

દોલતરાય—નહિ નહિ ! એવું ન થાય હું તારા જેવી આદર્શ સતીને મરવાની આજ્ઞા આપી દુનિયાને સતી-ત્વથી સૂન્ય કરવા ચાહતો નથી. આપણા ઘરમાં તારા પ્રસાદથીજ આનંદ મંગળ છે અને આજથીજ મારા દુઃખના દિવસો વીતી સુખનો આરંભ થયો છે. હું તને કેમ કરીને મરવા દઉં ? પ્યારી ! તું જીવતી રહી મુજ પાપીનો

ઉદ્ધાર કર. હું મહા પાપી છું. હે ભગવાન મારી રક્ષા કરો.

સુમન—ઠીક, પ્રાણેશ્વર ઠીક. જો આપની આજ્ઞા નહિ હોય તો મરીશ નહિ. પરંતુ હવે આ દાસીને છોડી કેથે જશોમાં. માતાપિતા પાસે પોતાના અપરાધોની ક્ષમા માગો તમારા ભાઈ સજ્જન છે. તમે સર્વસ્વ ગુમાવી દીધું તેની કાંઈ ચીન્તા નથી. તે તમને અવશ્ય સહાયતા આપશે. પાપતો આપણા હાથેથી બહુએ થયાં છે, પરંતુ હું જો સાચી સતી હોઈશ તો મારૂં સતીત્વ આપને મદદ કરશે. શાસ્ત્રવિધિથી પ્રાયાશ્ચિત કરો અને સુખેથી આપણા ઘરમાં રહો. આ દાસી આપણી ચર્ણસેવા કરી આ જીવન સાર્થક કરી લેશે.

પ્રકરણ ૨૧ મું.

પ્રયાગમાં પાપનું પ્રાયશ્ચિત.

સુમનની સમ્મતિથી જ્યારે **દોલતરાયે** માતાપિતા પાસે જવા માંડયું ત્યારે **સુમને** પતિને કહ્યું કે ભુખથી આપનું મુખ બહુ કરમાઈ ગયું છે. થોડું જળપાન કરીને જાઓ. પરંતુ **દોલતરાયે** એ વાતને સ્વીકારી નહિ. હવે તેણે મનમાં એવો નિશ્ચય કીધો કે પિતાની પાસે ક્ષમા

માગીનેજ ખાવાનું ખાઇશ. તે ત્યાંથી ગુપચુપ માતાપિતાની પાસે પહોંચ્યો. જતાંજ તેણે તેમનાં દર્શન કરી પોતાનાં નેત્રોને સફળ કીધાં. અને ત્યાર પછી સાષ્ટાંગ નમસ્કાર કીધા. પુત્ર ગમે તેવો દુરાચારી હતો પરંતુ તેને જોતાંજ બન્નેનાં હૃદય ભરાઈ આવ્યાં. ઘણીવાર સુધી રડીરડીને ત્રણે જણે આંસુની નદી વહેવરાવી. અકસ્માત **નવનીતરાય** પણ ત્યાં આવી રડવામાં સામિલ થયો. જ્યારે રડીરડીને **દોલતરાયે** પોતાનું કલેજું ખાલી કર્યું ત્યારે તે હાથ જોડીને બોલ્યોઃ—

પુજ્ય પિતાજી ! હું તમારો કપુત છોકરો છું. મેં (માની તરફ આંગલી કરીને) એમની કુખમાં જન્મ લઇને આપના પવિત્ર કુલને કલંકિત કીધું છે. મેં આપના હજારો રૂપિઆ નષ્ટ કર્યા. હું આપને અદાલતની સીડીપર ચઢાવી મારો હિસ્સો લેનાર કપુત છું. હું વાસ્તવમાં દૂર્જન છું. મેં બહુ પાપો કીધાં છે. હું હિંદુ કુલ કલંક છું. હું ધર્મ ભ્રષ્ટ છું. મેં બિચારી ગાયોને સતાવી છે. હું આપનો અપરાધી છું. બંધુ સપૂત છે. એનાથી આપણા કૂલની શોભા છે. પિતાજી ! હે જન્મદાત્રીમાતા, મેં તમારી પાસે ધર્મનો ઉપદેશ નહિ સાંભળી તિર્થરાજ, પ્રયાગ અને યજ્ઞની નિંદા કરી હતી. હું ઈશ્વરને પણ માનતો નહોતો. પરંતુ હે સર્વશક્તિમાન જગદીશ્વર ! તેં મને શિક્ષા દઇને

સીધો કરી દીધો. પિતાજી! આજ હું છ દિવસનો ભૂખ્યો છું. આપની આજ્ઞા ભંગ કરવાથી, સ્ત્રિનો અનાદર કરવાથી અને ધર્મભ્રષ્ટ થવાથીજ મારી અવદશા થઈ છે. હે પિતા! મારો ઉદ્ધાર કરો. મારો અપરાધ ક્ષમા કરી મારા હૃદયની અગ્નિને શાંત કરો. હું ભુખથી મરતો નથી, પણ મારા પાપો મને બાળીને ભસ્મ કરે છે.”

ગુણવંતરાય—તેં ગમે તેવો અપરાધ કર્યો હોય પરંતુ પુત્રવાત્સલ્ય આજે મને વિવશ કરે છે. હું તારા હૃદયની સાચી વેદના, સાચો પશ્ચાતાપ જોઇને તારો અપરાધ ક્ષમા કરૂં છું.

મણીગૌરી—પુત્ર કપૂત હોય પણ માતાનો પ્યાર તેના પર કેવો હોય છે તે પણ મારૂં મનજ જાણે છે. ઘરમાં સર્વ પ્રકારનાં સુખ હોય છતાં પણ મને તારાં દુરાચરણ અને કષ્ટનાં સ્મરણથી એવી વેદના થતી હતી કે તેને જાણનાર ફક્ત એકજ ઈશ્વરજ છે. (પતિનાં તરફ આંગળી કરીને) એમની સાથે હું પણ તારો અપરાધ ક્ષમા કરૂં છું.

નવનીતરાય—આપ બન્નેને ભાઇનો અપરાધ ક્ષમા કરતાં જોઈ મને અતિ હર્ષ થાય છે. એમના દુઃખથી મને જે કષ્ટ થતું હતું તે આપ લોકને દુઃખી નહિ કરવાના ઈરાદાથી મેં પ્રકાશિત કર્યું નહોતું. હું એમની સેવા

હર પ્રકારે કરવાને તૈયાર છું. ઘરબાર એનાં છે. એ મારો માલિક અને હું એનો નોકર છું. મોટો ભાઇ પિતાની બરાબર છે.

દોલતરાય—અપરાધ ક્ષમા થવાથી અને ભાઈનાં સહાયતાનાં વચનથી મને અર્ધી શાંતી તો થઈ, પરંતુ મને પુરી શાંન્તિ તો ત્યારે થશે કે જ્યારે હું મારા પાપનું પ્રાયશ્ચિત કરીશ, સખ્તમાં સખ્ત પ્રાયાશ્ચત કરવાને માટે હું તૈયાર છું. મારા હૃદયની શાંતિ પ્રાયશ્ચિત વિના થનાર નથી. અને પ્રાયશ્ચિત થયા પછીજ હું અન્ન જળ ગૃહ કરીશ. છ દિનનો ભુખો હોવા છતાં પણ આજે પણ આપ સર્વેનાં દર્શન નથી મારી ક્ષુધા મટી ગઈ છે. જ્યારથી જાપાની પ્રીન્સીપાલે મને હિન્દુ ધર્મનો મહિમા બતાવ્યો ત્યારથી મારી તેનાપર શ્રદ્ધા થવા લાગી પરંતુ મારા પાપોએ—ઘોર પાપોએ મને ધર્મની તરફ પ્રવૃ-ર્ત થવા દીધો નહિ. જ્યારે આપનાં દર્શનની ઇચ્છાએ મારા પાપી હૃદયમાં વાસ કીધો ત્યારે મારા ખોટા વિચાર જતા રહ્યા અને આજે આપનાં દર્શનથીજ કેટલાંક પાપોથી મુક્ત થઈ હું પ્રાયાશ્ચત કરાવવા ઉદ્યુક્ત થાઉં છું. પુજય પિતાજી! મારી રક્ષા કરો. પાપથી મારો છુટકારો કરો.

ગુણવંતરાય—શું તું સાચા અંતઃકરણથી પોતાનાં પાપોનો પશ્ચાતાપ કરી પ્રાયશ્ચિત કરવા ધારે છે?

દોલતરાય (ગડગડાટ)—સાચા અંતઃકરણથી,પિતાજી! સાચા અંતઃકરણથી.

ગુણવંતરાય (નવનીતરાયને)—ઠીક તું પંડિત **વેણીલાલને** બોલાવી પ્રાયશ્ચિતની વ્યવસ્થા કર.

નવનીતરાયે પિતાની આજ્ઞા મળતાંજ પંડિત **વેણીલાલજીને** બોલાવ્યા. પંડિતજીએ આવી અભક્ષ્યા ભક્ષ્ય. મદ્યપાન, વેશ્યા ગમન અને વિધર્મી સ્ત્રિના સંસર્ગનો દોષ નિશ્ચય કરી ધર્મ શાસ્ત્રની આજ્ઞા અનુસાર વ્યવસ્થા લખી. વ્યવસ્થાની અનુસાર તેજ દિવસથી **દોલતરાયે** ગોમૂત્ર, ગોવર, ઘી, દુધ અને દહીંથી બનાવેલો પંચ ગવ્ય પીને કૃચ્છ્ર ચાંદ્રાયણ વૃત કીધું. વૃ-તની સમાપ્તિ થયા પછી **ગુણવંતરાય** પુત્રને લઇ પ્રયાગરાજ ગયા. ત્યાં જઇને **દોલતરાયે** ત્રિવેણી તટપર મુંડન,-સ્નાન કર્યાં. સ્નાન થઇ રહ્યા પછી **દોલતરાયનો** બીજીવાર યજ્ઞોપવિત સંસ્કાર થયો. ફરીથી શેઠે **દોલતરાય** પાસે ૧૨૫૦ ગોદાન કરાવ્યાં. તેજ દિવસે પ્રયાગમાં સર્વે ભિખારીઓને અન્ન વસ્ત્ર આપવામાં આવ્યાં. અને બ્રાહ્મણ ભોજન કરાવ્યું તે તો અલગ! રૂા. ૫૦૦ ગૌરક્ષા ફંડમાં આપ્યા. શાસ્ત્રાર્થ શુદ્ધિ કરાવ્યા પછી પંડિતજીએ **દોલતરાયના** હાથથી એક લાખ ગાયત્રીના જપ કરાવ્યા. આટલી વિધિ પ્રયાગજીમાં કરી **દોલતરાય** ગણદેવીમાં આવ્યા, યદ્યપિ તેને વિધિ પૂર્વક બધો વ્યવહાર

કર્યો હતો તો પણ **ગુણવંતરાયે દોલતરાય** કે જેણે એક વાર નહિ ખાવા યોગ્ય વસ્તુ ખાધી હતી, મદ્યપાન કીધું હતું, વેશ્યા અને વિધર્મી સ્ત્રીની સંગત કીધી હતી, તેની સાથે ખાવા પીવાનો વ્યવહાર રાખવાનું ઉચ્ચીત ધાર્યું નહિ. અને પંડિતજીએ પણ એ બાબતમાં પોતાની સમ્મતિ આપી નહોતી. આ કારણથી શેઠે તેને જુદા મકાનમાં રાખ્યો. ત્યાંજ તેનો ખાવા પીવાનો પ્રબંધ કરવામાં આવ્યો. શેઠે શાફ કહી દીધું કે યદ્યપિ આમા કોઈ એવો દોષ રહ્યો નથી કે ભોજન વ્યવહાર બંધ થઈ શકે, પણ અમારો જીવ સંપ કરવા ચહાતો નથી. પરંતુ એ આવશ્યક છે કે હવેથી વડી વહુને **દોલતરાય** પાસે રહેવું જોઇએ, તે તેની સ્ત્રિ છે અને તેથી તે તેનાં અર્ધા પાપ પુણ્યની અધિકારણી છે. શ્વસુરની આજ્ઞાથી **સુમન** પતિની પાસે જઈ રહી. અને જુદાં ઘરમાં રહી થોડાજ દિવસમાં તેણે ઘરની સારી વ્યવસ્થા કરી લોકોની પ્રશંસા મેળવી.

દોલતરાય—નિત્ય પ્રાતઃકાળે ઉઠી સંધ્યા, પૂજન, પાઠાદિ **નવનીતરાય** જે પ્રમાણે કરતો હતો તેજ પ્રમાણે કરવા લાગ્યો, તેમાં અધિકતા એ હતી કે તે માતપિતાના ચરણ ધોઈ ચર્ણામૃતપાન પણ કરતો હતો. **સુમન** પતિની પછી સૂતી અને તેના જાગ્યા પહેલાં જાગતી હતી. રાત્રિના બે કલાક સુધી તે નિત્ય પતિના ચર્ણ ચાંપતી હતી અને જ્યારે

જ્યારે તેનું મન જૂની વાતો યાદ કરીને શોકગ્રસી થતું હતું ત્યારે તે મધુર શબ્દવતી શાંત્વન કરતી હતી.

દોલતરાયે—પિતાની આજ્ઞા મેળવી **સુમનને** સાથે લઇ ભારતવર્ષનાં સમસ્ત મુખ્ય મુખ્ય તિર્થોની યાત્રા કીધી, મોટા મોટા વિદ્વાનો અને સાધુ મહાત્માઓની સેવા કરી. તેમની પાસે સદુપદેશ ગૃહણ કીધો. અને યાત્રાથી પાછો ફરવા પશ્ચાત પિતાની સમ્મતિથી પંડિત **વેણીલાલ** પાસે રામાયણ, ભાગવત, મહાભારત, અઢારે પુરાણ અને અન્યા-અન્ય ધર્મ પુસ્તકોનું શ્રવણ કીધું. તેમનોજ શિષ્ય બની ગીતા અને પંચદશી, વિચારસાગર અને આઠ ઉપનિષદપર મનન કરવા લાગ્યો.

આ કારણથી તેનું અંતઃકરણ નિર્મળ થઇ ગયું. ઇશ્વરના ચર્ણ કમળમાં ભકિત દ્રઢ થઇ અને જે **દોલતરાય** એક વખત દુરાચારી કહેવાતો હતો, જેની વાત વાતમાં લોકો ધૃણા કરતા હતા, જેને અડકવામાં પણ પાપ સમજતા હતા તેજ **દોલતરાય** ઇશ્વરની સહાયતાથી ઈશ્વર ભકત કહેવવા લાગ્યો. આજ કાલના નવશિક્ષિત લોક પતિતોમાં મેળવવાનો પોકાર ઉઠાવે છે તેમણે **દોલતરાય**ના પાછલા આચરણોથી શિક્ષા લેવી જોઇએ. જો તેના સમાન પશ્ચાતાપ અને પ્રાયશ્ચિત કરી સદાચરણ ગૃહણ કરે તો પરમ પવિત્ર થઇ શકે.

પ્રકરણ ૨૨ મું.

નામે નવસારી.

દોલતરાય હવે હરપ્રકારે સુખી થઈ ગયો હતો પરંતુ તેણે આખી જીંદગી **નાનાભાઈ**ના રૂપિઆવતી પોતાના કુટુંબનું પાલણ કરવાનું પસંદ કીધું નહિં. એક દિવસ તેને ઉદાસ બેઠેલો જોઈ **સુમને** પૂછયું:—

પ્રાણેશ્વર! આપ કેટલાક દિવસ થયા ઉદાસ દિસો છો તેનું કારણ શું? યદિ આ દાસી તેનું કારણ જાણવા યોગ્ય હોય તો મને કહો. હું મારી અલ્પ બુદ્ધી અનુસાર સમ્મતી આપીશ.

દોલતરાય—પ્રાણ પ્યારી! હવે મને કોઈ વાતનું કષ્ટ નથી. મારૂં દુઃખ તો તેજ દિવસથી ચાલ્યું ગયું કે જે દિવસથી મેં ગણદેવીની સીમાપર પગ મૂકયો. હવે મને એક વાતનો શોચ છે. હું ભાઈ તરફથી મારો હિસ્સો મેળવી તેની પાયમાલી કરી ચુકયો છું પાછળથી પણ તેને બહુવાર સતાવી રૂપિઆ લીધા છે, હવે કોઈ પણ રસ્તો એવો નથી કે જે થકી આપના ખર્ચનો બોજો એના શીર પર પડે નહિ.

સુમન—પ્રાણનાથ, એ વાતની કાંઈ ચિંતા કરશો નહિ! આપનો નાનો ભાઇ મનુષ્યોમાં રત્ન છે. તેમને સ્પષ્ટ કહી દો. તે એનો ઉપાય અવશ્ય બતાવશે. મારી સમજ પ્રમાણે તો એમની સમ્મતિથી જો દીવાસળીનું કારખાનું કાઢવામાં આવશે તો આપને લાભ થશેજ એ વ્યાપારની બાબતમાં ઘણા ચતુર છે, માટે તેમની યોજના સર્વથા પ્રશંસનીય છે, હવે આપણાં અર્ધાં વરસો પુરાં થયાં છે, માટે અવશ્ય કોઈ વ્યાપારની ગોઠવણ કરવી જોઇએ.

દોલતરાયે પોતાની પત્નિની સમ્મતિ માની તેની બુદ્ધિની પ્રશંસા કીધી. બીજે દિવસે જે વખતે **નવનીતરાય** વડા બંધુને પ્રણામ કરવા આવ્યો તે વખત **દોલતરાયે** સાધારણ વાતચીત પશ્ચાત કહ્યું:—

બંધુ! યદ્યપિ તમારાં રાજ્યમાં મને કાંઈ દુઃખ નથી અને તમે પિતાની માફક મારો સત્કાર કરો છો; પરંતુ આજે હું એક વાત કહેવાની ઈચ્છા રાખું છું. તમે પણ ગ્રહસ્થ છો હજાર રીતના ખર્ચ તમારે શીર છે. એવી દશામાં હું ઘણો વખત સુધી મારા કુટુંબના ખર્ચનો બોજો તમારાપર નાંખવા ધારતો નથી. નકામા બેસી રહેવામાં મારૂં ચીત્ત લાગતું નથી. એ કારણથી મને કોઈ એવો ધંધો બતાવો કે જેથી હું ચાર પૈસા પેદા કરૂં હું ઉમ્મરમાં વડો છું તો શું થયું? બુદ્ધિ અને અનુભવમાં તો તમેજ મારાથી મોટા છો.

નવનીતરાય (હાથ જોડીને)—ભાઈ સાહેબ ! ખર્ચનો કાંઇ વિચાર કરશો નહિ. જે કાંઈ મળે છે તે તમારા પ્રતાપથીજ મળે છે. આપની ઉમ્મર હજી વધારે થઈ નથી, પરંતુ અનેક તરેહનાં સંકટો ખમીને આપનું શરિર નીર્બળ થઈ ગયું છે. આ સબબસર ઘરમાં બેઠાબેઠા ભગવત્ સ્મરણ કરો. કદાચિત આપનો જીવ બેઠાંબેઠાં ગભરાતો હોય તો હું એક કામ આપના લાયક સમજું છું. આપે જાપાન જઇને દીવાસળી બનાવવાનું શિક્ષણ લીધું છે. આશા છે કે તે કામ આપ અદ્યપિ પર્યંત ભુલ્યા નહિ હશો. યદિ ગણદેવીની આસપાસ કેથે એનું કારખાનું ખોલવામાં આવે તો મારી સમજ પ્રમાણે તેમાં બહુ નફો થાય એવો સંભવ છે, અને એ કામથી દેશમાં આપણું નામ પણ વખણાશે. એ સિવાય એ વાત દેશોપકારની છે.

દોલતરાય—કારખાનું તો નીકળી શકશે, પરંતુ કારખાનું કાઢવામાં લગભગ બે લાખ રૂપિઆની જરૂર છે, અને મારી પાસે એક લાખ કોડી પણ નથી. અગાઉ બે વાર હું એ પ્રયત્નમાં નિષ્ફળ થયો છું. તે કારણથી આ વખત મારાથી એ સાહસ થઈ શકે એમ નથી.

નવનીતરાય—ભાઈ સાહેબ ! રૂપીઆની આપ કાંઈ ચિંતા ન કરો. જો એક વરસ પછી કારખાનું ખોલો તો

એક લાખ રૂપિઆ હું એકલો રોકી શકું છું કારણ કે હમણાં બીજાં કામોમાં મારા રૂપિઆ ઘણા રોકાઇ ગયા છે, તેમાંથી તે આવવાની આશા છે. કદાચ આપને એ કામની શીઘ્રતા હોય તો પહેલાંજ કંપની ઉભી કરી એ કાર્યનો આરંભ કેરી દઈશું.

દોલતરાય—બંધુ? કંપનીનું નામ ન લો. ભારતવર્ષના મનુષ્યો કેવળ વાત કરવાનુંજ જાણે છે. કંપનીના નામથી એક પાઇ પણ એકઠી થાય એ અસંભવિત છે. હું આ પ્રયત્ન કરીને હારી બેઠો છું.

નવનીતરાય—નહિ, ભાઈ સાહેબ! નહિ. એમાં કંપનીનો કાંઈ દોષ નથી. પ્રથમ તો આપના ઉપર લોકોનો વિશ્વાસ નહોતો, તેથીજ કોઈ મોટો આદમી આપનો ઉ-તેજક નહિ બન્યો. આ કારણથી શેર વેચાઈ શકયા નહિ. આપની કૃપાથી મારા પર ભારતવાસીઓની શ્રદ્ધા છે, તેથી મારૂં નામ સાંભળતાંજ તરત રૂપિઆ ભરી દેશે.

આ વાતમાં **દોલતરાય** સહમત થયો. પહેલીવાર જ્યારે કારખાનું ખોલવાની જાહેરખબર આપી હતી ત્યારે તેમાં કંપનીનું નામ **ધી ઈંડીઅન મેન્યુફેકચરીંગ કંપની** રાખ્યું હતું. આ વખત તેનું નામ **ગુણવંતરાય દીવાસળી કંપની** રાખવામાં આવ્યું. પહેલી વારની વ્યવસ્થામાં

જે વાતની ખામી હતી તેને સુધારી **નવનીતરાયે** નવું સુચી પત્ર તૈયાર કીધું, 'નામે નવસારી' એ કહેવત મુજબ તેના પ્રબંધકોમાં શેઠ **નવનીતરાયનું** નામ વાંચી ઘણા જણે રૂપિઆ ભર્યા. એકજ મહિનામાં એક લાખ રૂપીઆ એકઠા થઈ ગયા **નવનીતરાયે** ભાઇની સમ્મતિથી કારખાના માટે એક મકાન બંધાવ્યું. બધી સામગ્રી એકઠી કરી, **દોલતરાયે** કારખાનું ખોલ્યું. જેવી દીવાસળી આજે ભારતના બજારોમાં વેચાઇ રહી છે તેનાથી તે કારખાનાની સસ્તી અને સારી બની. તેમાં એ બન્ને ગુણ વિદ્યમાન હોવા છતાં ભારતવર્ષના જે વ્યાપારી જે દેશદ્રોહી લોકો દેશી ચીજને વાહિયાત ગણી વિલાયતી ચીજપર મરી ફીટે છે તેમણે એનો અનાદર કરી નિંદા કરી. આ કારણથી વકરો સારો ન થયો. પહેલે સાલ કારખાનામાં કેટલાક હજાર રૂપિઆની ખોટ આવી.

શેર હોલડરો કેવળ ખોટને લીધે ગભરાયા નહિ પરંતુ તેના પ્રબંધકો તરીકે જે ચાર માણસોને નિયત કરવામાં આવ્યા હતા તેમાં ફૂટ પડી. એક તરફ **નવનીતરાય** પ્રબંધકોની ખામી શોધી કાઢી કારખાનાને પુરતો લાભ અપાવવાની ચિંત્તામાં નિમગ્ન થઈ રહ્યો હતો. તે વખતે બીજી તરફ બીજા ત્રણ પ્રબંધકો તેનાથી ભિન્ન પડી પોતપોતાનો સ્વાર્થ સાધવામાં મચ્યા. **નવનીતરાયથી** આ

વાત ખમી શકાઇ નહિ. એક દિવસ તેણે ભાઇની સમ્મતિ લઈ તે ત્રણે જણને સ્પષ્ટ કહી દીધું કે:–

" આપ લોકો યદિ પ્રબંધમાં ગડબડ ઘોટાળો કરશો તો મને આપના શેર કાઢી નાંખવાનો પ્રયત્ન કરવાની જરૂર પડશે. "

ત્રણે સાથે—અમે કાંઈ ઘોટાળો કરતા નથી અને આપ જો બીજી વખત અમારે માથે એવું કલંક લગાડશો તો અમારે આપનાપર માનહાનિનો દાવો કરવો પડશે.

નવનીતરાય—આટલો મોટો વ્યાપાર ચલાવ્યા છતાં હજી સુધી મને અદાલતની સીડી ચઢવી પડી નથી, પરંતુ યાદ રાખજો કે હું અદાલતથી ડરનાર નથી. આપની ધમકીથી ડરીને હું કારખાનાની પાયમાલી થવા દઈશ નહિ.

ત્રણે—તો ઠીક. અમારા શેરો કાઢી અમને દશ વર્ષનો નફો અગાઉથી આપી દો.

નવનીતરાય—જ્યારે પેહેલાજ વર્ષમાં ટોટો છે તો પછી તમને નફો શી રીતે આપી શકું ? આપલોકોને ગરજ હોય તો પૂરેપૂરા રૂપિઆ લઈ લો. નફા ટોટાનો માલીક હું.

બહુ ખટપટ કર્યા પછી એ વાત તેમણે સ્વીકારી. ત્રણે જણે પોતાના હિસ્સા મુજબના ૪૫૦૦૦) રૂપિઆ

રોકડા અને ૦ાા ટકા લેખે વ્યાજ સુદ્ધાં પોતાની મૂડી ઉપાડી લીધી. **નવનીતરાયે** પોતાના રૂપિઆ રોકી કમ્પનીની પુંજી બરાબર કરી દીધી. એકલા **નવનીતરાયના** પ્રબંધથી કમ્પનીની દશા સુધરી ગઈ. માલ બરાબર તૈયાર થવા લાગ્યો. માલની ખરીદી કરવા માટે **નવનીતરાયે** પાંચ એજંટ નિયત કીધા. એજંટોએ આખા દેશમાં ઠેક ઠેકાણે દુકાનો ખોલી નવીન પ્રબંધાનુસાર બીજા વર્ષના અંતમાં હિસાબ કરી બધા શેર હોલ્ડરોને નફો આપવામાં આવ્યો. **નવનીતરાયના** હિસ્સામાં જે નફો આવ્યો તેમાંથી સેંકડે પા ટકો વ્યાજનો બાદ કરી શેષ દ્રવ્યવતી **દોલતરાયનાં** જે ચાર ગામ ગીરવી મૂકાયાં હતાં તે છોડવવાની વ્યવસ્થા કરી, છ વર્ષમાં બધાં ગામો છોડાવી તેનાપર ભાઈનો અધિકાર કરાવ્યો. ભાઈએ ગામોના પ્રબંધક તરીકે પણ **નવનીતરાયને** નિયત કીધો. જ્યારે ગામોની ઉપજ અને કારખાનાના ૨૦૦) રૂપિઆના માસિક પગારથી **દોલતરાય** ભલમનસાઈથી રહેવા લાગ્યો ત્યારે તેની વાહ વાહ થઇ. આ પ્રમાણે તેના દુઃખના દિવસો નષ્ટ થઈ ગયા. હવે સુખ અને લક્ષ્મીએ પ્રસન્ન થઈને **દોલતરાયના** ઘરમાં વાસ કીધો.

પ્રકરણ ૨૩ મું.

દોલતરાય—પ્યારી! હવે આપના દુઃખના દિવસો વીતી ગયા, ભગવાનની કૃપાથી હવે સર્વત્ર આનંદ મંગળ છે. તું સતી છે! મારા જેવા પાપી દુરાચારી, મહાપાતકી, ઘોર દુરાચારીનો તારા સતીત્વેજ ઉદ્ધાર કીધો છે. હે ભગવાન! તે દીવસ કોઇને દેખાડીશ નહિ. પ્રાણપ્યારી! હવે એકજ વાત મારા હૃદયમાં કાંટાની તરહ ખુંચે છે. ઈશ્વરે સર્વ સુખ આપ્યું છે પરંતુ જ્યાં સુધી તે કામમાં મારો મનોરથ સફળ થશે નહિ ત્યાં સુધી મારા મનની શાંતિ થશે નહિ.

સુમન—કેમ પ્રાણેશ્વર! એવી કઈ વાત છે કે જે આપના હૃદયમાં ખુંચી રહી છે. શું આ દાસી તે કાર્યમાં કંઇક મદદ કરવાની અધિકારીણી છે!

દોલતરાય-હૃદયેશ્વરી! તારી સહાયતા તે કામમાં અપેક્ષિત નથી. તે કામ મારાથીજ થવાનું છે. કામ એ છે કે, જાપાનથી જે સમયે હું પાછો ફરવા લાગ્યો તે સમયે કોલેજના પ્રીન્સીપાલે મને કહ્યું હતું કે "ભારતવર્ષ ધર્મ ભૂમિ છે, તેને અમે સ્વર્ગ સમાન માનીએ છીએ. હિન્દુઓનો ધર્મ બધા ધર્મનો પિતા છે. તેની તારાથી બને તેટલી ઉન્નતિ કરવી" આ કામ માત્ર

શેષ રહી ગયું છે. આજેજ ભાઈ પાસે સલાહ લઈને હું આ કામને માટે કાંઈક યત્ન કરવા ઈચ્છા રાખું છું. હું એક વાર ધર્મ ભ્રષ્ટ થઈ દુરાચારથી કષ્ટ પામીને સુધર્યો છું. મને આ વાતનો તડકો છાંયો બરાબર યાદ છે. તેથી હું મારો અનુભવ લોકોને સંભળાવી સનાતન હિંદુ ધર્મની વૃદ્ધિ કરવાની પેરવી કરૂં.

સુમન (પસન્ન થઈને)—મોટી ખુશી સાથે! પ્રભુ! એથી ઉત્કૃષ્ટ આ દુનિયામાં શું છે? ધર્મજ સઘળી ઉન્નતિનું મૂળ છે. અવશ્ય સનાતન ધર્મની ઉન્નતિ કરો. પરમેશ્વર આપને સહાયતા આપશે.

સ્ત્રિની સમ્મતિ લઈ **દોલતરાયે** પોતાના બંધુને બોલાવ્યો. ભાઈને પણ એજ વાત કહી. ત્રણે જણની સલાહથી **દોલતરાયે** ધર્મોપદેશને માટે પંડિત **વેણીલાલને** સાથે લઈ ભારતના મુખ્ય મુખ્ય નગરોમાં પ્રયાણ કર્યું. પોતાની મુસાફરીમાં જ્યાં જ્યાં એ લોકો ગયા ત્યાં ત્યાં તેમણે અંગ્રેજી શિક્ષિત વિદ્વાનો અને અન્ય સાધારણ મનુષ્યોની સભા ભરી સનાતન ધર્મનો બોધ કીધો. જ્યાં જ્યાં ભિન્ન ધર્મના અનુયાયી સાથે શાસ્ત્રાર્થ કરવાની આવશ્યકતા પડી ત્યાં ત્યાં પંડિતજીએ પ્રતિપક્ષીઓને પરાસ્ત કીધાં. આનું પરિણામ એ થયું કે **નવનીતરાયને** જે વિધિથી કેળવવા-

માં આવ્યો હતો તેજ નમૂનાની પાઠશાળાઓ ખોલાવા લાગી. ભારતવર્ષની સનાતન ધર્મ સભાઓ આ કાર્યમાં સહાયક થઈ અને ધર્મનો અંકુર પ્રફુલ્લિત થઈ રાજભક્તિની લતા હિન્દુઓના હૃદયમાં પ્રસરવા લાગી.

ગણદેવીની પાઠશાળામાં ગામના અનેક છોકરાઓની સાથે **દોલતરાય**નો પુત્ર **ગોવિંદરાય** અને **નવનીતરાય**નો પુત્ર **બળવંતરાય** પંડિત **વેણીલાલ**ના હાથ નીચે કેળવણી પામ્યા. હવે શેઠ **ગુણવંતરાય**ના ઘરમાં એકજ વાતની ખામી રહી હતી. એક દિવસની ધમકીથી **નવનીતરાયે** પોતાની સ્ત્રીને ઘણી સુધારી હતી તોપણ તેનાં હૃદયમાંથી પાશ્ચિમાત્ય સ્વતંત્રતા અને સભ્યતા તથા પતિની સમાનતા કરવાની વાત સમૂળગી નષ્ટ થઇ નહિ. આ વાત **નવનીતરાય**નાં હૃદયમાં કાંટાની માફક ખૂંચતી હતી. તે એક વિદ્વાન, સદાચારી અને અનુભવી માણસ હતો. પરંતુ તે જાણતો હતો કે હું સ્ત્રિના વિષયમાં ભાઈની બરાબર સુખી નથી. મારી સ્ત્રિ દુરાચારિણી નથી પરંતુ તેનાં હૃદયમાં હજી સુધી અંગ્રેજી સ્વતંત્રતા ભરેલી છે. તે એટલું પણ જાણતી નથી કે હિંદુઓની સ્ત્રિ પતિનું અર્ધાંગ છે. અર્ધાંગ શબ્દનો અર્થ પણ તેને માલૂમ નથી. આથી તેને એક વિચાર આવ્યો. વાત યાદ આવવાથી તેનું હૃદય આનંદથી ઉછાળા મારવા લાગ્યું પ્રસંગ મળતાં **નવનીતરાયે** પોતાની ભાભીને કહ્યું:—

"ભાભી સાહેબ! મારૂં કષ્ટ તો આપ સારી રીતે જાણો છો. હું સર્વ રીતે સૂખી હોવા છતાં પણ સ્ત્રિનાં સંબંધમાં સૂખી નથી. એ વાતનો તો મને નિશ્ચય છે કે એ દુરાચારિણી નથી, પરંતુ હિંદુ નારીઓએ જે રીતે પતિની સેવા કરવી જોઇએ તે રીતે એ કરતી નથી. આ વિષયમાં મેં એને ઘણીવાર સમજાવી. પરંતુ એ અદ્યાપિ પર્યંત સ્વતંત્રતાનોજ રાગ ગાય છે. કદાચ આપ એને સમજાવો તો એ સુધરી જાય."

સુમન (પ્રસન્ન થઇને)—હા! હું એને સમજાવવા માટે ઘણી ખુશીથી તૈયાર છું. આજેજ કોઈ બહાનાથી હું તેની પાસે જઈશ. એ સુધરેલા વિચારની છે, તેથી મારે ત્યાં આવવામાં તેને ઘૃણા પેદા થાય છે. પરંતુ મને આશા છે કે જો એ એકવાર પણ મારી વાતો ધ્યાન દઇને સાંભળી લેશે તો અવશ્ય સુધરી જશે. ઠીક હું આજેજ જઇશ.

નવનીતરાયે ભાભીને ધન્યવાદ આપ્યો. **સુમન** આજકાલ અવકાશને વખતે રેશમી સાડીપર ભરત ભર્યાં કરતી હતી. બસ! આ વિષયમાં કંઈ પૂછવાનું બહાનું કાઢી તે દિવસે બપાર પછી પોતાની દેરાણી પાસે ગઈ. બહારથી "બેન, બેન" નો પોકાર કરી બારણું ખોલાવ્યું. આ વખતે ગંગા સુતી સુતી એક પ્રેમની વાર્તા વાંચતી હતી **સુમને** અંદર જઇને કહ્યું:—

"કેમ બેન! એ કયી નૉવેલ છે? આજે તો હું તમારી પાસે એક સલાહ લેવા આવી છું. મેં આવીને તમારાં વાંચનમાં વિઘ્ન નાંખ્યું તે માટે ક્ષમા કરજો.

ગંગા—નહિ જી, એમાં વિઘ્ન શું છે? મારે કાંઈ કામકાજ તો છેજ નહિ. બચ્ચો આખો દિવસ ઉપન્યાસ વાંચવામાં જાય છે. દિવસ તો મને વરસ જેવો લાગે છે. બાળકને ખવરાવવા પીવરાવવાનું કામ તો મારે કરવું પડતું જ નથી. ઘરમાં સૌ કામકાજ કરવાને માટે ડોશી સદા મૌજૂદ છે, ભગવાનની કૃપાથી નોકર ચાકરની કાંઈ કમી નથી, તો પછી હું રાત દિવસ વાંચું નહિ તો શું કરૂં?"

સુમન—બેન તમે શિખેલા ભણેલાં છો તેથી તમારો દિવસ ચોપડી વાંચવામાં નીકળી જાય છે. હું કામ ધંધો નહિં કરૂં તો શું કરૂં? હું જો તમારા જેટલું ભણેલી હોત તો સારાં સારાં પુસ્તકોને હૈયાનો હાર બનાવી લેત.

ગંગા—નહિજી! એ શું વાત કરો છો! તમે પણ ભણેલા તો છો! મને ખબર છે કે તમે અવકાશને વખતે, રામાયણ સુખસાગર અને મહાભારત બહુ વાંચ્યા કરો છો. બેન, મને તો એવાં પુસ્તકો કંટાળા સમાન લાગે છે. અંગ્રેજીમાં રેનૉલ્ડના નૉવેલો અને ગુજરાતીમાં પ્રેમ કથા તથા ડીટેકટીવ વાર્તાઓ મને ઘણી પસંદ છે.

સુમન—પ્રેમ કથા અને ડીટેકટીવની જૂઠી વાર્તાઓ મને બીલકુલ પસંદ નથી. હા! જરા અંગ્રેજી નૉવેલમાંથી કાંઈક સંભળાવો. જો સારૂં જ્ઞાન હશે તો હું નિત્ય તમારી પાસે સાંભળવા આવ્યા કરીશ. સંભળાવવામાં કાંઈ તસ્દી તો નથી ને?

ગંગાએ રેનૉલ્ડનાં એક નૉવેલમાંથી ચાર પાંચ પૃષ્ઠ વાંચી સંભળાવ્યાં. સાંભળતાં સાંભળતાં તેનું હૃદય કંટાળી ગયું સ્ત્રિઓની લંપટતા યુકત વાર્તાઓ તેના હૃદયને વીંધી નાંખ્યું. જો તેનું ચાલત તો તે ગંગાની પાસે તે નૉવેલ છીનવી લઇને તેનો ઘડો લાડવો કરી નાંખત, પરંતુ ગંગા જેવી શિક્ષિતા સ્ત્રિ સાથે એવી વર્તણુંક ચલાવવી એ કાંઇ સ્હેલું કામ નહોતું તેના મીજાજના ડરથી તે વાર્તાના સંબંધમા વિશેષ કહી શકી નહી. તેણે સાહસ કરીને એટલુંજ કહ્યું કેઃ-

આવી વાર્તાઓમાં તમને ગમે તેટલો આનંદ મળતો હોય પરંતુ સ્ત્રિઓનાં આચરણ બગાડવા શક્તિવાન છે. બેન! જુઓ, રામાયણ કેવું સરસ છે? તેમાં રાજા દશરથનો પોતાનું વચન પાળવા માટે રાજા દશરથનો પ્રાણ ત્યાગ. ભરતજીના પોતાના બંધુ ઉપર અન્ય પ્રેમ લક્ષ્મણજીની સ્વામીભક્તિ અને જાનકીજીનું રાવણ જેવાં વિષયાંધ પુરૂષના રાજ્યઘરમાં રહેવા છતાં મન વિચલિત થયું નહી તે વાર્તા કેવી શિક્ષણીય છે? આ ચરિત્રને લીધેજ તેઓ દેવતા નહિ, નહિ, ઇશ્વર મનાય છે. મહાભારતમાં જુઓ સાવિત્રીનું ચરિત્ર કેવું ઉત્તમ છે! અહા! રાજા હરિશ્ચંદ્રની કથા તો અતી કરૂણાજનક છે. હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી, દમયંતી જેવી સતી, મહારાણા પ્રતાપસિંહ જેવા પરાક્રમી અને રાજા વિક્રમાદિત્ય જેવા મહારાજાઓનાં ચરિત્ર મૂકી તમારો જીવ એવાં ખરાબ નૉવેલોમાં કેમ લાગે છે?

ગંગા—તમારા કહેવાથી મને એ પુસ્તકો કાંઈક સારાં દીસવા લાગ્યાં છે. પરંતુ એમાં સ્ત્રિઓને બધી જગાએ ગુલામડી બનાવી છે. આજ વાત ખરાબ છે. ઘરની વ્યવસ્થા કરવામાં તેનો સર્વ પ્રકારે અધીકાર છે, ત્યારે તેને ગુલામ શા માટે બનાવવી જોઇએ ?

સુમન (ચમકીને)—નહિ ! નહિ ! બેન ! એ વાત તમને કોણે કહી છે ? હિંદુ ગ્રહસ્થને ત્યાં તો સ્ત્રિ ઘરની માલેક છે. ઘરમાં તો તેની સારી સત્તા છે સ્ત્રિ પતિની અર્દ્ધાંગના છે. આપણા ધર્મમાં લખ્યું છે કે સ્ત્રિનો પરમેશ્વરજ પતી છે.

ગંગા—બસ, બસ. એથીજ પુરૂષો સ્ત્રિઓને ગુલામ બનાવી શિખવતા ભણાવતા નથી, અને ભણ્યા વગર તેઓ પણ શીશુ વયમાં પિતા, યુવા વયમાં પતી અને વૃદ્ધાવસ્થામાં પુત્રની દાસી બની ઢોરની માફક વૈતરૂં કરે છે. ભલાં ! તમેજ કહો પતિ એ પરમેશ્વર શી રીતે થઈ શકે ?

સુમન—અલબત, પતિ એ પરમેશ્વર છે. જ્યાં સુધી તેનામાં પરમેશ્વરની સામાન ભક્તિ નહિ હશે ત્યાં સુધી કોઈ સ્ત્રિ સતી થઈ શક્તી નથી. પણ આપણા ધર્મ શાસ્ત્રમાં લખ્યું છે કે સ્ત્રિ પોતાના પતિને પરમેશ્વર જાણે અને પતિ પોતાની સ્ત્રિને પોતાનુંજ બીજુ શરીર સમજે તો બન્નેનો સંસાર સુખી નીવડે. ભલાં ! તમેજ બતલાવો કે આ રીતે રહેનાર કુટુંબ સુખ ભોગવે છે કે તમારી

સ્વતંત્રતા ધરાવનાર રહી શકે છે? જે સ્વતંત્રતાને લીધે પતિનામાં સ્ત્રિના દુરાચાર રોકવાની શક્તિ નથી, જેથી પતિને સ્ત્રિના દાસ બનીને રહેવું પડે છે, જેના સબબથી સ્ત્રિ પુરૂષ વચ્ચે રાત દિન કલહ થઇને અદાલતમાં પરિત્યાગને વાસ્તે દોડવું પડે છે તે સ્વતંત્રતા સ્ત્રિનું સર્વ સુખ નાશ કરવાનું સાધન છે. તેને તો બીલકુલ ભુલીજ જાવ.

ગંગા—બેન! તમારા કહેવાથી હું કાંઇક સમજી તો ખરી, પરંતુ મને કોઈ ઉદાહરણ આપીને સમજાવો.

સુમન—"હવે હું ઉદાહરણને માટે કોને સોધવા જાઉં! મારી પેલી શોક મડમ ડાર્લીની તુલના કરો. તમને એપરથી માલમ પડી આવશે કે બન્નેમાં કોણ ભલું છે? હું આ વિષયમાં મારી પ્રશંસા મારેજ મૂખે કરવા ચાહતી નથી.

ગંગા—હા, તમારૂં કહેવું બરાબર છે પરંતુ ડાર્લીને તલ્લાક આપવામાં જેઠનો (ક્ષમા કરજો) પણ અપરાધ તો છેજ તેમણે તમારી હયાતી છતાં બીજી સ્ત્રિ સાથે વિવાહ શા માટે કર્યો! અને રંડી શા માટે રાખી?

સુમન—અપરાધ ખરેખર તો છેજ. પરંતુ શું તેણે મારા કરતાં પણ પતિજ તરફનું વધુ દુઃખ ભોગવવું પડયું હતું? અગર ડાર્લીની જગ્યાએ તમારા જેવી કોઈ દેશી સ્ત્રિ હોત તો શું આવી વિપત્તિને વખતે પતિને છોડીને ચાલી જાત!

ગંગા—નહિ નહિ! એમ કેમ થાય! ઠીક ત્યારે બેન! આજથી હું તમારી ચેલી બનું છું હું નીત્ય તમારે

ત્યાં બે વાગે આવ્યા કરીશ. મને એવી શિક્ષા આપ્યા કરજો, જેથી થોડા દિવસમાં મારા વિચાર બદલાઈ જશે. હવે મને કહો તમો શા કામે આવ્યાં હતાં !

સુમને—તેનું કથન સ્વિકારી પોતાની સાડી બતાવી સાડીપરની કારીગરી દેખીને ગંગાની શ્રદ્ધા જેઠાણીપર અતીશે વધી ગઈ. નિત્ય જેઠાણી પાસે જઇને હિંદુ સ્રિના ધર્મનો ઉપદેશ તેણે સાંભળ્યો. ઉપદેશના શ્રવણ થકી પતિપર ભક્તિ થઈ અને બે ત્રણ મહિનાના અરસામાંજ ગંગા ખરેખરી સુશીલા બની. તેણે પણ સુમનની માફક પતિની સેવા કરી તેનું ચરણોદક લેવાં, તેનાં ચરણ ચાંપવા અને તેનું મનરંજન કરવામાં ધ્યાન આપ્યું. નવનીતરાયે સ્રિના આચરણ સુધરેલાં જોઈ ભાભીને ધન્યવાદ આપ્યો. તેજ દિવસથી નવનીતરાયના હૃદયની વેદના દુર થઈ. સાસુ શ્વસુરે વડી વહુની શિક્ષા થકી નાની વહુને સુધરેલી જોઈ બહુ આનંદ માન્યો. ગંગા જેઠાણીની માફક સાસુ શ્વસુરની સેવા કરવા લાગી. તેજ દિવસથી ગુણવંતરાયનાં ઘરમાં સ્વર્ગ સમાન સુખ થઈ ગયું. ગંગાના પિતાને પોતાની પુત્રીનાં સુધરવાની વાત સાંભળી બહુ હર્ષ થયો અને તેજ વખતથી ગંગા સુમનની મોટી બેનની માફક આદર કરવા લાગી, પાઠક ગણ ! આજ હિન્દુ કુટુંબનો નમૂનો છે. સાચા હિન્દુ આજ રીતે રહી કાલયાયન કરવામાં પોતાનું કર્તવ્ય સમજે છે.

પ્રકરણ ૨૪ મું.

ગુણવંતરાયે પેહલાં દોલતરાયને લીધે બહુ દુઃખ ભોગવ્યું હતું પરંતુ હવે તેને સર્વે રીતનું સુખ હતું. ઈશ્વરની કૃપાથી પૈસા ટકાનો કાંઈ ટોટો નહોતો. ઘરના સર્વ માણસો તેનાં આજ્ઞા પાળક હતાં. ધર્મીષ્ટ ગુણવંતરાયનું ઘર આ વખતે સાચા હિન્દુનું ઘર હતું. ઈશ્વરની કૃપાથી આ વખતે ગુણવંતરાયનાં ઘરમાં મૂર્તિમાન સુખે નિવાસ કીધો હતો. વૃદ્ધ થવા છતાં પણ દંપતિ અશક્ત થયાં નહોતાં. યદ્યપિ તેમની સેવામાં. પુત્ર, વહુ, પૌત્રાદિક હરદમ તૈયાર રહેતાં હતાં અને ઈશ્વર ભજન તથા લોકોને ઉપદેશ દેવા સિવાય તેમને બીજુું કંઈ કામ નહોતુ, પરંતુ તે નકામાં બેસી માખી મારનાર આદમી નહોતાં. તેમનાંથી જેટલું કામ થઈ શકતું તેટલું કાર્ય કરતાં હતા. એક દિવસ શેઠે બધા આદમીઓને બોલાવી કાશી જવાનો પોતાનો ઈરાદો જાહેર કીધો.

શેઠ—"મારી વૃદ્ધાવસ્થા આવી પહોંચી. ભગવાને આખર અવસ્થામાં મને જેટલું સુખ આપ્યુ છે તેટલું બધાંના નશીબમાં હોય તો કેવું સારૂ! કાળનો કાંઈ ભરોસો નથી. હું આટલી ઉમ્મરમાં ચાર ધામોની યાત્રા કરી ચૂકયો છું. હવે મરતાં મરતાં ફરીથી એકવાર ગંગા સ્નાન, કરવાનો મારો વિચાર છે. મેં માઘ શુકલ પંચમીનું મુહુર્ત પણ નક્કી કીધું છે. આ વખત મારી સાથે તમારે બધાંએ ચાલવું પડશે ટ્રેનમાં સવાર થઈ ભંગી, ચમારને અડકવું મને

પસંદ નથી. તમે રેલ્વેમાં દૂર દૂરની મુસાફરી કરી આવ્યાં છો. આજ કાલ અંગ્રેજોની કૃપાથી ગામે ગામ રેલવે થઈ ગઈ છે, પરંતુ અમારા બાળપણામાં કેથે રેલ્વેનું નામ પણ નહોતું મારી ઇચ્છા છે કે તમે લોકો પણ વેહેલમાં સવાર થઈ જૂની રીતની યાત્રા કરો. ઘરમા વ્હેલ તો મોજુદ છેજ. બસ ! તૈયારી કરો. વસંત પંચમીને હવે અધિક દીવસ નથી.

મણીગૌરી—ઠીક ! અમે વ્હેલમા આવવાને તૈયાર છીએ.

બન્ને પુત્રો—તમારી જેવી આજ્ઞા અમે અમારાં કામોની વ્યવસ્થા કરી આપની સાથે આવવાને તૈયાર છીએ આપની આજ્ઞાનુસાર બધી તૈયારી થઇ જશે.

આ પ્રમાણે બંને ભાઈઓ બોલીને પોતાનાં કામોની વ્યવસ્થા કરવાં લાગ્યા. સવારીને માટે ચાર વ્હેલો (ગાડીઓ) અને સામાનને માટે ત્રણ ગાડા તૈયાર કીધા પાચ નોકર અને ચાર સિપાઇઓને લઇ ગુણવંતરાય [illegible] તરફ રવાના થયા. બે મજલ સુધી માર્ગમા [illegible] ઘટના બની નહિ. ત્રીજે દીવસે વાદળ ચઢી [illegible] વરસવા લાગ્યો. બળદોથી રસ્તે ચાલી શકાયુ નહિ [illegible] અને વૃષ્ટીથી ચંદ્રમાં પોતાનુ મોં [illegible] જતો રહ્યો. ચારે તરફ અંધકાર છવાઈ રહ્યા હતા [illegible] ધારામાં માર્ગ પણ સૂઝતો નહોતો. ધોધમાર વર્ષા [illegible] હતો. ગામ હજી એક બે કોસ દૂર હતું એટલામા ગુણવંતરાય નાં કાનમાં દૂરથી કોઇનો દુઃખનો પોકાર આવી અથડાયો.

શેઠ—આ જંગલમાં કોઈ મનુષ્યનું નામ નથી ત્યાં કોણ અભાગી દુઃખથી પોકાર મારી રહ્યો છે ? ભાઇ, કોઇનાથી સાહસ થાય તો તેની પાસે જઇને જુઓ તો.

દોલતરાય—જવામાં કાંઈ હરકત નથી. પરંતુ રાત્રિનો સમય છે. સિપાઇ અને નોકર પછાત પડી ગયા છે. અમે જઈએ અને તમને ચોર લોક સતાવે તો બહુ મુશ્કેલી પડશે. સ્ત્રિઓ ગભરાશે.

નવનીતરાય—જ્યારે આપણે એક ભલા કામને માટે જઇએ છીએ તો ઇશ્વર અવશ્ય ચોરોથી રક્ષા કરશે. ભાઈ, તમે ગાડીની સાથે રહો. ધીમે ધીમે ગાડી ચાલવા દો. હું હમણાં એની ખબર લઇ તમારી પાસે આવું છું.

આટલું બોલી **નવનીતરાય** ગાડીપરથી ઉતરી પડયો. અંધારી રાતે અજાણ્યા સ્થાનમાં સાહસીક **નવનીતરાયે** માર્ગપર કાંઈ પણ ધ્યાન આપ્યા વગર પેલો અવાજ જે તરફથી આવ્યો હતો તે તરફનો રસ્તો પકડયો નાનામોટા ટેકરાપર ચઢતાં ઉતરતાં વરસાદનાં પાણીથી તરબોળ થઈને **નવનીતરાય** નિકટ પહોંચ્યો તો તે મનુષ્યનાં મુખમાંથી આ પ્રમાણે સંભળાયુઃ—

“અરે મુઓરે મુઓ. હવે મારાથી કષ્ટ સહન થઈ શકતું નથી. આજ છ દિવસ થયાં એક દાણો અન્ન પણ મેં ખાધું નથી. કોઢના ઘાવમાં ડાંશ ડંશ મારે છે તે તો જુદું. શરીર પરનાં જુનાં મેલાં કપડાં વરસાદનાં પાણીથી ભીંજાઈ રહ્યાં છે. આ જંગલમાં આવી વખતે કોણ એવો

ઇશ્વરનો લાલ હશે કે જે આવીને મારી ખબર લેશે ? બસ મુઓ ! હાયહાય ! મારો પ્રાણ નીકળી જાય છે, બસ ! હવે દુઃખ ખમી શકાતું નથી "આટલું બોલી તેણે ક્રોધથી પોતાની છાતીમાં જેવો એક ધુસો માર્યો કે તરતજ **નવનીતરાય** બોલ્યોઃ—

"ગભરાઈશ નહિ ! હું આવી પહોંચ્યો છું. તું કોણ છે ? અને અહીંઆ કેમ પડયો છે ?"

તે (રડીને)—બાવા, મને પુછશો નહિં. હું પાપી છું પોતાના પાપનું ફળ ભોગવું છું યદિ તમારાં હૃદયમાં કાંઇ દયા હોય તો મને ઉઠાવીને ગામમાં લઇ ચાલો. હું ભૂખ્યો છું. એક પગલું પણ મારાથી ચાલી શકાવાનું નથી. કોઢથી મારા હાથપગ ગળી ગયા છે. શરીરમાંથી પરૂની ધારા ચાલે છે. તમને ઘૃણા થતી હોય તો જાઓ મહારાજ ! જાઓ, મારી કરણીનું ફળ હુંજ ભોગવીશ.

નવનીતરાય (દયાપૂર્વક)—ગમે તે થાય પણ હું તને અવશ્ય લઈ જઇશ. તું ગમે તે હોય, તારા શરીર માંથી ગમે તેટલું પરૂ વહી રહ્યું હોય તો પણ હું તને લઈ જઇશ. ગભરાઈશ મા. હું બેસું છું. મારી પીઠપર ચઢી જા. તે—ઠીક; મહારાજ ! આપે મને જીવતદાન દીધું નહિં તો આજ જંગલમાં હું મરી જાત. મારી લાશને કોહલાં કુતરાં ખાત. મેં પાપ તો એવાંજ કીધાં છે. પરંતુ પ્રાણ બહુ પ્યારો છે. આટલું દુઃખ ખમવા છતાં પણ મરવાની ઇચ્છા થતી નથી.

નવનીતરાય ગમે તેવો હિમ્મતવાન અને દ્રઢ હતો, પરંતુ હતો તો એક અમીરનો પુત્ર. જે **નવનીતરાય** બે નોકર વિના રાત્રીને સમયે કદી પણ બહાર નીકળતો નહોતો જેના હુકમથી બે ચાર નોકરો હાથમાં છત્રી લઇને આગળ ચાલવા તૈયાર થતા હતા, જે ગામમાં ફરવા જતાં પણ એક પૈસાભાર બોજો હાથમાં લેતો નહોતો તેજ આજે અંધારામાં કાંટા, પથ્થર અને ખાડા ખબોચીઆંવાળા માર્ગમાં એક મનુષ્યને પીઠપર લઈને ચાલતો હતો. કોઢવાળા મનુષ્યના શરીરમાંથી જે દુર્ગંધ નીકળતી હતી તેથી **નવનીતરાયનું** મગજ ફાટી જતું હતું. માર્ગમાં ઠોકરો લાગતીજ હતી, કાંટાએ આખું શરીર છિન્ન ભિન્ન કરી નાંખ્યું હતું. અને બોજાને લીધે દમ ભરાયો હતો જો તેની જગ્યાએ બીજો માણસ હોત તો ક્યારનો તે કોઢીઆને ધરનીપર પટકી ચાલી ગયો હોત. પરંતુ ધર્મપ્રિય **નવનીતરાય**, પરોપકારી મનુષ્યથી એવું કામ થઈ શક્યું નહિ તેણે એક હિન્દુના ઘરમાં જન્મ લીધો હતો, એક ધાર્મિક વિદ્વાનથી હિંદુ ધર્મની શીક્ષા મેળવી હતી. ધન્ય **નવનીતરાય**! તારા માત પિતાને ધન્ય છે! તેં જન્મ લઇને પોતાનાં માતા પિતાનાં કુળને પવીત્ર કીધું છે. સંસારમા જન્મ લઇને સર્વ કોઈ મરે છે. પરંતુ જે **નવનીતરાય** સરખા પરોપકારી છે તેમનેજ આ પૃથ્વીમાં જન્મ લેવો યોગ્ય છે. જે

વખત તે મનુષ્ય **નવનીતરાય**નું કષ્ટ જોઈ વારંવાર તે મહાત્માને કહેતો હતો "મહારાજ! મુજ પાપીને માટે કષ્ટ ન ભોગવો મને અત્રેજ છોડીને ચાલ્યા જાઓ. મને આગલ પાછળ મરવુંજ છે. તો પછી તમે શા માટે કષ્ટ સહો છો? ત્યારે **નવનીતરાય** એજ ઉત્તર આપતો હતો કે "નહિ નહિ! એમાં કષ્ટ શું છે? હું અવશ્ય તને ગામમાં લઈ જઈશ અને મારાથી જેટલી બનશે તેટલી તારી સેવા કરીશ. તું લજ્જા શા માટે પામે છે."

ખેર! જેમ તેમ ચાલી **નવનીતરાય** દોઢ માઈલની મજલ કાપી ગાડીઓ પાંસે જઈ પહોંચ્યો જે વખત તે પેલા બોજાને લઈને ત્યાં પહોંચ્યો તે વખતે તેને ખુબ દમ ભરાઈ આવ્યો હતો. પંદર મિનિટ સુધી તેના મોંમાંથી એક બોલ પણ નીકળ્યો નહિ. થોડો વખત મૌન્ય રહ્યા પછી તેણે પોતાના પિતાને સર્વ સમાચાર કહ્યા. માતા, પિતા પુત્રની દયાર્દ્રતા જોઇ ઘણાંજ પ્રસન્ન થયાં. પેલા દુઃખી મનુષ્યે **નવનીતરાય**ની પ્રશંસા કરી માતા પિતાને કહ્યું.—"મહારાજ! આપનો પુત્ર દેવતા છે. એણેજ આજે મારો પ્રાણ બચાવ્યો છે નહિ તો આ જંગલમાં હું મરી ગયો હોત અને કુતરા, કાગડાએ મારૂં માંસ ખાધું હોત. ધન્ય છે આપને કે જેને આવા સુપુત્ર છે. હે ભગવાન! તું એમનું ભલું કર."

દોલતરાય આટલું સાંભળતાં ચોંકી ઉઠયો, તેને ફાનસ ઉઠાવી તે મનુષ્યનું મુખ જોયું. મોઢું જોતાંજ તેના

હૃદયમાં ક્રોધ આવ્યો. તે પોતાના ભાઇને કહેવા લાગ્યો. "ભાઈ તમે બહુ મોટી દયાનું કામ કર્યું છે એને માટે મારે અવશ્ય તમારો આભાર માનવો જોઇએ. પરંતુ તમારી દયા દયાનેપાત્ર નહિ થઈ. ઉજ્જડ ધરતીપર વરસાદ વરસ્યો. આવા દુષ્ટપર દયા કરવી જોઇએ નહિ. ખેર! જે થયું તે થયું. હમણાં એને અહીંઆંજ છોડીને ચાલો. એ પેલો **કાળીઓજ** છે કે જે નાલાયકે મારૂં સત્યાનાશ વાળી દીધું હતું."

સુમન (ગાડીમાં બેઠી બેઠી હીઅરને પોતાની પાસે બોલાવી)—નહિ નહિ એવું નહિ કરો. એ ગમે તેવો છે. પરંતુ આ વખત એનાપર અવશ્ય દયા કરવી જોઇએ. યદિ એણે પોતાની દુષ્ટતા ન છોડી તો આપણે પોતાની સજ્જનતા કેમ છોડીએ? આ ગાડીમાં બેસાડી ગામમાં લઈ ચાલો અને એને ખવરાવવા પીવરાવવાને અહીંઆં એક આદમી મૂકો. પાછા આવતી વખત હું એને ગણદેવી લઈ જઈશ, ત્યાં મી૦ બેડેકર પાસે એનો ઉપચાર કરાવીશું. જો એના કોઢના ઘા ઉપર તેને પટ્ટી લગાવતાં ઘૃણા થશે તો હું લગાવીશ. કોઇ ગરીબ દુ:ખિઆની ચાકરી કરતાં કોઢ શરિરમાં ઉડીને તો થોડેજ વળગી પડે છે?

દોલતરાય—એ સર્વ ઠીક છે. પરંતુ કોઢ ચેપી રોગ છે. આ દુષ્ટની ચાકરી કરતાં આપણાં ઘરમાં કોઢ નહિ ભરાઇ જાય તેની સાવચેતી રાખવી જોઇએ.

નવનીતરાય--નહિ ભાઈ નહિ! કોઢ ચેપી હોય કે નહિ હોય પરંતુ આપણે આ સમય એની અવશ્ય રક્ષા કરવી જોઇએ.

દોલતરાયે—તમને બંનેને ધન્ય છે. તમેજ મારા અંતઃકરણને શુદ્ધ કીધું છે. તમારાં આ સુકાર્યથી મને મોટી શિક્ષા મળી છે. ઠીક, તો હુંજ એને ઉઠાવી ગાડીમાં ચઢાવું છું."

કાળીઓ—તમે સર્વ મારાં માબાપ છો. અમૃતના ઝાડ છો. આંબાના ઝાડપર પત્થર મારવાથી જેમ તે ફળ આપે છે તેજ પ્રમાણે મારાં કુકર્મોના બદલામાં તમે મારા પર દયા કરો છો. ઈશ્વર તમારૂં ભલું કરશે. આ વાર્તાલાપ થયા પછી **દોલતરાયે** તેને ઉઠાવી ગાડીપર ચઢાવ્યો રાત્રિના દશ વાગે સર્વ લોક ગામમાં પંહોચ્યાં. ત્યાં તેને રાખી સર્વે કાશી ગયાં. યાત્રા કરી પાછાં ફરતી વખતે તે **કાળીઆને** પેલા ગામમાંથી પોતાની સાથે લઈ ચાલ્યાં. બેડેકૂરની દવાથી તેને કાંઈક આરામ થયો અને આરામ થતાં શેઠે તેને પોતાનાં દ્વારપર દ્વારપાલ તરીકે નિયત કીધો, પાપી **કાળીઓ ગુણવંતરાયનાં** ઘરનાં પવિત્ર પવનથી શુદ્ધ થઇને તેનાં દ્વારપર બેઠો બેઠો રામરામ જપે છે, રાત દિનમાં ચોવીસવાર તેમને અને તેમના પુત્રોને આશીર્વાદ દે છે. અને સર્વ કોઇને પોતાની કુકર્મકથા સંભળાવી ઉપદેશ દે છે કે "ભાઈ! જેવી કરણી તેવી પાર ઉતરણી. મેં મારાં કુકર્મનું ફળ ભોગવ્યું છે અને જે કોઈ કુકર્મ કરશે તેને મારી પેઠે ફળ ભોગવવું પડશે."

પ્યારા પાઠકો! યદિ તમને સ્વધર્મ, સ્વદેશ અને મનુષ્યની નીતિની ઉન્નતિ કરવી હોય, પરોપકારી બની ઇશ્વિરને પ્રસન્ન કરવા ચાહતા હો, તો **ગુણવંતરાય**ના ઘરની સર્વ વાતનું અનુકરણ કરજો. એ શેઠનું ઘર સાચા હિન્દુ-તત્વનો નમૂનો છે, પરંતુ એટલું યાદ રાખવું કે **દોલતરાય**નાં ચરિત્રનો પહેલો ભાગ તમારે માટે અનુકરણીય નથી. ઉ-તર ભાગનું અનુકરણ તે લોકોએ કરવું જોઇએ. કે, જે એક વાર બગડીને સુધરવાની ઇચ્છા રાખે છે. દેશોન્નતિને માટે **નવનીતરાય** સ્ત્રિયોનાં પતિવૃત્યને માટે **સુમન** આ પુસ્તકમાં અનુકરણીય છે. અંતમાં આ વાત પણ જાણવા લાયક છે કે. સજ્જન માણસો અપકાર કરનારને પણ ઉપકાર કરે છે

વિશેષમાં હાલની સ્ત્રીઓએ **હિંદુ બેરીષ્ટર** યાને સદ્‌ગુણી **સુમન**ના હેવાલની ખાસ નોંધ લેવાની જરૂર છે. પોતાના પતિના તરફથી કેટલો કેટલો જુલમ ગુજરવા છતાં પોતે પોતાનું સતિત્વ જાળવી રાખ્યું અને પતિ બેહદ દુરાચારી છતા પણ તેને પોતે સુધાર્યો વળી **ગંગા** જેવી ફેશનની ફીશીઆરી ખોરને **નવનીતરાયે** પ્રયત્ન કરી સુધારી એ નોંધ પણ ભુલવી જોઇતી. નથી.

સાર ખુલ્લો છે કે. મનુષ્ય યા સ્ત્રી સદ્‌ગુણી હોય તો તે પોતાના સદ્‌ગુણોથી ગમે તેવા દુરાચારીઓને પણ સુધારી શકે છે.

સમાપ્ત.

